BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**પ્રથમ વર્ષ બી.કોમ**

**BCFACN103**

# નાણાકીય હિસાબી પદ્ધતિ

**ભાગ-૧**



## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે, એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય: પરમં તપ:' સૂત્રને ઓપન યુનિવર્સિટી કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઇ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર,સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

# નાણાકીય હિસાબી પદ્ધતિ


| | |
|---|---|
| **એકમ : 1**<br>ભાગીદારી પેઢીનું સંયોજન | 1-16 |
| **એકમ : 2**<br>ભાગીદારી પેઢીનું કંપનીમાં રૂપાંતર | 17-37 |
| **એકમ : 3**<br>ધંધાની ખરીદીના હિસાબો | 38-62 |
| **એકમ : 4**<br>ભાગીદારો વચ્ચે રોકડની હપતે હપતે વહેંચણી | 63-80 |

| | | |
|---|---|---|
| લેખક : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ દિપક રાસ્તે | એસોસિએટ પ્રોફેસર, શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિધાલય, અમદાવાદ. |
| | ડૉ. સંદિપ મુંગરા | આસિસ્ટન્ટ પ્રોફેસર, જી.કે.એન્ડ સી.કે.બોસમિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જેતપુર, રાજકોટ. |
| | ડૉ. શૈલેજા પરમાર | આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રીમતી એમ.પી પટેલ કોલેજ ઓફ કોમર્સ,કડી,મહેસાણા. |
| પરામર્શક (વિષય) : | ડૉ.નિલેશ સુચક | એસોસિએટ પ્રોફેસર એન્ડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, આર.જે. ટીબ્રેવાલ કોમર્સ કોલેજ, વસ્ત્રાપુર,અમદાવાદ. |
| | ડૉ. દિપક રાસ્તે | એસોસિએટ પ્રોફેસર, શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિધાલય,અમદાવાદ. |
| | ડૉ. માર્ઝુન જોખી | પ્રિન્સિપાલ, જી.એલ.એસ કોમર્સ કોલેજ, અમદાવાદ. |
| પરામર્શક (ભાષા) : | ડૉ. હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી વિભાગ) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| સંયોજક : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રકાશક : | ડૉ. અજયસિંહ જાડેજા | કુલસચિવ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |



આવૃત્તિ : સુધારેલ પુનઃ આવૃત્તિ - 2025

ISBN: 978-81-938309-0-1



<u>સર્વાધિકાર સુરક્ષિત</u>

આ પાઠ્યપુસ્તક ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી;દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે.જેના સર્વાધિકાર સુરક્ષિત છે.આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ધાંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# એકમ : 1 ભાગીદારી પેઢીનું સંયોજન

---

- રૂપરેખા
  - પ્રસ્તાવના
  - અર્થ
  - હેતુ
  - પેઢીઓના સંયોજન સમયે ઉપસ્થિત થતાં હિસાબી મુદ્દાઓ
  - જરૂરી આમનોંધ
    - જૂની પેઢીનાં ચોપડે આમનોંધ
    - નવી પેઢીનાં ચોપડે આમનોંધ
  - સ્વાધ્યાય

---

**❖ પ્રસ્તાવના :**

વર્તમાન હરીફાઈયુક્ત સમયમાં ધંધાકીય હરીફાઈમાં ટકવા માટે મૂડીશક્તિ વધારવા અને આર્થિક બોજો ઘટાડવા જેવા કારણોસર બે કે તેથી વધુ પેઢીઓનું સંયોજન થતું જોવા મળે છે. પેઢીઓના સંયોજનને કારણે તેઓને પોતાની સંચાલનશક્તિ, સંચાલકોની નિયુક્તિનો લાભ મળે છે. સામાન્ય રીતે બે કે તેથી વધુ વ્યક્તિગત માલિકોની પેઢીઓનું જોડાણ રચીને એક નવી ભાગીદારી પેઢીની સ્થાપના કરવામાં આવે છે, જેને ભાગીદારી પેઢીનું સંયોજન કહેવામાં આવે છે.

**❖ અર્થ :**

સમાન ધંધો કે વ્યવસાય કરતી બે કે તેથી વધુ ભાગીદારી પેઢીઓ મળી નવી પેઢીની સ્થાપના કરે, તેને ભાગીદારી પેઢીનું સંયોજન કહેવામાં આવે છે.

ઉદા. અ, બ ભાગીદારી પેઢી અને ક, ખ ભાગીદારી પેઢી મળી નવી પેઢી અબકખની સ્થાપના કરે, તેમાં અ, બ તથા ક, ખ પેઢીનું વિસર્જન કરી નવી પેઢીની સ્થાપના કરવામાં આવે છે. એટલે કે જૂની પેઢીનો ધંધો બંધ કરી નવી પેઢીના નામે ધંધો શરૂ કરવામાં આવે છે.

**❖ સંયોજનના હેતુઓ :**

ભાગીદારી પેઢીનાં સંયોજનના હેતુઓ નીચે મુજબ દર્શાવી શકાય :

- સંયોજનથી બજારની હરીફાઈમાં ઘટાડો કરી શકાય છે.
- પેઢીના સંયોજનને લીધે આર્થિક લાભ મેળવી શકાય છે.

- સંયોજનના લીધે મોટા પાયા પર ખરીદ-વેચાણના લાભો મેળવી શકાય છે.
- સંયોજનને લીધે સંયોજન ક્ષમતા વધારી, વધુ કાર્યક્ષમ રીતે સંચાલન કરી શકાય છે.
- સંયોજનને લીધે શ્રમ વિભાજન, કામગીરી વગેરે જેવા લાભો મેળવી શકાય છે.

**❖ પેઢીઓનાં સંયોજન સમયે ઉપસ્થિત થતા હિસાબી મુદ્દાઓ :**

સંયોજન વખતે સંયોજિત થતી જૂની પેઢી માટે અને સંયોજન મુજબ નવી રચાતી પેઢી માટે સંયોજનની શરતો અને સમજૂતી મુજબ હિસાબી વ્યવસ્થા ગોઠવવી જરૂરી બને છે. જે મુજબ ઉદ્દભવતા હિસાબી મુદ્દાઓને બે વિભાગમાં વર્ગીકૃત કરીને તેને સમજવાનો પ્રયત્ન કરીશું.

**(A) સંયોજિત થતી જૂની પેઢી માટે હિસાબી મુદ્દાઓ :**

**1) જૂની પેઢીની મિલકત અને દેવાનાં પુનઃ મૂલ્યાંકન અંગે :**

જ્યારે પેઢીઓનું સંયોજન કરવામાં આવે છે; ત્યારે, જૂની પેઢીઓની મિલકતો અને દેવાઓનું પુનઃ મૂલ્યાંકન કરવામાં આવે છે અને તેની અસર આપવા માટે નફા-નુકસાન હવાલા ખાતું ખોલવામાં આવે છે. આમ, મિલકત અને દેવાની કિંમતમાં થતો વધારા-ઘટાડાની અસર નફા-નુકસાન હવાલા ખાતે આપવામાં આવે છે.

**2) જૂની પેઢીના ચોપડે નહીં નોંધાયેલ દેવું કે મિલકત અંગે :**

જૂની પેઢીના ચોપડે નહીં નોંધાયેલ દેવું કે મિલકત હોય તો તે જો નવી પેઢી સ્વીકારી લે કે ખરીદી લે છે તેવી સૂચના આપેલ હોય તો નવી પેઢીમાં લઈ જવામાં આવશે. જો નવી પેઢી આવી મિલકત કે દેવું ન સ્વીકારે તો જૂની પેઢીના ભાગીદારોની મૂડી ખાતે મૂડીના પ્રમાણમાં વહેંચી દેવામાં આવશે.

**3) જૂની પેઢીના ચોપડે નોંધાયેલ કોઈ મિલકત કે દેવા નવી પેઢી ન સ્વીકારે :**

જ્યારે જૂની પેઢીના ચોપડે નોંધયેલ કોઈ મિલકત કે દેવા નવી પેઢી ન સ્વીકારે ત્યારે તે જૂની પેઢીના ભાગીદારોની મૂડી ખાતે મૂડીના પ્રમાણમાં વહેંચી દેવામાં આવશે.

**4) જૂની પેઢીના એકત્રિત થયેલ નફા અંગેની બાકી અંગે :**

જૂની પેઢીના એકત્રિત થયેલ નફાની બાકી જૂની પેઢીના ભાગીદારી વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી દેવામાં આવશે.

**5) જૂની પેઢીની પાઘડી અંગે :**

જૂની પેઢીની પાઘડીની રકમ જૂની પેઢીના ભાગીદારો વચ્ચે નફા-નુકસાનના જૂના પ્રમાણમાં વહેંચી દેવામાં આવશે.

**6) જૂની પેઢીની મિલકતો અને દેવાની નવી પેઢીને સોંપણી કરવા અંગે :**

સંયોજન વખતે જે મિલકતો નવી પેઢીએ સ્વીકારેલ હોય તે મુજબ મિલકતોના ખાતાં જે ઉધારી છે તે મિલકત ખાતે જમા કરવામાં આવશે અને જે દેવા સ્વીકારેલ હોય તે જે-તે દેવા ખાતે ઉધારી નવી પેઢી ખાતે જમા કરવામાં આવશે.

**7) જૂના ભાગીદારોના ચાલુ ખાતાં તેમજ મૂડી ખાતાં બંધ કરવા અંગે :**

જૂની પેઢીના જૂના ભાગીદારોના ચાલુ ખાતાં બંધ કરી તેઓના મૂડી ખાતે લઈ જવામાં આવશે; ત્યારબાદ, મૂડી ખાતાંની બાકીઓ નવી પેઢી ખાતે લઈ જવામાં આવશે.

**8) રોકડ/બેંક ખાતું બંધ કરવા અંગે :**

જો રોકડ/બેંક નવી પેઢીને સોંપવાની હોય તો તેનું ખાતું બંધ કરી રોકડ/બેંક ખાતાંની બાકી નવી પેઢીમાં દર્શાવવામાં આવશે.

❖ **જૂની પેઢીના ચોપડે સંયોજન અંગેની જરૂરી આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા | ઉધાર(₹) | જમા(₹) |
|---|---|---|---|---|
| 1 | મિલકતની કિંમતમાં વધારો થતો હોય તો | | | |
| | મિલકત ખાતે ઉ..... | | | |
| | તે નફા-નુકસાન હવાલા ખાતે | | | |
| | (બાજે મિલકતની કિંમતમાં થયેલ વધારો નફા-નુકસાન હવાલા ખાતે જમા કર્યા તેના) | | | |
| 2 | મિલકતની કિંમતમાં ઘટાડો થતો હોય તો | | | |
| | નફા-નુકસાન હવાલા ખાતે ઉ... | | | |
| | તે મિલકત ખાતે | | | |
| 3 | દેવાની રકમમાં વધારો થતો હોય તો | | | |
| | નફા-નુકસાન હવાલા ખાતે ઉ... | | | |
| | તે દેવા ખાતે | | | |
| 4 | દેવાની રકમમાં ઘટાડો થતો હોય તો | | | |
| | દેવા ખાતે ઉ..... | | | |
| | તે નફા-નુકસાન હવાલા ખાતે | | | |
| 5 | નફા-નુકસાન હવાલા ખાતું બંધ કરવાની નોંધ | | | |
| | (a) જો નફો હોય તો | | | |
| | નફા-નુકસાન હવાલા ખાતે ઉ.... | | | |
| | તે ભાગીદારોમાં મૂડી ખાતે | | | |
| | (b) જો ખોટ હોય તો | | | |
| | ભાગીદારોના મૂડી ખાતે ઉ... | | | |
| | તે નફા-નુકસાન હવાલા ખાતે | | | |

| | | | | |
|---|---|---|---|---|
| 6 | એકત્રિત થયેલ નફો અને અનામતો અંગેની નોંધ | | | |
| | (a) સામાન્ય અનામત ખાતે ઉ..... | | | |
| | નફા-નુકસાન ખાતે (જમા બાકી ) ઉ.... | | | |
| | કારીગર અકસ્માત વળતર ભંડોળ ખાતે ઉ... | | | |
| | અનામત ખાતે ઉ... | | | |
| | તે ભાગીદારોનાં મૂડી ખાતે | | | |
| | (b) જો નફા-નુકસાન ખાતાંની ઉધાર બાકી હોય તો | | | |
| | ભાગીદારોના મૂડી ખાતે ઉ.... | | | |
| | તે નફા-નુકસાન ખાતે | | | |
| 7 | નવી પેઢીએ ન સ્વીકારેલ મિલકત અંગે | | | |
| | ભાગીદારોનાં મૂડી ખાતે ઉ..... | | | |
| | તે મિલકત ખાતે | | | |
| 8 | નવી પેઢીએ ન સ્વીકારેલ દેવા અંગે | | | |
| | દેવા/જવાબદારી ખાતે ઉ.... | | | |
| | તે ભાગીદારોનાં મૂડી ખાતે | | | |
| 9 | નવી પેઢીને મિલકતો નવી કિંમતે સોંપવા અંગેની નોંધ | | | |
| | નવી પેઢી ખાતે ઉ.... | | | |
| | તે જે-તે મિલકતો ખાતે | | | |
| 10 | નવી પેઢીને દેવા જવાબદારી નક્કી કરેલ કિંમતે સોંપવા અંગેની નોંધ | | | |
| | જે તે દેવા/જવાબદારીઓ ખાતે ઉ..... | | | |
| | તે નવી પેઢી ખાતે | | | |
| 11 | ભાગીદોના મૂડી ખાતાં બંધ કરવા અંગેની નોંધ | | | |
| | ભાગીદારોના મૂડી ખાતે ઉ..... | | | |
| | તે નવી પેઢી ખાતે | | | |

❖ **નવી પેઢીના ચોપડે જરૂરી આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા | ઉધાર(₹) | જમા(₹) |
|---|---|---|---|---|
| 1 | જૂની પેઢીનાં ધંધાની મિલકતો, દેવા/જવાબદારી અને મૂડી અંગેની નોંધ | | | |
| | મિલકતો ખાતે ઉ.... | | | |
| | તે દેવા/જવાબદારી ખાતે | | | |
| | તે ભાગીદારોનાં મૂડી ખાતે | | | |
| | (નોંધ- ઉપરની નોંધ જૂની બંને પેઢીની અલગ અલગ કરવી) | | | |
| 2 | પાઘડી ખાતું નવા પાકાં સરવૈયાં દર્શાવવાનું ન હોય ત્યારે | | | |
| | નવી પેઢીનાં ભાગીદારોનાં મૂડી ખાતે ઉ.... | | | |
| | તે પાઘડી ખાતે | | | |

| | | | | |
|---|---|---|---|---|
| 3. | જો નવી પેઢીમાં ભાગીદારો નિશ્ચિત રકમ મૂડી તરીકે લાવવાની હોય તો | | | |
| | (a) જો તે માટે રકમ ખૂટતી હોય તો | | | |
| | રોકડ/બૅંક ખાતે ઉ.... | | | |
| | તે ભાગીદારોનાં મૂડી ખાતે | | | |
| | (b) જો તે માટે રકમ વધતી હોય તો | | | |
| | ભાગીદારના મૂડી ખાતે ઉ...... | | | |
| | તે રોકડા/બૅંક ખાતે | | | |

**ઉદાહરણ 1** A અને Bની પેઢી અને C અને D ની પેઢીના પાકાં સરવૈયાં નીચે મુજબ હતાં. A અને B 1:1 અને C અને D 2:3 મુજબ નફો-નુકસાન વહેંચે છે. બંને પેઢી સંયોજન કરી નવી પેઢી ABCD રચવાનું નક્કી કરેલ.

**તા.31-3-2017ના રોજના પાકા-સરવૈયા**

| દેવા | | A અને B (₹) | C અને D (₹) | મિલકતો | A અને B (₹) | C અને D (₹) |
|---|---|---|---|---|---|---|
| મૂડી ખાતાં | | | | મકાન | 70,000 | 75,000 |
| A = | 50,000 | | | ફર્નિચર | 12,000 | 14,000 |
| B = | 50,000 | 1,00,000 | | રોકાણો | 6,000 | 8,000 |
| C = | 40,000 | | | સ્ટૉક | 18,000 | 22,000 |
| D = | 60,000 | | 1,00,000 | દેવાદારો | 50,000 | 38,000 |
| સામાન્ય અનામત | | 20,000 | 25,000 | રોકડ/બૅંક | 8,000 | 11,000 |
| લેણદારો | | 40,000 | 35,000 | મળવાની બાકી આવક | 6,000 | - |
| દેવીહૂંડી | | 7,000 | 8,000 | અ.ચૂ. વીમા પ્રીમિયમ | - | 4,000 |
| ચૂ.બા. પગાર | | 3,000 | 4,000 | | | |
| | | **1,70,000** | **1,72,000** | | **1,70,000** | **1,72,000** |

સંયોજનની શરતો નીચે મુજબ મંજૂર કરવામાં આવી હતી.

1. નવી પેઢીમાં દરેક ભાગીદારોનું નફા-નુકસાનનું પ્રમાણ 3:2:2:3 રાખવું.
2. બંને પેઢીના મકાનની કિંમત અનુક્રમે 90000 અને 95000 ગણવી.
3. બન્ને પેઢીના ફર્નિચરની કિંમતમાં 10% ઘટડા કરવો.
4. A અને Bની પેઢીના રોકાણોમાં 10% અને C અને D પેઢીના રોકાણોમાં 5% વધારો કરવો.
5. બન્ને પેઢીના સ્ટૉકમાં 10% ઘટાડો કરવો.
6. બન્ને પેઢીના દેવાદારો ઉપર 5% ઘાલખાદ્ય અનામત રાખવી.
7. બંન્ને પેઢીના લેણદારો 10% વટાવ અનામત સાથે પેઢીએ કબૂલ્યાં.
8. બાકીના દેવા ચોપડે કિંમતે ગણવા.

9. રોકડ બૅંક સહિત તમામ મિલકતો-દેવાં નવી પેઢીએ લઈ લેવા.

આ માહિતી પરથી બન્ને પેઢીઓનાં ચોપડા બંધ કરવા માટે આમનોંધ લખો.

જવાબ : A અને Bનાં ચોપડા બંધ કરવા જરૂરી આમનોંધ

| તારીખ | વિગત | ખા પા | ઉધાર(₹) | જમા(₹) |
|---|---|---|---|---|
| 31-3-17 | (1) મકાનની કિંમત થયેલા વધારાની નોંધ : | | | |
| | મકાન ખાતે ઉ.... | | 20,000 | |
| | તે નફા-નુકસાન હવાલા ખાતે | | | 20,000 |
| | (2) ફર્નિચરની કિંમતમાં થયેલ ઘટાડાની નોંધ | | | |
| | નફા-નુકસાન હવાલા ખાતે ઉ.... | | 1,200 | |
| | તે ફર્નિચર ખાતે | | | 1,200 |
| | (3) રોકાણોની કિંમતમાં થયેલ વધારાની નોંધ | | | |
| | રોકાણો ખાતે ઉ.... | | 600 | |
| | તે નફા-નુકસાન હવાલો ખાતે | | | 600 |
| | (4) સ્ટૉકની કિંમતમાં થયેલ ઘટાડાની નોંધ | | | |
| | નફા-નુકસાન હવાલા ખાતે ઉ.... | | 1,800 | |
| | તે સ્ટૉક ખાતે | | | 1,800 |
| | (5) દેવાદારો પર ઘા. અનામત અંગેની નોંધ | | | |
| | નફા-નુકસાન હવાલા ખાતે ઉ... | | 2,500 | |
| | તે દેવાદારો ખાતે | | | 2,500 |
| | (6) લેણદારો પર વટાવ અનામત અંગેની નોંધ | | | |
| | લેણદારો ખાતે ઉ... | | 4,000 | |
| | નફા-નુકસાન હવાલા ખાતે | | | 4,000 |
| | (7) નફા-નુકસાન હવાલા ખાતું બંધ કરવા અંગેની નોંધ | | | |
| | નફા-નુકસાન હવાલા ખાતે ઉ... | | 19,100 | |
| | તે Aના મૂડી ખાતે | | | 9,550 |
| | તે Bના મૂડી ખાતે | | | 9,550 |
| 31-7-17 | (8) સામાન્ય અનામત અંગેની નોંધ | | | |
| | સામાન્ય અનામત ખાતે ઉ.... | | 20,000 | |
| | તે Aના મૂડી ખાતે | | | 10,000 |
| | તે Bના મૂડી ખાતે | | | 10,000 |
| | (9) ભાગીદારી પેઢીની મિલકતો નવી કિંમત મુજબ નવી પેઢીને સોપતાં | | | |
| | નવી પેઢી AB ખાતે ઉ.... | | 1,85,100 | |
| | તે મકાન ખાતે | | | 90,000 |
| | તે ફર્નિચર ખાતે | | | 10,800 |

| | | | | |
|---|---|---|---|---|
| | તે રોકાણો ખાતે | | | 6,600 |
| | તે સ્ટૉક ખાતે | | | 16,200 |
| | તે દાવાદારો ખાતે | | | 47,500 |
| | તે રોકડા બૅંક ખાતે | | | 8,000 |
| | તે મળવાની બાકી આવક ખાતે | | | 6,000 |
| | (10) નવી પેઢીને દેવા-જવાબદારી સોપતા | | | |
| | લેણદારો ખાતે ઉ.... | | 36,000 | |
| | દેવીહૂંડી ખાતે ઉ..... | | 7,000 | |
| | ચૂકવવાની બાકી પગાર ખાતે ઉ.... | | 3,000 | |
| | તે નવી પેઢી ABCD ખાતે | | | 46,000 |
| | (11) નવી પેઢીને ભાગીદારોની આખરની મૂડી સોપતા | | | |
| | A ના મૂડી ખાતે ઉ.... | | 69,550 | |
| | B ના મૂડી ખાતે ઉ.... | | 68,550 | |
| | તે નવી પેઢી ABCD ખાતે | | | 1,39,100 |
| | કુલ | | 4,39,400 | 4,39,400 |

❖ **C અને D નાં ચોપડા બંધ કરવા જરૂરી આમનોંધ :**

| તારીખ | વિગત | ખા પા | ઉધાર(₹) | જમા(₹) |
|---|---|---|---|---|
| 31-3-17 | - <u>મકાનની કિંમતમાં થયેલ વધારાની નોંધ</u> | | | |
| | મકાન ખાતે ઉ..... | | 20,000 | |
| | તે નફા-નુકસાન હવાલા ખાતે | | | 20,000 |
| | - <u>ફર્નિચરની કિંમતમાં થયેલ ઘટાડાની નોંધ</u> | | | |
| | નફા-નુકસાન હવાલા ખાતે ઉ.... | | 1,400 | |
| | તે ફર્નિચર ખાતે | | | 1,400 |
| | - <u>રોકાણોની કિંમતમાં થયેલ વધારાની નોંધ</u> | | | |
| | રોકાણો ખાતે ઉ... | | 400 | |
| | તે નફા-નુકસાન હવાલા ખાતે | | | 400 |
| | - <u>સ્ટૉકમાં થયેલ ઘટાડાની નોંધ</u> | | | |
| | નફા-નુકસાન હવાલા ખાતે ઉ... | | 2,200 | |
| | તે સ્ટૉક ખાતે | | | 2,200 |
| | - <u>દેવાદારો પર ઘા.અ અંગેની નોંધ</u> | | | |
| | નફા-નુકસાન હવાલા ખાતે ઉ... | | 1,900 | |
| | તે દેવાદારો ખાતે | | | 1,900 |
| | - <u>લેણદારો પર ઘટાવ અનામત અંગેની નોંધ</u> | | | |
| | લેણદારો ખાતે ઉ.... | | 3,500 | |
| | તે નફા-નુકસાન હવાલા ખાતે | | | 3,500 |

| | | | | |
|---|---|---|---|---|
| | - નફા-નુકસાન હવાલા ખાતું બંધ કરવાની નોંધ | | | |
| | નફા-નુકસાન હવાલા ખાતે ઉ... | | 18,400 | |
| | તે Cના મૂડી ખાતે | | | 7,300 |
| | તે Dના મૂડી ખાતે | | | 11,040 |
| | - સામાન્ય અનામતની બાકી અંગેની નોંધ | | | |
| | સામાન્ય અનામત ખાતે ઉ.... | | 25,000 | |
| | તે Cના મૂડી ખાતે | | | 10,000 |
| | તે Dના મૂડી ખાતે | | | 15,000 |
| | - ભાગીદારી પેઢીના મિલકતો નવી પેઢીને સોંપવા અંગેની નોંધ | | | |
| | નવી પેઢી ABCD ખાતે ઉ... | | 1,86,900 | |
| | તે મકાન ખાતે | | | 95,000 |
| | તે ફર્નિચર ખાતે | | | 12,600 |
| | તે રોકાણો ખાતે | | | 8,400 |
| | તે સ્ટૉક ખાતે | | | 19,800 |
| | તે દેવાદારો ખાતે | | | 36,100 |
| | તે રોકડ/બૅંક ખાતે | | | 11,000 |
| | તે અ.ચૂ વીમા પ્રીમિયમ ખાતે | | | 4,000 |
| | - નવી પેઢી દેવા-જવાબદારી સોંપવા અંગેની નોંધ | | | |
| | લેણદારો ખાતે ઉ.... | | 31,500 | |
| | દેવીહૂંડી ખાતે ઉ.... | | 8,000 | |
| | ચૂ.બા. પગાર ખાતે ઉ... | | | 43,500 |
| | તે નવી પેઢી ABCD ખાતે | | | 43,500 |
| | - નવી પેઢીને ભાગીદારોની આખરની મૂડી સોંપવા અંગેની નોંધ | | | |
| | Cના મૂડી ખાતે ઉ.... | | 57,360 | |
| | Dના મૂડી ખાતે ઉ... | | 86,040 | |
| | તે નવી પેઢી ABCD ખાતે | | | 1,43,400 |
| | | | 4,42,600 | 4,42,600 |

**ઉદાહરણ 2** રામ અને લક્ષ્મણ તેમની પેઢીમાં 2:3 પ્રમાણમાં તથા કૃષ્ણ અને બળદેવ તેમની પેઢીમાં 4:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે, બન્ને પેઢીઓનાં પાકાં સરવૈયાં નીચે મુજબ છે

**તા. 31-3-2017ના રોજનાં પાકાં સરવૈયાં**

| જવાબદારીઓ | રામ અને લક્ષ્મણ | કૃષ્ણ અને બળદેવ | મિલકત-લેણાં | રામ અને લક્ષ્મણ | કૃષ્ણ અને બળદેવ |
|---|---|---|---|---|---|
| મૂડી | | | મકાન | 1,50,000 | 1,20,000 |
| રામ | 1,50,000 | | યંત્રો | 56,000 | 36,000 |
| લક્ષ્મણ | 1,00,000 | | ફર્નિચર | 40,000 | 35,000 |
| કૃષ્ણ | | 1,00,000 | સ્ટૉક | 35,000 | 20,000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| બળદેવ | | 50,000 | દેવાદારો | 80,000 | 88,000 |
| સામાન્ય અનામત | 18,000 | 24,000 | રોકડ | 17,000 | 15,000 |
| નફા-નુકસાન ખાતું | 12,000 | 16,000 | લેણીહૂંડી | 11,000 | 13,000 |
| કામદાર અકસ્માત | | | | | |
| વળતર ફંડ | 20,000 | 25,000 | | | |
| લેણદારો | 60,000 | 75,000 | | | |
| દેવીહૂંડી | 15,000 | 18,000 | | | |
| કામદાર બચત ખાતાં | 14,000 | 19,000 | | | |
| | **3,89,000** | **3,27,000** | | **3,89,000** | **3,27,000** |

તા.1-4-2017ના રોજ બન્ને પેઢીઓનું સંયોજન કરી નવી પેઢી યાદવ બ્રધર્સની રચના કરવામાં આવી, તે અંગે નીચે મુજબ શરતો હતી :

1) બન્ને પેઢીઓના મકાનમાં 10% વધારો કરવો.
2) બન્ને પેઢીઓના યંત્રો અને ફર્નિચરની કિંમતમાં અનુક્રમે 10% અને 5% ઘટાડો કરવો.
3) બન્ને પેઢીના સ્ટૉકની કિંમતમાં 20% વધારો કરવો.
4) દેવાદારો પર 5% ઘાલખાદ્ય અનામત ગણવી.
5) રામ અને લક્ષ્મણની પેઢીની પાઘડીની કિંમત ₹50000 અને કૃષ્ણ અને બળદેવની પેઢીની પાઘડીની કિંમત ₹40000 ગણવી.
6) રામ અને લક્ષ્મણની પેઢીના લેણદારો 10% ઓછી કિંમતે ખરીદે છે, જ્યારે કૃષ્ણ અને બળદેવના લેણદારો 5% ઓછી કિંમતે ખરીદે છે.
7) રામ અને લક્ષ્મણની પેઢીની લેણીહૂંડી રામ 5% ઓછી કિંમતે ખરીદે છે, જ્યારે કૃષ્ણ અને બળદેવની લેણીહૂંડી યાદવ બ્રધર્સ 10% ઓછી કિંમતે દર્શાવવાની છે.

બન્ને જૂની પેઢીના ચોપડામાં પાઘડી ખાતાં સહિત જરૂરી ખાતાં બનાવો. નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

જવાબ : જૂની પેઢી રામ અને લક્ષ્મણના ચોપડે જરૂરી ખાતાં

ઉ **નફા-નુકસાન હવાલા ખાતું** જ

| વિગત | રકમ(₹) | વિગત | રકમ(₹) |
|---|---|---|---|
| યંત્રો ખાતે | 5,600 | મકાન ખાતે (10% વધારો) | 15,000 |
| ફર્નિચર ખાતે | 2,000 | સ્ટૉક ખાતે | 7,000 |
| ઘાલખાદ્ય અનામત ખાતે | 4,000 | લેણદારો ખાતે | 6,000 |
| લેણીહૂંડી ખાતે | 550 | | |
| મૂડી ખાતે (નફો) (2:3) | | | |
| રામ = 6,340 | | | |
| લક્ષ્મણ = 9,510 | 15,850 | | |
| | **28,000** | | **28,000** |

ઉ **ભાગીદારોના મૂડી ખાતાં** જ

| વિગત | રામ | લક્ષ્મણ | વિગત | રામ | લક્ષ્મણ |
|---|---|---|---|---|---|
| લેણીહૂંડી ખાતે | 10,450 | | બા.આ. લાવ્યા | 1,50,000 | 1,00,000 |
| | | | પાઘડી ખાતે | 20,000 | 30,000 |
| | | | સામાન્ય અનામત ખાતે | 7,200 | 10,800 |
| | | | નફા-નુકસાન ખાતે | 4,800 | 7,200 |
| નવી પેઢી યાદવ બ્રધર્સ | 1,85,890 | 1,69,510 | કા.અકસ્માત વળતર | 8,000 | 12,000 |
| ખાતે લઈ ગયા | | | નફા-નુકસાન હવાલા ખાતે | 6,340 | 9,510 |
| | **196340** | **169510** | | **196340** | **169510** |

ઉ **પાઘડી ખાતું** જ

| વિગત | રકમ(₹) | વિગત | રકમ(₹) |
|---|---|---|---|
| રામની મૂડી ખાતે | 20,000 | | |
| લક્ષ્મણના મૂડી ખાતે | 30,000 | નવી પેઢી યાદવ બ્રધર્સ ખાતે | 50,000 |
| | **50,000** | | **50,000** |

❖ **કૃષ્ણ અને બળદેવની પેઢીના ચોપડે જરૂરી ખાતાં**

**ઉ** **નફા-નુકસાન હવાલા ખાતું** **જ**

| વિગત | રકમ(₹) | વિગત | રકમ(₹) |
|---|---|---|---|
| યંત્રો ખાતે | 3,600 | મકાન ખાતે | 12,000 |
| ફર્નિચર ખાતે | 1,750 | સ્ટૉક ખાતે | 4,000 |
| ઘાલખાદ્ય અનામત ખાતે | 4,400 | લેણદારો ખાતે | 3,750 |
| લેણીહૂંડી ખાતે | 1,300 | | |
| મૂડી ખાતે (નફો) (4:1) | | | |
| કૃષ્ણ 6,960 | | | |
| બળદેવ 1,740 | 8,700 | | |
| | **19,750** | | **19,750** |

ઉ **ભાગીદારોના મૂડી ખાતાં** જ

| વિગત | કૃષ્ણ | બળદેવ | વિગત | કૃષ્ણ | બળદેવ |
|---|---|---|---|---|---|
| | | | બા.આ. લાવ્યા | 1,00,000 | 50,000 |
| | | | પાઘડી ખાતે | 32,000 | 8,000 |
| | | | સામાન્ય અનામત ખાતે | 19,200 | 4,800 |
| નવી પેઢી યાદવ બ્રધર્સ | 1,90,960 | 72,740 | કા. અકસ્માત વળતર ખાતે | 20,000 | 5,000 |
| ખાતે લઈ ગયા | | | નફા-નુકસાન હવાલા ખાતે | 6,960 | 1,740 |
| | **1,90,960** | **72,740** | | **1,90,960** | **72,740** |

ઉ પાઘડી ખાતું જ

| વિગત | રકમ(₹) | વિગત | રકમ(₹) |
|---|---|---|---|
| કૃષ્ણના મૂડી ખાતે | 32,000 | | |
| બળદેવના મૂડી ખાતે | 8,000 | નવી પેઢી યાદવ બ્રધર્સ ખાતે | 40,000 |
| | **40,000** | | **40,000** |

**નવી પેઢી યાદવ બ્રધર્સનાં ચોપડામાં સંયોજન બાદનું નવું પાકું-સરવૈયું**

| મૂડી-દેવા | | રકમ(₹) | મિલકતો-લેણા | રકમ |
|---|---|---|---|---|
| <u>મૂડી</u> | | | પાઘડી (5,000+40,000) | 90,000 |
| રામ | 1,85,890 | | મકાન (1,65,000+1,32,000) | 2,97,000 |
| લક્ષ્મણ | 1,69,510 | | યંત્રો (50,400+32,400) | 82,800 |
| કૃષ્ણ | 1,90,960 | | ફર્નિચર (38,000+33,250) | 71,250 |
| બળદેવ | 72,740 | 6,19,100 | સ્ટૉક (42,000+24,000) | 66,000 |
| | | | દેવાદારો = બાદ ઘા. અનામત | |
| લેણદારો (54000+71250) | | 1,25,250 | (80,000-4,000 = 76,000 | |
| | | | 88,000-4,400 = <u>83,600</u> | 1,59,600 |
| દેવીહૂંડી(15000+18000) | | 33,000 | રોકડ (17,000+15,000) | 32,000 |
| | | | લેણીહૂંડી (કૃષ્ણ અને બળદેવની) | 11,700 |
| કામદાર બચત ખાતાં (14000+19000) | | 33,000 | | |
| | | **8,10,350** | | **8,10,350** |

# સ્વાધ્યાય

## (અ) સૈદ્ધાંતિક પ્રશ્નો

1. ભાગીદારી પેઢીઓના સંયોજન વખતે જૂની પેઢી (જેના ચોપડા ચાલુ રાખવાના છે)ના ચોપડામાં લખવામાં આવતી જરૂરી શક્ય આમનોંધો આપો.
2. ટૂંકનોંધ લખો :

(1) પેઢીનાં સંયોજન વખતે ઊભા થતાં મુદ્દાઓ.

અથવા

(1) ભાગીદારી પેઢીઓના સંયોજનના સંજોગોમાં જૂની પેઢીમાં ઉપસ્થિત થતાં મુદ્દાઓ.

(2) ભાગીદારી પેઢીનું સંયોજન.

(3) ભાગીદારી પેઢીનાં સંયોજનના હેતુઓ.

3. ભાગીદારી પેઢીનાં સંયોજનમાં નીચેના દરેક સંજોગો માટે જૂની પેઢીનાં ચોપડે કેવી આમનોંધ આપશો?
   A. જ્યારે નવી પેઢી કોઈ મિલકત ન લે ત્યારે.
   B. જ્યારે ભાગીદારોનાં ખાતાં નવી પેઢી ખાતે બંધ કરવામાં આવે ત્યારે.
   C. જ્યારે તે પેઢીની પાઘડી નક્કી કરવામાં આવે ત્યારે.
4. ભાગીદારી પેઢીનાં સંયોજન વખતે કરવામાં આવતી આમનોંધ
   1. જૂની પેઢીનાં ચોપડે
   2. નવી પેઢીનાં ચોપડે

## (બ) વ્યાવહારિક પ્રશ્નો

1. P – Q અને R – S પેઢીનું તા.31-3-2016ના રોજ બે પેઢીનું સંયોજન થયું. તે તારીખનું P – Qનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

**પાકું સરવૈયું**

| મૂડી-દેવા | રકમ(₹) | મિલકતો-લેણા | રકમ(₹) |
|---|---|---|---|
| લેણદારો | 10,000 | જમીન અને મકાન | 30,000 |
| અનામત ભંડોળ | 3,000 | ફર્નિચર | 2,000 |
| <u>મૂડી ખાતાં</u> | | સ્ટૉક | 8,000 |
| P 21,000 | | દેવાદારો | 7,500 |
| Q <u>14,000</u> | 35,000 | રોકડ | 500 |
| | 48,000 | | 48,000 |

P અને Q અનુક્રમે 4 : 1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા હતાં, P અને Q નીચેની શરતો માટે સંમત થયાં હતાં.

1. પાઘડીની કિંમત ₹8,000 ગણવી.
2. જમીન અને મકાન 10% કિંમતે અને દેવાદારો પર 4% ઘાલખાધ અનામત રાખવાનું છે.
3. ફર્નિચર નવી પેઢીએ લેવું નહીં.
4. સ્ટૉકની કિંમત ₹10,300 ગણવી.

પેઢીનાં સંયોજન વખતે P અને Qના ચોપડે જરૂરી આમનોંધ લખો અને જરૂરી ખાતાં તૈયાર કરો.

2. મેસર્સ શાહ – મહેતા તથા પટેલ-ત્રિવેદીની ભાગીદારી પેઢીનું "મેસર્સ સહકારી બ્રધર્સ" નામની નવી પેઢીમાં તા. 31-3-2016ના રોજ સંયોજન થયું. તે તારીખનું શાહ-મહેતાનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

| મૂડી-દેવાં | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|
| મૂડી – શાહ 60,000 | | પાઘડી | 10,000 |
| મહેતા <u>40,000</u> | 1,00,000 | જમીન-મકાન | 75,000 |
| | 25,000 | | |

| | | | |
|---|---|---|---|
| સામાન્ય અનામત | 10,000 | પ્લાન્ટ-યંત્રો | 40,000 |
| મહેતાની લોન | | રોકાણો | 15,000 |
| લેણદારો 50,000 | 49,000 | સ્ટૉક | 30,000 |
| બાદ: જમા વટાવ 1,000 | | દેવાદારો | 25,000 |
| | 10,000 | રોકડ | 15,000 |
| બૅંક લોન | 16,000 | | |
| બૅંક ઓવરડ્રાફ્ટ | | | |
| | 2,10,000 | | 2,10,000 |

શાહ અને મહેતા અનુક્રમે 2:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતાં હતાં. તેમની પેઢી માટે સંયોજનની શરતો નીચે મુજબ હતી :

1. સંયોજન પહેલાં શાહ-મહેતાની પેઢીએ મહેતાની લોન ચૂકવી આપી.
2. રોકાણો અને બૅંક લોન નવી પેઢીએ લેવાનાં નથી.
3. પાઘડી ₹40,000 નક્કી થઈ.
4. જમીન-મકાન 8% ઓછી કિંમતે, પ્લાન્ટ યંત્રો 10% વધુ કિંમતે અને સ્ટૉક ₹20,000માં નવી પેઢીએ ખરીદવાનાં છે. લેણદારો પર 8% જમા વટાવ અનામત તથા દેવાદારો પર 4% ઘાલખાધ અનામત રાખવાનું છે. પેઢીનાં સંયોજન અંગે મે. શાહ-મહેતા અને મે. સહકાર બ્રધર્સના ચોપડે જરૂરી આમનોંધ લખો.

(જવાબ : ન.નું.હ. ખાતાંની ખોટ ₹10,000, મૂડી ખાતાંની બાકી શાહ ₹75,000, મહેતા ₹65,000 નવી પેઢીમાં લઈ જવાશે. બૅંક ₹6,000 અને ₹4,000 મુજબ ભાગીદારો ખાતે જમા કરો. રોકાણો 9,000 અને 6,000 મુજબ ભાગીદારો ખાતે ઉધારો.)

3. ગીતા અને બબીતા 2:1ના પ્રમાણમાં તથા નીતા અને મીતા 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતાં હતાં. તા.31-3-2015ના રોજ તેમની પેઢીઓના પાકાં સરવૈયાં નીચે પ્રમાણે હતાં :

**પાકાં સરવૈયાં**

| મૂડી-દેવાં | ગીતા-બબીતા પેઢી | નીતા-મીતા પેઢી | મિલકત-લેણાં | ગીતા-બબીતા પેઢી | નીતા-મીતા પેઢી |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | યંત્રો | 30,000 | 20,000 |
| ગીતાની મૂડી | 45,000 | - | ફર્નિચર | 6,000 | 2,000 |
| બબીતાનીમૂડી | 15,000 | - | સ્ટૉક | 29,000 | 23,000 |
| નીતાની મૂડી | - | 25,000 | દેવાદારો | 20,000 | 14,500 |
| મીતાની મૂડી | - | 15,000 | લેણીહૂંડી | 20,000 | 20,000 |
| લેણદારો | 20,000 | 15,000 | રોકડ/બૅંક | 10,000 | 500 |
| સામાન્ય અનામત | 15,000 | 10,000 | | | |
| દેવીહૂંડી | 5,000 | 10,000 | | | |
| આરની લોન | 15,000 | - | | | |
| બૅંક ઓવરડ્રાફ્ટ | - | 5,000 | | | |
| | 1,15,000 | 80,000 | | 1,15,000 | 80,000 |

નીચેની શરતોએ બંને પેઢીઓનું સંયોજન કર્યું. ગીતા-બબીતા તથા નીતા-મીતાની પેઢીની મિલકતોની નીચે પ્રમાણે ફેર આંકણી કરવામાં આવી.

1. ગીતા-બબીતાની પેઢીની પાઘડી ₹9,000 નક્કી કરવામાં આવી અને નીતા-મીતાની પાઘડી ₹7,000 નક્કી કરવામાં આવી. જે નવી પેઢીમાં નવા પ્રમાણમાં માંડી વાળવાની છે.
2. બંને પેઢીનાં દેવાદારો પર 5% ઘાલખાધ અનામત રાખવાની છે.
3. ગીતા-બબીતાની પેઢીનું ફર્નિચર નવી પેઢીએ લેવાનું નથી, જ્યારે ગીતા-બબીતાના યંત્રો 10% ઓછા અને સ્ટૉક ₹5,500 વધુ કિંમતે લેવાનો છે.
4. નવી પેઢીમાં કુલ મૂડી ₹1,20,000 ગીતા, બબીતા, નીતા અને મીતાના નવા નફા-નુકસાનના 3:2:2:1ના પ્રમાણમાં રાખવાની છે આ માટે જરૂરી ફેરફાર રોકડથી કરવાનો છે.

ગીતા-બબીતા તથા નીતા-મીતાની પેઢીનાં ચોપડે જરૂરી ખાતાંઓ બનાવો તથા નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

(જવાબ અને સમજૂતી : (1) ગીતા-બબીતાની પેઢીનો નફા-નુકસાન હવાલા ખાતાંનો નફો ₹1,500 (2) ગીતા-બબીતાની પેઢીમાં બબીતા ₹12,500 રોકડ લાવશે અને ગીતા ₹7,000 રોકડ લઈ જશે. (3) ગીતા-બબીતાની પેઢીમાં મૂડી ગીતા ₹45,000 અને બબીતા ₹30,000 (4) આ મૂડી નવી પેઢીમાં પાઘડી માંડી વાળ્યા પછીની છે. ગીતાના ખાતે ₹6,000 અને બબીતાના ખાતે ₹4,000 માંડી વાળેલી પાઘડી ઉધારવી. (5) ગીતા-બબીતાની રોકડ સિલક ₹15,500 રહેશે. (6) નીતા-મીતાની પેઢીનું નફા-નુકસાન હવાલા ખાતાંનું નુકસાન ₹725 (7) નીતા-મીતાની પેઢીમાં નીતા ₹765 અને મીતા ₹4,510 રોકડ લઈ જશે અને બૅંક ઓવરડ્રાફ્ટ ₹5,000 + ₹4,775= ₹9,755 રહેશે. (8) નીતા-મીતાની પેઢીમાં મૂડી નીતા ₹30,000 અને મીતા ₹15,000 રહેશે. (9) આ મૂડી નવી પેઢીમાં પાઘડી માંડી વાળ્યા પછીની છે. નીતાના ખાતે ₹4,000 અને મીતાના ખાતે ₹2,000 પાઘડી માંડી વાળવી. (10) નવી પેઢીનાં પાકાં સરવૈયાનો સરવાળો ₹1,94,775 જેમાં રોકડ-બૅંક સિલક ₹15,500 તથા બૅંક ઓવરડ્રાફ્ટ ₹9,775 છે. જો બૅંક ઓવરડ્રાફ્ટ ચૂકવી દેવાય તો સરવાળો ₹1,85,000 થશે.)

4. મેસર્સ X અને Y તથા Z એક જ પ્રકારનો ધંધો કરતાં હતાં. તા.31-3-2016ના રોજ પેઢીઓનું સંયોજન કરવાનું નક્કી કર્યું, તે દિવસે તેનાં પાકાં સરવૈયાં નીચે મુજબ હતાં :

| દેવાં | X-Y ₹ | Z ₹ | મિલકતો | X-Y ₹ | Z ₹ |
|---|---|---|---|---|---|
| મૂડી : X | 40,000 | - | જમીન-મકાન | 20,000 | - |
| Y | 20,000 | - | સાંચા-યંત્રો | 10,000 | 20,000 |
| Z | - | 30,000 | ફર્નિચર | 1,000 | 500 |
| લેણદારો | 10,000 | 6,000 | રોકાણો | 1,500 | - |
| દેવીહૂંડી | 3,000 | - | સ્ટૉક | 27,500 | 10,000 |
| અનામત | 6,000 | - | દેવાદારો | 18,000 | 5,000 |
| | | | રોકડ/બૅંક | 1,000 | 500 |
| | 79,000 | 36,000 | | 79,000 | 36,000 |

x અને Y મૂડીના પ્રમાણમાં નફો વહેંચતાં હતાં. નીચેની શરતો સંયોગીકરણ કરતાં કબૂલવામાં આવી

1. બંને પેઢીની પાઘડી છેલ્લા ત્રણ વર્ષના નફાની સરેરાશથી બમણી ગણવી.

| નફો | 2013-14 ₹ | 2014-15 ₹ | 2015-16 ₹ |
|---|---|---|---|
| X-Y | 9,000 | 11,000 | 7,000 |
| Z | 4,000 | 1,000 (ખોટ) | 3,000 |

2. મેસર્સ X-Yના જમીન-મકાનની કિંમત ₹25,000 અને સ્ટૉકની ₹24,000 છે.
3. મેસર્સ X-Yની પેઢી દેવીહૂંડી ચૂકવવાનું માથે લે છે, તેમનાં રોકાણો નવી પેઢીમાં લેવાનાં નથી.
4. Y પોતાનું અંગત ફર્નિચર ₹500નું નવી પેઢીમાં લાવશે.
5. Zના સ્ટૉકની કિંમત 10% ઓછી ગણવાની છે.
6. બંને પેઢીનાં દેવાદારો પર 5% લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરવાની છે.
7. નવી પેઢીમાં X, Y, Zનું નફા-નુકસાન વહેંચણીનું પ્રમાણ 2:1:1 રાખવાનું છે. નવી પેઢીની કુલ મૂડી ₹1,20,000 નક્કી કરવામાં આવી છે. ભાગીદારોની મૂડી તેમના નફા-નુકસાનના પ્રમાણમાં રાખવાની છે. ખૂટતી રકમ રોકડેથી લાવવાની છે તથા વધારાની મૂડીની રકમ ઉપાડી લેવાની છે.

ઉપરની માહિતી પરથી બંને પેઢીનાં ચોપડામાં જરૂરી ખાતાં ખોલી નવી પેઢીનું શરૂઆતનું પાકું સરવૈયું તૈયાર કરો.

(જવાબ : મેસર્સ X અને Yના ન.નુ.હ. ખાતાંનો નફો 600 રૂપિયા અને Zના ન.નુ.હ. ખાતાંની ખોટ ₹1,250, મૂડી X ₹57,400, Y ₹28,700 અને Z ₹32,750. નવી પેઢીના પા.સ.નો સરવાળો ₹1,36,000 થશે. X ₹2,600 તથા Y ₹1,300 નવી પેઢીમાં રોકડ લાવશે, જ્યારે Z ₹3,250 લઈ જશે. નવી પેઢીની રોકડ સિલક ₹2,150 રહેશે.)

5. શ્રવણ અને આકાશ 2:1ના પ્રમાણમાં તથા જગદીશ અને નિકુલ 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા હતાં. તા.31-12-16ના રોજ તેમની પેઢીઓનાં પાકાં સરવૈયાં નીચે પ્રમાણે હતાં :

**પાકાં સરવૈયાં**

| મૂડી-દેવાં | | શ્રવણ અને આકાશ પેઢી ₹ | જગદીશ નિકુલ પેઢી ₹ | મિલકત-લેણાં | શ્રવણ અને આકાશ પેઢી ₹ | જગદીશ નિકુલ પેઢી ₹ |
|---|---|---|---|---|---|---|
| મૂડી ખાતાં: | | | | યંત્રો | 6,000 | 4,000 |
| શ્રવણ | 9,000 | | | ફર્નિચર | 1,200 | 400 |
| આકાશ | 3,000 | 12,000 | | સ્ટૉક | 5,800 | 4,600 |
| જગદીશ | 5,000 | | | દેવાદારો | 4,000 | 2,900 |
| નિકુલ | 3,000 | | 8,000 | લેણીહૂંડી | 1,000 | - |
| લેણદારો | | 4,000 | 3,000 | રોકડ/બૅંક | 2,000 | 100 |
| દેવીહૂંડી | | 1,000 | - | | | |
| શ્રવણની લોન | | 3,000 | - | | | |
| બૅંકઓવરડ્રાફ્ટ | | - | 1,000 | | | |
| | | 20,000 | 12,000 | | 20,000 | 12,000 |

શ્રવણ અને આકાશ તથા જગદીશ અને નિકુલની પેઢીની મિલકતોની નીચે પ્રમાણે ફેરઆંકણી કરવામાં આવી :

1) શ્રવણ-આકાશની પેઢીની પાઘડી ₹1,800 નક્કી કરવામાં આવી, જે નવી પેઢીમાં નવા પ્રમાણમાં માંડી વાળવાની છે.
2) બંને પેઢીના દેવાદારો પર 5% ઘાલખાધ અનામત રાખવાની છે.
3) શ્રવણ-આકાશની પેઢીનું ફર્નિચર નવી પેઢીએ લેવાનું નથી, જ્યારે યંત્રો 10% ઓછો અને સ્ટૉક ₹1,100 વધુ કિંમતે લેવાનો છે.
4) જગદીશ-નિકુલની પેઢીમાં યંત્રો 15% ઓછે લેવાનાં છે.
   નવી પેઢીમાં કુલ મૂડી 24,000 શ્રવણ, આકાશ, જગદીશ અને નિકુલના નવા ન.નુ. 3:2:2:1ના પ્રમાણમાં રાખવાની છે. આ માટે જરૂરી ફેરફાર રોકડેથી કરવાનો છે.
   શ્રવણ-આકાશની પેઢીના ચોપડા ચાલુ રાખવામાં આવે છે.
   શ્રવણ-આકાશની પેઢીના ચોપડે જરૂરી ખાતાંઓ અને નવી પેઢીનું પાકું સરવૈયું બનાવો.

(જવાબ અને સમજૂતી :

A. શ્રવણ-આકાશની પેઢી : (1) ન.નુ. હવાલા ખાતાંનો નફો ₹300, (2) સંયોજન અગાઉની મૂડી ખાતાંની આખર બાકી શ્રવણ ₹10,400 અને રમેશ ₹3,700.
B. જગદીશ અને નિકુલ : (1) ન.નુ. હવાલા ખાતાંનું નુકસાન ₹745 (2) સંયોજન અગાઉની આખરની મૂડી ખાતાંની બાકી જગદીશ રૂ. 4,553 અને નિકુલ ₹2,702.
C. નવી પેઢી : (1) હવાલા બાદની મૂડી ખાતાંઓની બાકી શ્રવણ ₹9,000; આકાશ ₹6,000, જગદીશ ₹6,000 અને નિકુલ ₹3,000 (2) પાકાં સરવૈયાંનો સરવાળો ₹36,000 (3) નવી પેઢીમાં હવાલા બાદની રોકડ સિલક ₹7,745)

# એકમ 2 ભાગીદારી પેઢીનું કંપનીમાં રૂપાંતર

- રૂપરેખા
  - પ્રસ્તાવના
  - અર્થ
  - ખરીદ કિંમત નક્કી કરવાની પદ્ધતિ
    - ચોખ્ખી મિલકતોની પદ્ધતિ
    - અવેજ પદ્ધતિ
  - જરૂરી આમનોંધ
  - સ્વાધ્યાય

---

**❖ પ્રસ્તાવના :**

ભાગદારી પેઢીની અમુક મર્યાદાઓ છે અને એ મર્યાદાઓને ધ્યાનમાં લેતા ભાગીદારી પેઢીનું રૂપાંતર કંપનીમાં કરવાનું વિચારવામાં આવે છે. ભાગીદારી પેઢીમાં ભાગીદારોની સંખ્યા પર મર્યાદા છે, ભાગીદારી પેઢીમાં જવાબદારીઓ અમર્યાદિત છે અને ભાગીદારો વધુ પ્રમાણમાં મૂડી રોકી શકતા નથી; એ એની મર્યાદા છે, એવું માની શકાય. જ્યારે ભાગીદારો પેઢીનો વેપાર વધારવાનું વિચારે ત્યારે આ ઉપર જણાવેલ મર્યાદાઓને ધ્યાનમાં રાખતા ભાગીદારીનું રૂપાંતર કંપનીમાં કરવું પસંદ કરે છે.

**❖ ભાગીદારી પેઢીનું કંપનીને વેચાણ કે કંપનીમાં રૂપાંતરનો અર્થ :**

જ્યારે ભાગીદારી પેઢી પોતાનો ધંધો ચાલુ લિમિટેડ કંપનીને વેચે છે અથવા પોતે જ એક નવી કંપની સ્થાપે છે, ત્યારે તેને ભાગીદારી પેઢીનું કંપનીને વેચાણ કે પેઢીનું કંપનીમાં રૂપાંતર કહેવાય છે. જ્યારે પેઢી પોતાનો ધંધો કંપનીને વેચી દે છે ત્યારે પણ ભાગીદારી પેઢીનાં વિસર્જનની માફક જ હિસાબો તૈયાર કરવામાં આવે છે. અહીં માલમિલકત નિકાલનું ખાતું તૈયાર કરવામાં આવે છે. બધી જ મિલકતો અને દેવાં કંપની લઈ લે છે અને કંપની પોતાના શેર, ડિબેન્ચર તથા રોકડ બદલામાં ખરીદ પેટે ચૂકવે છે.

**❖ ખરીદ કિંમત નક્કી કરવી :**

જ્યારે ભાગીદારી પેઢીનું વેચાણ કંપનીને કરવામાં આવે ત્યારે ભાગીદારી પેઢીનાં મિલકત અને દેવાંના બદલામાં કંપની જે રકમ ચૂકવવા કબૂલ કરે છે તેને ખરીદકિંમત કહેવાય છે. ખરીદકિંમત શોધવા માટે નીચે મુજબની બે પદ્ધતિનો ઉપયોગ કરી શકાય :

**અ) ચોખ્ખી મિલકતોની પદ્ધતિ :**

પેઢીની અલગ અલગ મિલકતો કંપની કઈ કિંમતે લેવાની છે એની જાણ કરવામાં આવે છે. તેની સાથે સાથે કોઈ રકમ આપવા કબૂલ થઈ તો પણ જણાવવામાં આવે છે. અહીં નક્કી કરેલી કિંમતે લીધેલ મિલકતો (પાઘડી સહિત)માંથી નક્કી કરેલ કિંમતે લીધેલ દેવાંની રકમ બાદ કરવાથી જે રકમ આવશે તે ખરીદ કિંમત થશે, તેને ચોખ્ખી મિલકતોની પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે.

**બ) અવેજ પદ્ધતિ :**

ઘણીવાર વેચનાર પેઢીની લીધેલ મિલકતો તેમ જ દેવાં પેટે કંપનીએ પોતાના આપેલા શેર, ડિબેન્ચર તથા રોકડનો સરવાળો કરવાથી જે રકમ આવે તે ખરીદ કિંમત થશે.

❖ **ખરીદનાર કંપનીના શેર તથા ડિબેન્ચર ભાગીદારીઓમાં વહેંચણી :**

સામાન્ય રીતે ખરીદનાર ખરીદ કિંમત પેટે પોતાના શેર, ડિબેન્ચર તથા રોકડ આપે છે. ખરીદનાર કંપનીના શેર તથા ડિબેન્ચર માટે અલગ ખાતું ખોલવામાં આવે છે. કોઈપણ લેખિત કરાર ન હોય તો શેર કે ડિબેન્ચર બધા જ ભાગીદારો વચ્ચે તેમના આખર લેણાની રકમના પ્રમાણમાં એટલે કે મૂડી ખાતાની છેવટની બાકીના પ્રમાણમાં વહેંચવામાં આવશે. શેર કે ડિબેન્ચરની વહેંચણી અપૂર્ણાંકમાં ન થાય તેથી ભાગીદારોને અલગ પૂરેપૂરા શેર કે ડિબેન્ચર અપાશે અને રોકડમાં જરૂરી અસર અપાશે. ભાગીદારો વચ્ચે જો કરાર થયેલ હોય તો શેર કે ડિબેન્ચરની વહેંચણી કરારમાં દર્શાવ્યા મુજબ થશે.

❖ **ધંધો વેચનાર પેઢીના ચોપડામાં જરૂરી આમનોંધ**

ભાગીદારી પેઢીનું કંપનીમાં રૂપાંતર કરવામાં આવે કે કંપનીને વેચાણ કરવામાં આવે ત્યારે બંને પ્રસંગોએ ભાગીદારી પેઢીનું વિસર્જન થાય છે. આ માટે બંને સંજોગોમાં નીચે દર્શાવેલ એક જ પ્રકારની નોંધ લખાય છે :

1) **પેઢીની તમામ મિલકતો ચોપડે દર્શાવેલ કિંમતે માલમિલકત નિકાલ ખાતે લઈ જઈ મિલકતોના ખાતા બંધ કરવા માટે :**

માલમિલકત નિકાલ ખાતે ઉ ....
  તે પરચૂરણ મિલકતો ખાતે .....

2) **પેઢીનાં દેવાં ચોપડે કિંમતે માલમિલકત નિકાલ ખાતે લઈ જવા માટે :**

પરચૂરણ – દેવાં ખાતે ઉ....
  તે માલમિલકત નિકાલ ખાતે ....

3) **અનામત ભંડોળ, ન.નુ. ખાતાની જમા બાકી, ન.નુ. ખાતાની ઉધાર બાકી અને અવાસ્તવિક મિલકતો ભાગીદારોનાં મૂડી ખાતે લઈ જવા માટે :**

- અનામત ભંડોળ ખાતે ઉ....
  નફા-નુકસાન ખાતે ઉ....
  કારીગર અકસ્માત વળતર ફંડ ખાતે ઉ....
    તે ભાગીદારોના મૂડી ખાતે...
- ભાગીદારોનાં મૂડી ખાતે ઉ....
    તે ન.નુ. ખાતે
    તે અવાસ્તવિક મિલકતો ખાતે

4) **કંપનીએ ચૂકવવાની રકમ (ખરીદકિંમત) માટે :**

ખરીદનાર કંપની ખાતે ઉ. ....
  તે માલમિલકત નિકાલ ખાતે

**5) કંપની તરફથી ખરીદકિંમત પેટે શેર, ડિબેન્ચર રોકડ મળે ત્યારે :**

ખરીદનાર કંપનીના શેર ખાતે ઉ.....
ખરીદનાર કંપનીના ડિબેન્ચર ખાતે ઉ....
રોકડ / બૅંક ખાતે ઉ....
તે ખરીદનાર કંપની ખાતે

**6) જો ખરીદનાર કંપની વેચનાર પેઢીના અમુક મિલકતો ન લે તો** :

(અ) જો મિલકતો રોકડેથી વેચવામાં આવે તો ઉપજેલ રોકડ રકમથી

રોકડ / બૅંક ખાતે ઉ.....
તે માલમિલકત નિકાલ ખાતે ...

(બ) જો કોઈ ભાગીદાર મિલકત નક્કી કરેલ કિંમત લઈ લે તો તે રકમથી :

ભાગીદારના મૂડી ખાતે ઉ.....
તે માલમિલકત નિકાલ ખાતે ....

**7) જો ખરીદનાર કંપની વેચનાર પેઢીનાં અમુક દેવાં ન લઈ લે તો તે દેવાં પેઢીએ ચૂકવવા પડશે, માટે નીચે મુજબ નોંધ થશે** :

માલમિલકત નિકાલ ખાતે ઉ.....
તે રોકડ /બૅંક ખાતે ...

**8) પેઢીએ ચૂકવેલ વિસર્જન ખર્ચ માટે :**

માલમિલકત નિકાલ ખાતે ઉ....
તે રોકડ / બૅંક ખાતે .....

**9) માલમિલકત નિકાલ ખાતાની બાકી (નફો કે ખોટ) વહેંચણી** :

**(અ) જો નફો હોય તો** :

માલમિલકત નિકાલ ખાતે ઉ...
તે ભાગીદારોનાં મૂડી ખાતે ...

**(બ) જો ખોટ હોય તો ઉપરથી વિરુદ્ધ નોંધ થશે.**

**10) મૂડીખાતામાં જરૂરી રોકડ લાવીને કે ઉપાડીને બંધ કરવામાં આવશે.**

**(અ) ભાગીદાર રોકડ લાવે ત્યારે** :

રોકડ ખાતે ઉ.....
તે ભાગીદારોનાં મૂડી ખાતે ....

**(બ) ભાગીદારને રોકડ ચૂકવાય ત્યારે :**

ભાગીદારના મૂડી ખાતે ઉ ....
તે રોકડ ખાતે

**11) ખરીદનાર કંપનીના શેર, ડિબેન્ચર તથા રોકડ ભાગીદારો વચ્ચે વહેંચતા :**

ભાગીદારોના મૂડી ખાતે ઉ...

તે ખરીદનાર કંપનીનાં શેર ખાતે

તે ખરીદનાર કંપનીનાં ડિબેન્ચર ખાતે

તે રોકડ ખાતે

## દાખલા ગણવા ઉપયોગી ક્રમ

❖ **સૌ પ્રથમ ખરીદકિંમત શોધો.**

1. **જરૂરી ખાતાં ખોલો**, તેમાં (1) માલમિલકત નિકાલ ખાતું (2) ભાગીદારોનાં મૂડી ખાતાં (3) ધંધો ખરીદનાર કંપનીનું ખાતું (4) રોકડ ખાતું ખોલવામાં આવશે, આ અંગે કોઈ આમનોંધ થશે નહીં.
2. **ખાતાઓની બાકી ટ્રાન્સફર કરવી :** ઉપર મુજબ ખોલેલા ખાતા પૈકી ભાગીદારોનાં મૂડી ખાતાં અને રોકડ ખાતાની બાકીઓ લખી લેવી. આ અંગે કોઈ આમનોંધ થશે નહીં. હવે પાકા સરવૈયાંની બધી બાકીઓ ટ્રાન્સફર કરો. બધી મિલકતો માલમિલકત નિકાલ ખાતાની ઉધાર બાજુ લઈ જવી તે જ પ્રમાણે બધાં દેવાં માલમિલકત નિકાલ ખાતાની જમા બાજુ લખવી. મિલકત સામે કરેલી જોગવાઈ (દા.ત. ઘસારો, રોકાણ વધઘટ ભંડોળ) પણ માલમિલકત નિકાલ ખાતે જમા બાજુ લખવી.
3. **અનામત ટ્રાન્સફર :** પેઢીના ચોપડે સામાન્ય અનામત કે નફા-નુકસાન ખાતાની બાકી હોય તે ભાગીદારોનાં મૂડી ખાતે તેમના નફા-નુકસાનના પ્રમાણમાં લઈ જવી.
4. **ખરીદકિંમતની બે નોંધ :** (અ) કંપની પાસે ખરીદકિંમત લેણી થાય તે અંગે નોંધ કરવી. આ માટે કંપનીનું ખાતું ઉધારવું અને માલમિલકત નિકાલ ખાતું જમા કરવું. (બ) હવે કંપની પાસેથી ખરીદકિંમત મળી જાય તેની નોંધ કરવી તે માટે મળેલ રોકડ, શેર કે ડિબેન્ચર ખાતાં ઉધારવાં અને કંપનીનું ખાતું જમા કરવું.
5. **નહીં લીધેલ મિલકતો :** (અ) કંપનીએ નહીં લીધેલી મિલકતો હોય તો તેનું વેચાણ કરવું અથવા ભાગીદારોને આપી દેવી. **નહીં લીધેલું દેવું :** તે જ પ્રમાણે કંપનીએ કોઈ દેવું લઈ લીધું ન હોય તો તે પેઢીએ ચૂકવી આપવું. આ માટે માલમિલકત નિકાલ ખાતું ઉધારી રોકડ ખાતું જમા કરવું. (બ) જો વિસર્જન ખર્ચ ચૂકવવાનો હોય તો તેની નોંધ કરવી. આ અંગે માલમિલકત નિકાલ ખાતું ઉધારી રોકડ ખાતું જમા કરવું.
6. હવે માલમિલકત નિકાલ ખાતું બંધ કરી તેનો નફો કે નુકસાન ભાગીદારોનાં મૂડી ખાતે તેમના નફા-નુકસાનના પ્રમાણમાં લઈ જવો.
7. છેવટે કંપની પાસેથી મળેલ શેર કે ડિબેન્ચર ભાગીદારો વચ્ચે નક્કી કરેલા પ્રમાણમાં વહેંચી આપવા. પ્રમાણ નક્કી કર્યું ન હોય તો છેવટની મૂડીની બાકીના પ્રમાણમાં વહેંચી આપવા. છેલ્લે વધેલી રોકડ ભાગીદારોને આપી તેમનાં મૂડી ખાતાં બંધ કરવાં. આ માટે ભાગીદારોનાં મૂડી ખાતાં ઉધારી રોકડ ખાતું જમા કરવું.

   રોકડ ખાતું બંધ થઈ જાય તો દાખલો સાચો ગણ્યો છે એમ ખાતરી થાય.

**ઉદાહરણ 1** સીતા અને ગીતા સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા.1-1-17ના રોજ તેમણે ધંધો નવી શરૂ કરેલ કંપનીને વેચી દેવાનું નક્કી કર્યું તે તારીખનું તેમનું સરવૈયું નીચે પ્રમાણે હતું :

**સીતા અને ગીતાનું તા. 1-1-2017ના રોજનું પાકું સરવૈયું.**

| મૂડીદેવાં | | ₹ | મિલકતલેણાં | ₹ |
|---|---|---|---|---|
| <u>મૂડી :</u> | | | જમીન અને મકાન | 28,350 |
| સીતા | 27,000 | | ફર્નીચર | 16,200 |
| ગીતા | <u>20,250</u> | 47,250 | દેવાદારો | 20,250 |
| લેણદારો | | 33,750 | સ્ટૉક | 17,550 |
| મકાન ઘસારા ભંડોળ | | 4050 | રોકડ | 2700 |
| | | 85,050 | | 85,050 |

- નવી કંપની લેણદારો લેતી નથી તેથી તે ચોપડે કિંમતે ચૂકવવામાં આવે છે. ખરીદ કિંમત ₹8,505 નક્કી થયેલ છે. જેનાં પેટે નવી કંપની ₹27,000ના શેર અને બાકીની રકમ રોકડેથી ચૂકવશે. નવી કંપનીના શેર બંને ભાગીદારો સરખે હિસ્સે લઈ લે છે. ખરીદકિંમત નીચે મુજબ મિલકતોના મૂલ્યાંકન દ્વારા નક્કી થયેલ છે :

મકાન ₹29,700 — સ્ટૉક ₹16,200

ફર્નિચર ₹14,850 — પાઘડી ₹5,400

દેવાદારો ₹18,900

ઉપરની વિગતો પરથી પેઢીના ચોપડે જરૂરી આમનોંધો લખો અને જરૂરી ખાતાં તૈયાર કરો.

**ભાગીદારી પેઢીના ચોપડામાં આમનોંધ**

| ક્રમ | વિગત | ઉધાર | જમા |
|---|---|---|---|
| 1. | મા.મિ.નિ. ખાતે ઉ..... | 82,350 | |
| | તે જમીન મકાન ખાતે | | 28,350 |
| | તે ફર્નિચર ખાતે | | 16,200 |
| | તે દેવાદારો ખાતે | | 20,250 |
| | તે સ્ટૉક ખાતે | | 17,550 |
| | (બા.જે. પરચૂરણ મિલકતોના ખાતા ચોપડે દર્શાવેલ કિંમતે મા.મિ.નિ.ખાતે લઈ ગયા) | | |
| 2. | લેણદારો ખાતે ઉ. | 33,750 | |
| | મકાનના ઘસારા ભંડોળ ખાતે ઉ. | 4,050 | |
| | તે મા.મિ.ની ખાતે લઈ ગયા | | 37,800 |
| | (બા.જે. ચોપડે દર્શાવેલ કિંમતે જમા બાકી મા.મિ.નિ.ખાતે લઈ ગયા) | | |
| 3. | નવી કંપની ખાતે ઉ. | 85,050 | |
| | તે મા.મિ.નિ. ખાતે | | 85,050 |
| | (બા.જે. નવી કંપનીને પરચૂરણ મિલકતો વહેંચી) | | |

| | | | |
|---|---|---|---|
| 4. | નવી કંપનીના શેર ખાતે ઉ.<br>રોકડ ખાતે ઉ.<br>તે નવી કંપની ખાતે<br>(બા.જે. શેર 2700 ખરીદકિંમત ₹10 પેટે અને બાકીની રકમ રોકડમાં ચૂકવી) | 27,000<br>58,050 | <br><br>85,050 |
| 5. | મા.મિ.નિ. ખાતે ઉ.<br>તે રોકડ ખાતે<br>(બા.જે. પરચૂરણ લેણદારો ચૂકવ્યાં) | 33,750 | <br>33,750 |
| 6. | મા.મિ.ની. ખાતે ઉ.<br>તે સીતાની મૂડી ખાતે<br>તે ગીતાની મૂડી ખાતે<br>(બા.જે. મા.મિ.નિ. ખાતેનો નફો ભાગીદારો વચ્ચે સરખો વહેંચી આપ્યો.) | 6,750 | <br>3,375<br>3,375 |
| 7. | સીતાની મૂડી ખાતે ઉ.<br>ગીતાની મૂડી ખાતે ઉ.<br>તે નવી કંપનીના શેર ખાતે<br>(બા.જે. નવી કંપનીના શેર ભાગીદારો વચ્ચે સરખે હિસ્સે વહેંચી આપ્યાં.) | 13,500<br>13,500 | <br><br>27,000 |
| 8. | સીતાની મૂડી ખાતે ઉ.<br>ગીતાની મૂડી ખાતે ઉ.<br>તે રોકડ ખાતે<br>(બા.જે. ભાગીદારોને તેમની લેણી રકમ રોકડમાં ચૂકવી આપી) | 16,875<br>10,125 | <br><br>27,000 |
| | કુલ | 3,84,750 | 3,84,750 |

## માલમિલકત નિકાલ ખાતું

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| <u>પરચૂરણ મિલકતો</u> | | મકાન અંગેનું ઘસારા ભંડોળ | 4,050 |
| જમીનમકાન 28,350 | | લેણદાર ખાતે | 33,750 |
| ફર્નીચર 16,200 | | નવી કંપની ખાતે | |
| દેવાદારો 20,250 | | (ખરીદકિંમત) | 85,050 |
| સ્ટૉક 17,550 | 82,350 | | |
| રોકડ (લેણદારો) | 33,750 | | |
| <u>નફો</u> | | | |
| સીતા 3,375 | | | |
| ગીતા 3,375 | 6,750 | | |
| | 1,22,850 | | 1,22,850 |

**રોકડ ખાતું**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા<br>નવી કંપની ખાતે | 2,700<br>58,050 | મા.મિ.નિ. ખાતું<br>(લેણદારો)<br>સીતાની મૂડી ખાતે<br>ગીતાની મૂડી ખાતે | 33,750<br><br>16,875<br>10,125 |
| | 60,750 | | 60,750 |

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

| વિગત | સીતા | ગીતા | વિગત | સીતા | ગીતા |
|---|---|---|---|---|---|
| નવી કંપનીના શેર ખાતે | 13,500 | 13,500 | બા.આ. લાવ્યા | 27,000 | 20,250 |
| રોકડ ખાતે | 16,875 | 10,125 | મા.મિ.નિ. ખાતે | 3,375 | 3,375 |
| | 30,375 | 23,625 | | 30,375 | 23,625 |

**નવી કંપનીનું ખાતું**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| મા.મિ.નિ. ખાતે | 85,050 | નવી કંપનીના શેર ખાતે<br>રોકડ ખાતે | 27,000<br>58,050 |
| | 85,050 | | 85,050 |

**નવી કંપની ના શેરનું ખાતું**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| નવી કંપની ખાતે | 27,000 | સીતાની મૂડી ખાતે<br>ગીતાની મૂડી ખાતે | 13,500<br>13,500 |
| | 27,000 | | 27,000 |

<u>ગણતરી</u> :

<u>ખરીદકિંમત</u>

➔ ચોખ્ખી મિલકત – કુલ મિલકતો = કુલ દેવાં

| | | |
|---|---|---|
| મકાન | ₹29,700 | 0 |
| ફર્નીચર | ₹14,850 | 0 |
| દેવાદારો | ₹18,900 | 0 |
| સ્ટૉક | ₹16,200 | 0 |
| પાઘડી | ₹5,400 | 0 |
| | ₹85,050 | 0 |

ચોખ્ખી મિલકત / ખરીદકિંમત = ₹85,050

**<u>ચૂકવણી</u> :**

શેર = 2700 x 10 = ₹27,000

રોકડ = ₹58,050

કુલ ₹85,050

**ઉદાહરણ 2 ખલી અને બલી 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો હતાં. 31/03/2017ના રોજનું પેઢીનું સરવૈયુ નીચે મુજબ છે :**

| દેવાં | રકમ | મિલકતો | રકમ |
|---|---|---|---|
| મૂડી : | | મકાન | 81,200 |
| ખલી 72,500 | | સ્ટૉક | 50,750 |
| બલી 58,000 | 1,30,500 | દેવાદારો | 94,250 |
| ખલીનું ચાલુ ખાતું | 29,000 | રોકડ અને બૅંક | 21,750 |
| બલીની લોન | 43,500 | બલીનું ચાલુ ખાતું | 14,500 |
| લેણદારો | 79,750 | ફર્નિચર | 11,600 |
| | | મોટરગાડી | 8,700 |
| | **2,82,750** | | **2,82,750** |

ભાગીદારોની ધંધામાંથી નિવૃત્ત થવાની ઈચ્છા હોવાથી તેમણે તેમનો ધંધો ખલી બલી લિ. ને વહેંચી દીધો. ખલી બલી લિ. ફર્નિચર અને મોટરગાડી સિવાયની કાયમી મિલકતો અને સ્ટૉક લેવા સંમત થઈ.

ખરીદકિંમત પેટે ₹81,200 રોકડા, દરેક ₹100નો તેવા 1305 ઇક્વીટી શેર ₹80ના ભાવે તથા ₹100નો તેવા 580 પ્રેફરન્સ શેર દરેક ₹80ના ભાવે આપશે. દેવાદારો પાસેથી ₹88,450 વસૂલ થયા અને લેણદારોને ₹73,950 આપીને ચૂકતે કરવામાં આવ્યાં.

ખલી ફર્નિચર ₹17,400ની કિંમતે અને બલી મોટરગાડી ₹11,600ની કિંમતે લઈ જશે, બલીને તેની લોનની રકમમાંથી ₹3,500 રોકડા આપવાના છે અને બાકીના ₹40,000ના પ્રેફરન્સ શેર ખલીને આપવાના છે.

ઇક્વિટી શેર બંને ભાગીદારો વચ્ચે સરખા ભાગે વહેંચવા અને બાકીની રકમ રોકડમાં ચૂકવવી, ઇક્વિટી શેર અને પ્રેફ શેરની કિંમત શેર દીઠ ₹80 ગણવાની છે.

પેઢીના ચોપડે જરૂરી ખાતા તૈયાર કરો.

ઉ. **મા.મિ.નિ. ખાતું** જ.

| વિગત | | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|---|
| <u>પરચુરણ મિલકતો :</u> | | | | |
| મકાન | 81,200 | | <u>પરચુરણ દેવાં :</u> | |
| ફર્નિચર | 11,600 | | લેણદારો | 79,750 |
| મોટરગાડી | 8,700 | | <u>બેંક ખાતે :</u> | |
| સ્ટૉક | 50,750 | | દેવાદારો | 88,450 |
| દેવાદારો | <u>94,250</u> | 2,46,500 | ખલી બલી લિ.(ખરીદકિંમત) | 2,32,000 |
| બેંક ખાતે (લેણદારો) | | 73,950 | ખલીના ચાલુ ખાતે (ફર્નિચર) | 17,400 |
| <u>નફો :</u> | | | બલીના ચાલુ ખાતે (મોટરગાડી) | 11,600 |
| ખલી | 65,250 | | | |
| બલી | <u>43,500</u> | 1,08,750 | | |
| | | 4,29,200 | | 4,29,200 |

ઉ. **ખલી બલી લિ.નું ખાતું** જ.

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| મા.મિ.નિ. ખાતે | 2,32,000 | ઈશેર ખાતે. | 1,04,400 |
| | | પ્રેફશેર ખાતે. | 46,400 |
| | | રોકડ ખાતે | 81,200 |
| | 2,32,000 | | 2,32,000 |

ઉ. **ઈ.શેરનું ખાતું** જ.

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| ખલી બલી લિ. ખાતે | 1,04,400 | ખલીના ચાલુ ખાતે | 52,200 |
| | | બલીના ચાલુ ખાતે | 52,200 |
| | 1,04,400 | | 1,04,400 |

ઉ. **પ્રેફરન્સ શેરનું ખાતું** જ.

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| ખલી બલી લિ. | 46,400 | બલીના લોન ખાતે | 40,000 |
| | | ખલીના ચાલુ ખાતે | 6,400 |
| | 46,400 | | 46,400 |

ઉ. **બલીના લોનનું ખાતું** જ.

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| પ્રેફ શેર ખાતે | 40,000 | બા. આ. લાવ્યા | 43,500 |
| રોકડ ખાતે | 3,500 | | |
| | 43,500 | | 43,500 |

ઉ. **રોકડ અને બેંકનું ખાતું** જ.

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| બા. આ. લાવ્યા | 21,750 | મા.મિ.નિ. ખાતે | 73,950 |
| ખલી બલી લિ. | 81,200 | બલીની લોન ખાતે | 3,500 |
| મા.મિ.નિ. ખાતે દેવાદારો | 88,450 | ખલીની મૂડી ખાતે | 90,750 |
| | | બલીની મૂડી ખાતે | 23,200 |
| | 1,91,400 | | 1,91,400 |

ઉ. **ભાગીદારોનાં મૂડી ખાતા** જ.

| વિગત | ખલી | બલી | વિગત | ખલી | બલી |
|---|---|---|---|---|---|
| ચાલુ ખાતે | | 34,800 | બા. આ. લાવ્યા | 72,500 | 58,000 |
| રોકડ ખાતે | 90,750 | 23,200 | ચાલુ ખાતે | 18,250 | |
| | 90,750 | 58,000 | | 90,750 | 58,000 |

ઉ. **ભાગીદારોનાં ચાલુ ખાતા** જ.

| વિગત | ખલી | બલી | વિગત | ખલી | બલી |
|---|---|---|---|---|---|
| બા.આ. લાવ્યા | | 14,500 | બા.આ. લાવ્યા | 29,000 | |
| પ્રેફ. શેર ખાતે | 6,400 | | મા.મિ.નિ. ખાતે | 65,250 | 43,500 |
| મા.મિ.નિ. ખાતે | 17,400 | 11,600 | મૂડી ખાતે | | 34,800 |
| ઈ શેર ખાતે. | 52,200 | 52,200 | | | |
| મૂડી ખાતે | 18,250 | | | | |
| | 94,250 | 78,300 | | 94,250 | 78,300 |

**ગણતરી :**

**ખરીદકિંમત (અવેજ પદ્ધતિ) :**

| | | | |
|---|---|---|---|
| ઈ શેર. | 1305 x 80 | = | 1,04,400 |
| પ્રેફ શેર. | 580 x 80 | = | 46,400 |
| રોકડ | | = | 81,200 |
| | | | ₹2,32,000 |

**જૂની પેઢીના ચોપડે હિસાબી નોંધો :**

**ઉદાહરણ 3** (અ) અને (બ)ની પેઢી તા.1-7-16ના રોજ (ક) અને (ડ) લિ. સાથે જોડાવાનો કરાર કરે છે. (અ) અને (બ) અનુક્રમે 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે, તે તારીખે તેમનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

**મેસર્સ (અ) અને (બ)નું પાકું સરવૈયું**

| દેવાં | ₹ | મિલકતો | | ₹ |
|---|---|---|---|---|
| લેણદારો | 38,000 | મકાનો | | 80,000 |
| અનામત ભંડોળ | 10,000 | સ્ટૉક | | 70,000 |
| મૂડી ખાતાં : | | દેવાદારો | 40,000 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| અ | 1,00,000 | | ઘાલખાધ | | |
| બ | 60,000 | | અનામત | 2,000 | 38,000 |
| | | 1,60,000 | રોકાણો | | 20,000 |
| | | 2,08,000 | | | 2,08,000 |

❖ **કરારની શરતો નીચે પ્રમાણે છે.**

1) રોકાણો નવી પેઢીએ લેવાં નહીં.
2) મકાનો ₹90,000ની કિંમતે અને સ્ટૉક ₹74,000ની કિંમતે લેવો.
3) દેવાદારો પર ઘાલખાધ અનામત 10% જેટલી રાખવી.
4) પાઘડીની કિંમત ₹40,000 ગણવી.

મેસર્સ અ અને બની પેઢીના ચોપડા બંધ કરવા આમનોંધ આપો અને જરૂરી ખાતાં તૈયાર કરો.

**જવાબ :** અહીં આપણે જે ક્રમ દર્શાવ્યો છે તે ક્રમમાં જ દાખલો ગણીશું.

1) અનામત ભંડોળની બાકી, ભાગીદારો વચ્ચે વહેંચી દઈશું.
2) નફા-નુકસાન હવાલા ખાતું બનાવીશું.
3) નહિ લીધેલ રોકાણો ભાગીદારો ખાતે મૂડીના પ્રમાણમાં ઉધારીશું.
4) પાઘડી ભાગીદારો ખાતે જમા કરીશું.
5) મિલકતો નવી કંપની ખાતે લઈ જઈશું.
6) દેવાં નવી કંપની ખાતે લઈ જઈશું.
7) મૂડી ખાતાની બાકી નવી કંપની ખાતે લઈ જઈશું.

ઉ. **નફા-નુકસાન હવાલા ખાતું** જ.

| વિગત | | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|---|
| ઘાલખાધ અનામત | | 2,000 | મકાનો | 10,000 |
| નફો : મૂડી ખાતે | | | સ્ટૉક | 4,000 |
| (અ) | 7,200 | | | |
| (બ) | 4,800 | 12,000 | | |
| | | 14,000 | | 14,000 |

ઉ. **મૂડી ખાતા** જ.

| વિગત | (અ) ₹ | (બ) ₹ | વિગત | (અ) ₹ | (બ) ₹ |
|---|---|---|---|---|---|
| રોકાણઓ (5:3) | 12,500 | 7,500 | બા.આ. લાવ્યા | 1,00,000 | 60,000 |
| નવી પેઢી ખાતે | 1,24,700 | 77,300 | અનામત | 6,000 | 4,000 |
| | | | ન.નુ. હવાલા ખાતે | 7,200 | 4,800 |
| | | | પાઘડી | 24,000 | 16,000 |
| | 1,37,200 | 84,800 | | 1,37,200 | 84,800 |

**ઉ. નવી કંપનીનું ખાતું જ.**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| પાઘડી | 40,000 | ઘાલખાધ અના. | 4,000 |
| મકાનો | 90,000 | લેણદારો | 38,000 |
| સ્ટૉક | 74,000 | (અ) ની મૂડી | 1,24,700 |
| દેવાદારો | 40,000 | (બ) ની મૂડી | 77,300 |
| | 2,44,000 | | 2,44,000 |

**ધ્યાનમાં રાખો :** નવી પેઢીનું ખાતું પાકાં સરવૈયા જેવું છે. તેથી બંને બાજુનો સરવાળો સરખો થવો જોઈએ.

## આમનોંધ

| ક્રમ નં. | વિગત | ખા. પા. | ઉધાર(₹) | જમા(₹) |
|---|---|---|---|---|
| 1. | અનામત ભંડોળ ખાતે ઉ... | | 10,000 | |
| | તે (અ)ના મૂડી ખાતે | | | 6,000 |
| | તે (બ)ના મૂડી ખાતે | | | 4,000 |
| | (બા.જે. અનામત ભંડોળ વહેંચી દીધું) | | | |
| 2. | નફા-નુકસાન હવાલા ખાતે ઉ... | | 2,000 | |
| | તે ઘાલાખાધ અનામત ખાતે | | | 2,000 |
| | (બા.જે ઘા.અ. 10% સુધી વધારો) | | | |
| 3. | મકાનો ખાતે ઉ... | | 10,000 | |
| | સ્ટૉક ખાતે ઉ... | | 4,000 | |
| | તે ન.નુ. હવાલા ખાતે | | | 14,000 |
| | (બા.જે. મિલકતોને કિંમત વધારી) | | | |
| 4. | ન.નુ. હવાલા ખાતે ઉ... | | 12,000 | |
| | તે (અ) ના મૂડી ખાતે | | | 7,200 |
| | તે (બ) ના મૂડી ખાતે | | | 4,800 |
| | (બા.જે. ન.નુ. હવાલા ખાતાનો નફો ભાગીદારોના મૂડી ખાતે લઈ ગયા) | | | |
| 5. | (અ)ના મૂડી ખાતે ઉ... | | 12,500 | |
| | (બ)ના મૂડી ખાતે ઉ... | | 7,500 | |
| | તે રોકાણો ખાતે | | | 20,000 |
| | (બા.જે નવી કંપનીએ નહીં લીધેલા રોકાણો ભાગીદારો ખાતે મૂડીના પ્રમાણમાં ઉધાર્યા) | | | |
| 6. | પાઘડી ખાતે ઉ... | | 40,000 | |
| | તે (અ)ના મૂડી ખાતે | | | 24,000 |
| | તે (બ)ના મૂડી ખાતે | | | 16,000 |
| 7. | નવી કંપની ખાતે ઉ. | | 2,44,000 | |
| | તે પાઘડી ખાતે | | | 40,000 |

| | | | | |
|---|---|---|---|---|
| | તે મકાનો ખાતે | | | 90,000 |
| | તે સ્ટૉક ખાતે | | | 74,000 |
| | તે દેવાદારો ખાતે | | | 40,000 |
| | (બા.જે. મિલકતો નવી કંપની ખાતે લઈ ગયા) | | | |
| 8. | લેણદારો ખાતે ઉ. | | 38,000 | |
| | તે નવી કંપની ખાતે | | | 38,000 |
| | (બા.જે. દેવાં નવી કંપની ખાતે લઈ ગયા) | | | |
| 9. | ઘાલખાધ અનામત ખાતે ઉ. | | 4,000 | |
| | તે નવી કંપની ખાતે | | | 4,000 |
| | (બા.જે. ઘા.અ. નવી કંપની ખાતે લઈ ગયા) | | | |
| 10. | અના મૂડી ખાતે ઉ. | | 1,24,700 | |
| | બના મૂડી ખાતે ઉ. | | 77,300 | |
| | તે નવી કંપની ખાતે | | | 2,02,000 |
| | (બા.જે. ભાગીદારોને મૂડી નવી કંપની ખાતે લઈ ગયા) | | | |
| | કુલ | | 5,86,000 | 5,86,000 |

**ઉદાહરણ 4** ગીતા અને સીતા એક પેઢીના ભાગીદારો છે. તેઓની પેઢીનું તા.31-3-17ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**પાકું સરવૈયું**

| દેવાં | રકમ(₹) | મિલકતો | રકમ(₹) |
|---|---|---|---|
| ગીતાની મૂડી | 50,000 | યંત્રો | 58,000 |
| સીતાની મૂડી | 50,000 | પાઘડી | 12,000 |
| નફા-નુકસાન ખાતું | 30,000 | મકાન | 50,000 |
| યંત્રોનું ઘસારા ફંડ | 8,000 | રોકડ | 12,000 |
| લેણદારો | 30,000 | દેવાદારો | 25,000 |
| | | સ્ટૉક | 11,000 |
| | 1,68,000 | | 1,68,000 |

મીતા લિ.ની સ્થાપના ઉપરની પેઢીનો ચાલુ ધંધો ખરીદવા માટે થઈ. (1) મીતા લિ. પેઢીના દેવાદારો, લેણદાર થતા રોકડ ખરીદશે નહીં. (2) મીતા લિ. પેઢીની મિલકતો નીચેની કિંમતે ખરીદશે. (i) પાઘડી ₹10,000 (ii) મકાન ₹80,000 (iii) યંત્રો અને સ્ટૉક – ચોપડે કિંમતે. (3) ખરીદકિંમત પેટે મીતા લિ. દરેક ₹100નો તેવા 1,200 ઇકિવટી શેર 10% પ્રીમિયમથી આપે છે અને બાકીની રકમ રોકડેથી ચૂકવે છે. (4) મીતા લિ. પેઢીના દેવાદારો પાસેથી ઉઘરાણી મેળવવાનું અને લેણદારોને ચૂકવવાનું સ્વીકારે છે. આ માટે ઉઘરાવેલી રકમના 5% અને ચૂકવેલ રકમના 2% કમિશન મેળવે છે. (5) દેવાદારોને 10% રોકડ વટાવ આપ્યો. લેણદારોને 5% વટાવે ચૂકવી આપ્યા. (6) મીતા લિ. 800 ઇક્વિટી શેર દરેક ₹100નો તેવા 10% પ્રીમિયમથી બહાર પાડે છે, જે પૂરેરપૂરા ભરપાઈ થાય છે.

ઉપરની વિગતો પરથી ભાગીદારી પેઢીના ચોપડામાં જરૂરી ખાતાં દોરો તથા કંપનીના ચોપડામાં આમનોંધ લખો.

જવાબ : જરૂરી ગણતરીઓ :

| (I) ખરીદકિંમત (અવેજ પદ્ધતિથી) | | (II) ચોખ્ખી મિલકતો : | |
|---|---|---|---|
| ઇકિવટી શેર(1,200 ઇકિવટી શેર x ₹100) | 1,20,0000 | પાઘડી | 10,000 |
| શેર પ્રીમિયમ (1,200 ઇકિવટી શેર x ₹10) | 12,000 | મકાન | 80,000 |
| બાકીની રોકડ (?) | 19,000 | યંત્રો 58,000 | |
| | | બાદ : ઘસારા ફંડ 8,000 | 50,000 |
| | | સ્ટૉક | 11,000 |
| કુલ | 1,51,000 | | 1,51,000 |

ભાગીદારી પેઢીના ચોપડે : વિસર્જન અંગે જરૂરી ખાતાંઓ

ઉ. (1) માલમિલકત નિકાલ ખાતું જ.

| વિગત | | રકમ(₹) | વિગત | રકમ(₹) |
|---|---|---|---|---|
| પરચૂરણ મિલકતો ખાતે | | | યંત્રોના ઘસારા ફંડ ખાતે | 8,000 |
| યંત્રો | 58,000 | | મીતા લિ. ખાતે (ખરીદકિંમત) | 1,51,000 |
| પાઘડી | 12,000 | | મીતા લિ.ના ઉપલક ખાતે | 1,500 |
| | | | (લેણદારોનો 5% વટાવ) | |
| મકાન | 50,000 | | | |
| સ્ટૉક | 11,000 | 1,31,000 | | |
| મીતા લિ.ના ઉપલક ખાતે | | | | |
| દેવાદારોનો 10% | | | | |
| વટાવ | 2,500 | | | |
| કમિશન | 1,695 | 4,195 | | |
| નફો : મૂડી ખાતે | | | | |
| ગીતા | 12,653 | | | |
| સીતા | 12,952 | 25,305 | | |
| | | 1,60,500 | | 1,60,500 |

ઉ. (2) ભાગીદારોનાં મૂડી ખાતાંઓ જ.

| વિગત | ગીતા | સીતા | વિગત | ગીતા | સીતા |
|---|---|---|---|---|---|
| મીતા લિ.ના શેર ખાતે | 66,000 | 66,000 | બા. આ. લાવ્યા | 50,000 | 50,000 |
| બૅંક/રોકડ ખાતે | 11,653 | 11,652 | ન. નુ. ખાતે | 15,000 | 15,000 |
| (આખરી ચૂકવણી) | | | | | |
| | | | મા. મિ. નિકાલ ખાતે (નફો) | 12,653 | 12,652 |
| | 77,653 | 77,652 | | 77,653 | 77,652 |

ઉ. (3) મીતા કંપની લિ.નું ઉપલક ખાતું જ.

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| દેવાદારો ખાતે | 25,000 | લેણદારો ખાતે | 30,000 |
| માલમિલકત નિકાલ ખાતે | 1,500 | માલમિલકત નિકાલ ખાતે | 2,500 |
| (5% વટાવ) | | (10% વટાવ) | |

| | | | |
|---|---|---|---|
| બૅંક/રોકડ ખાતે ? (તફાવત) | 7,695 | મા. મિ. નિકાલ ખાતે<br>☆ (કમિશન) | 1,695 |
| | 34,195 | | 34,195 |

☆ કમિશનની ગણતરી :

(I) દેવાદારો પાસેથી ઉઘરાવેલી રકમ (25,000-2,500 વટાવ)

₹22,500ના 5% લેખે 1,125

(II) લેણદારોને ચૂકવેલી રકમ (30,000 – 1,500 વટાવ)

₹28,500ના 2% લેખે 570

કુલ કમિશન 1,695

ઉ. (4) બૅંક/રોકડ ખાતું જ.

| વિગત | રકમ(₹) | વિગત | રકમ(₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 12,000 | મીતા લિ.ના ઉપલક ખાતે | 7,695 |
| મીતા લિ. ખાતે | 19,000 | ગીતાના મૂડી ખાતે | 11,653 |
| | | સીતાના મૂડી ખાતે | 11,652 |
| | 31,000 | | 31,000 |

ઉ. (5) મીતા લિ. નું ખાતું જ.

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| માલમિલકત નિકાલ ખાતે (ખરીદ કિંમત) | 1,51,000 | મીતા લિ.ના ઇકિવટી શેર ખાતે | 1,32,000 |
| | | બૅંક/રોકડ ખાતે | 19,000 |
| | 1,51,000 | | 1,51,000 |

ઉ. (6) મીતા લિ.ના ઇક્વિટી શેરનું ખાતું જ.

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| મીતા લિ. ખાતે | 1,32,000 | ગીતાના મૂડી ખાતે | 66,000 |
| | | સીતાના મૂડી ખાતે | 66,000 |
| | 1,32,000 | | 1,32,000 |

**મીતા લિ.ના ચોપડામાં શરૂઆતની આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા(₹) |
|---|---|---|---|---|
| 1. | પાઘડી ખાતે ઉ. | | 10,000 | |
| | મકાન ખાતે ઉ. | | 80,000 | |
| | યંત્રો ખાતે ઉ. | | 58,000 | |
| | સ્ટૉક ખાતે ઉ. | | 11,000 | |
| | તે યંત્રોના ઘસારા ફંડ ખાતે | | | 8,000 |
| | તે ગીતા-સીતાની પેઢી ખાતે | | | 1,51,000 |
| | (બા.જે. ગીતા-સીતાની પેઢીની મિલકતો નક્કી કરેલી કિંમતે ખરીદી તેની નોંધ.) | | | |

| | | | | |
|---|---|---|---|---|
| 2. | ગીતા-સીતાની પેઢી ખાતે ઉ. | | 1,51,000 | |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | 1,20,000 |
| | તે શેરપ્રીમિયમ ખાતે | | | 12,000 |
| | તે બૅંક/રોકડ ખાતે | | | 19,000 |
| | (બા.જે. ગીતા-સીતાની પેઢીને ખરીદ કિંમત પેટે 1,200 ઇકિવટી શેર દરેક ₹100નો તેવા 10% પ્રીમિયમે તથા બાકીની રોકડ આપી ચૂકવ્યા તેની નોંધ) | | | |
| 3. | બૅંક ખાતે ઉ. | | 88,000 | |
| | તે ઇકિવટી શેરમૂડી ખાતે | | | 80,000 |
| | તે શેરપ્રીમિયમ ખાતે | | | 8,000 |
| | (બા. જે. 800 ઇકિવટી શેર દરેક ₹100નો તેવા 10% પ્રીમિયમ સહિત બહાર પાડ્યા અને પૂરેપૂરા ભરપાઈ થયા તેની નોંધ | | | |

## સ્વાધ્યાય

### (અ) વ્યાવહારિક પ્રશ્નો -

1. ટીના, મીના અને લીના 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા.30/06/1997ના રોજ તેઓ પોતાનો ધંધો પીના ટ્રેડર્સ લિ.ને વહેંચે છે, તે દિવસે તેમના ધંધાની પરિસ્થિતિ આ મુજબ છે :

**પાકું સરવૈયું**

| જવાબદારી | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| <u>મૂડી ખાતા :</u> | | કાયમી મિલકતો | 1,30,000 |
| ટીના 70,000 | | દેવાદારો | 56,000 |
| મીના 40,000 | | સ્ટૉક | 50,000 |
| લીના <u>30,000</u> | 1,40,000 | બૅંક સિલક | 10,000 |
| લેણદારો | 64,000 | જાહેરાત ઉપલક ખાતું | 4,000 |
| ઘસારા ભંડોળ | 10,000 | | |
| નફા-નુકસાન ખાતું | 36,000 | | |
| | 2,50,000 | | 2,50,000 |

પીના ટ્રેડર્સ લિમિટેડે બૅંક સિલક સહિત આખો ધંધો ખરીદી લીધો. ખરીદકિંમત પેટે ₹200નો એક એવા 220 શેર ₹1,200ના ભાવે 5%ના ₹48,000નાં ડિબેંચર અને ₹23,000 રોકડા આપ્યા; ₹3,000 વિસર્જન ખર્ચ થયો.

(અ) પેઢીના ચોપડા બંધ કરવા જરૂરી ખાતા તૈયાર કરો ધંધો ખરીદનાર કંપની તરફથી મળેલા શેર ભાગીદારો વચ્ચે ક્યા પ્રમાણમાં વહેંચાશે તે જણાવો.

(બ) જો ખરીદકિંમત ચોખ્ખી મિલકતને ધોરણે ગણવાની હોય, કાયમી મિલકતોના ₹70,000 ગણવાના હોય અન્ય મિલકતો અને દેવાં ચોપડે દર્શાવેલ કિંમતે લેવાનાં હોય અને પાઘડી પેટે ₹8,000 આપવાના હોય તો ખરીદકિંમત કેટલી થશે?

2. પંચાલ અને બ્રહ્મભટ્ટ સરખા પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. તા.31 ડિસે. 1995ના રોજ પેઢીનું કર્મવીર કંપનીમાં રૂપાંતર કરવાનું નક્કી કર્યું. આ તારીખે પેઢીનું 'પાકું સરવૈયું' નીચે મુજબ છે :

**પાકું સરવૈયું**

| જવાબદારી | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| લેણદારો | 24,000 | પરચુરણ દેવાદારો | 30,000 |
| બ્રહ્મભટ્ટની લોન | 20,000 | લેણીહૂંડી | 5,000 |
| બૅંક ઓવરડ્રાફ્ટ | 8,000 | સ્ટૉક | 18,000 |
| અનામત ભંડોળ | 3,000 | પેટન્ટ | 4,000 |
| મૂડી ખાતાં | | પ્લાન્ટ-મશીનરી | 8,000 |
| પંચાલ 20,000 | | જમીન મકાન | 30,000 |
| બ્રહ્મભટ્ટ 20,000 | 40,000 | | |
| | 95,000 | | 95,000 |

1. પેઢીની પાઘડી છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ નફાથી બમણી આંકવાની છે.
2. પેઢીના કામકાજનું પરિણામ દર્શાવે છે. દર વર્ષે અનામત ભંડોળ ખાતે ₹1,000 લઈ ગયા પછી 1993માં ₹15,000, 1994માં 18,000 અને 1995માં ₹21,000 નફો થયો હતો.
3. બ્રહ્મભટ્ટની લોન કંપનીમાં 15%ના ડિબેન્ચર આપી ચૂકવી દેવાની છે.
4. જમીન અને મકાન તથા પ્લાન્ટ અને મશીનરીની કિંમત અનુક્રમ ₹50,000 અને ₹12,000 આંકવામાં આવી છે.
5. ખરીદકિંમતની બાકીની રકમ પેટે ₹20નો એક એવા ઇક્વિટી શેર અને ₹200નો એક 92%ના પ્રેફરન્સ શેર અનુક્રમ 2:1ના પ્રમાણમાં આપવાના છે.

પેઢીના ચોપડે જરૂરી આમનોંધ લખો અને માલમિલકત નિકાલ ખાતું તથા ભાગીદારોનાં મૂડી ખાતાં તૈયાર કરો.

3. ઉર્વશી અને વૈશાલી 2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તેમની પેઢીનું તા.31-3-93ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

**પાકું સરવૈયું**

| દેવાં | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| મૂડી : | | જમીન અને મકાન | 1,20,000 |
| ઉર્વશી 1,50,000 | | ફર્નિચર | 90,000 |
| વૈશાલી 1,20,000 | 2,70,000 | સ્ટૉક | 1,20,000 |
| ચાલુ ખાતું : | | દેવાદારો | 2,10,000 |
| ઉર્વશી | 60,000 | રોકડ હાથ પર | 15,000 |

| | | | |
|---|---|---|---|
| બૅંકઓવરડ્રાફ્ટ | 1,05,000 | વૈશાલી | 30,000 |
| લેણદારો | 1,50,000 | | |
| | 5,85,000 | | 5,85,000 |

આ પેઢીનું રૂપાંતર વંદના લિમિટેડ નામની કંપનીમાં નીચેની શરતો મુજબ કર્યું :

1) કંપની રોકડ અને પાઘડી સહિતની તમામ મિલકતો લઈ લેશે; પરંતુ, જમીન અને મકાન તથા ફર્નિચર 10% વધુ કિંમત ગણીને અને સ્ટૉક 10% ઓછી કિંમતે અને દેવાદારો પર 5% લેખે ઘાલખાધ અનામતને આધિન લેશે.
2) પેઢીની પાઘડી ₹91,500 આંકવામાં આવી.
3) દેવાં પૈકી કંપની ફક્ત લેણદારો જ લેશે.
4) ખરીદકિંમત કંપનીએ ₹10નો એક એવા પૂરા ભરપાઈ ₹36,000 ઈક્વિટી શેરથી અને બાકીની રકમ રોકડમાં ચૂકવી.
5) પેઢીએ બૅંક ઓવરડ્રાફ્ટ ચૂકવી દીધો.
6) કંપનીના શેર ભાગીદારો વચ્ચે તેમના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવે છે. મૂડી ખાતે આવતા તફાવતના હવાલા રોકડમાં કરવાના છે.

પેઢીના ચોપડે તૈયાર કરો : 1) માલમિલકત નિકાલ ખાતું
2) ભાગીદારોનાં મૂડી ખાતાં
3) રોકડ ખાતું

4. રવિન્દ્ર, સુરેન્દ્ર અને મહેન્દ્ર 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. પેઢીનું તા. 31મી ડિસેમ્બર,1995ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**તા.31-12-95ના રોજનું પાકું સરવૈયું**

| દેવાં | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| <u>મૂડી :</u> | | પાઘડી | 50,000 |
| રવિન્દ્ર 1,00,000 | | જમીન મકાન 1,00,000 | |
| સુરેન્દ્ર 60,000 | | બાદ : ઘસારો <u>10,000</u> | 90,000 |
| મહેન્દ્ર <u>40,000</u> | 2,00,000 | યંત્રો 1,00,000 | |
| નફા-નુકસાન ખાતું | 60,000 | બાદ : ઘસારો <u>10,000</u> | 90,000 |
| કારીગર વળતર ભંડોળ | 30,000 | ફર્નિચર | 30,000 |
| | | રોકાણો | 50,000 |
| કારીગર નફા ભાગ ભંડોળ | 45,000 | સ્ટૉક | 45,000 |
| | | દેવાદારો 50,000 | |
| રોકાણ વધઘટ અનામત | 10,000 | બાદ : ઘાલખાધ 5,000 | |
| | | ઘા. અનામત 3,500 | |
| લેણદારો | 50,000 | વટાવ અનામત <u>1,500</u> | 40,000 |
| દેવી હૂંડી | 15,000 | લેણી હૂંડી | 7,000 |
| બાકી ખર્ચો | 2,500 | બૅંક | 7,500 |
| | | જાહેરાત ઉપલક ખાતું. | 3,000 |
| | 4,12,500 | | 4,12,500 |

હરિન્દ્ર લિમિટેડ તા.1-1-96ના રોજ પેઢીની બેન્ક સિવાયની બધી જ વાસ્તવિક મિલકતો અને દેવીહૂંડી સિવાયના બધા જ દેવા નીચે શરતે લઈ ગયાં.

1) કંપનીએ જમીન – મકાનનાં 10% વધુ અને ફર્નિચરના 20% વધુ આપવા.
2) સ્ટૉકના ₹40,500 ચૂકવવા.
3) બાકીની વાસ્તવિક મિલકતો ચોપડે દર્શાવેલી કિંમતે લઈ લેવી.
4) કંપનીએ ચોપડે દર્શાવેલી કિંમતે દેવા લીધા.
5) મહેન્દ્ર દેવી હૂંડીચૂકવવાનું સ્વીકાર્યું.

કંપનીએ ખરીદકિંમત પેટે 3,000 ઈક્વિટી શેર દરેક ₹200નો 10 %ના પ્રીમિયમથી, 2,400 ડિબેન્ચર દરે ₹400ના 5% વટાવથી અને બાકીની રકમ રોકડમાં ચૂકવવાનું સ્વીકાર્યું. ભાગીદારો એ નફો-નુકસાનના પ્રમાણમાં શેર અને ડિબેન્ચર વહેંચી લીધા.

ઉપરની માહિતી પરથી તૈયાર કરો :

1) માલ – મિલકત નિકાલ ખાતું, ભાગીદારોનાં મૂડી ખાતાં અને બૅંક ખાતું.
2) ખરીદ કિંમતની અને મળેલી રકમ અંગેની આમનોંધ પેઢીના ચોપડામાં લખો.

5. મેસર્સ (અ) (બ)ની પેઢીનો ધંધો (ક) (ડ) લિં.એ તા.31-3-16થી ખરીદી લીધો. તે દિવસે (અ) (બ)ની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**(અ) (બ)ની પેઢીનું પાકું સરવૈયું**

| જવાબદારી | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| લેણદારો | 20,000 | જમીન મકાન | 50,000 |
| અનામત ભંડોળ | 6,000 | ફર્નિચર | 4,000 |
| <u>મૂડી ખાતાં :</u> | | સ્ટૉક | 16,000 |
| (અ) 42,000 | | દેવાદારો | 15,000 |
| (બ) <u>28,000</u> | 70,000 | રોકડ સિલક | 1,000 |
| | 96,000 | | 96,000 |

(અ) અને (બ) 2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા હતા. (અ) (બ)ની પેઢી અંગે નીચેની શરતો નક્કી કરવામાં આવી :

1) પાઘડીની કિંમત ₹16,000 ગણવી.
2) જમીન મકાનની કિંમતમાં 10% વધારો કરવો અને દેવાદારો પર 3% ઘાલખાધ અનામત રાખવી.
3) ફર્નિચર નવી પેઢીએ લેવું નહીં.
4) સ્ટૉકની કિંમત ₹20,600 ગણવી.
5) ખરીદ કિંમત પેટે કંપનીએ (અ) અને (બ)ને 60% કિંમત ઇકિવટી શેર દરેક ₹10ના રૂપમાં અને બાકીની રકમ રોકડમાં ચૂકવી.

સંયોજન વખતે મેસર્સ (અ) (બ)ની પેઢીના ચોપડા બંધ કરવાની આમનોંધ આપો, જરૂરી ખાતાં બનાવો. નવી કંપનીના ચોપડે (અ) (બ)નો ધંધો સમાવી લેવાની આમનોંધ આપો.

6. આશા અને મીના તેમની પેઢીમાં 2:1ના પ્રમાણમાં તથા ક્રિષ્ણા અને શીલા તેમની પેઢીમાં 3:1 પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે. બંને પેઢીઓના પાકાં સરવૈયાં નીચે પ્રમાણે છે :

| મૂડી-દેવાં | આશા-મીના | ક્રિષ્ણા-શીલા | મિલકત-લેણાં | આશા-મીના | ક્રિષ્ણા-શીલા |
|---|---|---|---|---|---|
| <u>મૂડી :</u> | | | | | |
| આશા | 45,000 | | ફર્નિચર | 21,000 | 24,000 |
| મીના | 36,000 | | સ્ટૉક | 30,000 | 39,000 |
| ક્રિષ્ણા | | 60,000 | દેવાદારો | 36,000 | 45,000 |
| શીલા | | 30,000 | લેણીહૂંડી | 12,000 | 18,000 |
| સા. અનામત | 18,000 | 30,000 | રોકડ | 39,000 | 42,000 |
| કારીગર અકસ્માત વળતર ભંડોળ | 9,000 | 6,000 | | | |
| લેણદારો | 30,000 | 42,000 | | | |
| | 1,38,000 | 1,68,000 | | 1,38,000 | 1,68,000 |

બંને પેઢીઓનું સંયોજન કરી અમદાવાદ લિ. સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું. સંયોજનની શરતો નીચે મુજબ હતી :

1) બંને પેઢીના ફર્નિચરની કિંમતમાં 10% ઘટાડો કરવો.
2) બંને પેઢીનાં સ્ટૉકની કિંમતમાં 20% વધારો કરવો.
3) દેવાદારો પર 10% ઘાલખાધ અનામત ગણવી.
4) આશા-મીનાની પાઘડીની કિંમત ₹18,000 અને ક્રિષ્ણા–શીલાની પેઢીની પાઘડીની કિંમત ₹48,000 ગણવાની છે.
5) આશા–મીનાની પેઢીની લેણીહૂંડી આશા 10% ઓછી કિંમતે ખરીદે છે. ક્રિષ્ણા–શીલાની પેઢીની લેણીહૂંડીનવી કંપનીમાં 25% ઓછી કિંમતે દર્શાવવાની છે. બંને જૂની પેઢીના ચોપડામાં નફા-નુકસાન હવાલા ખાતું અને ભાગીદારોની મૂડી ખાતા બનાવો. નવી કંપનીનું પાકું સરવૈયું બનાવ્યું.
6) અમદાવાદ લિમિટેડે બંને પેઢીની ખરીદ કિંમત પેટે 60% રકમ પૂરેપૂરા ભરપાઈ થયેલા ઇકિ. શેર દરેક ₹10નો તેવા અને બાકી રકમ પેટે ₹100નો, 15%ના ડિબેન્ચરમાં ચૂકવ્યાં.

7. તેજસ અને સેજલ એક પેઢીમાં ભાગીદારો છે. તેઓએ તેમની પેઢીનું લોપામુદ્રા લિમિટેડ સાથે સંયોજન કરવાનું તા.1-1-1996ના રોજ નક્કી કર્યું. તેજલ અને સેજલ 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા હતા. તેઓની તે વખતની સ્થિતિ નીચે મુજબ હતી

| | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| <u>મૂડી ખાતા :</u> | | મકાન | 25,000 |
| તેજલ | 25,000 | ફર્નિચર | 8,750 |
| સેજલ | 18,750 | સ્ટૉક | 10,625 |
| લેણદારો | 12,500 | દેવાદારો 18,750 | |
| નફોનુકસાન ખાતું | 6,250 | ઘ. અનામત <u>625</u> | 18,125 |
| | 62,500 | | 62,500 |

- સંયોજન અંગેની શરતો નીચે મુજબ નક્કી થઈ.

1) પાઘડી ₹9,375 નક્કી થઈ.
2) મકાન ₹30,625 અને સ્ટૉક ₹9,375 ની કિંમતે આંકવામાં આવ્યાં.
3) નવી પેઢી ફર્નિચર લેતી નથી.
4) દેવાદારો પર ઘાલખાધ અનામત 20 % સુધી વધારવી.
5) લોપામુદ્રા લિમિટેડે ખરીદ કિંમત પેટે 3000 ઇક્વિટી શેર દરેક ₹10નો તેવા અને બાકીની રકમ રોકડમાં ચૂકવી.

તેજલ અને સેજલની પેઢીના ચોપડે સંયોજન માટેની આમનોંધ લખો તથા સંયોજન પછીનું નવી કંપનીનું પાકું સરવૈયું બનાવો.

# એકમ 3 ધંધાની ખરીદીના હિસાબો

---

- ❖ રૂપરેખા
  - ➢ પ્રસ્તાવના
  - ➢ વિશિષ્ટ શબ્દો
  - ➢ ખરીદકિંમતની પદ્ધતિ
    - ચોખ્ખી મિલકતની પદ્ધતિ
    - અવેજની પદ્ધતિ
  - ➢ જરૂરી આમનોંધ
  - ➢ સ્વાધ્યાય

---

**1. પ્રાસ્તાવિક :**

ધંધાનો વિકાસ અને વિસ્તરણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ કરવા માટે તેમજ ધંધાકીય હરીફાઈમાં ટકી રહેવા કે હરીફાઈનું પ્રમાણ ઓછું કરવા માટે ભાગીદારી પેઢી કે કંપની પોતાના હરીફનો ચાલુ ધંધો ખરીદી લે છે. ખાસ ભાગીદારી પેઢી પોતાની મર્યાદા; જેવી કે, અમર્યાદિત જવાબદારી, મૂડીની મર્યાદા, સંચાલનમાં મર્યાદા જેવી મર્યાદાઓ દૂર કરી ખાનગી કંપનીમાં કે જાહેર કંપનીમાં રૂપાંતર કરે છે. તો ક્યારેક બે કંપનીઓ હરીફાઈ દૂર કરવા એક કંપની બીજી કંપનીનો ધંધો ખરીદી લેતી જોવા મળે છે, એટલે કે સંયોજન કે સમાવેશ કરતી જોવા મળે છે. ઉપરના બધા જ સંજોગોમાં ધંધાની ખરીદીના પ્રશ્નો ઊભા થાય છે અને હિસાબો કેવી રીતે તૈયાર કરવા તે પ્રશ્ન અગત્યનો બને છે. આ પ્રકરણમાં ફક્ત ધંધો ખરીદનાર પેઢી કે કંપનીના ચોપડે થતી ગણતરી અને હિસાબી નોંધોનો અભ્યાસ આપણે કરીશું.

❖ નીચેના સંજોગોમાં ધંધાની ખરીદીના હિસાબોનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

1) નવી સ્થપાતી કંપની પોતાનો ધંધો નવો શરૂ કરવાને બદલે કોઈ ચાલુ પેઢીનો કે કંપનીનો ધંધો ખરીદી લે.
2) ભાગીદારો તેમની પેઢીનું કંપનીમાં રૂપાંતર કરે.
3) ખાનગી કંપનીનું જાહેર કંપનીમાં રૂપાંતર થાય.
4) હરીફાઈ ટાળવા એક કંપનીનો કે પેઢીનો ધંધો બીજી કંપની કે પેઢી ખરીદી લે અથવા બે કંપની કે પેઢીનું સંયોજન કરવામાં આવે.

## 2. વિશિષ્ટ શબ્દો :

ધંધાની ખરીદીના હિસાબો તૈયાર કરતી વખતે કેટલાંક વિશિષ્ટ શબ્દો ઉપયોગમાં લેવામાં આવે છે, જેની સમજૂતી નીચે પ્રમાણે છે :

1) **ખરીદકિંમત** : ધંધાનો ખરીદનાર ધંધો વેચનારને ધંધાની તમામ મિલકતો અને જવાબદારીની ખરીદીનાં બદલામાં જે અવેજ કે વિનિમય ચૂકવે છે, તેને ધંધાની ખરીદકિંમત કહે છે.
   ધંધાની જે ખરીદકિંમત નક્કી કરવામાં આવે છે. તે બે જુદા જુદા અભિગમ પ્રમાણે થાય છે. (1) ચોખ્ખી મિલકતના આધારે (2) અવેજ પદ્ધતિ પ્રમાણે.
2) **મિલકતોનું પુનઃમૂલ્યાંકન** : વેચનાર પેઢી કે કંપનીના ચોપડે દર્શાવેલ મિલકતો મૂળકિંમત બાદ ઘસારા કિંમતે દર્શાવેલ હોય છે. જેની વાસ્તવિક કે બજાર કિંમત અલગ હોય છે. બન્ને પક્ષકારો સાથે મળી બધી જ મિલકતોની જે નવી કિંમત નક્કી કરે છે. જેને મિલકતોનું પુનઃમૂલ્યાંકન કહે છે. પુનઃમૂલ્યાંકન કિંમતે જ ખરીદનાર કંપની કે પેઢી મિલકતો લે છે.
3) **જવાબદારીઓની ચકાસણી** : મિલકતોની સાથે વેચનાર કંપની કે પેઢીની જવાબદારીઓની ચકાસણી કરીને ખરીદનાર કંપની જવાબદારી પણ સ્વીકારતી હોય છે.
4) **અવેજની ચૂકવણી** : ખરીદનાર કંપની વેચનાર કંપનીને ખરીદકિંમત પેટે જે ચૂકવણી કરે તેને અવેજ કહે છે. આ ચૂકવણી રોકડ સ્વરૂપે, શેર, ડિબેંચર કે અન્ય રીતે પણ કરી શકાય.

## 3. ખરીદકિંમતની ગણતરી : (Purchase Consideration)

ધંધાની ખરીદકિંમત દાખલામાં બે રીતે આપવામાં આવે છે :

(i) **અવેજ પદ્ધતિ** : આ પદ્ધતિમાં ખરીદનાર કંપની વેચનાર કંપનીને જે અવેજ આપે છે તેની ગણતરી કરી ખરીદકિંમત નક્કી કરવામાં આવે છે.

દા.ત. A કંપની B કંપનીને ખરીદકિંમત પેટે રોકડ ₹10,00,000, શેર ₹5,00,000 અને ડિબેંચર ₹3,00,000ના આપવાનું નક્કી કરે તો ખરીદકિંમતની ગણતરી નીચે પ્રમાણે થશે :

| વિગત | ₹ |
|---|---|
| શેર દ્વારા ચૂકવણી | 5,00,000 |
| ડિબેન્ચર દ્વારા | 3,00,000 |
| રોકડ/બેંક | 10,00,000 |
| **કુલ ચૂકવણી ધંધાની ખરીદકિંમત** | **18,00,000** |

(ii) **ચોખ્ખી મિલકત પદ્ધતિ** :

આ પદ્ધતિમાં ખરીદકિંમત આપવામાં આવતી નથી; પરંતુ, કઈ કઈ મિલકતો અને દેવાં કેટલી કિંમતે લેવામાં આવે છે તે જણાવવામાં આવે છે તથા પાઘડીની કિંમત પણ જણાવવામાં આવે છે.

આ સંજોગોમાં,

| | | |
|---|---|---|
| ઉદા. નક્કી કરેલ કિંમતે લીધેલ મિલકતો | = | 25,00,000 |
| - નક્કી કરેલ કિંમતે લીધેલા દેવાં | = | 10,00,000 |
| + પાઘડી | = | 3,00,000 |
| ધંધાની ખરીદકિંમત | = | 18,00,000 |

❖ **ચોખ્ખી મિલકતોની ગણતરી કરતાં ધ્યાનમાં રાખવાની વિગતો** :

(1) અવાસ્તવિક મિલકતો જેવી કે જાહેરાત ઉપલક ખાતું કે નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી ગણતરીમાં લેવાશે નહીં.

(2) જ્યારે કોઈ મિલકત લેવાની નથી તેવી સ્પષ્ટ માહિતી આપવામાં આવી હોય ત્યારે તે મિલકત લેવાશે નહીં.

(3) અદૃશ્ય મિલકતો જેવી કે પેટન્ટ ટ્રેડમાર્ક વગેરે બજાર કિંમતે લેવાશે. જો બજાર કિંમત ન આપી હોય તો ચોપડે કિંમતે લેવાશે.

(4) ખાસ અનામતો અને જોગવાઈઓ જે તે મિલકત સાથે જ ખરીદાશે. દા.ત. દેવાદારો અને ઘાલખાધ અનામત, યંત્રો અને યંત્ર ઘસારા ફંડ.

(5) પ્રોવિડન્ટ ફંડ, સ્ટાફ સ્ટાફ પેન્શન ફંડ, કામદાર નફાભાગ ફંડ વગેરે દેવા ગણાશે, જે અંગે માહિતી આપી હોય તે પ્રમાણે ધ્યાનમાં લેવા.

(6) કોઈ દેવા માટે ખરીદનાર કંપની અલગ ચૂકવણી કરતી હોય ત્યારે તે દેવું મિલકતોમાંથી બાદ થશે નહીં.

(7) કામદાર અકસ્માત વળતર ફંડ જવાબદારી નથી; પરંતુ, જો દાવાની રકમ આપી હોય તો તે ફંડમાંથી બાદ કરવામાં આવશે.

4. **પાઘડી** :

જો ધંધાની ખરીદીમાં પાઘડીની કિંમત આપવામાં આવેલ ન હોય તો કુલ ખરીદકિંમતમાંથી કુલ ચોખ્ખી મિલકતોની કિંમત બાદ કરી પાઘડીની કિંમત શોધવી.

- પાઘડી = ધંધાની ખરીદકિંમત – ચોખ્ખી મિલકતો
- ચો. મિલકતો = કુલ મિલકતો – કુલ દેવ

5. **મૂડી અનામત** :

જો ચોખ્ખી મિલકત કરતાં ઓછી કિંમતે ધંધો ખરીદવામાં આવે તો ખરીદનાર કંપનીને ધંધો ખરીદવાથી જે નફો થાય તે મૂડી નફો 'મૂડી અનામત' લઈ જવામાં આવે છે. મૂડી અનામતનો ઉપયોગ ખરીદનાર કંપની પોતાના મૂડી ખર્ચાઓ જેવા કે ડિબેન્ચર કે શેર પર વટાવ, અવાસ્તવિક મિલકતો માંડી વાળવામાં કરે છે.

ઉદા. ધંધાની ખરીદકિંમત ₹5,00,000 અને ચોખ્ખી મિલકતો ₹5,80,000 હોય તો.

મૂડી અનામત = ચોખ્ખી મિલકતો – ખરીદકિંમત

= ₹5,80,000 – ₹5,00,000

= ₹80,000 મૂડી અનામત

મૂડી અનામતની બાકી પાકા સરવૈયાંમાં દેવા બાજુએ 'અનામત અને વધારા'ના શીર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે.

**6. ખરીદનાર કંપનીના ચોપડે નોંધો :**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1. | ધંધાની ખરીદખાતે ........ ઉ | | XXXX | |
| | તે વેચનાર પેઢી ખાતે | | | XXXX |
| | (બા.જે. ધંધાની ખરીદી અંગેની ખરીદકિંમતની નોંધ) | | | |
| 2. | ખરીદેલી મિલકતો અને દેવાં ચોપડે લાવવા અંગે. | | | |
| | લીધેલ મિલકતો ખાતે ..... ઉ | | XXXX | |
| | તે લીધેલ જવાબદારી ખાતે | | | |
| | તે ધંધાની ખરીદખાતે | | | XXXX |
| | (બા. જે. ખરીદકિંમતમાં ખરીદેલ મિલકતો અને જવાબદારીઓની નોંધ) | | | |
| 3. | ખરીદકિંમત ચૂકવવામાં આવે ત્યારે | | | |
| | ધંધો વેચનાર પેઢી ખાતે (ખરીદકિંમતની રકમથી) ...... ઉ | | XXXX | |
| | તે શેર મૂડી ખાતે (જો શેર આપ્યા હોય તો) | | | |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે (શેર પ્રીમિયમથી હોય તો) | | | XXXX |
| | તે ડિબેન્ચર ખાતે (જો ડિબેન્ચર આપ્યા હોય તો) | | | XXXX |
| | તે ડિબેન્ચર પ્રીમિયમ ખાતે (જો ડિબેન્ચર પ્રીમિયમથી હોય તો) | | | XXXX |
| | તે રોકડ/બૅંક ખાતે (જો રોકડ આપવામાં આવી હોય તો) | | | XXXX |

નોંધ : (1) શેર વટાવથી આપવામાં આવ્યા હોય તો શેર વટાવથી રકમ વટાવ ખાતે ઉધારાશે અને શેરની દાર્શનિક શેર મૂડીખાતે જમા થશે.

(2) આમનોંધ નં. 2માં જો ખરીદકિંમત અને ચોખ્ખી મિલકતો વચ્ચે તફાવત હોય તો તે રકમ પાઘડી (જો ખરીદકિંમત વધુ હોય તો) ખાતે લઈ જવાશે.

7. ઉદાહરણો :

❖ **ચોખ્ખી મિલકતોના આધારે ખરીદકિંમતની ગણતરી :**

**ઉદાહરણ 1** દેવ લિમિટેડે કરન લિમિટેડની મિલકતો ₹15,00,000 અને જવાબદારીઓ ₹5,00,000ની કિંમતે સ્વીકાર્યા. આ ઉપરાંત પાઘડીનું મૂલ્ય ₹2,00,000 નક્કી થયેલ છે. ખરીદકિંમતના અવેજમાં ₹5,00,000ના ઇક્વિટી શેર, ₹4,00,000ના ડિબેન્ચર અને

બાકી રકમ રોકડમાં ચૂકવી. જરૂરી ગણતરી કરી દેવ લિમિટેડના ચોપડામાં આમનોંધો આપો.

જવાબ :

(1) ગણતરી : **ખરીદકિંમત** ₹

| | | |
|---|---|---|
| | કાયમી મિલકતો | 15,00,000 |
| - | જવાબદારી | 5,00,000 |
| | ચો. મિલકતો | 10,00,000 |
| + | પાઘડી | 2,00,000 |
| | ધંધાની ખરીદકિંમત | 12,00,000 |

(2) અવેજની ચૂકવણી :

| | |
|---|---|
| ઇક્વિટી શેરમૂડી | ₹5,00,000 |
| ડિબેન્ચર | ₹4,00,000 |
| રોકડ (બેંક) | ₹3,00,000 |
| | ₹12,00,000 |

**દેવ કંપનીના ચોપડામાં આમનોંધો :**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1. | ધંધાની ખરીદ ખાતે ઉ | | 12,00,000 | |
| | તે કરન લિમિટેડ ખાતે | | | 12,00,000 |
| | (બા.જે. ધંધાની ખરીદ કરવામાં આવી ) | | | |
| 2. | પાઘડી ખાતે ઉ | | 2,00,000 | |
| | મિલકતો ખાતે ઉ | | 15,00,000 | |
| | તે જવાબદારી ખાતે | | | 5,00,000 |
| | તે ધંધાની ખરીદ ખાતે | | | 12,00,000 |
| | (બા.જે. મિલકતો અને જવાબદારીઓ ચોપડે સમાવી) | | | |
| 3. | કરન લિમિટેડ ખાતે ઉ | | 12,00,00 | |
| | તે ઇક. શેરમૂડી ખાતે.... | | | 5,00,000 |
| | તે ડિબેન્ચર ખાતે | | | 4,00,000 |
| | તે રોકડ ખાતે (બેંક) | | | 3,00,000 |
| | (બા.જે. કરન લિમિટેડને ખરીદકિંમત ચૂકવી) | | | |
| | કુલ | | **41,00,000** | **41,00,000** |

**ઉદાહરણ 2 (ધંધાની ખરીદકિંમતની ગણતરી અવેજ પદ્ધતિથી)**

તા. 1-7-2017ના રોજ માર્મિક લિ. ₹10,00,000ની સત્તાવાર થાપણ કે જે ₹10નો એક એવા 40,000 10%ના પ્રેફ. શેર અને ₹10નો એક એવા 60,000 ઇકિવટી શેરથી બનેલી છે, જે

પ્રાર્થના લિ.નો ચાલુ ધંધો ખરીદવા માટે સ્થાપવામાં આવી છે. પ્રાર્થના લિ.નું પાકું સરવૈયું નીચે મુજબ છે.

**પાકું સરવૈયું**

| દેવા | ₹ | મિલકતો | | ₹ |
|---|---|---|---|---|
| શેર મૂડી | 5,00,000 | જમીન-મકાન | | 1,00,000 |
| અનામત ભંડોળ | 60,000 | પ્લાન્ટ અને યંત્રો | | 1,40,000 |
| લેણદારો | 40,000 | ફર્નિચર | | 20,000 |
| | | પેટન્ટસ | | 60,000 |
| | | સ્ટૉક | | 1,60,000 |
| | | દેવાદારો | 1,00,000 | |
| | | -ઘા.અનામત | 2,000 | 98,000 |
| | | બૅંક સિલક | | 22,000 |
| | **6,00,000** | | | **6,00,000** |

પ્રાર્થના લિ.ને ધંધાની મિલકતો અને દેવાના અવેજ પેટે ₹10નો એક એવા 40,000 ઇક્વિટી શેર અને ₹10નો એક એવા 24,000 પ્રેફ. શેર પૂરેપૂરા ભરપાઈ થયેલ આપવામાં આવ્યાં. જ્યારે બાકીના બધા જ શેર જાહેર જનતા બહાર પાડવામાં આવ્યા. બધા જ શેર ભરપાઈ થઈ ગયા.

ઉપરની વિગતો પરથી માર્મિક લિ.ના ચોપડામાં જરૂરી આમનોંધો આપી શરૂનું પાકું સરવૈયું તૈયાર કરો.

જવાબ : આ દાખલામાં ખરીદકિંમત અવેજ પદ્ધતિથી ગણાશે.

**ગણતરી :**

(1) ધંધાની ખરીદકિંમત :

(અવેજ) ₹10નો એક એવા 40,000 ઇકિ. શેર = ₹4,00,000

\+ ₹10નો એક એવા 24,000 પ્રેફ. શેર = ₹2,40,000

ખરીદકિંમત = ₹6,40,000

(2) ચોખ્ખી મિલકતો :

કુલ પરચૂરણ મિલકતો = ₹6,00,000

બાદ- પરચૂરણ દેવા = ₹40,000

ચોખ્ખી મિલકતો = ₹5,60,000

(3) ખરીદકિંમત ચોખ્ખી મિલકતો કરતાં વધુ હોવાથી

પાઘડી = ખ.કિ. – ચો. મિલકતો

= ₹6,40,000 - ₹5,60,000

= ₹80,000 પાઘડી

## માર્મિક લિ.ના ચોપડામાં આમનોંધો

| તારીખ 2017 | વિગતો | ખા. પા. | ઉધાર(₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 જુલાઈ | જમીન અને મકાન ખાતે ઉ... | | 1,00,000 | |
| | પ્લાન્ટ અને યંત્રો ખાતે ઉ... | | 1,40,000 | |
| | ફર્નિચર ખાતે ઉ... | | 20,000 | |
| | પેટન્ટ્સ ખાતે ઉ... | | 60,000 | |
| | સ્ટૉક ખાતે ઉ.... | | 1,60,000 | |
| | દેવાદારો ખાતે ઉ.... | | 1,00,000 | |
| | બૅંક ખાતે ઉ.... | | 22,000 | |
| | પાઘડી ખાતે (તફાવતની રકમ) ઉ... | | 80,000 | |
| | તે લેણદારો ખાતે | | | 40,000 |
| | તે ઘા.અનામત ખાતે | | | 2,000 |
| | તે પ્રાર્થના લિ. ખાતે | | | 6,40,000 |
| | (બા.જે. પ્રાર્થના લિ.ની મિલકતો અને દેવાઓ ખરીદ્યા) | | | |
| 1 જુલાઈ | પ્રાર્થના લિ. ખાતે ઉ... | | 6,40,000 | |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | 4,00,000 |
| | તે પ્રેફરન્સ શેરમૂડી ખાતે | | | 2,40,000 |
| | (બા.જે. ધંધાની ખરીદકિંમત પેટે 40,000 ઇકિ. શેર અને 24,000 પ્રેફરન્સ શેર આપ્યા) | | | |
| 1 જુલાઈ | બૅંક ખાતે ઉ... | | 3,60,000 | |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | 2,00,000 |
| | તે પ્રેફરન્સ શેરમૂડી ખાતે | | | 1,60,000 |
| | (બા.જે. 20,000 ઇકિ. શેર અને 16,000 પ્રેફરન્સ શેર પર રકમ મળી) | | | |
| | કુલ | | 16,82,000 | 16,82,000 |

## માર્મિક લિ.નું તા. 1-7-17ના રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | ₹ | મિલકતો | | ₹ |
|---|---|---|---|---|
| <u>શેરમૂડી</u> : | | <u>કાયમી મિલકતો</u> : | | |
| સત્તાવાર અને બહાર પાડેલ તેમજ વસુલ આવેલ : | | પાઘડી | | 80,000 |
| | | જમીન-મકાન | | 1,00,000 |
| 10નો એક એવા 60,000 ઇક્વિટી શેર | 6,00,000 | પ્લાન્ટ-યંત્રો | | 1,40,000 |
| 10નો એક એવા 40,000 પ્રેફરન્સ શેર | 4,00,000 | ફર્નિચર | | 20,000 |
| લેણદારો | | પેટન્ટ્સ | | 60,000 |
| | 40,000 | <u>ચાલુ મિલકતો</u> | | |
| | | સ્ટૉક | | 1,60,000 |
| | | દેવાદારો | 1,00,000 | |
| | | -ઘા.અ. | <u>2,000</u> | 98,000 |
| | | બૅંક સિલક(3,60,000 + 22,000) | | 3,82,000 |
| | **10,40,000** | | | **10,40,000** |

**ઉદાહરણ 3** A અને B નું તા.31-3-2017 ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

**પાકું સરવૈયું**

| દેવા | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| <u>મૂડી</u>: | | પાઘડી | 16,000 |
| Aની મૂડી 1,20,000 | | મકાન | 1,80,000 |
| Bની મૂડી <u>80,000</u> | | યંત્રો | 50,000 |
| સામાન્ય અનામત | 2,00,000 | સ્ટૉક | 70,000 |
| Aની લોન | 44,000 | દેવાદારો 70,000 | |
| બૅંક લોન | 24,000 | -ઘા. અનામત <u>6,000</u> | |
| લેણદારો | 1,00,000 | લેણીહૂંડીઓ | 64,000 |
| કારીગર બચત ખાતાં | 70,000 | રોકાણ | 34,000 |
| પ્રોવિડન્ટ ફંડ | 12,000 | બૅંક અને રોકડ | 28,000 |
| કારીગર અકસ્માત વળતર ફંડ | 28,000 | | 48,000 |
| | 12,000 | | |
| | **4,90,000** | | **4,90,000** |

ધંધો ખરીદવા માટે C લિ.ની સ્થાપના કરવામાં આવી. જેની સત્તાવાર થાપણ 60,000 ઇક્વિટી શેર દરેક ₹10નો એક દેવામાં વહેંચાયેલી હતી. ધંધાની ખરીદીની શરતો નીચે મુજબ છે :

1. પેઢીની પાઘડીની કિંમત ₹21000 આંકવામાં આવી.
2. Aની લોન સિવાયની બધી જ જવાબદારી કંપનીએ સ્વીકારી.
3. કંપનીએ ₹16000ની રોકડ સિવાયની પેઢીની તમામ મિલકતો લીધી.
4. મિલકતોની કિંમત નીચે મુજબ આંકવામાં આવી.
    1. કાયમી મિલકતો ચોપડે દર્શાવેલ કિંમત કરતાં 20% વધુ કિંમતે લેવાની છે.
    2. સ્ટૉક ચોપડે દર્શાવેલ કિંમત કરતાં 20% ઓછી કિંમતે લેવાનો છે.
    3. દેવાદારો ઘાલખાધ અનામતની 10% પ્રમાણેની જોગવાઈઓ સાથે લેવાના છે.
    4. પેઢીનો વિસર્જન ખર્ચ ₹2000 કંપનીએ ભોગવવાનો છે.
    5. ધંધાની ખરીદકિંમત પેટે પૂરેપૂરા ભરાયેલ 20000 ઇક્વિટી શેર, 10% પ્રીમિયમ, 12%ના 800 ડિબેન્ચર, દરેક ₹100નો 10% વટાવે અને બાકીની રકમ રોકડમાં ચૂકવવાની છે.
    6. બાકીના શેરો જાહેર જનતા માટે 10%ના પ્રીમિયમે બહાર પાડ્યા અને બધા જ પૂરેપૂરા ભરાઈ ગયા.
    7. કંપનીનો પ્રાથમિક ખર્ચ ₹2400 થયો.

ઉપરનાં વ્યવહારો નોંધવા માટે C લિ.ના ચોપડામાં જરૂરી આમનોંધ આપી નવી કંપનીનું શરૂઆતનું પાકું સરવૈયું તૈયાર કરો.

જવાબ : ગણતરીઓ

(1) ખરીદકિંમત :

| | | | |
|---|---|---|---|
| (લીધેલ મિલકતો) | પાઘડી | | ₹21,000 |
| | + મકાન | 1,80,000 | |
| | + 20 % | 36,000 | ₹2,16,000 |
| | + યંત્રો | 50,000 | |
| | + 20 % | 10,000 | ₹60,000 |
| | + સ્ટૉક | 70,000 | |
| | - 20% | 14,000 | ₹56,000 |
| | + દેવાદારો | 70,000 | |
| | - ઘા.અ. | 7,000 | ₹63,000 |
| | લેણીહૂંડીઓ | | ₹34,000 |
| | રોકાણો | | ₹28,000 |
| | રોકડ (48,000-16,000) | | ₹32,000 |
| | કુલ લીધેલ મિલકતો | | ₹5,10,000 |
| | બાદ | | |
| લીધેલ દેવા | | | |
| | બૅંક લોન | ₹1,00,000 | |
| | લેણદારો | ₹70,000 | |
| | બચત ખાતાં | ₹12,000 | |
| | પ્રો. ફંડ | ₹28,000 | ₹2,10,000 |
| | ચોખ્ખી મિલકતો | | ₹3,00,000 |
| | + વિસર્જન ખર્ચ | | ₹2,000 |
| | ખરીદકિંમત | | ₹3,02,000 |

(2) ખરીદકિંમતની ચૂકવણી (અવેજ)

| | | |
|---|---|---|
| 1. ₹10નો એક એવા 20,000 ઇક્વિટી શેર | | 2,00,000 |
| 10% પ્રીમિયમ | | 20,000 |
| 2. 800 ડિબેન્ચર દરેક ₹100નો | 80,000 | |
| - 10% વટાવ | 8,000 | 72,000 |
| 3. રોકડ (તફાવતની બાકી રકમ) | | 10,000 |
| ખરીદકિંમત | | **3,02,000** |

4. પાઘડી 21000 + વિ.ખર્ચ 2000 = 23,000

5. કારીગર અકસ્માત વળતર ફંડ એ ભેગો થયેલ નફો હોવાથી C કંપનીના પાકાં સરવૈયાંમાં નોંધાશે નહીં. પ્રોવિડન્ટ ફંડ અને કારીગરોના બચત ખાતાં દેવા હોવાથી તેની નોંધ થશે.

## C કંપનીના ચોપડે આમનોંધ

| તારીખ | વિગતો | ખા.પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1. | પાઘડી ખાતે ઉ. | | 23,000 | |
| | મકાન ખાતે ઉ. | | 2,16,000 | |
| | યંત્રો ખાતે ઉ. | | 60,000 | |
| | સ્ટૉક ખાતે ઉ. | | 56,000 | |
| | દેવાદારો ખાતે ઉ. | | 70,000 | |
| | લેણીહૂંડીઓ ખાતે ઉ. | | 34,000 | |
| | રોકાણો ખાતે ઉ. | | 28,000 | |
| | રોકડ ખાતે(48000-16000) ઉ. | | 32,000 | |
| | તે બૅંક લોન ખાતે | | | |
| | તે લેણદારો ખાતે | | | 1,00,000 |
| | તે કારીગર બચત ખાતાં ખાતે | | | 70,000 |
| | તે પ્રોવિડન્ટ ફંડ ખાતે | | | 12,000 |
| | તે ઘાલખાધ અનામત ખાતે | | | 28,000 |
| | તે A અને B ખાતે | | | 7,000 |
| | (બા.જે. તા. .........કરાર મુજબ નક્કી કરેલ કિંમતે | | | 3,02,000 |
| | મિલકતો અને દેવાં C લિ.ના ચોપડે લાવ્યા) | | | |
| 2. | A અને B ખાતે ઉ. | | 3,02,000 | |
| | ડિબેન્ચર વટાવ ખાતે ઉ. | | 8,000 | |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | 2,00,000 |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | | | 20,000 |
| | તે 12%ના ડિબેન્ચર ખાતે | | | 80,000 |
| | તે રોકડ અને બૅંક ખાતે | | | 10,000 |
| | (બા.જે. A અને B ને ખરીદકિંમતના ચૂકવ્યા) | | | |
| 3. | બૅંક ખાતે ઉ. | | 4,40,000 | |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | 4,00,000 |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | | | 40,000 |
| | (બા.જે. બાકીના 40,000 ઈ.શેર 10 % પ્રીમિયમે | | | |
| | બહાર પાડ્યા જે ભરાઈ ગયા) | | | |
| 4. | પ્રાથમિક ખર્ચ ખાતે . ઉ. | | 2,400 | |
| | તે બૅંક ખાતે | | | 2,400 |
| | (બા.જે. પ્રાથમિક ખર્ચના ચૂકવ્યા) | | | |
| | કુલ | | 12,71,400 | 12,71,400 |

### તા. 1/4/2017ના રોજનું C લિ.નું પાકું સરવૈયું

| દેવા | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| <u>શેરમૂડી :</u>₹10 નો એક એવા 60,000 | | <u>કાયમી મિલકતો :</u> | |
| ઇક્વિટી શેર પૂરેપૂરા ભરપાઈ (જે | | પાઘડી | 23,000 |
| પૈકી 20,000 ધંધાની ખરીદી પેટે | | મકાન | 2,16,000 |
| આપ્યા છે.) | 6,00,000 | યંત્રો | 60,000 |
| <u>અનામત અને વધારો :</u> | | રોકાણો | 28,000 |
| જામીનગીરી પ્રીમીયમ | 60,000 | <u>ચાલુ મિલકતો :</u> | |
| ડિબેન્ચર | 80,000 | સ્ટૉક | 56,000 |
| બૅંકલોન | 1,00,000 | દેવાદારો 70,000 | |
| લેણદારો | 70,000 | -ઘા.અનામત <u>7,000</u> | 63,000 |
| કારીગર બચતખાતાં | 12,000 | રોકડ અને બૅંક 32,000 | |
| પ્રોવિડન્ટ ફંડ | 28,000 | + <u>4,40,000</u> | |
| | | 4,72,000 | |
| | | -ચૂકવ્યા 10,000 | |
| | | <u>2,400</u> <u>12,400</u> | 4,59,600 |
| | | લેણીહૂંડીઓ | 34,000 |
| | | <u>પરચૂરણ ખર્ચ :</u> | |
| | | પ્રાથમિક ખર્ચા | 2,400 |
| | | ડિબેન્ચર વટાવ | 8,000 |
| | **9,50,000** | | **9,50,000** |

### 8. ધંધો વેચનાર વતી દેવાદારો અને લેણદારો લેવાં :

કેટલીક વખત ધંધો ખરીદનાર કંપની કે પેઢી ધંધો વેચનારના દેવાદારો અને લેણદારો લેતા નથી; પરંતુ, ધંધો વેચનાર વતી એજન્ટ તરીકે લેણાની રકમ ઉઘરાવવા તથા લેણદારોને ચૂકવવાનું કબૂલ કરે છે. આ ચૂકવણી કરતાં જે નફો કે નુકસાન થાય તે ધંધો વેચનારને ભોગવવાનો રહે છે. ધંધો ખરીદનારને આ કાર્ય બદલ કમિશન આપવામાં આવે છે. આ અંગે નીચે મુજબ આમનોંધો ધંધો ખરીદનારના ચોપડામાં લખવામાં આવે છે :

1. ધંધો ખરીદતી વખતે પેઢી વતી દેવાદારો વસૂલ કરવાનું અને લેણદારોને ચૂકવવાનું સ્વીકાર્યું.

ધંધો વેચનારના દેવાદારો ખાતે (ચોપડે દર્શાવેલ કિંમતે) ઉ.

તે ધંધો વેચનારના લેણદારો ખાતે (ચોપડે દર્શાવેલ કિંમતે)............

તે ધંધો વેચનારના ઉપલક ખાતે (તફાવતની રકમ)................

નોંધ :(ધંધાની ખરીદકિંમતની ગણતરી વખતે દેવાદારો અને લેણદારોનો સમાવેશ થશે નહીં.)

2. જ્યારે દેવાદારો પાસેથી રકમ મળે ત્યારે :

બૅંક ખાતે. ઉ.

તે ધંધો વેચનારના દેવાદારો ખાતે...........

3. દેવાદારો પાસેથી રકમ મેળવતી વખતે થયેલ નુકસાન :

(ઘાલખાધ, વટાવ જે ધંધો વેચનારના ઉપલક ખાતે લઈ જવામાં આવે છે.)

ધંધો વેચનારના ઉપલક ખાતે ઉ.

તે ધંધો વેચનારના દેવાદારો ખાતે.........

4. જ્યારે લેણદારોને ચૂકવવામાં આવે ત્યારે :

ધંધો વેચનારના લેણદારો ખાતે (ચૂકવેલ રકમથી) ઉ.

તે બૅંક ખાતે........

5. લેણદારોને રકમ ચૂકવતી વખતે થયેલ નફો :

(મળેલ વટાવ)

ધંધો વેચનારના લેણદારો ખાતે ઉ.

તે ધંધો વેચનારના ઉપલક ખાતે..........

(બા.જે. લેણદારોને ચૂકવતી વખતે મળેલ વટાવ અંગે)

6. જો કંપનીને તેના કાર્ય બદલ કમિશન લેવાનું હોય તો

ધંધો વેચનારના ઉપલક ખાતે ઉ.

તે કમિશન ખાતે.......

7. દેવાદારો પાસેથી મળેલ રકમ લેણદારોને ચૂકવ્યા બાદ તથા કમિશન બાદ જો રકમ વધી હોય તો ચૂકવવામાં આવે:

ધંધો વેચનારના ઉપલક ખાતે ઉ.

તે રોકડ ખાતે........

<u>અથવા</u>

તે ડિબેન્ચર ખાતે......

<u>અથવા</u>

તે શેરમૂડી ખાતે ........

નોંધ : કંપની કે ખરીદનાર પેઢી હિસાબની પતાવટ કરી વેચનારને રકમ ચૂકવી દે તો વેચનારનું ઉપલક ખાતું બંધ થાય જશે.

**ઉદાહરણ 4** P લિ.નો ધંધો Q લિ. એ ખરીદ્યો Q લિ. એ ₹80,000ના દેવાદારો સિવાય બધી મિલકતો લઈ લીધી. વેચનારના દેવાદારો પાસેથી નાણાં ઉઘરાવવાનું અને ₹30,000ના વેચનારના લેણદારોને ચૂકવવાનું કબૂલ્યું. આ કાર્યબદલ દેવાદારો પાસેથી વસૂલ રકમ પર 3% અને લેણદારોને ચૂકવેલ પાસેથી પર 1% લેખે કમિશન ગણવાનું છે.

દેવાદારો પાસેથી ફક્ત ₹70,000 વસૂલ થયાં જ્યારે બધા જ લેણદારોને 10% રોકડવટાવે ચૂકવી દેવામાં આવ્યાં. કંપનીએ ચૂકતે હિસાબની રકમ વેચનારને ચૂકવી આપી.
ઉપરની વિગતો પરથી Q લિ.ના ચોપડે આમનોંધો આપી ખાતા તૈયાર કરો.

**જવાબ : Q લિ.ના ચોપડામાં આમનોંધો :**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર(₹) | જમા(₹) |
|---|---|---|---|---|
| 1. | ધંધો વેચનારાના દેવાદારો ખાતે ઉ... | | 80,000 | |
| | તે વેચનારના ઉપલક ખાતે | | | 80,000 |
| | (બા.જે. વેચનારના દેવાદારો પાસેથી વસૂલ કરવાનું કબૂલ્યું) | | | |
| 2. | વેચનારના ઉપલક ખાતે ઉ... | | 30,000 | |
| | તે ધંધા વેચનારના લેણદારો ખાતે | | | 30,000 |
| | (બા.જે. વેચનારના લેણદારો ચૂકવવાનું કબલ્યું) | | | |
| 3. | બેન્ક ખાતે ઉ... | | 70,000 | |
| | તે વેચનારના દેવાદારોખાતે | | | 70,000 |
| | (બા.જે. દેવાદારો પાસેથી વસૂલ કર્યા) | | | |
| 4. | વેચનારના ઉપલક ખાતે ઉ... | | 10,000 | |
| | તે વેચનારના દેવાદારો ખાતે | | | 10,000 |
| | (બા.જે. દેવાદારો વસૂલ કરતાં થયેલ નુકસાન) | | | |
| 5. | ધંધો વેચનારના લેણદારો ખાતે ઉ... | | 30,000 | |
| | તે બૅંક ખાતે | | | 27,000 |
| | તે વેચનારના ઉપલક ખાતે | | | 3,000 |
| | (બા.જે. વેચનારના લેણદારોને ચૂકવ્યાં અને મળેલ વટાવ ઉપલક ખાતે લઈ ગયા) | | | |
| 6. | વેચનારના ઉપલક ખાતે ઉ... | | 2,370 | |
| | તે કમિશન ખાતે | | | 2,370 |
| | (બા.જે. કમિશનનાં લેણાં થયાં) | | | |
| 7. | વેચનારનાં ઉપલક ખાતે ઉ... | | 40,630 | |
| | તે બૅંક ખાતે | | | 40,630 |
| | (બા.જે. ધંધો વેચનારને ચૂકતે રકમ ચૂકવી) | | | |
| | કુલ | | 2,63,000 | 2,63,000 |

❖ **કમિશનની ગણતરી :**

વસૂલ રકમ = 70,000 X 3 % = ₹2,100

ચૂકવેલ રકમ = 27,000 X 1 % = ₹270

**કુલ કમિશન** = ₹2,370

ચૂકવવાની રકમ = ₹70,000 – ₹27,000 – ₹2370

= ₹40,630

❖ Q લિ.ના ચોપડામાં જરૂરી ખાતાઓ

### ધંધો વેચનારના દેવાદારોનું ખાતું

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| વેચનારનાં ઉપલક ખાતે | 80,000 | બૅંક ખાતે | 70,000 |
| | | વેચનારના ઉપલક ખાતે | 10,000 |
| | 80,000 | | 80,000 |

### ધંધો વેચનારના લેણદારોનં ખાતું

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બૅંક ખાતે | 27,000 | વેચનારના ઉપલક ખાતે | 30,000 |
| વેચનારના ઉપલક ખાતે (વટાવ) | 3,000 | | |
| | 30,000 | | 30,000 |

### વેચનારનું ઉપલક ખાતું

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| ધંધો વેચનારના લેણદારો ખાતે | 30,000 | ધંધો વેચનારના દેવાદારો ખાતે | 80,000 |
| ધંધો વેચનારના દેવાદારો ખાતે | 10,000 | ધંધો વેચનારના લેણદારો ખાતે | 3,000 |
| કમિશન ખાતે | 2,370 | | |
| બૅંક ખાતે | 40,630 | | |
| | 83,000 | | 83,000 |

**9. જયારે જૂના ધંધાના ચોપડા ચાલુ રાખવામાં આવે ત્યારે :**

કેટલાંક સંજોગો; જેવા, કે ધંધાની ઉઘરાણી વસૂલાત તેમજ દેવાની ચૂકવણી અને પતાવટ વગેરેનું કાર્ય લાંબો સમય ચાલે છે. કેટલીકવાર કાનૂની પ્રક્રિયા લાંબો સમય ચાલે છે. ત્યારે ધંધો વેચનાર પેઢીના હિસાબી ચોપડાઓ ધંધો ખરીદનાર કંપની કે પેઢી ચાલુ રાખે છે. આ સંજોગોમાં નીચે મુજબ પગલાં લેવાં પડે છે :

(૧) ખરીદનાર કંપનીએ લઈ લીધેલ મિલકત અને દેવાનું પુનઃમૂલ્યાંકન કરવાનું હોય તો નફા-નુકસાન હવાલા ખાતું ખોલવું અને તેનો નફો કે ખોટ ભાગીદારોનાં મૂડી ખાતે કે શેરહોલ્ડરો ખાતે લઈ જવાં.

(૨) જો અમુક મિલકતો કે દેવા ખરીદનાર કંપની લઈ લેતી ન હોય તો તે ભાગીદારોનાં મૂડી ખાતે તેમની મૂડીના પ્રમાણમાં લઈ જવી; પરંતુ, જો પાકાં સરવૈયાંમાં દર્શાવેલ મિલકત જેવી કે પાઘડી કિંમત વગરની થાય તો તે ભાગીદારોનાં મૂડી ખાતે તેમના નફા-નુકસાનનાં પ્રમાણમાં માંડી વાળવી એટલે કે લખી વાળવી જોઈએ કારણકે તે એક પ્રકારની ખોટ છે.

(૩) ખરીદકિંમતમાં ચૂકવવામાં અવેજ શેરમૂડી ખાતે (જો શેર આપ્યા હોય તો) ડિબેન્ચર ખાતે (જો ડિબેન્ચર આપ્યા હોય તો) અને બેંક કે રોકડ ખાતે (જો રોકડ આપી હોય તો) જમા કરવામાં આવે છે અને ખરીદકિંમત ભાગીદારોનાં મૂડી ખાતે ઉધારવામાં આવે છે.

ઉપરના સંજોગોમાં વેચનારના ચોપડા બંધ કરવાની અને ખરીદી અંગેની ખાસ નોંધો કરવાની જરૂર રહેતી નથી.

**ઉદાહરણ 5** મેસર્સ MPનું તા.31/03/2017ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**પાકું સરવૈયું**

| દેવાં | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| <u>મૂડી</u> M 1,00,000 | | મકાન | 60,000 |
| P <u>1,00,000</u> | 2,00,000 | જમીન | 40,000 |
| બેંક ઓવરડ્રાફ્ટ | 4,000 | યંત્રો | 80,000 |
| લેણદારો | 16,000 | સ્ટૉક | 28,000 |
| લોન (ગીરો) | 90,000 | દેવાદારો | 52,000 |
| | | રોકાણો | 40,000 |
| | | બેંક સિલક | 10,000 |
| | 3,10,000 | | 3,10,000 |

M અને P સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચે છે. તા.1/4/2017ના રોજ PM લિ. ₹3,20,000ની કિંમતે ધંધો ખરીદી લે છે. ખરીદકિંમત પેટે ₹10નો એક એવો શેર આપવાના હતાં. જેના પર ₹8 ભરપાઈ થયેલ ગણવાના હતાં. કંપની રોકાણો અને ગીરો લોન લઈ લેતી નથી. વળી મિલકતોની કિંમત તે નીચે મુજબ આંકે છે :

જમીન ₹55,000, મકાન ₹80,000, યંત્રો ₹70,000 દેવાદારો પર ઘાલખાધ અનામત 5% એક કામદારે અકસ્માત અંગે ₹4000નો દાવો કરેલ જે કંપનીએ સ્વીકાર્યો છે. રોકાણોમાં ₹6,000ની કિંમત ઘટી છે. ગીરો લોનના લેણદારોએ બાકીના રોકાણો અને PM લિ.ના 7,000 શેર ચુક્તેના હિસાબે લેવાનું કબૂલ્યું છે. જેના પર ₹8 ભરપાઈ તરીકે આપવાના છે. PM કંપની MP પેઢીના હિસાબી ચોપડા ચાલુ રાખે છે. ઉપરના વ્યવહારો અંગેની PM લિ.ના ચોપડામાં આમનોંધો આપો.

<u>જવાબ</u>

## PM લિ.ના ચોપડામાં આમનોંધો

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર (₹) | જમા(₹) |
|---|---|---|---|---|
| 1/4/17 | જમીન ખાતે ઉ.<br>મકાન ખાતે ઉ.<br>તે નફા-નુકસાન હવાલા ખાતે<br>(બા.જે. જમીન મકાનની કિંમત ચોપડે લાવ્યાં) | | 15,000<br>20,000 | <br><br><br>35,000 |
| 1/4/17 | નફા-નુકસાન હવાલા ખાતે ઉ.<br>તે યંત્રો ખાતે<br>તે ઘાલખાધ અનામત ખાતે<br>તે અકસ્માતના દાવા પેટે<br>(બા.જે. યંત્રની કિંમતમાં થયેલ ઘટાડો, ઘા.અનામતમાં થયેલ વધારો તેમજ અકસ્માતના સ્વીકારેલ દાવાની નોંધ આપી) | | 16,600 | <br>10,000<br>2,600<br>4,000 |
| 1/4/17 | પાઘડી ખાતે ઉ.<br>તે Mના મૂડી ખાતે<br>તે Pના મૂડી ખાતે<br>(બા.જે. ધંધાની ખરીદીની કિંમતમાં ચૂકવેલ પાઘડીના M અને Pના મૂડી ખાતે જમા કર્યા) | | 51,600 | <br><br>25,800<br>25,800 |
| 1/4/17 | Mના મૂડી ખાતે ઉ.<br>Pના મૂડી ખાતે ઉ.<br>તે રોકાણો ખાતે<br>(બા.જે. ₹6000ના રોકાણોમાં થયેલ ઘટાડો ભાગીદારોનાં મૂડી ખાતે જમા કર્યા) | | 3,000<br>3,000 | <br><br>6,000 |
| 1/4/17 | ગીરો લોન ખાતે ઉ.<br>તે રોકાણો ખાતે<br>તે શેરમૂડી ખાતે<br>(બા.જે. ગીરો લોનની ચૂકવણી પેટે રોકાણો અને શેર આપ્યા) | | 90,000 | <br>34,000<br>56,000 |
| 1/4/17 | Mના મૂડી ખાતે ઉ.<br>Pના મૂડી ખાતે ઉ.<br>તે શેરમૂડી ખાતે<br>(બા.જે. ભાગીદારોને ખરીદકિંમતની બાકી રકમના શેર આપ્યા) | | 1,32,000<br>1,32,000 | <br><br>2,64,000 |
| | **કુલ** | | **4,63,200** | **4,63,200** |

<u>ગણતરી</u> :

1. **ચોખ્ખી મિલકતો**=કુલ મિલકતો ₹ - કુલ દેવાં ₹

| | | | |
|---|---|---|---|
| જમીન | 55,000 | ધા.અનામત | 2,600 |
| મકાન | 80,000 | અકસ્માત દાવો | 4,000 |
| યંત્રો | 70,000 | લેણદારો | 16,000 |
| સ્ટૉક | 28,000 | B.O.D | 4,000 |
| દેવાદારો | 52,000 | | |
| રોકડ | 10,000 | | |
| | 2,95,000 | | 26,600 |

= ₹2,95,000 – ₹26,600

= ₹2,68,400

**ખરીદકિંમત** = ₹3,20,000

2. **પાઘડી** = ખરીદકિંમત – ચો. મિલકતો

= ₹3,20,000 - ₹2,68,400

= ₹51,600

3. **ખરીદકિંમત પેટે આપેલ અવેજ** :

કુલ 3,20,000ના શેર આપવાના છે. જેમાંથી ગીરો લોનનાં લેણદારોને ₹56,000ના શેર (7000 શેર X ₹8 ભરપાઈ) આપવાના છે. બાકી શેર (₹3,20,000–₹56,000)= ₹2,64,000 જે ભાગીદારોને તેમની લેણી રકમ પેટે આપ્યાં.

<u>સારાંશ</u> :

જયારે એક કંપની બીજી કંપનીનો કે ભાગીદારી પેઢીનો ધંધો વિકાસના હેતુથી કે હરીફાઈમાં ટકી રહેવાના હેતુથી ખરીદી લે છે, ત્યારે ખરીદનાર કંપનીના ચોપડે ધંધાની ખરીદી અંગેના હિસાબો લખવા પડે છે.

ધંધાની ખરીદી અંગેના હિસાબો તૈયાર કરવા સૌ પ્રથમ ધંધાની ખરીદકિંમત નક્કી કરવી પડે છે.ખરીદકિંમત શોધવા માટે બે પદ્ધતિઓ છે. (1) ચોખ્ખી મિલકતની પદ્ધતિ (૨) અવેજ પદ્ધતિ

(1) **ચોખ્ખી મિલકતની પદ્ધતિ** :

ધંધો વેચનારની તમામ મિલકતો અને દેવાનું પુનઃમૂલ્યાંકન કરી મિલકતની નવી કિંમત અને દેવાંની નવા મૂલ્યાંકનને આધારે ખરીદકિંમત શોધવામાં આવે છે. જો દાખલામાં પેઢીની મિલકતો અંગે નવી કિંમત ન આપી હોય અથવા કોઈ ઉલ્લેખ ન હોય તો મિલકતો ચોપડા કિંમતે જ લીધી હશે તેમ ચોપડા કિંમત ધ્યાનમાં લેવી.

- ચોખ્ખી મિલકતો = કુલ લીધેલ મિલકતો – કુલ લીધેલ દેવાં

ચોખ્ખી મિલકતની પદ્ધતિમાં પાઘડીની રકમ દાખલામાં આપી દેવામાં આવે છે. ચોખ્ખી મિલકતોની ગણતરી વખતે અવાસ્તવિક મિલકતો જેવી કે પ્રાથમિક ખર્ચ, જાહેરાત ઝુંબેશ ખર્ચ, ડિબન્ચર વટાવ વગેરે ધ્યાનમાં લેવાતા નથી. તે જ રીતે વિવિધ અનામતો જેવાકે રિઝર્વ ફંડ, ન.નુ.ની જમા બાકી વગેરે ધ્યાનમાં લેવાતા નથી.

- અહીં ધંધાની ખરીદકિંમત = ચોખ્ખી મિલકતો + પાઘડી (જો આપેલ હોય તો)

(૨) **અવેજ પદ્ધતિ**:

જ્યારે દાખલામાં ખરીદનાર કંપની ધંધાની ખરીદકિંમત પેટે કેવી રીતે ચૂકવણી કરે છે. તેની વિગત આપી હોય તો ચૂકવેલ તમામ રકમનો સરવાળો એટલે ધંધાની ખરીદકિંમત ગણવી. એટલે કે આપેલ (ચૂકવેલ) અવેજ એટલે ધંધાની ખરીદકિંમત

- ધંધાની ખરીદકિંમત = આપેલ શેર + ડિબેન્ચર + રોકડ + બેંક

જ્યારે અવેજ પદ્ધતિથી ધંધાની ખરીદકિંમત શોધવામાં આવે ત્યારે પાઘડી કે મૂડી અનામતની રકમ શોધવી પડે છે.

જો ધંધાની ચોખ્ખી મિલકતો કરતા અવેજ વધુ હોય તો તફાવત પાઘડી ગણાશે; એટલે કે,

- પાઘડી = ખરીદકિંમત – ચોખ્ખી મિલકત

જો ધંધાની ચોખ્ખી મિલકતો કરતા અવેજ ઓછો હોય તો તફાવત મૂડી અનામત ગણાશે.

- મૂડી અનામત = ચોખ્ખી મિલકતો – ખરીદકિંમત

❖ દાખલામા ધંધાની ખરીદકિંમત કઈ પદ્ધતિથી ગણવી તે અંગેનો નિર્ણય દાખલામાં કઈ માહિતી આપેલ છે તેના આધારે નક્કી કરો. જો ધંધો ખરીદનારે લીધેલ મિલકતોની પુનઃ મૂલ્યાંકન કિંમતો અને દેવાની કિંમતો આપેલ હોય તેમજ બાકીની રકમ રોકડ કે બેંકથી ચૂકવવી એવો શબ્દપ્રયોગ હોય તો ખરીદકિંમત ચોખ્ખી મિલકત પદ્ધતિથી ગણાશે.

જ્યારે અવેજ અંગે કેટલા શેર, ડિબેન્ચર ક્યાં ભાવથી ચૂકવ્યા અને રોકડ પણ આપેલ હોય તો ખરીદકિંમતની ગણતરી અવેજ પદ્ધતિથી કરવી.

### ૩. **ધંધો વેચનારના એજન્ટ તરીકે** :

કેટલીકવાર ધંધો ખરીદનાર વેચનારના દેવાદારો અને લેણદારોનો સ્વીકાર ખરીદકિંમતમાં કરતાં નથી હોતા; પરંતુ, દેવાદારો પાસેથી ઉઘરાણી કરવા અને તેમાંથી તેના લેણદારો ચૂકવવાની પોતે જવાબદારી સ્વીકારે છે. તેના બદલામાં ધંધો વેચનાર ઉઘરાણી કરેલ રકમ પર તેમજ ચૂકવેલ રકમ પર અમુક ટકા કમિશન ધંધો ખરીદનારને આપે છે. અમુક સંજોગોમાં વેચનારનું ઉપલક ખાતું ખોલવામાં આવે છે. દેવાદારોની વસૂલાત તેમજ લેણદારોને ચૂકવણી દરમ્યાન થતું નુકસાન જેવું કે; આપેલ વટાવ, ઘાલખાધનું નુકસાન ધંધો વેચનાર ભોગવે છે. તે જ રીતે લેણદારો પાસેથી રકમ વસૂલ કરી, લેણદારોને ચૂકવણી કરી પોતાનું કમિશન બાદ કરી હિસાબ ચૂકતે કરે ત્યારે વેચનારનું ઉપલક ખાતું બંધ થઈ જાય છે.

ક્યારેક જો કેટલાંક દેવાદારો પાસેથી ઉઘરાણી કરવાની બાકી હોય તો આ ખાતું બાકી દર્શાવે છે, જે કંપની પોતાના પાકાં સરવૈયાંમાં તેની વિગત દર્શાવે છે.

**4. ખરીદનાર કંપની વેચનાર પેઢીના જૂના ધંધાના ચોપડા ચાલુ રાખે**

ત્યારે વેચનારના ચોપડાબંધ કરવા અંગે તથા ધંધાની ખરીદી અંગેની ખાસ નોંધો પસાર કરવામાં આવતી નથી. તેના બદલે નીચે મુજબના ફેરફાર કરવામાં આવે છે :

1) જો મિલકત અને દેવાંની કિંમતમાં પુનઃમૂલ્યાંકનથી જે ફેરફાર થાય તેની અસર આપવા નફા-નુકસાન હવાલા ખાતું ખોલવામાં આવે છે.
2) નફા-નુકસાન હવાલા ખાતાનો નફો/ખોટ વેચનાર પેઢીના ભાગીદારોના મૂડી ખાતે અને જો વેચનાર, કંપની હોય તો શેરહોલ્ડરોના ખાતે લઈ જવામાં આવે છે.
3) જો કોઈ મિલકત કે દેવા કંપની લઈ લેતી ન હોય તો તે વેચનાર પેઢીના ભાગીદારોના મૂડી ખાતે તેમના નફા-નુકસાનના પ્રમાણમાં લઈ જવામાં આવે છે.
4) કોઈ અવાસ્તવિક મિલકત હોય કે મિલકત કિંમત વગરની સાબિત થાય તો તે ખોટ ભાગીદારોના મૂડી ખાતે ઉધારવવામાં આવે છે.
5) ખરીદકિંમત ચૂકવવામાં આવે તો ભાગીદારોના મૂડીખાતે ઉધારવી અને શેરમૂડી ખાતે/ડિબેન્ચર ખાતે/રોકડ/બૅંક ખાતે જમા કરવી.
6) પાઘડી ચૂકવી હોય તો તે ભાગીદારોના મૂડી ખાતે તેમના નફા-નુકસાનના પ્રમાણમાં જમા કરવી.

## મહત્વના મુદ્દા

(1) દાખલા ગણતા પહેલા ખરીદકિંમતની ગણતરી કરવી તે માટે પદ્ધતિ નક્કી કરવી.
- અવેજની ચૂકવણીની સંપૂર્ણ વિગતો હોય તો અવેજ પદ્ધતિથી ખરીદકિંમત નક્કી કરો.
- મિલકતોની પુનઃ મૂલ્યાંકન કિંમત આપી હોય અને બાકીની રકમ રોકડ/બૅંક/શેરથી ચૂકવવી તેમ જણાવેલ હોય તો ચો. મિલકત પદ્ધતિથી નક્કી કરો.

(2) અવેજ પદ્ધતિમાં ચૂકવેલી પૂરી અવેજની રકમ = ખરીદકિંમત થશે.

(3) અવેજ પદ્ધતિમાં પાઘડી કે મૂડી અનામતની ગણતરી કરવી પડે.
- પાઘડી = ખરીદકિંમત – ચોખ્ખી મિલકતો
- મૂડી અનામત = ચોખ્ખી મિલકતો – ખરીદકિંમત

# સ્વાધ્યાય

### (અ) સૈદ્ધાંતિક પ્રશ્નો –

1. કંપની કે પેઢી જ્યારે ચાલુ ધંધો ખરીદે ત્યારે તે પોતાના ચોપડામાં કઈ કઈ નોંધો કરે છે ?
2. ધંધાની ખરીદી વખતે ચૂકવેલ પાઘડી અને મૂડી અનામતની કઈ રીતે ગણતરી કરશો, ઉદાહરણ સાથે સમજાવો.
3. પેઢીનો ચાલુ ધંધો ખરીદ્યા પછી તેના હિસાબી ચોપડા ચાલુ રાખવા કઈ કઈ આમનોંધો આપશો ?
4. ટૂંકનોંધ લખો : ધંધો વેચનારનું ઉપલક ખાતું.

5. નીચે દર્શાવેલ પ્રશ્નોના અંતે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1) ખરીદનાર કંપની ખરીદકિંમત ચૂકવે ત્યારે..................ખાતે ઉધારશે.

(A) વેચનાર પેઢી ખાતે (B) મિલકતો ખાતે

(C) ધંધાની ખરીદ ખાતે (D) એકપણ નહીં

(2) ધંધો ખરીદનાર કંપની તરફથી જે શેર મળે તે શેરની ખરીદકિંમતની ગણતરી વખતે .................. કિંમત ધ્યાનમાં લેવાય.

(A) દાર્શનિક (B) પડતર

(C) બજારકિંમત (D) સરેરાશ

(3) જો ચોખ્ખી મિલકત, ખરીદકિંમત કરતાં વધારે હોય તો તફાવતની રકમ.................ગણાશે.

(A) પાઘડી (B) સામાન્ય અનામત

(C) મૂડી અનામત (D) મૂડી

(4) જો ખરીદકિંમત ચોખ્ખી મિલકત કરતાં વધારે હોય તો તફાવતની રકમ.................. ગણાશે.

(A) પાઘડી (B) સામાન્ય અનામત

(C) મૂડી અનામત (D) મૂડી

(5) ખરીદકિંમત અંગે ચૂકવેલ અવેજની પૂરી રકમ આપી ન હોય તો ખરીદકિંમત........................ પદ્ધતિથી શોધાશે.

(A) અવેજ (B) ચોખ્ખી મિલકત

(C) કુલ મિલકત D) દેવાં

(6) જો લેણદારોને ઓછી રકમ ચૂકવવામાં આવે તો ધંધો વેચનારના લેણદારોનું ખાતું ઉધારી .................... ખાતે જમા થશે.

(A) ધંધો વેચનારનું ઉપલક ખાતું (B) રોકડ ખાતું

(C) બૅંક ખાતું (D) ધંધો વેચનારનું ખાતું

(7) કેટલીક મિલકતો કે દેવાં ખરીદનાર કંપની ન લેતી હોય તો તે ભાગીદારોનાં મૂડી ખાતે ................ ના પ્રમાણમાં લઈ જવી.

(A) નફા-નુકસાનના (B) મૂડીના પ્રમાણમાં

(C) સરખા ભાગે (D) જવાબદારી

(8) ધંધો ખરીદતાં પાઘડી ચૂકવી હોય તો તે ભાગીદારોનાં મૂડી ખાતે .................. ના પ્રમાણમાં જમા કરવી.

(A) નફા-નુકસાન (B) સરખે ભાગ

(C) મૂડીના (D) એકપણ નહીં

(9) જૂની ઘાલખાધ વસૂલ થાય ત્યારે તે ................ ખાતે જમા થશે.

(A) ઘાલખાધ (B) ધંધો વેચનારના દેવાદારો

(B) ધંધો વેચનારના લેણદારો (D) ધંધો વેચનારના ઉપલક ખાતે

(10) જયારે ખરીદનાર વિસર્જન ખર્ચ ભોગવે ત્યારે ખરીદનાર કંપની વિસર્જન ખર્ચ ................. ખાતે ઉધારશે.

(A) શેરમૂડી (B) વેચનાર

(C) વિસર્જન ખર્ચ (D) પાઘડી

(11) ખરીદકિંમત પેટે 20,000 ઇક્વિટી શેર દરેક ₹100 નો 25% પ્રીમિયમથી આપ્યા. મૂડી અનામત ₹1,00,000 થયું. જો લઈ લીધેલ કુલ જવાબદારી ₹5,00,000 હોય તો લીધેલ કુલ મિલકતોની કિંમત ...................... હશે.

(A) ₹31,00,000 (B) ₹30,00,000

(C) ₹28,00,000 (D) ₹20,00,000

(12) પાઘડીની રકમ ક્યાં સૂત્રથી શોધી શકાય ?

(A) ચોખ્ખી મિલકતો – ધંધાની ખરીદકિંમત

(B) ધંધાની ખરીદકિંમત – કુલ મિલકતો

(C) કુલ મિલકતો – ધંધાની ખરીદકિંમત

(D) ધંધાની ખરીદકિંમત – ચોખ્ખી મિલકતો

(13) મૂડી અનામતની રકમ ક્યાં સૂત્રથી શોધી શકાય ?

(A) ધંધાની ખરીદકિંમત – ચોખ્ખી મિલકતો

(B) ચોખ્ખી મિલકતો – ધંધાની ખરીદકિંમત

(C) કુલ મિલકતો – કુલ દેવાં

(D) કુલ મિલકતો – ધંધાની ખરીદકિંમત

(14) ખરીદનાર કંપનીએ વેચનાર પેઢી વતી દેવાદારો ઉઘરાવી લેણદારોને ચૂકવી આપવાનું સ્વીકાર્યું. કુલ ઉઘરાણીના 4% અને ચૂકવેલ રકમના ૨% કમિશન કંપનીને મળે છે. જો 5,00,000 દેવાદારો પાસેથી 4,50,000 વસૂલ કર્યા જયારે 2,00,000ના લેણદારોને 10% વટાવે રકમ ચૂકવી આપ્યા તો કમિશનની કુલ કેટલી રકમ થશે?

(A) ₹21,600 (B) ₹50,000

(C) ₹18,000 (D) ₹3,600

(15) ધંધાની કુલ મિલકતો ₹4,00,000 છે. જેમાં 10% અવાસ્તવિક મિલકતો છે. ધંધામાં દેવાં 1,00,000 છે. ધંધાની ખરીદી વખતે પાઘડી ₹50,000 નક્કી થઈ હોય તો ધંધાની ખરીદકિંમત .................... થાય.

(A) 3,60,000 (B) 2,60,000

(C) 3,10,000 (D) 3,00,000

(16) વેચનાર વતી નાણાં ઉઘરાવતી અને વેચનાર વતી લેણદારોને નાણાં ચૂકવી આપતી કંપનીને કમિશન કઈ રકમ પર મળશે?

(A) કુલ દેવાદારો + કુલ લેણદારો પર

(B) ચોખ્ખી મિલકત પર

(C) દેવાદારો પાસેથી મળેલ રકમ

(D) દેવાદારો પાસેથી મળેલ રકમ + લેણદારોને ચૂકવેલ રકમ

(17) ધંધાની ચોખ્ખી મિલકતો ₹7,00,000 છે. જો કુલ દેવાં ₹2,50,000 હોય તો ધંધાની કુલ મિલકતો ______________ હશે.

(A) ₹9,50,000 (B) ₹4,50,000

(C) ₹8,00,000 (D) ₹6,00,000

(જવાબ : 1 (A), 2 (C), 3 (C), 4 (A), 5 (B), 6 (A), 7 (B), 8 (A), 9 (D), 10 (D), 11 (A), 12 (D), 13 (B), 14 (A), 15 (C), 16 (D), 17 (A))

**(બ) વ્યાવહારિક પ્રશ્નો -**

1. રૂચા લિમિટેડે એશા ટ્રેડર્સની ખરીદકિંમત ₹4,50,000 નીચે પ્રમાણે ચૂકવી.

   20,000 ઇક્વિટી શેરો દરેક ₹10નો 20%ના પ્રીમિયમથી, ₹2,00,000ના 10% ડિબેન્ચરો 5%ના વટાવથી અને બાકીની રકમ રોકડેથી.

   રૂચા લિમિટેડના ચોપડે ખરીદી અંગેની આમનોંધ આપો.

   (જવાબ : ઇક્વિટ શેર, 20,000 X 10 = 2,00,000 + જામીનગીરી પ્રીમિયમ 20,000 X 2 = 40,000 + ડિબેન્ચર 2,00,000 – 10,000 વટાવ = 1,90,000 + રોકડ (તફાવતની રકમ) 20,000 ખરીદકિંમત = 4,50,000 )

2. A ભાગીદારી પેઢીની ચોખ્ખી મિલકતો ₹10,00,000 છે. અને દેવા 2,00,000 છે. B કંપની પેઢીનો ધંધો ખરીદીને બદલામાં ₹10નો એવા 50,000 ઇક્વિટી શેર 20% પ્રીમિયમે, ₹100નો એવા 10% 4000 ડિબેન્ચર 10%ના વટાવે તથા બાકીના ચેકથી ચૂકવ્યા.

   B કંપનીના ચોપડામાં ધંધાની ખરીદી તથા અવેજની ચૂકવણી અંગે આમનોંધ આપો.

| | | |
|---|---|---|
| (જવાબ : (1) મિલકતો ખાતે | ઉ | 12,00,000 |
| તે દેવાખાતે | | 2,00,000 |
| તે A ભાગીદારો પેઢી ખાતે | | 10,00,000. |
| (2) A પેઢી ખાતે ...... ઉ.. | | 10,00,000 |
| ડિબેન્ચર વટાવખાતે ઉ... | | 40,000 |
| તે ઈકિ. શેરમૂડીખાતે | | 5,00,000 |
| તે જામીનગીરી પ્રી. | | 1,00,000 |
| તે 10 % ડિબેન્ચર ખાતે | | 4,00,000 |
| તે બૅંક ખાતે | | 40,000) |

3. RG લિમિટેડ એક ભાગીદારી પેઢીનો ધંધો ખરીદ્યો કંપનીએ પેઢીના દેવાદારો સિવાયની બધી મિલકતો ખરીદી અને ધંધો વેચનાર પેઢી થતી દેવાદારોના નાણાં ઉઘરાવવાનું અને પેઢીના લેણદારોના નાણાં ઉઘરાવવાનું અને પેઢીના લેણદારોને ચૂકવી આપવાનું સ્વીકાર્યું. આ અંગે દેવાદારો પાસેથી વસૂલે રકમ પર 4% અને લેણદારોને ચૂકવેલ રકમ પર 2% કમિશન કંપનીને મળશે.

₹6,00,000ના દેવાદારો પાસેથી ₹5,80,00 વસૂલ થયા. જ્યારે ₹3,00,000ના લેણદારોને 5% વટાવે ચૂકતે હિસાબે રકમ ચૂકવી. કંપનીએ પોતાનું કમિશન બાદ પેઢીને ચૂકતેનો ચેક આપ્યો.

ઉપરના વ્યવહારો RG કંપનીના ચોપડે નોંધો તથા ધંધો વેચનારનું ઉપલક ખાતું તૈયાર કરો.

(જવાબ : મળેલ કમિશન = 5,80,000 X 4% = 23,200

2,85,000 X 2 % = 5,700

28,900

હિસાબ પેટે ચૂકવેલ રકમ = 2,66,100)

4. જનક લિમિટેડે તા.1/7/2017ના રોજ ભાગીદારી પેઢીનો ધંધો ખરીદ્યો પેઢીનું તા.30/06/2017ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

| મૂડી-દેવા | ₹ | મિલકતો-લેણા | ₹ |
|---|---|---|---|
| મૂડી :X ભાગીદાર = 30,000 | | જમીન-મકાન | 35,000 |
| Y ભાગીદાર = 20,000 | 50,000 | યંત્રો | 25,000 |
| સામાન્ય અનામત | 20,000 | સ્ટૉક | 15,000 |
| લેણદારો | 25,000 | દેવાદારો | 12,500 |
| દેવીહૂંડી | 5,000 | લેણીહૂંડી | 5,000 |
| | | રોકાણો | 5,000 |
| | | બૅંક અને રોકડ | 2,500 |
| | 1,00,000 | | 1,00,000 |

- કંપનીએ નીચેની શરતે ધંધો ખરીદી લીધો.

1) પેઢીની તમામ મિલકતો અને દેવા સ્વીકાર્યા.
2) સ્થિર મિલકતોની કિંમત ચોપડે કિંમત કરતાં 20% વધુ ગણી તથા ચાલુ મિલકતો ચોપડે દર્શાવેલ કિંમતે જ ગણી.
3) કંપનીએ ખરીદકિંમત ₹90,000 નીચે મુજબ આપી. 500 ઈકિ. શેર ₹100નો 10% પ્રીમિયમથી અને બાકીની રકમ ચેકથી ચૂકવી આપી.

જનક લિમિટેડના ચોપડામાં ધંધાની ખરીદી અંગેની આમનોંધો આપો.

(જવાબ : પાઘડી ₹8,000, ખરીદકિંમત = 90,000-ચો.મિલકતો 82,000)

5. પટેલ બ્રધર્સનો ધંધો ખરીદી લેવા તા.1/4/2017ના રોજ ₹10ના 20,000 ઇક્વિટી શેરની સત્તાવાર થાપણથી એલીગન્સ કંપનીની સ્થાપના કરવામાં આવી. તા.31/3/2017ના રોજનું પટેલ બ્રધર્સનું પાકું સરવૈયું આ મુજબ હતું.

| મૂડી-દેવા | | ₹ | મિલકત-લેણાં | ₹ |
|---|---|---|---|---|
| મૂડી:Rની મૂડી | 1,20,000 | | મકાન | 96,000 |
| Kની મૂડી | 80,000 | 2,00,000 | યંત્રો | 40,000 |
| | | | સ્ટૉક | 48,000 |
| સામાન્ય અનામત | | 8,000 | દેવાદારો | 46,400 |
| બૅંક લોન | | 6000 | રોકાણો | 9,600 |
| લેણદારો | | 44,000 | લેણીહૂંડી | 12,800 |
| દેવીહૂંડી | | 14,000 | રોકડ અને બૅંક | 19,200 |
| | | 2,72,000 | | 2,72,000 |

નીચેની શરતો એ પટેલ બ્રધર્સનો ધંધો એલીગન્સ કંપની તેમજ બાકીની મિલકતો ચોપડે કિંમતે લીધી.

(1) મકાન ₹1,00,000 અને સ્ટૉક ₹40,000ની કિંમતે તેમજ બાકીની મિલકતો ચોપડે કિંમતે લીધી.

(2) પાઘડીની રકમ પેટે ₹20,000 ગણવા.

(3) બૅંક લોન સિવાય બધીજ જવાબદારી કંપનીએ સ્વીકારી વિસર્જન ખર્ચ ₹2000 કંપનીએ ભોગવવાનો છે.

(4) ખરીદકિંમતના અવેજપેટે પૂરેપૂરા ભરાયેલ 10,000 ઇકિ.શેર, 20% પ્રીમિયમે તેમજ 10% ના ₹1,00,000ના ડિબેન્ચર અને બાકીની રકમ ચેકથી ચૂકવવાની છે.

(5) કંપનીનો પ્રાથમિક ખર્ચ ₹3200 થયો. એલીગન્સ કંપનીના ચોપડામાં જરૂરી આમનોંધો આપી ધંધાની ખરીદી પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

(જવાબ : ખરીદકિંમત ₹2,32,000 (વિસર્જન ખર્ચ સહિત) અવેજ : ₹1,20,000ના ઇકિ.શેર, ₹1,00,000ના ડિબેન્ચર અને ચેકથી ₹12,000. પાઘડી = 22,000 (2000 વિસર્જન ખર્ચ સહિત) બૅંક સિલક=₹4000)

6. પ્રાર્થના લિ.એ તા. 1/7/2017ના રોજ એક ભાગીદારી પેઢીનો ચાલુ ધંધો ખરીદ્યો. ધંધાની ખરીદકિંમતની અવેજમાં 1000 ઇકિ. શેર ₹100નો એક એવા 10% પ્રીમિયમે ₹500 15%ના ડિબેન્ચર દરેક ₹500નો 10% વટાવે અને ₹65000 ચેકથી ચૂકવ્યા.

પ્રાર્થના લિ. એ પેઢીની મિલકતો અને દેવા નીચેની કિંમતે સ્વીકાર્યા:

| | | |
|---|---|---|
| જમીન મકાન | = | ₹2,00,000 |
| મશીન | = | ₹1,00,000 |
| ફર્નિચર | = | ₹50,000 |
| સ્ટૉક | = | ₹70,000 |
| દેવીહૂંડી | = | ₹40,000 |

પ્રાર્થના લિ. એ પેઢીના દેવાદારો અને લેણદારો સ્વીકાર્યા નથી; પરંતુ, દેવાદારો પાસેથી વસૂલ કરી લેણદારોને ચૂકવવાની જવાબદારી સ્વીકારી છે. જે બદલ વસૂલ રકમ પર 3% અને ચૂકવેલ રકમ પર 1% કમિશન માટે સ્વીકાર્યું છે. લેણદારો ₹1,80,000ના હતા જેની પાસેથી ₹10,000 ઘાલખાધ પડી તથા દેવાદારોને 5% વટાવ આપ્યો. લેણદારો ₹60,000ના હતા. તે બધાને 5% વટાવે ચૂકવી આપ્યાં.

આપેલ માહિતી પરથી પ્રાર્થના લિ.ના ચોપડામાં આમનોંધ આપો અને વેચનારનું ઉપલક ખાતું તૈયાર કરો.

(જવાબ : કુલ મિલકતો ₹4,20,000, કુલ દેવા ₹40,000 ચોખ્ખી મિલકતો : 3,80,000 ખરીદકિંમત ₹4,00,000 જે પેટે ઇકિ. શેર ₹1,10,000 (પ્રીમિયમ સહિત) ₹2,25,000ના ડિબેન્ચર (2,50,000 – 25000 વટાવ) અને બેંકથી ₹65,000, પાઘડી = 20,000, કુલ કમિશન ₹4845 (4275+570), ધંધો વેચનારને તેના ઉપલક ખાતા પેટે ચૂકવેલ રકમ ₹80,655, ઉપલક ખાતાની બાકી ₹20,000)

7. શાહ બ્રધર્સ પેઢીના A અને B ભાગીદારો છે. તા.31/03/2017ના રોજ દેવ લિ.માં રૂપાંતર કરવામાં આવ્યું. તા. 31/3/17નું પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| મૂડી-દેવા | ₹ | મિલકતો-લેણા | ₹ |
|---|---|---|---|
| મૂડીઃ | | જમીન-મકાન | 2,00,000 |
| Aની મૂડી = 2,20,000 | | મશીનરી | 1,60,000 |
| Bની મૂડી = 2,20,000 | | સ્ટૉક | 1,00,000 |
| | 4,40,000 | દેવાદારો | 1,20,000 |
| સામાન્ય અનામત | 80,000 | બૅંક સિલક | 20,000 |
| લેણદારો | 80,000 | | |
| | 6,00,000 | | 6,00,000 |

કંપનીએ દેવાદારો અને લેણદારો લીધા નથી; પરંતુ, ઉઘરાવેલ રકમ પર 3% અને ચૂકવેલ રકમ પર 2% કમિશન લઈ એજન્ટ તરીકે દેવાદારો પાસેથી રકમ વસૂલ કરવા તથા લેણદારોને ચૂકવવા સંમત થઈ ધંધાની ખરીદકિંમત પેટે કંપનીએ ₹5,00,000 4:1ના પ્રમાણમાં પૂરા ભરપાઈ ઇકિવટી શેર અને પ્રેફ. શેરમાં તથા ₹30,000નો ચેક આપવાનું નક્કી કર્યું.

કંપનીએ જમીન-મકાન ₹2,50,000, મશીનરી ₹1,50,000 અને સ્ટૉક ₹80,000ની કિંમતે લેવાનું સ્વીકાર્યું.

દેવાદારો પાસેથી ₹1,20,000 વસૂલ થયાં, જેમાં અગાઉ ઘાલખાધ તરીકે માંડી વાળેલા ₹20,000નો સમાવેશ થાય છે. લેણદારોને ₹72,000 આપી ચૂકતે કરવામાં આવ્યાં. પેઢીને તેની લેણી રકમ ચૂકવી દેવામાં આવી.

દેવ લિ.ના ચોપડામાં આમનોંધ લખો.

(જવાબ : ખરીદકિંમત ₹5,30,000 અવેજ ઇકિ. શેર મૂડી ₹4,00,000 + પ્રેફ શેર ₹1,00,000 + રોકડ ₹30,000 ચોખ્ખી મિલકતો ₹5,00,000, પાઘડી ₹30,000, કમિશન ₹5040 (3600+1440) ધંધો વેચનારના ઉપલક ખાતા પેટે તેને ચૂકવેલ ₹42,960)

# એકમ 4 ભાગીદારો વચ્ચે રોકડની હપતે હપતે વહેંચણી

---

- રૂપરેખા
    - પ્રસ્તાવના
    - અર્થ
    - પદ્ધતિ
        - મૂડી વધારાની પદ્ધતિ
        - મહત્તમ નુક્સાનની પદ્ધતિ
    - સ્વાધ્યાય

---

- **પ્રસ્તાવના** :

ભાગીદારી પેઢીનું વિસર્જન થાય ત્યારે પેઢીની બધી મિલકતો વહેંચી અને દેવાં ચૂકવી દેવામાં આવે છે. સામાન્ય રીતે વિસર્જન વખતે પેઢીની બધી જ મિલકતો સાથે વેચી બધા જ દેવા ચૂકવી દેવામાં આવે; પરંતુ, સામાન્ય રીતે આમ બનતું નથી. પેઢીની મિલકતો ક્રમશઃ વેચાતી જાય છે અને જેમ જેમ નાણાં આવતા જાય તેમ તેમ દેવા ચૂકવવામાં આવે છે. આને હપતે હપતે રોકડની વહેંચણી કહેવામાં આવે છે.

- **ભાગીદારો વચ્ચે રોકડની હપતે હપતે વહેંચણીનો અર્થ** :

પેઢીનું વિસર્જન થતા મિલકતો ક્રમશઃ વેચાતી જાય છે અને જેમ-જેમ નાણાં આવે તેમ ટુકડે ટુકડે દેવા ચૂકવાતા જાય છે અને ત્યારપછી જો નાણાં વધે તો ભાગીદારોને મૂડી પેટે ચૂકવવામાં આવે છે. જેને હપતે હપતે રોકડની વહેંચણી કહેવાય છે.

સામાન્ય રીતે પેઢીનું વિસર્જન થાય ત્યારે નીચેના ક્રમમાં રકમો ચૂકવવામાં આવે છે.

1) સૌથી પહેલા વિસર્જન ખર્ચ ચૂકવવામાં આવે છે.
2) ત્યારપછી બાહ્ય દેવા ચૂકવવામાં આવે છે.
3) ત્યારપછી ભાગીદારોએ પેઢીની આપેલી લોન ચૂકવવામાં આવે છે.
4) અને, છેલ્લે ભાગીદારોને તેમની મૂડી પેટે રકમ ચૂકવવામાં આવે છે.
5) અને ત્યારબાદ પણ જો રકમ વધે તો દરેક ભાગીદાર વચ્ચે નફા-નુક્સાનના પ્રમાણમાં વહેંચી દેવામાં આવશે.

- **હપતે હપતે રોકડની વહેંચણીની રીતો** :

હપતે હપતે રોકડની વહેંચણીની બે પદ્ધતિઓ છે :

1) મૂડી વધારાની પદ્ધતિ અથવા પ્રમાણસર મૂડીની પદ્ધતિ
2) મહત્તમ નુક્સાનની પદ્ધતિ

**પદ્ધતિ 1 : મૂડી વધારાની પદ્ધતિ :**

આ પદ્ધતિમાં મૂડીને નફા-નુક્સાનના પ્રમાણમાં ગોઠવી વધારાની મૂડીપરત કરવામાં આવે છે, તેથી તેને મૂડી વધારાની પદ્ધતિ કહેવામાં આવે છે.

- **આ પદ્ધતિ માટેની જરૂરી ગણતરીઓ**
  1) પ્રથમ બધા ભાગીદારો પૈકી ન.નુ.ના પ્રમાણમાં સૌથી ઓછી મૂડી કોની છે તે શોધી કાઢો.

     **મૂડી પદ્ધતિ = મૂડી / ન.નુ.નું પ્રમાણ**

  2) ત્યારબાદ જેની મૂડી સૌથી ઓછી હોય તેને આધાર તરીકે લેવી.
  3) ત્યારબાદ ભાગીદારની ખરેખર મૂડીમાંથી આ રીતે આવેલી પ્રમાણસર મૂડી બાદ કરો.
  4) ત્યારબાદ બાકીના ભાગીદારો પૈકી કોની મૂડી વધુ છે તે શોધવા 'પ્રમાણસરનો વધારો' ગણો.
  5) હવે મૂડી વધારામાંથી પ્રમાણસરનો વધારો બાદ કરો. તેમ કરતા જેની મૂડી સૌથી વધુ છે તેનો વધારો આવશે, જે પ્રથમ તબક્કે તેને પરત મળશે.
  6) હવે પ્રમાણસર મૂડી વધારો અન્ય ભાગીદારોને પરત થશે.
  7) છેવટે બાકી રકમ બધા ભાગીદારોને ન.નુ.ના પ્રમાણમાં મળશે.

**ઉદાહરણ-1** X, Yઅને Z અનુક્રમે 3:2:1ના પ્રમાણમાં નફો-નુક્સાન વહેંચતા ભાગીદારો છે. તેમની મૂડી અનુક્રમે ₹60,000, ₹50,000 અને ₹30,000 છે. મિલકતો વહેંચતા ₹50,000 ઉપજ્યાં હપતાની વહેંચણી મૂડી વધારાની પદ્ધતિથી બતાવો.

- **જરૂરી ગણતરી**

| ભાગીદાર | X | Y | Z |
|---|---|---|---|
| મૂડી÷ ન.નુ.નું પ્રમાણ | 60,000 | 50,000 | 30,000 |
| | 3 | 2 | 1 |
| મૂડી પરિબળ (સૌથી ઓછી મૂડી X ની છે.) | 20,000 | 25,000 | 30,000 |
| ખરેખર મૂડી | 60,000 | 50,000 | 30,000 |
| બાદ :- પ્રમાણસર મૂડી(Xની મૂડીને આધારે) | 60,000 | 40,000 | 20,000 |
| મૂડી વધારો | - | 10,000 | 10,000 |
| ÷ ન.નું.નું પ્રમાણ | - | 2 | 1 |
| મૂડી પરિબળ (સૌથી ઓછી મૂડી Yની છે.) | | 5,000 | 10,000 |
| બાદ : પ્રમાણસર મૂડી (Yની મૂડીને આધારે) | - | 10,000 | 5,000 |
| Zનો મૂડી વધારો | | | 5,000 |

**ભાગીદારી વચ્ચે રોકડની વહેંચણી**

| વિગત | | X (3) | Y (2) | Z (1) |
|---|---|---|---|---|
| મૂડી (બાકી) | | 60,000 | 50,000 | 30,000 |
| હપતો | 50,000 | | | |
| -Zનો વધારો | 5,000 | - | - | 5,000 |
| બાકી | 45,000 | 60,000 | 50,000 | 25,000 |
| -Y અને Zને પ્રમાણસર વધારાની વહેંચણી(15,000) | | - | 10,000 | 5,000 |
| | | 60,000 | 40,000 | 20,000 |
| બાકી [ત્રણયને ન.નુ.ના પ્રમાણમા વહેંચણી (30,000)] | | 15,000 | 10,000 | 5,000 |
| **મૂડીતૂટ કે ખોટ** | | **45,000** | **30,000** | **15,000** |

**ઉદાહરણ-2** જય, કિશન અને વિજય 2:2:1ના પ્રમાણમાં નફો-નુક્સાન વહેંચતા ભાગીદારો છે. તા.31-03-2017ના રોજ તેઓએ પેઢીનું વિસર્જન કર્યું તે તારીખે પાકું સરવૈયું નીચે મુજબ હતું :

| મૂડી-દેવા | રકમ(₹) | મિલકત-લેણા | રકમ(₹) |
|---|---|---|---|
| મૂડી ખાતા : | | મકાન | 1,28,000 |
| જય | 50,000 | ફર્નિચર | 42,000 |
| કિશન | 40,000 | સ્ટૉક | 32,000 |
| વિજય | 15,000 | દેવાદારો | 48,000 |
| સામાન્ય અનામત | 20,000 | રોકડ બાકી | 5,000 |
| બૅંક લોન | 45,000 | ન.નુ. ખાતું | 5,000 |
| <u>લોન :</u> | | | |
| જય = 20,000 | | | |
| કિશન = 10,000 | 30,000 | | |
| લેણદારો | 60,000 | | |
| | 2,60,000 | | 2,60,000 |

- **અન્ય વિગતો** :

મકાન બૅંક લોન સામે ગીરો છે. મિલકતોના આ પ્રમાણે ઉપજ્યાં.

પ્રથમ હપતો = 54,000 બીજો હપતો = 40,000

ત્રીજો હપતો = 46,000 ચોથો હપતો = 52,500

₹10,000 વિસર્જન ખર્ચ માટે અનામત રાખેલા છે. ખરેખર ખર્ચ ₹8,000 થયો. મૂડી વધારાની રીતે ભાગીદારો વચ્ચે રોકડની હપતે હપતે વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

**જવાબ :**

## મૂડી વધારાનું પત્રક

| વિગત | જય (2) | કિશન (2) | વિજય (1) |
|---|---|---|---|
| ભાગીદારની મૂડી | 50,000 | 40,000 | 15,000 |
| ÷ ન.નુ.નું પ્રમાણ | 2 | 2 | 1 |
| | 25,000 | 20,000 | 15,000 |
| પ્રમાણસર મૂડી (વિજયની મૂડીને આધારે) | 30,000 | 30,000 | 15,000 |
| મૂડી વધારો | 20,000 | 10,000 | - |
| ÷ ન.નુ પ્રમાણ | 2 | 2 | |
| = પ્રમાણસર મૂડી વધારો (કિશનની મૂડીને આધારે) | 10,000 | 5,000 | |
| | 10,000 | 10,000 | - |
| જયનો મૂડી વધારો | 10,000 | - | - |

## રોકડની હપતે હપતે વહેંચણી દર્શાવતું પત્રક

| વિગત | | બેંક લોન | લેણદારો | જયની લોન | કિશનની લોન | (2) જયની મૂડી | (2) કિશનની મૂડી | (1) વિજયની મૂડી |
|---|---|---|---|---|---|---|---|---|
| બાકી | | 45,000 | 60,000 | 20,000 | 10,000 | 50,000 | 40,000 | 15,000 |
| + સા. અનામત | | - | - | - | - | 8,000 | 8,000 | 4,000 |
| | | 45,000 | 60,000 | 20,000 | 10,000 | 58,000 | 48,000 | 19,000 |
| -ન.નુ ખાતુ | | - | - | - | - | 2,000 | 2,000 | 1,000 |
| | | 45,000 | 60,000 | 20,000 | 10,000 | 56,000 | 46,000 | 18,000 |
| બાકી | | | | | | | | |
| રોકડ સિલક | 5,000 | | | | | | | |
| + પ્રથમ હપતો | 54,000 | | | | | | | |
| | 59,000 | | | | | | | |
| -વિસર્જન ખર્ચ | | | | | | | | |
| માટે અનામત | 10,000 | | | | | | | |
| | 49,000 | | | | | | | |
| -બેંક લોન પેટે | 45,000 | 45,000 | | | | | | |
| | 4,000 | | | | | | | |
| -લેણદારો | 4,000 | - | 4,000 | | | | | |
| | બાકી | - | 56,000 | 20,000 | 10,000 | 56,000 | 46,000 | 18,000 |
| બીજો હપતો | 40,000 | - | 40,000 | | | | | |
| લેણદારો | 40,000 | | | | | | | |
| | બાકી | | 16,000 | 20,000 | 10,000 | 56,000 | 46,000 | 18,000 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ત્રીજો હપતો 46,000 | | | | | | | |
| -લેણદારો 16,000 | | 16,000 | - | - | | | |
| 30,000 | | | | | | | |
| જય અને કિશનની લોન (30,000) | | - | 20,000 | 10,000 | | | |
| બાકી | - | - | - | - | 56,000 | 46,000 | 18,000 |
| ચોથો હપતો 52,500 | | | | | | | |
| +વિ.ખર્ચ અનામતનો વધારો (10,000-8,000) 2,000 | | | | | | | |
| 54,500 | | | | | | | |
| જયની મૂડીનોવધારો 10,000 | | | | | 10,000 | | |
| 44,500 | - | - | - | - | 46,000 | 46,000 | 18,000 |
| જય અને કિશનની મૂડી | | | | | | | - |
| વધારા પેટે 20,000 | | | | | 10,000 | 10,000 | |
| 24,500 | - | - | - | - | 36,000 | 36,000 | 18,000 |
| જય, કિશન અને વિજયને તેમના ન.નુ.ના પ્રમાણમાં (24,500) | | | | | 9,800 | 9,800 | 4,900 |
| **મૂડીતૂટ** | | | | | 26,200 | 26,200 | 13,100 |

**ઉદાહરણ-3** ડોલી, પૂજા અને એકતા અનુક્રમે 5:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 1-1-17ના રોજ તેમણે પેઢીનું વિસર્જન કરવાનું નક્કી કર્યું, તે તારીખનું પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું.

**પાકું સરવૈયું**

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| <u>મૂડી :-</u> | | રોકડ | 15,000 |
| ડોલી 1,78,800 | | મકાન | 2,36,000 |
| પૂજા 1,36,500 | | ફર્નિચર | 73,000 |
| એકતા 56,800 | 3,72,100 | સ્ટૉક | 95,000 |
| સામાન્ય અનામત | 60,000 | દેવાદારો | 1,14,100 |
| લેણદારો | 33,000 | લેણીહૂંડી | 12,000 |
| બૅંક ઓવર ડ્રાફ્ટ | 44,000 | | |
| પૂજાની લોન | 36,000 | | |
| | 5,45,100 | | 5,45,100 |

- તા. 15/02/2017ના રોજ પાકતી તારીખે લેણીહૂંડીની રકમ બૅંક મારફત વસૂલ કરી હતી. અન્ય મિલકતોના તબક્કાવાર લેણીહૂંડી સિવાયના હપતાઓમાં નીચે પ્રમાણે નાણાં ઉપજ્યાં હતાં.

| | | |
|---|---|---|
| પ્રથમ | 15-1-17 | ₹41,000 |
| બીજો | 30-1-17 | ₹1,20,000 |
| ત્રીજો | 15-2-17 | ₹2,15,000 |

ભાગીદારો વચ્ચે મૂડીવધારાની રીતે ટુકડે ટુકડે રોકડની વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

**જવાબ :** **મૂડી વધારાનું પત્રક**

| વિગત | ડોલી (3) | પૂજા (3) | એકતા (2) |
|---|---|---|---|
| બાકી (મૂડી) | 1,78,800 | 1,36,500 | 56,800 |
| ÷ ન.નુ.નું પ્રમાણ | 5 | 3 | 2 |
| પ્રમાણસરની મૂડી/એકતાની મૂડીના આધારે | 35,760 | 45,500 | 28,400 |
| મૂડી વધારો | 1,42,000 | 85,200 | 56,800 |
| ÷ ન.નુ.નું પ્રમાણ | 36,800 | 51,300 | - |
| | 5 | 3 | |
| | =7,360 | =17,100 | |
| પ્રમાણસરની મૂડી (ડોલીની મૂડીને આધારે) | | | |
| | 36,800 | 22,080 | |
| પૂજાનો મૂડી વધારો | - | 29,220 | - |

**રોકડની હપતે હપતે વહેંચણી દર્શાવતુ પત્રક**

| વિગત | | લેણદારો | BOD | પૂજાની લોન | ડોલીની મૂડી | પૂજાની મૂડી | એકતાની મૂડી |
|---|---|---|---|---|---|---|---|
| બાકી | | 33,000 | 44,000 | 36,000 | 1,78,800 | 1,36,500 | 56,800 |
| + સામાન્ય અનામત | | - | - | - | 30,000 | 18,000 | 12,000 |
| બાકી | | 33,000 | 44,000 | 36,000 | 2,08,800 | 1,54,500 | 68,800 |
| રોકડ સિલક | 15,000 | | | | | | |
| + પ્રથમ હપતો | 41,000 | | | | | | |
| | 56,000 | | | | | | |
| લેણદાર અને BOD વચ્ચે 3:4ના | | 24,000 | 32,000 | | - | - | - |
| પ્રમાણમાં(56,000) | | | | - | | | |
| | બાકી | 9,000 | 12,000 | 3,6000 | 2,08,800 | 1,54,500 | 68,800 |
| બીજો હપતો | 1,20,000 | | | | | | |
| લેણદાર અને BODને | 21,000 | | | | | | |
| | 99,000 | 9,000 | 12,000 | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પૂજાની લોન 36,000 | | | 36,000 | | | |
| 63,000 | | | | | | |
| પૂજાની મૂડી વધારો 29,220 | - | - | - | - | 29,220 | - |
| 33,780 | - | - | - | 2,08,800 | 1,25,280 | 68,800 |
| ડોલી અને પૂજા વચ્ચે 5:3ના પ્રમાણમાં (33,780) | | | | 21,112 | 12,668 | - |
| | | | | 1,87,688 | 1,12,612 | 68,800 |
| ત્રીજો હપતો 2,15,000 | | | | | | |
| +લેણીહૂંડી મૂડી 12,000 | | | | | | |
| 2,27,000 | | | | | | |
| ડોલી અને પૂજા 25,100 | | | | 15,688 | 9,412 | - |
| 2,01,900 | | | | 1,72,000 | 1,03,200 | 68,800 |
| ત્રણેય ભાગીદારો વચ્ચે ન.નુ.ના પ્રમાણમાં 2,01,900 | | | | 1,00,950 | 60,570 | 40,380 |
| મૂડીતૂટ | | | | 71,050 | 42,630 | 28420 |

**પદ્ધતિ નં. 2 મહત્તમ નુક્સાનની પદ્ધતિ :-**

આ પદ્ધતિમાં દરેક હપતા વખતે મૂડીની રકમ દરેક ભાગીદારને ચૂકવવી તેની ગણતરીની પદ્ધતિ આ પ્રમાણે છે. જે હપતાની રકમ વહેંચવાની હોય તે હપતા પછી કોઈ રકમ ગણવાની જ નથી એમ માની એટલે કે હપતા વખતે મૂડી પરત કરવા ખૂટતી રકમ મહત્તમ ખોટ છે. આ ખોટ ભાગીદારો વચ્ચે તેમના ન.નુ. ના પ્રમાણમાં વહેંચી આપવી અને પછી તેમની મૂડી પેટે બાકી રહેતી રકમ આ હપતામાંથી ચૂકવી આપવી.

આ પદ્ધતિ પ્રમાણે નાણાં ચૂકવવાનો ક્રમ નીચે પ્રમાણે છે.

1. સૌ પ્રથમ બાહ્ય દેવા ચૂકવવામાં આવે છે.
2. ત્યારબાદ ભાગીદારની લોન ચૂકવવામાં આવે છે.
3. ત્યારબાદ ભાગીદારોની મૂડી પરત થાય છે.

- મહત્તમ નુક્સાનની પદ્ધતિથી, જ્યારે ભાગીદારની મૂડીતૂટ આવે

હપતાની રકમ અને ભાગીદારોની કુલ મૂડી સરખાવતા મહત્તમ નુક્સાનની રકમ મળે છે. આ રકમની ભાગીદારો વચ્ચે તેમના નફા-નુક્સાનના પ્રમાણમાં ફાળવણી કરવામાં આવે છે. કેટલીકવાર કોઈ ભાગીદારને તેની મૂડી કરતા તેને ફાળે આવતી ખોટ વધી જાય છે. ત્યારે તે હપતામાંથીતેને કોઈ રકમ મળતી નથી; પરંતુ, જે તફાવત મળે તેને મૂડીતૂટ તરીકે ઓળખવામાં આવે છે. જે બીજા ભાગીદારોને મળી શકતી રકમમાંથી બાદ કરવામાં આવે છે. મૂડીતૂટની વહેંચણી ક્યા પ્રમાણમાં કરવી તે અંગે બે મત છે.

1. સામાન્ય રીતે ભાગીદારની મૂડીતૂટ અન્ય ભાગીદાર વચ્ચે ન.નુ.ના પ્રમાણમાં વહેંચવામાં આવે છે.
2. અન્ય ભાગીદારો વચ્ચે ગાર્નર વિ. મુરેના સિદ્ધાંત મુજબ વહેંચવામાં આવે છે.

**ઉદાહરણ-4** સલમાન, શાહરૂખ અને આમીર એક પેઢીમાં 2:1:1ના પ્રમાણમાં ન.નુ. વહેંચતા ભાગીદારો છે. તા.31-12-16ના રોજ તેમનું સરવૈયું નીચે મુજબ હતું.

| મૂડી-દેવા | ₹ | મિલકત લેણા | ₹ |
|---|---|---|---|
| **મૂડી ખાતા** | | મકાન | 41,000 |
| સલમાન | 25,000 | દેવાદારો | 20,000 |
| શાહરૂખ | 30,000 | સ્ટૉક | 11,000 |
| આમીર | 17,000 | | |
| | 72,000 | | 72,000 |

તા. 1-1-17ના રોજ પેઢીનું વિસર્જન કરવામાં આવ્યું. મિલકતો વહેંચતા જેમ જેમ નાણાં મળતા જાય તેમ તેમ ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું. મિલકતો વેચતા નાણાં નીચે મુજબ મળ્યાં.

પ્રથમ હપતો = 20,000
બીજો હપતો = 28,000
ત્રીજો હપતો = 12,000

ઉપરની માહિતી પરથી 'મહત્તમ નુક્સાન'ની પદ્ધતિ મુજબ રોકડની હપતે હપતે વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

**રોકડની હપતે હપતે વહેંચણી દર્શાવતું પત્રક**

| વિગત | સલમાન | શાહરૂખ | આમીર |
|---|---|---|---|
| મૂડી ખાતાની બાકી | 25,000 | 30,000 | 17,000 |
| પ્રથમ હપતો 72,000 | | | |
| મહત્તમ નુક્સાન - 20,000 52,000 | | | |
| (મહત્તમ નુક્સાન ભાગીદારો વચ્ચે વહેંચતા) | -26,000 | 13,000 | 13,000 |
| | -1,000 | 17,000 | 4,000 |
| સલમાનની મૂડીતૂટ ₹1,000 શાહરૂખ અને આમીર વચ્ચે 1:1 ના પ્રમાણમાં વહેંચતા | +1,000 | -500 | -500 |
| પ્રથમ હપતા પૈકી મળશે | - | 16,500 | 3,500 |
| પ્રથમ હપતા પછી બાકી | 25,000 | 13,500 | 13,500 |
| કુલ મૂડી 52,000 | | | |
| બીજો હપતો - 28,000 | | | |
| મહત્તમ નુક્સાન 24,000 | -12000 | -6,000 | -6,000 |

| | | | | |
|---|---|---|---|---|
| (મહત્તમ નુક્સાન ભાગીદારો વચ્ચે વહેંચતા) | | 13,000 | 7,500 | 7,500 |
| બીજા હપતા પૈકી મળશે. | | 12,000 | 6,000 | 6,000 |
| બીજા હપતા પછી બાકી | | | | |
| બીજા હપતા પછી બાકી | 24,000 | | | |
| ત્રીજો હપતો | - 12,000 | | | |
| | 12,000 | 12,000 | | |
| (મહત્તમ નુક્સાન ભાગીદારો વચ્ચે વહેંચતા) | | -6,000 | 6,000 | 6,000 |
| | | | -3,000 | -3,000 |
| ત્રીજા હપતા પૈકી મળશે. | | 6,000 | 3,000 | 3,000 |
| બાકી ખોટ | | 6,000 | 3,000 | 3,000 |

**ઉદાહરણ-5** સોમ, મંગળ અને બુધ એક પેઢીમાં 3:2:1ના પ્રમાણમાં નફા-નુક્સાન વહેંચતા ભાગીદારો છે. તા.31-3-17ના રોજ પેઢીનું વિસર્જન કરવાનું અને મિલકતોને ટુકડે ટુકડે વહેંચણી કરી રકમ વહેંચવાનું નક્કી કર્યું. આ તારીખે પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતુ.

| મૂડી-દેવા | ₹ | મિલકત લેણા | ₹ |
|---|---|---|---|
| મૂડી ખાતા | | જમીન-મકાન | 2,10,000 |
| સોમ 1,30,000 | | ફર્નિચર | 40,000 |
| મંગળ 66,000 | | સ્ટૉક | 70,000 |
| બુધ 24,000 | 2,20,000 | દેવાદારો | 95,000 |
| સોમની લોન | 45,000 | | |
| બૅંક ઓવરડ્રાફ્ટ | 60,000 | | |
| લેણદારો | 1,00,000 | | |
| | 4,25,000 | | 4,25,000 |

**અન્ય માહિતી :**

| વિગત | મિલકતોની ઉપજેલ કિંમતો | વિસર્જન ખર્ચ | ચોખ્ખી ઉપજેલ રકમ |
|---|---|---|---|
| પ્રથમ હપતો | 77,000 | 7,000 | 70,000 |
| બીજો હપતો | 69,000 | 5,000 | 64,000 |
| ત્રીજો હપતો | 1,29,000 | 4,000 | 1,25,000 |
| ચોથો હપતો | 80,000 | 2,000 | 78,000 |

ઉપરની માહિતી પરથી "મહત્તમ નુક્સાન "ની પદ્ધતિ મુજબ રોકડની હપતે હપતે વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

## રોકડની હપતે હપતે વહેંચણી દર્શાવતું પત્રક

| વિગત | લેણદારો | BOD | સોમની લોન | સોમની મૂડી | મંગળની મૂડી | બુધની મૂડી |
|---|---|---|---|---|---|---|
| પાકા સરવૈયા મુજબ બાકી | 1,00,000 | 60,000 | 45,000 | 1,30,000 | 66,000 | 24,000 |
| રોકડ સિલક 10,000 | | | | | | |
| પ્રથમ હપતાની ચોખ્ખી ઊપજ 70,000 | | | | | | |
| 80,000 | | | | | | |
| લેણદાર અને BOD વચ્ચે 5:3 ના | | | | | | |
| પ્રમાણમાં વહેંચતા 80,000 | 50,000 | 30,000 | | | | |
| બાકી | 50,000 | 30,000 | 45,000 | 1,30,000 | 66,000 | 24,000 |
| બીજા હપ્તાની | | | | | | |
| ચોખ્ખી ઊપજ 64,000 | | | | | | |
| લેણદારો અને BODને 5:1ના પ્રમાણમાં | | | | | | |
| વહેંચતા -64,000 | 40,000 | 24,000 | | | | |
| બાકી | 10,000 | 6,000 | 45,000 | 1,30,000 | 66,000 | 24,000 |
| ત્રીજા હપતાની ચોખ્ખી ઊપજ 1,25,000 | | | | | | |
| લેણદારો અને BODને ચૂકવતા -16,000 | 10,000 | 6,000 | | | | |
| 1,09,000 | | | | | | |
| સોમની લોન ચૂકવતા -45,000 | | | 45,000 | | | |
| બાકી 64,000 | | | | | | |
| કુલ મૂડી -2,20,000 | | | | | | |
| મહત્તમ નુક્સાન 1,56,000 | | | | | | |
| ભાગીદારો વચ્ચે વહેંચતા | - | - | - | 1,30,000 | 66,000 | 24,000 |
| | | | | -78,000 | -52,000 | -26,000 |
| બાકી | | | | 52,000 | 14,000 | -2,000 |
| બુધની મૂડીતૂટ(2,000) સોમ અને મંગળ | | | | | | |
| વચ્ચે 3:2ના પ્રમાણમાં વહેંચતા | | | | -1,200 | -800 | +2,000 |
| બાકી | | | | 50,800 | 13,200 | - |
| ત્રીજા હપતા પૈકી મળશે બાકી 1,56,000 | | | | 79,200 | 52,800 | 24,000 |
| ચોથો હપતો 78,000 | | | | | | |
| મહત્તમ નુક્સાન 78,000 | | | | | | |
| મહત્તમ નુક્સાન ભાગીદારો વચ્ચે વહેંચતા | | | | -39,000 | -26,000 | -13,000 |
| ચોથા હપતા પેટે ચૂકવાશે | | | | 40,200 | 26,800 | 11,000 |
| **મૂડીતૂટ** | | | | 39,000 | 26,000 | 13,000 |

**ઉદાહરણ-6** અનિલ, મુકેશ અને ધીરજ 2:2:1ના પ્રમાણમાં નફા-નુક્સાન વહેંચી લેતા ભાગીદારો છે. તેમણે તા.1-10-16ના રોજ ભાગીદારી પેઢીનું વિસર્જન કરવાનું નક્કી કર્યું. તે તારીખે તેમનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકત લેણા | રકમ (₹) |
|---|---|---|---|
| <u>મૂડી ખાતા</u> | | કાયમી મિલકતો | 6,50,000 |
| અનિલ 3,50,000 | | ચાલુ મિલકતો | 3,05,000 |
| મુકેશ 1,70,600 | | રોકડ સિલક | 60,000 |
| ધીરજ 94,400 | 6,15,000 | | |
| સામાન્ય અનામત | 50,000 | | |
| મુકેશની લોન | 80,000 | | |
| ધીરજની લોન | 70,000 | | |
| લેણદારો | 1,20,000 | | |
| બૅંક ઓવરડ્રાફ્ટ | 80,000 | | |
| | 10,15,000 | | 10,15,000 |

મિલકતોના નીચે પ્રમાણે ઉપજ્યા

પ્રથમ હપતો(1-11-16) = 1,39,000

બીજો હપતો (1-12-16) = 1,70,000

ત્રીજો હપતો (1-1-17) = 1,54,000

ચોથો હપતો (15-1-17) = 2,19,000

- **વધારાની માહિતી**

1. વિસર્જન ખર્ચ ₹11,000 અંદાજવામાં આવ્યો હતો; પરંતુ, ખરેખર વિસર્જન ખર્ચ ₹8,000 થયો.
2. તા.15-1-17ના રોજ પાકતી ₹18,000ની એક લેણીહૂંડી વટાવવામાં આવી જે પાકતી તારીખે સ્વીકારેલ છે.
3. વિસર્જન વખતે આકસ્મિક જવાબદારી ₹20,000 અંદાજવામાં આવી જે ત્રીજા હપતા વખતે ₹14,000માં ચૂકવી દેવામાં આવી.

મહત્તમ નફા-નુક્સાનની પદ્ધતિ પ્રમાણે રોકડની હપતે હપતે વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

## રોકડની હપતે હપતે વહેંચણી દર્શાવતું પત્રક

| વિગત | લેણદારો | BOD | મુકેશની લોન | ધીરજની લોન | અનિલની મૂડી | મુકેશની મૂડી | ધીરજની મૂડી |
|---|---|---|---|---|---|---|---|
| પાકાં સરવૈયાં મુજબની બાકી | 1,20,000 | 80,000 | 80,000 | 70,000 | 3,50,000 | 1,70,600 | 94,400 |
| + સામાન્ય અનામત | - | - | - | - | 20,000 | 20,000 | 10,000 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | 1,20,000 | 80,000 | 80,000 | 70,000 | 3,70,000 | 1,90,600 | 1,04,400 |
| પ્રથમ હપતો 1,39,000<br>+ રોકડ સિલક 60,000<br>-વિસર્જન ખર્ચ<br>અનામત 11,000<br>-વટાયેલ હૂંડીની<br>અનામત રકમ 18,000<br>આકસ્મિક જવાબદારીની રકમ<br>20,000<br>1,50,000 | | | | | | | |
| લેણદારો અને BOD વચ્ચે 3:2ના પ્રમાણમાં 1,50,000 | 90,000 | 60,000 | - | - | - | - | - |
| બાકી | 30,000 | 20,000 | 80,000 | 70,000 | 3,70,000 | 1,90,600 | 1,04,400 |
| બીજો હપતો 1,70,000<br>લેણદારો અને BOD વચ્ચે<br>3:2નાપ્રમાણમાં 50,000<br>1,20,000 | 30,000 | 20,000 | | | | | |
| મુકેશ અને ધીરજની લોન 6:7ના<br>પ્રમાણમાં 1,20,000 | - | - | 80,000 | 70,000 | 3,70,000 | 1,90,600 | 1,04,400 |
| -ત્રીજો હપતો 1,54,000<br>+આકસ્મિક જવાબદારી અનામતનો<br>વધારો 6,000 | - | - | 64,000 | 56,000 | - | - | - |
| 1,60,000 | | | 16,000 | 14,000 | 3,70,000 | 1,90,600 | 1,04,400 |
| મુકેશ અને ધીરજની<br>લોન ચૂકવતા 30,000 | | | 16,000 | 14,000 | - | - | - |
| 1,30,000<br>કુલ મૂડી 6,65,000<br>ત્રીજા હપતાનોવધારો 1,30,000<br>મહત્તમ નુક્સાન 5,35,000 | - | - | - | - | 3,70,000<br>2,14,000 | 1,90,600<br>2,14,000 | 1,04,400<br>1,07,000 |
| ભાગીદારો વચ્ચે વહેંચતા મુકેશ અને<br>ધીરજની મૂડીઘટ અનિલની ભરપાઈ | - | - | - | - | 1,56,000<br>-26,000 | -23,400<br>+23,400 | -2,600<br>+2,600 |
| રકમ | | | | | 1,30,000 | - | - |
| ત્રીજા હપતા પૈકી મળશે<br>બાકી 5,35,000<br>ચોથો હપતો 2,19,000<br>+વિસર્જન વધારો 3,000<br>+લેણીદેણી 18,000<br>મહત્તમ નુક્સાન 2,95,000 | | | | | 2,40,000<br>1,18,000 | 1,90,600<br>1,18,000 | 1,04,400<br>59,000 |
| ભાગીદારો વચ્ચે વહેંચતા | ચોથા હપતા પૈકી મળશે | | | | 1,22,000 | 72,600 | 45,400 |
| મૂડીતૂટ | | | | | 1,18,000 | 1,18,000 | 59,000 |

## <u>સ્વાધ્યાય</u>

### (અ) સૈદ્ધાંતિક પ્રશ્નો -

1. પેઢીનું વિસર્જન થતાં ભાગીદારો વચ્ચે રોકડની વહેંચણી ટુકડે ટુકડે શા માટે કરવી જોઈએ ?
2. જેમ જેમ મિલકતો વેચાતી જાય તેમ તેમ ભાગીદારો વચ્ચે રોકડ વહેંચવા માટેની મૂડી વધારાની અને મહત્તમ નુકસાનની પદ્ધતિઓ સમજાવો.
3. ટૂંકનોંધ લખો :
   1) રોકડની વહેંચણી માટેની "મૂડી વધારાની પદ્ધતિ"
   2) રોકડની હપતે હપતે વહેંચણી માટેની "મહત્તમ નુકસાનની પદ્ધતિ"
   3) મહત્તમ નુકસાનની પદ્ધતિ
4. નીચે દર્શાવેલ પ્રશ્નોના અંતે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

1. રોકડની ટુકડે ટુકડે વહેંચણીમાં મૂડી વધારાની પદ્ધતિએ છેલ્લે દરેક ભાગીદારની મૂડીતૂટ ક્યાં પ્રમાણમાં વહેંચાય છે ?

   (A) નફા-નુક્સાન પ્રમાણમાં (B) મૂડીના પ્રમાણમાં
   (C) સરખા હિસ્સે (D) ત્રણેય માંથી એકપણ નહીં

2. રોકડની ટુકડે ટુકડે વહેંચણીમાં મૂડી વધારા પદ્ધતિ મુજબ વહેંચણી કરવામાં આવે છે તેમાં....

   (A) દરેક ભાગીદારને સરખા હિસ્સે રકમ વહેંચવી
   (B) દરેક ભાગીદારને નફા-નુક્સાનના પ્રમાણમાં આપવામાં આવે.
   (C) નફાના પ્રમાણમાં જેની મૂડી વધુ હોય તેને પહેલા મળે.
   (D) જે ભાગીદારની મૂડી વધારે હોય તેને પ્રથમ આપવામાં આવે.

3. A અને B 2:1ના પ્રમાણમાં ભાગીદાર છે. તેઓની મૂડી અનુક્રમે ₹60,000 અને ₹30,000 છે. જો રોકડનો હપતો ₹20,000 મળેલ હોય તો...

   (A) ફકત Aને ₹20,000 મળશે. (B) ફક્ત Bને ₹20,000 મળશે.
   (C) A અને Bને ₹10,000 અને ₹10,000 મળશે. (D) A અને Bને ₹12,000 અને ₹8,000 મળશે.

4. પેઢીનું વિસર્જન થતા રોકડ હપતે હપતે વહેંચણી નક્કી થઈ. પેઢીના ચોપડે સલામત દેવું ₹80,000 છે. જેની સામે મકાન તારણમાં છે. મકાનના ₹60,000 ઉપજ્યા આ સંજોગોમાં...

   (A) ₹60,000 સલામત દેવા તરીકે પ્રથમ અને ₹20,000 બિન સલામતી દેવાં તરીકે તેની સામે ચૂકવાશે.
   (B) ₹60,000 પ્રથમ ચૂકવાયા બાદ ₹20,000 છેલ્લા હપતે ચૂકવાશે.
   (C) ₹80,000નું સલામત દેવું સૌ પ્રથમ ચૂકવાશે.
   (D) ₹80,000નું સલામત દેવુ લેણદારો સાથે જ ચૂકવાશે.

5. વિસર્જન વખતે ભાગીદારોની લોન રોકડની હપતે હપતે વહેંચણી કરવાની હોય ત્યારે ક્યા પ્રમાણમાં ચૂકવાય છે ?

   (A) નફા-નુક્સાનના પ્રમાણમાં    (B) મૂડીના પ્રમાણમાં

   (B) લોનની રકમના પ્રમાણમાં    (D) સરખે હિસ્સે

6. વિસર્જન સમયે પાકા-સરવૈયામાં રોકડ સિલક ₹25,000 છે. પ્રથમ હપતો ₹35,000 મળેલ છે. વિસર્જન ખર્ચનું અનામત ₹7,000, લેણીહૂંડી ₹18,000 જે બેંકમાં વટાવે છે. તેનું અનામત રાખવાનું છે, આ સંજોગોમાં ચૂકવવા માટે પ્રાપ્ત રકમ.

   (A) 85,000    (B) 53,000    (C) 42,000    (D) 35,000

7. રામ, લક્ષ્મણ અને ભરત સરખા પ્રમાણમાં ન.નુ. વહેંચતા ભાગીદારો છે. તેઓની મૂડી અનુક્રમે ₹60,000, ₹45,000 અને ₹30,000 છે. જો રોકડ હપતો ₹45,000ની વહેંચણી કરવાની હોય તો..

   (A) ફક્ત રામને જ ₹45,000 ચૂકવાશે.

   (B) પ્રથમ ભરતને ચૂકવી દેવાશે ત્યારબાદ ₹15,000 લક્ષ્મણને ચૂકવાશે.

   (C) ફક્ત લક્ષ્મણને જ ₹45,000 ચૂકવાશે.

   (D) રામને ₹30,000 અને લક્ષ્મણને ₹15,000 ચૂકવાશે.

8. જય અને કિશન 2:3 ના પ્રમાણમાં ન.નુ. વહેંચતા ભાગીદારો છે. તેઓની મૂડી અનુક્રમે ₹60,000 અને ₹40,000 છે. પાકાં સરવૈયાંમાં સામાન્ય અનામતની બાકી ₹20,000 અને ન.નુ. ખાતાની ઉધાર બાકી ₹10,000 છે. તો જય અને કિશનની ચોખ્ખી ચૂકવવાપાત્ર મૂડી....

   (A) ₹72,000 અને ₹48,000    (B) ₹64,000 અને ₹46,000

   (C) ₹56,000 અને ₹32,000    (D) ₹60,000 અને ₹40,000

**[જવાબો :- 1. (A), 2. (C), 3. (A), 4. (A), 5. (C), 6. (D), 7. (D), 8. (B) ]**

## (બ) વ્યાવહારિક પ્રશ્નો

1. સરલ, કમલ અને નયન સરખે હિસ્સે નફો-નુક્સાન વહેંચતા ભાગીદારોમાં તેમનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

**પાકું સરવૈયું**

| મૂડી-દેવા | રકમ(₹) | મિલકત-લેણા | રકમ(₹) |
|---|---|---|---|
| <u>મૂડી</u>: | | | |
| સરલ | 30,000 | મિલકતો | 1,05,000 |
| કમલ | 20,000 | રોકડ હાથ પર | 5,000 |
| નયન | 10,000 | | |
| સામાન્ય અનામત | 18,000 | | |
| લોન : સરલની લોન | 8,000 | | |
| કમલની લોન | 4,000 | | |
| લેણદારી | 20,000 | | |
| | 1,10,000 | | 1,10,000 |

પેઢીનું વિસર્જન થતા મિલકતોના આ પ્રમાણે ઉપજ્યાં.

પ્રથમ હપતો : 18,000

બીજો હપતો : 28,000

ત્રીજો હપતો : 29,000

ભાગીદારો વચ્ચે મૂડી વધારાની રીત મુજબ રોકડની ટુકડે ટુકડે વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

(જવાબ : મૂડીતૂટ : સરલ=10,000, કમલ=10,000 અને નયન=10,000)

2. રાજ, રાજન અને રાહુલ 2:2:1ના પ્રમાણમાં નફા-નુક્સાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-12-2016ના રોજ તેમની પેઢીનું વિસર્જન કરવામાં આવ્યું અને તે તારીખનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

**પાકું સરવૈયું**

| મૂડી-દેવા | રકમ(₹) | મિલકત-લેણા | રકમ(₹) |
|---|---|---|---|
| મૂડી : રાજ | 80,000 | જમીન-મકાન | 98,000 |
| રાજન | 45,000 | યંત્રો | 25,000 |
| રાહુલ | 25,000 | ફર્નિચર | 22,000 |
| બૅંક લોન(નાણાંવાળી) | 30,000 | દેવાદાર | 65,000 |
| લેણદારો | 60,000 | રોકડ સિલક | 15,000 |
| | | ન.નુ. ખાતું. | 15,000 |
| | 2,40,000 | | 2,40,000 |

- મિલકતોના નીચે મુજબ નાણાં ઉપજ્યાં.

  પ્રથમ હપતો : 30,000

  બીજો હપતો : 68,000

  ત્રીજો હપતો : 40,000

  ચોથો હપતો : 42,000

₹8,000ની રકમ વિસર્જન ખર્ચ માટે અનામત તરીકે રાખેલી હતી. પરેડ ખરેખર ખર્ચ ₹5,000 થયો

મહત્તમ નુક્સાનની પદ્ધતિથી રોકડની હપતે હપતે વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

(જવાબ : આખરની મૂડીતૂટ : રાજ=14,000, રાજન=14,000 અને રાહુલ=7,000)

3. રમેશ, મહેશ અને નરેશ અનુક્રમ 5:3:2ના પ્રમાણમાં નફો-નુક્સાન વેચાણ ભાગીદારી છે. તેમનું તા.31-05-2017ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

**પાકું સરવૈયું**

| જવાબદારીઓ | રકમ(₹) | મિલકત-લેણા | રકમ(₹) |
|---|---|---|---|
| મૂડી : રમેશ 6,000 | | જમીન-મકાન | 77,000 |
| મહેશ 30,000 | | યંત્રો | 31,000 |
| નરેશ 15,000 | 1,05,000 | ફર્નિચર | 12,000 |
| સામાન્ય અનામત | 22,000 | દેવાદારો | 70,000 |
| આકસ્મિક અનામતલોન | 12,000 | સ્ટૉક | 24,000 |
| | | રોકડ સિલક | 18,000 |
| મહેશ | 20,000 | | |
| નરેશ | 10,000 | | |
| લેણદારો | 42,000 | | |
| બૅંક | 21,000 | | |
| | 2,32,000 | | 2,32,000 |

તેમની પેઢીનું વિસર્જન થયું અને મિલકતોના નીચે મુજબ ઉપજ્યાં.

1) પ્રથમ હપતો 49,000
2) બીજો હપતો 67,000
3) ત્રીજો હપતો 54,400

વિસર્જનની તારીખે આકસ્મિક જવાબદારી ₹2,000ની હતી. જે બીજા હપતા વખતે ₹1,000માં ચૂકતે કરવામાં આવી. વિસર્જન ખર્ચ ₹5,000 અંદાજવામાં આવ્યો હતો. પણ ખરેખર ખર્ચ ₹3,000 થયો હતો. ત્રીજા હપતા વખતે ₹2,000નો સ્ટૉક મહેશ લઈ ગયા. જેની હિસાબોમાં જોગવાઈ કરી ન હતી તેવી રકમ ₹2,400 પેઢીને ત્રીજા હપતા વખતે ચૂકવવી પડી.

મહત્તમ નુક્સાનની પદ્ધતિથી રોકડની વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

(જવાબ : મૂડીતૂટ – રમેશ=23,500, મહેશ=14,100 અને નરેશ=9,400)

પ્રથમ હપતાની મળતી રોકડ = 60,000
બીજા હપતા વખતે = 68,000
ત્રીજા હપતા =56,000

4. રોનક, હર્ષિલ અને તરલ અનુક્રમે 3:2:1ના પ્રમાણમાં ન.નુ. વહેંચતા ભાગીદારો છે. તેઓ તા.31-12-2014ના રોજ ભાગીદારી પેઢીનું વિસર્જન કરે છે, તે તારીખનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

**પાકું – સરવૈયું**

| મૂડી-દેવા | રકમ(₹) | મિલકત-લેણા | રકમ(₹) |
|---|---|---|---|
| મૂડી : રોનક 90,000 | | મકાન | 80,000 |
| હર્ષિલ 30,000 | | યંત્રો | 30,000 |
| તરલ 30,000 | 1,50,000 | રોકડમૂડી | 70,000 |

| | | | |
|---|---|---|---|
| સામાન્ય અનામત | 21,000 | દેવાદારો | 1,00,000 |
| બેંક ઓવરડ્રાફ્ટ(નાણાં પર) | 50,000 | રોકડ | 10,000 |
| દેવીહૂંડી | 30,000 | ન.નુ. ખાતું | 21,000 |
| રોનકની લોન | 40,000 | | |
| તરલની લોન | 20,000 | | |
| | **3,11,000** | | **3,11,000** |

❖ **વધારાની માહિતી:**

1) વિસર્જન ₹5,000 અંદાજવામાં આવ્યો હતો; પરંતુ, ખરેખર વિસર્જન ખર્ચ ₹4,000 થયો.

2) મિલકતોના નીચે પ્રમાણે ઉપજ્યા

| **વિગત** | **સ્થિર મિલકતો** | **ચાલુ મિલકતો** | **ખર્ચો** |
|---|---|---|---|
| પ્રથમ હપતો | 40,000 | 35,000 | 5,000 |
| બીજો હપતો | 42,000 | - | 1,000 |
| ત્રીજો હપતો | 70,000 | 30,000 | 1,000 |
| ચોથો હપતો | 30,000 | 13,000 | 1,000 |
| પાંચમો હપતો | 29,500 | - | 500 |

મૂડી વધારાની પદ્ધતિ મુજબ રોકડની હપતે-હપતે વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

(જવાબ : ભાગીદારની આખરની મૂડીતૂટ : રોનક ₹1500, હર્ષિલ ₹1000 અને તરલ ₹500)

5. સુમિતા, રૂચિતા અને અંકિતા 2:2:1ના પ્રમાણમાં નફો–નુક્સાન વહેંચતા ભાગીદારો છે. તા.31-3-15ના રોજ તેઓએ પેઢીનું વિસર્જન કર્યું તે તારીખે પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

**પાકું સરવૈયું**

| મૂડી-દેવા | રકમ(₹) | મિલકત-લેણા | રકમ(₹) |
|---|---|---|---|
| <u>મૂડી :</u> | | મકાન | 3,00,000 |
| સુમિતા | 1,50,000 | યંત્રો | 1,00,000 |
| રૂચિતા | 1,25,000 | સ્ટૉક | 92,500 |
| અંકિતા | 75,000 | દેવાદારો | 1,11,250 |
| સામાન્ય અનામત | 37,500 | રોકડ બાકી | 16,250 |
| બેંક લોન (સલામત) | 1,01,250 | નફા-નુક્સાન ખાતું | 50,000 |
| રૂચિતાની લોન | 61,250 | | |
| લેણદારો | 1,20,000 | | |
| | 6,70,000 | | 6,70,000 |

❖ મિલકતોના નીચે પ્રમાણે ઉપજ્યા

| | |
|---|---|
| પ્રથમ હપતો | ₹1,62,500 |
| બીજો હપતો | ₹90,000 |
| ત્રીજો હપતો | ₹95,000 |
| ચોથો હપતો | ₹1,14,500 |

₹37,500 વિસર્જન ખર્ચ માટે અનામત રાખેલા, ખરેખર ખર્ચ ₹30,000 થયો. મૂડી વધારાની રીતે ભાગીદારો વચ્ચે રોકડની હપતે હપતે વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

(જવાબ : ભાગીદારની આખરની મૂડીતૂટ : સુમિતા ₹68,700, રૂચિતા ₹68,700 અને અંકિતા ₹34,350)

6. મહેતા, શાહ અને ગાંધી અનુક્રમે 2:2:1ના પ્રમાણમાં નફા-નુક્સાન વહેચી લેતાં ભાગીદારો છે. તા.31-3-07ના રોજ પેઢીનું વિસર્જન થયું પેઢીનું 31-3-07ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

**પાકું સરવૈયું**

| દેવા | રકમ(₹) | મિલકતો | રકમ(₹) |
|---|---|---|---|
| મૂડી: | | કાયમી મિલકતો | 40,000 |
| મહેતા 24,000 | | સ્ટૉક | 20,000 |
| શાહ 22,000 | | ફર્નિચર | 10,000 |
| ગાંધી 9,000 | 55,000 | રોકડ | 15,000 |
| લેણદારો | 40,000 | ન.નુ. ખાતું | 10,000 |
| | 95,000 | | 95,000 |

તા.30-6-2007ના રોજ પાકે એવી ₹4,000ની એક લેણીહૂંડી લેણદારોને વેચાણ શેરો કરીને આપી હતી.

મિલકતોના નીચે પ્રમાણે ઉપજ્યાં.

| તારીખ | ₹ |
|---|---|
| 1) 30-4-2007 | 12,000 |
| 2) 31-5-2007 | 25,000 |
| 3) 30-6-2007 | 26,000 |
| 4) 31-7-2007 | 5,000 |

વિસર્જન ખર્ચ માટે ₹3,000 ની રકમ અનામત રાખવામાં આવી હતી; પરંતુ, ખરેખર વિસર્જન ખર્ચ ₹2,000 થયો હતો. વેચાણશેરો કરલી લેણી હૂંડીના નાણાં સ્વીકારનારે ચૂકવી આપ્યાં હતાં.

ઉપરની માહિતી પરથી મહત્તમ નુક્સાનની પદ્ધતિ મુજબ રોકડની હપતે–હપતે વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો

(જવાબ : આખરી મૂડીતૂટ મહેતા ₹1,600, શાહ ₹1,600 અને ગાંધી ₹800)

BAOU
Education for all

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

978-81-938309-0-1

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education
for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## પ્રથમ વર્ષ બી.કોમ

## BCFACN103

# નાણાકીય હિસાબી પદ્ધતિ

## ભાગ-૨



BAOU Education for all

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**પ્રથમ વર્ષ બી.કોમ.**

**BCFACN103**

**નાણાકીય હિસાબી પદ્ધતિ**

**ભાગ – 2**

# નાણાકીય હિસાબી પદ્ધતિ


**એકમ : 5**

સંયુક્ત જીવન વીમા પૉલિસીના હિસાબો 1-16

**એકમ : 6**

આડતમાલના હિસાબો 17-49

**એકમ : 7**

રાશના હિસાબો 50-75

**એકમ : 8**

બિન-વેપારી સંસ્થાના હિસાબો 76-96

| | | |
|---|---|---|
| લેખક : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. જયેન્દ્રસિંહ જાદવ | એસોસિએટ પ્રોફેસર,<br>એસ. પી. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, આણંદ. |
| | ડૉ. સંદિપ મુંગરા | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>જી.કે.એન્ડ સી.કે.બોસમિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જેતપુર, રાજકોટ. |
| | ડૉ. શૈલેજા પરમાર | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>શ્રીમતી એમ.પી પટેલ કોલેજ ઓફ કોમર્સ,કડી,મહેસાણા. |
| પરામર્શક (વિષય) : | ડૉ.નિલેશ સુચક | એસોસિએટ પ્રોફેસર એન્ડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ,<br>આર.જે ટીબ્રેવાલ કોમર્સ કોલેજ, વસ્ત્રાપુર,અમદાવાદ. |
| | ડૉ. દિપક રાસ્તે | એસોસિએટ પ્રોફેસર,<br>શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિધાલય,અમદાવાદ. |
| | ડૉ. માર્જુન જોખી | પ્રિન્સિપાલ,<br>જી.એલ.એસ કોમર્સ કોલેજ, અમદાવાદ. |
| પરામર્શક (ભાષા) : | ડૉ. હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી વિભાગ),<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| સંયોજક : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |


| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. અજયસિંહ જાડેજા | કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| આવૃત્તિ : | સુધારેલ પુનઃ આવૃત્તિ – 2025 | |

ISBN: 978-81-938309-0-1



<u>સર્વાધિકાર સુરક્ષિત</u>

આ પાઠ્યપુસ્તક ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી;દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે.જેના સર્વાધિકાર સુરક્ષિત છે.આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ધાંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# એકમ 5 સંયુક્ત જીવન વીમા પૉલિસીના હિસાબો

- ❖ રૂપરેખા
  - ➢ પ્રસ્તાવના
  - ➢ સંયુક્ત જીવન વીમા પૉલિસીનાં પ્રીમિયમની નોંધણીની રીત:
    - પ્રીમિયમને મહેસૂલી ખર્ચ ગણવામાં આવે ત્યારે
    - પ્રીમિયમની રકમને મૂડી ખર્ચ ગણવામાં આવે ત્યારે
    - પૉલિસીને શરણમૂલ્ય કિંમતે દર્શાવવી અને તફાવતની રકમને મહેસૂલી ખર્ચ ગણવો
    - પૉલિસી અનામત ખાતું ઊભું કરીને પૉલિસી શરણમૂલ્યે દર્શાવવાની પદ્ધતિ
  - ➢ સ્વાધ્યાય

**❖ પ્રસ્તાવના :**

દરેક માણસનું મૃત્યુ નિશ્ચિત છે; પરંતુ, તેનો સમય નિશ્ચિત હોતો નથી. આમ, વ્યક્તિનું મૃત્યુ કયારે આવી શકે તે અનિશ્ચિત હોય છે. જ્યારે કુટુંબના કોઈ વ્યક્તિનું અચાનક મૃત્યુ થાય ત્યારે તે કુટુંબ ઉપર આપત્તિ આવી પડે છે અને મૃત્યુ પામનાર વ્યક્તિ એક જ કમાનાર વ્યક્તિ હોય તો તે કુટુંબ આર્થિક રીતે પડી ભાંગે છે. આમ, આવી પરિસ્થિતિનો સામનો કરવા માટે વીમો ઉતારવામાં આવે છે.

આવી જ રીતે ભાગીદારી પેઢીનાં કોઈ એક ભાગીદારનું મૃત્યુ થાય ત્યારે ભાગીદારનાં વારસદારને પેઢીમાંથી ચૂકવવાની રકમ ખૂબ મોટી હોય છે. આમ, આ પેઢીમાં નાણાકીય કટોકટી સર્જાવાનો ભય રહે છે. તેથી ભાગીદારી પેઢીમાં બધા જ ભાગીદારોનાં નામે એક સંયુક્ત જીવન વીમા પૉલિસી લેવામાં આવે છે. આ પૉલિસીની જોગવાઈ મુજબ કોઈપણ ભાગીદારની મૃત્યુ બાદ પૉલિસીની રકમ મળે છે. જેમાંથી મૃતક ભાગીદારોનાં વારસદારોને રકમ ચૂકવવામાં આવે છે. આમ, પેઢી ઉપર આર્થિક ભારણ પડતું નથી.

**❖ સંયુક્ત જીવન વીમા પૉલિસીનાં પ્રીમિયમની નોંધણી :**

સંયુક્ત જીવન વીમા પૉલિસીનું પ્રીમિયમ પેઢીમાંથી ચૂકવવાનું હોવાથી પ્રીમિયમની નોંધ પેઢીનાં ચોપડે નીચે દર્શાવેલ ચારમાંથી કોઈપણ એક રીતનો ઉપયોગ કરીને થાય છે :

(1) સં.જી.વી. પૉલિસીના પ્રીમિયમને સામાન્ય મહેસૂલી ખર્ચ ગણવો.
(2) સં.જી.વી. પૉલિસીના પ્રીમિયમની રકમને દર વર્ષે મૂડી ખર્ચ ગણવો.
(3) પૉલિસીને શરણમૂલ્ય કિંમતે દર્શાવવી અને તફાવતની રકમ મહેસૂલી ખર્ચ ગણવો.
(4) પૉલિસી શરણમૂલ્યે દર્શાવવી અને પૉલિસી અનામત ખાતું ઊભું કરવામાં આવે ત્યારે..

**રીત નં. 1 પ્રીમિયમને મહેસૂલી ખર્ચ ગણવામાં આવે ત્યારે.**

આ પદ્ધતિમાં પ્રીમિયમને મહેસૂલી ખર્ચ ગણી નફા-નુકસાન ખાતે ઉધારવામાં આવે છે. જ્યારે કોઈ ભાગીદારનું અવસાન થાય ત્યારે મળતી પૉલિસીની રકમ અને બોનસની રકમ બૅંક ખાતે ઉધારી સંયુક્ત

જીવન વીમા પૉલિસી ખાતે જમા કરાય છે અને આ બાકી રકમ ભાગીદારો વચ્ચે ન.નુ.ના પ્રમાણમાં વહેંચી આપવામાં આવે છે.

❖ **જરૂરી આમનોંધ**

**(1) જ્યારે પ્રીમિયમ ચૂકવવામાં આવે ત્યારે**

પ્રીમિયમ ખાતે ઉ....

તે બૅંક / રોકડ ખાતે

**(2) વર્ષનાં અંતે પ્રીમિયમ ખાતું બંધ કરવાની નોંધ**

નફા-નુકસાન ખાતે ઉ....

તે પ્રીમિયમ ખાતે

ઉપરની બંને નોંધ દર વર્ષે કરવામાં આવે છે.

**(3) જ્યારે કોઈ ભાગીદારનું મૃત્યુ થતા સં.જી.વી. પૉલિસીની રકમ બોનસ સહિત મળે ત્યારે :**

- બૅંક ખાતે (બોનસ સહિતની રકમ) ઉ...

  તે સં.જી.વી. ખાતે

- સં.જી.વી.પૉલિસી ખાતે ઉ...

  તે ભાગીદારોનાં મૂડી ખાતે (ન.નુ.ના પ્રમાણમાં)

**ઉદાહરણ 1** A,B અને C 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો હતાં. તેમણે ₹1,50,000ની સંયુક્ત જીવન વીમા પૉલિસી લીધી હતી, જેનું વાર્ષિક પ્રીમિયમ ₹10,000 હતું. પૉલિસી શરૂ થવાના સમયે 1-4-14 જે તારીખે પ્રથમ પ્રીમિયમ ભરાયું હતું. ભાગીદારો વીમા પ્રીમિયમને મહેસૂલી ખર્ચ ગણતા.હતા. તા. 18-6-17ના રોજ B મૃત્યુ પામ્યો અને વીમા કંપનીએ બોનસ સહિત ₹1,80,000 તા. 30-06-17ના ચૂકવી આપ્યા બધા વર્ષ માટે આમનોંધ લખો. પેઢીનું હિસાબી તા. 31-03ના રોજ પૂરું થાય છે.

**A, B અને C ની પેઢીનાં ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર(₹) | જમા(₹) |
|---|---|---|---|---|
| 1-4-14 | વીમા પ્રીમિયમ ખાતે ઉ...<br>તે બૅંક ખાતે<br>(બા.જે. પ્રથમ પ્રીમિયમ ભર્યું તેની નોંધ) | | 10,000 | 10,000 |
| 31-3-15 | નફા-નુકસાન ખાતે ઉ....<br>તે વીમા પ્રીમિયમ ખાતે<br>(બા.જે. વર્ષને અંતે પ્રીમિયમનું ખાતું બંધ કરી નફા-નુકસાન ખાતે લઈ ગયા તેની નોંધ) | | 10,000 | 10,000 |
| 1-4-15 | વીમા પ્રીમિયમ ખાતે ઉ...<br>તે બૅંક ખાતે<br>(બા.જે. બીજા વર્ષનું પ્રીમિયમ ભર્યું તેની નોંધ) | | 10,000 | 10,000 |

| | | | | |
|---|---|---|---|---|
| 31-3-16 | ન.નું ખાતે ઉ...<br>તે વીમા પ્રીમિયમ ખાતે<br>(બા.જે. વર્ષને અંતે પ્રીમિયમનું ખાતું બંધ કરી નફા-નુકસાન ખાતે લઈ ગયા તેની નોંધ) | | 10,000 | 10,000 |
| 1-4-16 | વીમા પ્રીમિયમ ખાતે ઉ....<br>તે બૅંક ખાતે<br>(બા.જે. ત્રીજા વર્ષનું પ્રીમિયમ ભર્યું તેની નોંધ) | | 10,000 | 10,000 |
| 31-3-17 | ન.નું ખાતે ઉ...<br>તે વીમા પ્રીમિયમ ખાતે<br>(બા.જે. વર્ષને અંતે પ્રીમિયમનું ખાતું બંધ કરી નફા-નુકસાન ખાતે લઈ ગયા તેની નોંધ) | | 10,000 | 10,000 |
| 1-4-17 | વીમા પ્રીમિયમ ખાતે ઉ....<br>તે બૅંક ખાતે<br>(બા.જે. ચોથા વર્ષનું પ્રીમિયમ ભર્યું તેની નોંધ) | | 10,000 | 10,000 |
| 30-6-17 | બૅંક ખાતે ઉ...<br>તે સં.જી.વી. પૉલિસી ખાતે<br>(બા.જે. Bનું મૃત્યુ થતા વીમા પૉલિસી પાકી અને તેની રકમ મળી તે અંગેની નોંધ) | | 1,80,000 | 1,80,000 |
| 30-6-17 | સં.જી.વી પૉલિસી ખાતે ઉ...<br>તે Aના મૂડી ખાતે<br>તે Bના મૂડી ખાતે<br>તે Cના મૂડી ખાતે<br>(બા.જે. પૉલિસીની રકમ ભાગીદારો વચ્ચે ન.નુ.ના પ્રમાણમાં વહેંચી તે અંગેની નોંધ) | | 1,80,000 | 90,000<br>60,000<br>30,000 |
| 31-3-18 | ન.નુ. ખાતે ઉ...<br>તે વીમા પ્રીમિયમ ખાતે<br>(બા.જે. વર્ષના અંતે વીમા પ્રીમિયમનું ખાતું બંધ કરી ન.નુ. ખાતે લઈ ગયાની નોંધ) | | 10,000 | 10,000 |
| | કુલ | | 4,40,000 | 4,40,000 |

**રીત નં : 2 પ્રીમિયમની રકમને મૂડી ખર્ચ ગણવામાં આવે ત્યારે :**

આ પદ્ધતિમાં પ્રીમિયમની રકમને મૂડીખર્ચ ગણવામાં આવે છે અને પૉલિસીને પેઢીની મિલકત ગણવામાં આવે છે. પૉલિસીની બાકીને પા.સ.માં મિલકત લેણાં બાજુ દર્શાવાય છે.

- જરૂરી આમનોંધ :-

 1. જ્યારે પ્રીમિયમ ભરવામાં આવે ત્યારે :

 સં.જી.વી. પૉલિસી ખાતે ઉ.

તે બૅંક ખાતે

(બા.જે. વાર્ષિક પ્રીમિયમ ભર્યું તેની નોંધ)

➔ ભાગીદારનું અવસાન બાદ પૉલિસીની રકમ બોનસ સહિત મળે ત્યારે :

(a) બૅંક ખાતે ઉ.

તે સં.જી.વી. પૉલિસી ખાતે

(b) પૉલિસીની રકમ ભાગીદારો વચ્ચે ન.નુ.ના. પ્રમાણમાં આપવામાં આવે ત્યારે

સં.જી.વી. પૉલિસી ખાતે ઉ.

તે ભાગીદારોના મૂડી ખાતે

**ઉદાહરણ 2** કમલ, કિશન અને કરણ 2:2:1 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેમણે તા. 1-4-14ના રોજ ₹1,00000ની સંયુક્ત જીવન વીમા પૉલિસી લીધી. જેનું વાર્ષિક પ્રીમિયમ ₹6,000 પેઢીમાંથી ભરવાનું છે.

તા.15-8-16ના રોજ કિશન મૃત્યુ પામ્યો ત્યારે તેના મૂડી ખાતાની બાકી ₹25000 તા.31-8-16ના રોજ વીમા કંપની એ ₹1,20,000 બોનસ સહિત ચૂકવી આપી પેઢીએ કિશનના વારસદારોને તેના હિસ્સાની સંપૂર્ણ રકમ તા.15-09-16 ના રોજ ચૂકવી આપી.

ઉપરની વિગતોનાં આધારે તમામ વર્ષની આમનોંધ લખી અને સં.જી.વી. પૉલિસી ખાતું તૈયાર કરો. સૂચવેલ પેઢી મૂડી ખર્ચ ગણી હિસાબી નોંધ કરે છે.

## આમનોંધ

| તારીખ | વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|
| 1-4-14 | સં.જી.વી. પૉલિસી ખાતે ઉ...<br>તે બૅંક ખાતે<br>(બા.જે. પુખ્ત પ્રીમિયમની રકમ ભરી તેની આમનોંધ) | 6,000 | 6,000 |
| 1-4-15 | સં.જી.વી. પૉલિસી ખાતે ઉ....<br>તે બૅંક ખાતે<br>(બા.જે. બીજા વર્ષના પ્રીમિયમની રકમ ભરી તેની આમનોંધ) | 6,000 | 6,000 |
| 1-4-16 | સં.જી.વી. પૉલિસી ખાતે ઉ....<br>તે બૅંક ખાતે<br>(બા.જે. ત્રીજા વર્ષના પ્રીમિયમની રકમ ભરી તેની નોંધ) | 6,000 | 6,000 |
| 31-8-16 | બૅંક ખાતે ઉ....<br>તે સં.જી.વી. પૉલિસી ખાતે<br>(બા.જે. રકમ બોનસ સહિત મળી તેની નોંધ) | 1,20,000 | 1,20,000 |
| 31-8-16 | સં.જી.વી. પૉલિસી ખાતે ઉ....<br>તે કમલના મૂડી ખાતે | 1,02,000 | 40,000 |

| | | | |
|---|---|---|---|
| | તે કિશનના મૂડી ખાતે<br>તે કરણના મૂડી ખાતે<br>(બા.જે. પૉલિસીની બાકી ભાગીદારોના મૂડી ખાતે વહેંચી) | | 40,800<br>20,400 |
| 15-9-16 | કિશનના મૂડી ખાતે ઉ....<br>તે કિશનનાં વારસદાર ખાતે<br>(બા.જે. કિશનના મૂડી ખાતાની બાકી તેના વારસદાર ખાતે ફેરવી તેની નોંધ) | 65,800 | 65,800 |
| 15-9-16 | કિશનના વારસદાર ખાતે ઉ....<br>તે બેંક ખાતે<br>(બા.જે. કિશનના વારસદારને રકમ ચૂકવી તેની નોંધ) | 65,800 | 65,800 |
| | કુલ | 3,71,600 | 3,71,600 |

ઉ. સં.જી.વી. પૉલિસી ખાતું જ.

| તારીખ | વિગત | રકમ(₹) | તારીખ | વિગત | રકમ(₹) |
|---|---|---|---|---|---|
| 1-4-14 | બેંક ખાતે | 6,000 | 31-3-15 | બા.આ. લઈ ગયા | 6,000 |
| | | 6,000 | | | 6,000 |
| 1-4-115 | બા.આ. લાવ્યા | 6,000 | 31-3-16 | બા.આ. લઈ ગયા | 12,000 |
| 1-4-15 | બેંક ખાતે | 6,000 | | | |
| | | 12.000 | | | 12,000 |
| 1-4-16 | બા.આ. લાવ્યા | 12,000 | 31-8-16 | બેંક ખાતે | 1,20,000 |
| 1-4-16 | બેંક ખાતે | 6,000 | | | |
| 31-8-16 | કમલના મૂડી ખાતે | 40,800 | | | |
| 31-8-16 | કિશનના મૂડી ખાતે | 40,800 | | | |
| 31-8-16 | કરણના મૂડી ખાતે | 20,400 | | | |
| | | 1,20,000 | | | 1,20,000 |

**રીત નં. 3 પૉલિસીને શરણમૂલ્ય કિંમતે દર્શાવવી અને તફાવતની રકમને મહેસૂલી ખર્ચ ગણવો.**

આ પદ્ધતિમાં વર્ષના અંતે પૉલિસીનું શરણમૂલ્ય પાકાં સરવૈયાંમાં દર્શાવાય છે અને ભરેલ પ્રીમિયમને મૂડી ખર્ચ ગણવામાં આવે છે અને તફાવતની રકમને મહેસૂલી ખર્ચ ગણવામાં આવે છે. આમ, આ પદ્ધતિ આગળની બન્ને પદ્ધતિની મર્યાદાઓને દૂર કરે છે.

આ પદ્ધતિ મુજબ હિસાબી ચોપડે નીચે મુજબ જરૂરી આમનોંધ નોંધાય છે :

- દર વર્ષે કરવાની થતી આમનોંધ :

1) પૉલિસીનું પ્રીમિયમ ભરવામાં આવે ત્યારે :

સં.જી.વી. પૉલિસી ખાતે ઉ.....

તે બેંક ખાતે

2) વર્ષના અને પૉલિસીને શરણમૂલ્ય કિંમતે દર્શાવવા માંડી વાળવાની રકમ

નફા-નુકસાન ખાતે ઉ...

તે સં.જી.વી.પૉલિસી ખાતે

- જ્યારે કોઈ ભાગીદારનું મૃત્યુ થાય ત્યારે કરવામાં આવતી નોંધ :

1) વીમા કંપની નાણાં ચૂકવી આપે ત્યારે

બૅંક ખાતે

તે સં.જી.વી. પૉલિસી ખાતે

2) સં.જી.વી.પૉલિસીની જમા બાકી ભાગીદારો વચ્ચે વહેંચવાની નોંધ :

સં.જી.વી. પૉલિસી ખાતે ઉ..........

તે ભાગીદારોનાં મૂડી ખાતે

**ઉદાહરણ 3** આન, બાન અને શાન 5:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. ₹1,00,000ની સં.જી.વી.પૉલિસી પેઢી દ્વારા તા.1-4-12ના રોજ લેવામાં આવી. વાર્ષિક પ્રીમિયમ દર વર્ષે તા.8મી એપ્રિલના રોજ ચૂકવાય છે. બાન તા.10-06-2016ના રોજ મૃત્યુ પામ્યા. પ્રીમિયમ દર વર્ષે ₹15,000 ભરવાનું હતું. સં.જી.વી. પૉલિસીનું વર્ષો વર્ષનું શરણમૂલ્ય નીચે મુજબ હતું :

- 2012-13=₹0, 2013-14=₹4,000, 2014-15=₹10,000, 2015-16=₹14,500. સંયુક્ત જીવન વીમા પૉલિસી અનામત ખાતું રાખવામાં આવતું નથી. પેઢીનાં હિસાબો 31મી માર્ચના રોજ પૂરા કરે છે. દરેક વર્ષની આમનોંધ લખો, સંયુક્ત જીવન વીમા પૉલિસીનું ખાતું તૈયાર કરો.

| વર્ષ | પ્રીમિયમ | શરણમૂલ્ય | શરણમૂલ્યમાં વધારો | માંડી વાળવાની રકમ |
|---|---|---|---|---|
| 2012 | 15,000 | 0 | 0 | 15,000 |
| 2013 | 15,000 | 4,000 | 4,000 | 11,000 |
| 2014 | 15,000 | 10,000 | 6,000 | 9,000 |
| 2015 | 15,000 | 14,000 | 4,500 | 10,500 |

**પેઢીના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર | જમા |
|---|---|---|---|---|
| 8/4/2012 | સંયુક્ત જીવન વીમા પૉલિસી ખાતે ઉ...<br>તે બૅંક ખાતે<br>(બા.જે. પ્રથમ વર્ષનું પ્રીમિયમ ભર્યું તેના) | | 15,000 | <br>15,000 |
| 31/3/2013 | ન.નુ. ખાતે ઉ....<br>તે સં.જી.વી. પૉલિસી ખાતે<br>(બા.જે પૉલિસીનું શરણમૂલ્ય શૂન્ય હોવાથી તેનું ખાતું બંધ કર્યું તેની નોંધ) | | 15,000 | <br>15,000 |
| 8/4/2013 | સં.જી.વી. પૉલિસી ખાતે ઉ.....<br>તે બૅંક ખાતે<br>(બા.જે. બીજા વર્ષનું પ્રીમિયમ ભર્યું તેના) | | 15,000 | <br>15,000 |

| | | | | |
|---|---|---|---|---|
| 31/3/2014 | ન.નુ. ખાતે ઉ....<br>તે સં.જી.વી. પૉલિસી ખાતે<br>(બા.જે શરણમૂલ્ય 11,000ના વધારાની રકમ માંડી વાળી તેના) | | 11,000 | 11,000 |
| 8/4/2014 | સંયુક્ત જીવન વીમા પૉલિસી ખાતે ઉ...<br>તે બૅંક ખાતે<br>(બા.જે. ત્રીજા વર્ષનું પ્રીમિયમ ભર્યું તેના) | | 15,000 | 15,000 |
| 31/3/2015 | ન.નુ. ખાતે ઉ....<br>તે સં.જી.વી. પૉલિસી ખાતે<br>(બા.જે શરણમૂલ્યનો વધારો માંડી વાળ્યો તેના) | | 9,000 | 9,000 |
| 8/4/2015 | સંયુક્ત જીવન વીમા પૉલિસી ખાતે ઉ...<br>તે બૅંક ખાતે<br>(બા.જે. ચોથા વર્ષનું પ્રીમિયમ ભર્યું તેના) | | 15,000 | 15,000 |
| 31/3/2016 | ન.નુ. ખાતે ઉ....<br>તે સં.જી.વી. પૉલિસી ખાતે<br>(બા.જે. શરણમૂલ્યનો વધારો માંડી વાળ્યો તેના) | | 10,500 | 10,500 |
| 8/4/2016 | સંયુક્ત જીવન વીમા પૉલિસી ખાતે ઉ...<br>તે બૅંક ખાતે<br>(બા.જે. પાંચમા વર્ષનું પ્રીમિયમ ભર્યું તેના) | | 15,000 | 15,000 |
| 10/6/2016 | બૅંક ખાતે ઉ....<br>તે સં.જી.વી. પૉલિસી ખાતે<br>(બા.જે બાજ મૃત્યુ થતા પૉલિસીની રકમ મળી) | | 1,00,000 | 1,00,000 |
| 10/6/2016 | સંયુક્ત જીવન વીમા પૉલિસી ખાતે ઉ...<br>તે આનના મૂડી ખાતે<br>તે બાનના મૂડી ખાતે<br>તે શાનના મૂડી ખાતે<br>(બા.જે. સંયુક્ત જીવન વીમા પૉલિસી ખાતાની બાકી ભાગીદારો વચ્ચે ન.નુ.ના પ્રમાણમાં વહેંચ્યાં તેના) | | 70,500 | 35,250<br>21,150<br>14,100 |
| | કુલ | | 2,91,000 | 2,91,000 |

**ઉધાર** **સંયુક્ત જીવન વીમા પૉલિસીનું ખાતું** **જમા**

| તારીખ | વિગત | રકમ | તારીખ | વિગત | રકમ |
|---|---|---|---|---|---|
| 8/4/2012 | બૅંક ખાતે | 15,000 | 31/3/2013 | ન.નુ. ખાતે | 15,000 |
| | | 15,000 | | | 15,000 |
| 8/4/2013 | બૅંક ખાતે | 15,000 | 31/3/2014 | ન.નુ. ખાતે | 11,000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | 31/3/2014 | બા.આ. લઈ ગયા | 4,000 |
| | | 15,000 | | | 15,000 |
| 1/4/2014 | બા.આ. લાવ્યા | 4,000 | 31/3/2015 | ન.નુ.ખાતે | 9,000 |
| 8/4/2014 | બેંક ખાતે | 15,000 | 31/3/2015 | બા.આ. લઈ ગયા | 10,000 |
| | | 19,000 | | | 19,000 |
| 1/4/2015 | બા.આ. લાવ્યા | 10,000 | 31/3/2016 | ન.નુ. ખાતે | 10,500 |
| 8/4/2015 | બેંક ખાતે | 15,000 | 31/3/2016 | બા.આ. લઈ ગયા | 14,500 |
| | | 25,000 | | | 25,000 |
| 1/4/2016 | બા.આ. લાવ્યા | 14,500 | 10/6/2016 | બેંક ખાતે | 1,00,000 |
| 8/4/2016 | બેંક ખાતે | 15,000 | | | |
| 10/6/2016 | આનના મૂડી ખાતે | 35,250 | | | |
| | બાનના મૂડી ખાતે | 21,150 | | | |
| | શાનના મૂડી ખાતે | 14,100 | | | |
| | | 1,00,000 | | | 1,00,000 |

**રીત નં. 4 પૉલિસી અનામત ખાતું ઊભું કરીને પૉલિસી શરણમૂલ્યે દર્શાવવાની પદ્ધતિ** :

આ પદ્ધતિમાં સં.જી.વી. પૉલિસી અનામત ખાતું ઊભું કરવામાં આવે છે. આ પદ્ધતિ આપેલી પદ્ધતિઓમાંથી ખૂબ જ પ્રચલિત અને બહોળા પ્રમાણમાં ઉપયોગમાં લેવાતી પદ્ધતિ છે.

આ પદ્ધતિમાં નીચે મુજબ નોંધ થશે :

- દર વર્ષે કરવાની નોંધ
  1. જ્યારે પ્રીમિયમ ભરવામાં આવે ત્યારે
     સં.જી.વી. પૉલિસી ખાતે ઉ...
     તે બેંક ખાતે
  2. વર્ષના અંતે પ્રીમિયમની રકમ નફા-નુકસાન ખાતે લઈ જવાની નોંધ.
     ન.નુ. ખાતે ઉ...
     તે સંયુક્ત જીવન વીમા પૉલિસી અનામત ખાતે
  3. પૉલિસીને શરણમૂલ્ય સુધી લાવવા માટેની નોંધ
     સં.જી.વી. પૉલિસી અનામત ખાતે ઉ...
     તે સં.જી.વી. પૉલિસી ખાતે
     (માંડી વાળવાની રકમ = વાર્ષિક પ્રીમિયમ – શરણમૂલ્યમાં વધારો )

- ભાગીદારનું મૃત્યુ થતા પૉલિસીની રકમ મળે ત્યારે
  1. વીમા કંપની પાસેથી પૉલિસીની રકમ મળે ત્યારે
     બેંક ખાતે ઉ....
     તે સં.જી.વી પૉલિસી ખાતે

2. અનામત ખાતું બંધ કરવા અંગે
   સં.જી.વી. પૉલિસી અનામત ખાતે ઉ....
   તે સં.જી.વી. પૉલિસી ખાતે
3. સં.જી.વી. પૉલિસી ખાતાની બાકી ભાગીદારો વચ્ચે વહેંચવાની નોંધ
   સં.જી.વી. પૉલિસી ખાતે ઉ....
   તે ભાગીદારોનાં મૂડી ખાતે

**ઉદાહરણ 4** રાજ, રાજન અને રવિ અનુક્રમે 2:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેમણે તા.7/4/2012ના રોજ ₹70,000ની એક સંયુક્ત જીવન વીમા પૉલિસી લીધી. પૉલિસીનું વાર્ષિક પ્રીમિયમ ₹3500 હતું. પેઢીનું હિસાબી વર્ષ 31મી માર્ચનાં રોજ પૂરું થાય છે.

પેઢીનાં ચોપડે પૉલિસીનું ખાતું શરણમૂલ્ય કિંમતે દર્શાવવામાં આવે છે અને તેટલી જ અનામતની વ્યવસ્થા કરવામાં આવી છે. જુદા-જુદા વર્ષે પૉલિસીનું શરણમૂલ્ય નીચે મુજબ હતું :

2012-13=₹0, 2013-14=₹900, 2014-15=₹1900, 2015-16=₹2500

તા.18/6/2016ના રોજ રાજનનું અવસાન થાય છે અને તે દિવસે વીમાની પૉલિસી પાકી.

ઉપરોક્ત વિગતોનાં આધારે પેઢીનાં ચોપડે બધા જ વર્ષની આમનોંધ લખો અને વીમા પૉલિસી ખાતું અને અનામતનાં ખાતાં તૈયાર કરો.

**જવાબ :**

| વર્ષ | પ્રીમિયમ | શરણમૂલ્ય | શરણમૂલ્યમાં વધારો | માંડી વાળવાની રકમ |
|---|---|---|---|---|
| 2012-13 | 3500 | 0 | 0 | 3500 |
| 2013-14 | 3500 | 900 | 900 | 2600 |
| 2014-15 | 3500 | 1900 | 1000 | 2500 |
| 2015-16 | 3500 | 2500 | 600 | 2900 |

## પેઢીનાં ચોપડે આમનોંધ

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર | જમા |
|---|---|---|---|---|
| 7/11/2012 | સં.જી.વી. પૉલિસી ખાતે ઉ....<br>તે બૅંક ખાતે<br>(બા.જે. પ્રથમ વર્ષનું પ્રીમિયમ ભર્યું તેના) | | 3,500 | 3,500 |
| 31/3/2013 | ન.નુ. ખાતે ઉ....<br>તે સંજીવી પૉલિસી અનામત ખાતે<br>(બા.જે. વર્ષનાં અંતે ન.નુ. ખાતેથી અનામતની રકમની ફાળવણી કરી તેના) | | 3,500 | 3,500 |

| | | | | |
|---|---|---|---|---|
| 31/3/2013 | સં.જી.વી. પૉલિસી અનામત ખાતે ઉ...<br>તે સંજીવી પૉલિસી ખાતે<br>(બા.જે. પૉલિસીને શરણમૂલ્ય સુધી લાવવા માટે નોંધ કરી તેના) | | 3,500 | <br>3,500 |
| 7/4/2013 | સં.જી.વી. પૉલિસી ખાતે ઉ...<br>તે બૅંક ખાતે<br>(બા.જે. બીજા વર્ષનું પ્રીમિયમ ભર્યું તેના) | | 3,500 | <br>3,500 |
| 31/3/2014 | ન.નુ. ખાતે ઉ...<br>તે સં.જી.વી. પૉલિસી અનામત ખાતે<br>(બા.જે. વર્ષના અંતે ન.નુ. ખાતેથી અનામતની રકમની ફાળવણી કરી તેના) | | 3,500 | <br>3,500 |
| 31/3/2014 | સં.જી.વી. પૉલિસી અનામત ખાતે ઉ..<br>તે સં.જી.વી. પૉલિસી ખાતે<br>(બા.જે. પૉલિસીને શરણમૂલ્ય સુધી લાવવા માટે નોંધ કરી તેના) | | 2,600 | <br>2,600 |
| 7/4/2014 | સં.જી.વી. પૉલિસી ખાતે ઉ...<br>તે બૅંક ખાતે<br>(બા.જે. ત્રીજા વર્ષનું પ્રીમિયમ ભર્યું તેના) | | 3,500 | <br>3,500 |
| 31/3/2015 | ન.નુ. ખાતે ઉ...<br>તે સં.જી.વી. પૉલિસી અનામત ખાતે<br>(બા.જે. વર્ષનાં અંતે ન.નુ. ખાતેથી અનામતની રકમની ફાળવણી કરી તેના) | | 3,500 | <br>3,500 |
| 31/3/2015 | સં.જી.વી. પૉલિસી અનામત ખાતે ઉ...<br>તે સં.જી.વી. પૉલિસી ખાતે<br>(બા.જે. પૉલિસીને શરણમૂલ્ય સુધી લાવવા માટે નોંધ કરી તેના) | | 2,500 | <br>2,500 |
| 7/4/2015 | સં.જી.વી. પૉલિસી ખાતે ઉ...<br>તે બૅંક ખાતે<br>(બા.જે. ચોથા વર્ષનું પ્રીમિયમ ભર્યું તેના) | | 3,500 | <br>3,500 |
| 31/3/2016 | ન.નુ. ખાતે ઉ...<br>તે સં.જી.વી. પૉલિસી અનામત ખાતે<br>(બા.જે. વર્ષનાં અંતે ન.નુ. ખાતેથી અનામતની રકમની ફાળવણી કરી તેના) | | 3,500 | <br>3,500 |
| 31/3/2016 | સં.જી.વી. પૉલિસી અનામત ખાતે ઉ....<br>તે સં.જી.વી. પૉલિસી ખાતે<br>(બા.જે. પૉલિસીને શરણમૂલ્ય સુધી લાવવા માટે નોંધ કરી તેના) | | 2,900 | <br>2,900 |
| 7/4/2016 | સં.જી.વી. પૉલિસી ખાતે ઉ..<br>તે બૅંક ખાતે<br>(બા.જે. પાંચમાં વર્ષનું પ્રીમિયમ ભર્યું તેના) | | 3,500 | <br>3,500 |

| | | | | |
|---|---|---|---|---|
| 18/6/2016 | બૅંક ખાતે ઉ..<br>તે સં.જી.વી. પૉલિસી ખાતે | | 70,000 | <br>70,000 |
| 18/6/2016 | સં.જી.વી. પૉલિસી અનામત ખાતે ઉ...<br>તે સં.જી.વી પૉલિસી ખાતે<br>(બા.જે. પૉલિસીને શરણમુલ્યે સુધી લાવવા માટે નોંધ કરી તેના) | | 2,500 | <br>2,500 |
| 18/6/2016 | સં.જી.વી. પૉલિસી ખાતે ઉ...<br>તે રાજના મૂડી ખાતે<br>તે રાજનના મૂડી ખાતે<br>તે રવિના મૂડી ખાતે | | 66,500 | <br>26,600<br>26,600<br>13,300 |
| | કુલ | | 1,82,000 | 1,82,000 |

**સંયુક્ત જીવન વીમા પૉલિસી ખાતું**

| તારીખ | વિગત | રકમ(₹) | તારીખ | વિગત | રકમ(₹) |
|---|---|---|---|---|---|
| 7-4-12 | બૅંક ખાતે | 3,500 | 31-3-13 | સં.જી.વી. અનામત ખાતે | 3,500 |
| | | 3,500 | | | 3,500 |
| 7-4-13 | બૅંક ખાતે | 3,500 | 31-3-14 | સં.જી.વી. અનામત ખાતે | 2,600 |
| | | | | બા.આ. લઈ ગયા | 900 |
| | | 3,500 | | | 3,500 |
| 1-4-14 | બા.આ લાવ્યા | 900 | 31-3-15 | સં.જી.વી. અનામત ખાતે | 2,500 |
| 7-4-14 | બૅંક ખાતે | 3,500 | | બા.આ. લઈ ગયા | 1,900 |
| | | 4,400 | | | 4,400 |
| 1-4-15 | બા.આ. લાવ્યા | 1,900 | 31-3-16 | સં.જી.વી. પૉલિસી ખાતે | 2,900 |
| 7-4-15 | બૅંક ખાતે | 3,500 | | બા.આ. લઈ ગયા | 2,500 |
| | | 5,400 | | | 5,400 |
| 1-4-16 | બા.આ. લાવ્યા | 2,500 | 18-6-16 | બૅંક ખાતે | 70,000 |
| 7-4-16 | બૅંક ખાતે | 3,500 | | સં.જી.વી.અ. ખાતે | 2,500 |
| 18-6-10 | રાજના મૂડી 26600<br>રાજનના મૂડી 26600<br>રવિના મૂડી 13300 | <br><br><br>66,500 | | | |
| | | 72,500 | | | 72,500 |

**સં.જી.વી. પૉલિસી અનામત ખાતું**

| તારીખ | વિગત | રકમ | તારીખ | વિગત | રકમ |
|---|---|---|---|---|---|
| 31-3-13 | સં.જી.વી. પૉલિસી ખાતે | 3,500 | 31-3-13 | ન.નુ. ખાતે | 3,500 |
| | | 3,500 | | | 3,500 |
| 31-3-14 | સં.જી.વી. પૉલિસી ખાતે | 2,600 | 31-3-14 | ન.નુ. ખાતે | 3,500 |
| | બા.આ. લઈ ગયા | 900 | | | |
| | | 3,500 | | | 3,500 |
| 31-3-15 | સં.જી.વી. પૉલિસી ખાતે | 2,500 | 1-4-14 | બા.આ. લાવ્યા | 900 |
| 31-3-15 | બા.આ. લઈ ગયા | 1,900 | 31-3-15 | ન.નુ. ખાતે | 3,500 |
| | | 4,400 | | | 4,400 |
| 31-3-16 | સં.જી.વી. પૉલિસી ખાતે | 2,900 | 1-4-15 | બા.આ. લાવ્યા | 1,900 |
| 31-3-16 | બા.આ. લઈ ગયા | 2,500 | 31-3-16 | ન.નુ. ખાતે | 3,500 |
| | | 5,400 | | | 5,400 |
| 18-6-16 | સં.જી.વી. પૉલિસી ખાતે | 2,500 | 1-4-16 | બા.આ. લાવ્યા | 2,500 |
| | | 2,500 | | | 2,500 |

# સ્વાધ્યાય

**(અ) સૈદ્ધાંતિક પ્રશ્નો –**

1. સંયુક્ત જીવન વીમા પૉલિસી એટલે શું ? સંયુક્ત જીવન વીમા પૉલિસીના ભરેલ પ્રીમિયમ અંગે હિસાબો રાખવાની જુદી જુદી પદ્ધતિઓ સમજાવો
2. ટૂંકનોંધ લખો : સંયુક્ત જીવન વીમા પૉલિસી
3. નીચે દર્શાવેલ પ્રશ્નોના અંતે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.
   1. સંયુક્ત જીવન વીમા પૉલિસી અનામત ખાતા દ્વારા પૉલિસી શરણમૂલ્ય કિંમતે દર્શાવેલ ત્યારે ભરેલ પ્રીમિયમ કયા ખાતે ઉધારેલ છે.?

      (A) પ્રીમિયમ ખાતે (B) નફા-નુકસાન ખાતે

      (C) વેપાર માટે (D) પૉલિસી ખાતે
   2. સં.જી.વી.નું વાર્ષિક પ્રીમિયમ ₹15,000 છે. અને શરણમૂલ્ય શૂન્ય છે, તો માંડી વાળવાની રકમ......

      (A) શૂન્ય (B) ₹7,500

      (C) ₹15,000 (D) ત્રણમાંથી એકપણ નહીં.
   3. પ્રીમિયમે મહેસૂલી ખર્ચ ગણવામાં આવે ત્યારે ભરેલા પ્રીમિયમે કયા ખાતે ઉધારવામાં આવે છે?

      (A) પૉલિસી ખાતે (B) પ્રીમિયમ ખાતે

      (C) ન.નુ. ખાતે (D) વેપાર ખાતે

4. સંયુક્ત જીવન વીમા પૉલિસીના પ્રીમિયમના હિસાબો લખવાની કેટલી રીત છે?

(A) 2 (B) 3

(C) 4 (D) 5

5. સં.જી.વી. પૉલિસી વાર્ષિક પ્રીમિયમ ₹35,000 છે. જો ગયા વર્ષનું શરણમૂલ્ય ₹12,000 હોય અને ચાલુ વર્ષનું શરણમૂલ્ય ₹20,000 હોય તો માંડી વાળવાની રકમ.......

(A) ₹35,000 (B) શૂન્ય

(C) ₹27,000 (D) ₹15,000

6. X, Y અને Z ત્રણ ભાગીદારો 1:1:1 ના પ્રમાણમાં ન.નુ. વહેંચતા ભાગીદારો છે. X મૃત્યુ પામતાં વીમા પૉલિસીની રકમ ₹1,05,000 મળી અને છેલ્લું પ્રીમિયમ 6000 ભર્યું, તો દરેક ભાગીદારને કેટલી રકમ મળશે? પ્રીમિયમને મહેસૂલી ખર્ચ ગણવામાં આવે છે.

(A) ₹35,000, ₹35,000 અને ₹35,000 (B) ₹30,000, ₹30,000 અને ₹30,000

(C) ₹33,000, ₹33,000 અને ₹33,000 (D) ત્રણમાંથી એક પણ નહીં

7. સં.જી.વી.પૉલિસી અંગે ભરેલ વાર્ષિક પ્રીમિયમ ₹8000ને મૂડી ખર્ચ ગણવામાં આવતું હોય તો ચોથા વર્ષના અંતે પાકાં સરવૈયાંમાં સં.જી.વી.પૉલિસી ખાતાની બાકી કેટલી હશે?

(A) ₹30,000 (B) ₹32,000

(C) ₹8,000 (D) ₹16,000

8. નીચેની પદ્ધતિમાં સં.જી.વી.પૉલિસીનું પ્રીમિયમ વર્ષના અંતે ન.નું ખાતે માંડી વાળવામાં આવે છે.

(A) જો પ્રીમિયમ મહેસૂલી ખર્ચ ગણવામાં આવે. (B) જો પ્રીમિયમ મૂડી ખર્ચ ગણવામાં આવે

(C) જો પૉલિસી ખાતું શરણમૂલ્ય કિંમતે દર્શાવામાં આવે (D) ત્રણમાંથી એક પણ નહીં.

9. જયારે પ્રીમિયમને મૂડી ખર્ચ ગણવામાં આવે ત્યારે પૉલિસીને કયા દર્શાવવામાં આવે છે.?

(A) પા.સ.માં મિલકત લેણાં બાજુ (B) પા.સ.માં મૂડીદેવાં બાજુ

(C) ન.નુ. ખાતે ઉધાર બાજુ (D) ન.નુ. ખાતે જમા બાજુ

10. કોઈ ભાગીદારનું મૃત્યુ થતાં વીમા પૉલિસીની રકમ ભાગીદારો વચ્ચે કયા પ્રમાણમાં વહેંચવામાં આવે છે?

(A) મૂડીના પ્રમાણમાં (B) ન.નુ.ના પ્રમાણમાં

(C) સરખા હિસ્સે (D) જવાબદારીના પ્રમાણમાં

(જવાબ : 1 (D), 2 (C), 3 (B), 4 (C), 5 (A), 6 (C), 7 (B), 8 (D), 9 (A), 10 (A))

**(બ) વ્યાવહારિક પ્રશ્નો -**

1. લાલ, બાલ અને પાલ 2:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદાર છે વર્ષ 2013માં તેમણે 2,20,000ની સં.જી.વી. પૉલિસી લીધી. પેઢી દર વર્ષે 1 એપ્રિલનાં રોજ ₹12,000નું વીમા પ્રીમિયમ ભારે છે.

   લાલ તા18-04-2016ના રોજ મૃત્યુ પામ્યો. તા.30-04-16 ના રોજ વીમા કંપનીએ 10% બોનસ સાથે પૉલિસીની રકમ ચૂકવી આપી.

   પેઢીનું હિસાબી વર્ષ 31મી માર્ચના રોજ પૂરું થાય છે, જો વીમા પ્રીમિયમની રકમ મહેસૂલી ખર્ચ તરીકે ગણવામાં આવે છે.

   ઉપરના સં.જી.વી.પૉલિસી અંગેના વ્યવહારોની આમનોંધ લખો.

2. સલોની, સુહાની અને સોનલ ત્રણ ભાગીદારો 5:3:2ના પ્રમાણમાં નફા-નુકસાન વહેંચે છે. તેઓએ તા.1-4-13ના રોજ ₹1,50,000ની સં.જી.વી. પૉલિસી લીધી. જેનું વાર્ષિક પ્રીમિયમ ₹7000 દર વર્ષે તા.10-4ના રોજ ભરવાનું હતું.

   તા.15-5-16ના રોજ સોનાલી મૃત્યુ પામી અને વીમા કંપનીએ ₹1,75,000 બોનસ સહિત ચૂકવી આપ્યા. પેઢીનું હિસાબી વર્ષ 31મી માર્ચના રોજ પૂરું થાય છે. પેઢીઓમાં વીમા પ્રીમિયમને મૂડી ખર્ચ ગણવામાં આવે છે.

   ઉપરની વિગતોનાં આધારે જરૂરી આમનોંધ અને સં.જી.વી.પૉલિસી ખાતું તૈયાર કરો.

   (જવાબ : સં.જી.વી.પૉલિસી ખાતાની બાકી=₹1,47,000 ત્રણે ભાગીદારો વચ્ચે ન.નુ.ના પ્રમાણમાં વહેંચાશે.)

3. ચેતન, નિલેશ અને દિનેશ 3:2:1ના પ્રમાણમાં ન.નુ. વહેંચતાં ભાગીદારો છે. તેઓએ તા.10-4-12ના રોજ ₹2,50,000ની સંયુક્ત જીવન વીમા પૉલિસી લીધી. જેનું વાર્ષિક પ્રીમિયમ ₹15000 ભર્યું. પેઢી પોતાનું હિસાબી વર્ષ 31મી માર્ચના રોજ પૂરું કરે છે. તા. 11-5-16ના રોજ નિલેશનું મૃત્યુ થયું અને પૉલિસીની રકમ તા.21-5-16ના રોજ મળી. પૉલિસીનું શરણમૂલ્ય નીચે મુજબ હતું :

   વર્ષ 2012-13=0, 2013-14=10,000, 2014-15=12,000, 2015-16=14,000

   પેઢીના ચોપડે અનામત ખાતું રાખવામાં આવતું નથી. પૉલિસી શરણમૂલ્ય દર્શાવાય છે. પેઢીના ચોપડે ઉપરના વ્યવહારો અંગે આમનોંધ અને સં.જી.વી.પૉલિસી ખાતું તૈયાર કરો.

   (જવાબ : સં.જી.વી.પૉલિસી ખાતાની બાકી ₹219000 ભાગીદારો વચ્ચે ન.નુ.ના પ્રમાણમાં)

4. રાધા, મીરાં અને ગોપી 4:4:3 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા.1-4-12ના રોજ તેઓએ સં.જી.વી.પૉલિસી પ્રીમિયમ દર વર્ષે 5મી એપ્રિલના રોજ ચૂકવાય છે. પેઢીનું નાણાકીય વર્ષ 31મી માર્ચના રોજ પૂરું થાય છે.

   પેઢીના ચોપડે પૉલિસીનું ખાતું શરણમૂલ્ય કિંમતે દર્શાવવામાં આવે છે અને તેટલી જ અનામતની વ્યવસ્થા કરવામાં આવી છે. જુદા-જુદા વર્ષે પૉલિસીનું શરણમૂલ્ય નીચે મુજબ છે :

   2012-13=શૂન્ય, 2013-14=8000, 2014-15=12,000, 2015-16=18000

   તા. 21-6-16 ના રોજ ગોપીનું અવસાન થતાં તા. 30-6-16ના રોજ પૉલિસીની રકમ મળી.

આપેલ વિગતોને આધારે કંપનીના ચોપડે બધા જ વર્ષોની આમનોંધ અને વીમા પૉલિસી અને અનામત ખાતું તૈયાર કરો.

(જવાબ = પૉલિસી અનામત ખાતાની બાકી = 18000 સં.જી.વી.પૉલિસી ખાતે લઇ જવામાં આવશે. સં.જી.વી.પૉલિસી આખર બાકી = 3,80,000 ભાગીદારો વચ્ચે ન.નુ.ના પ્રમાણમાં)

5. અમર, અકબર અને એન્થોની 2:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 1-1-2011ના રોજ વાર્ષિક 30,000ના પ્રીમિયમની ₹3,50,000ની ભાગીદારોની સં.જી.વી.પૉલિસી લીધી છે. પૉલિસીનું શરણમૂલ્ય નીચે પ્રમાણે છે :

| વર્ષ | 2011 | 2012 | 2013 | 2014 |
|---|---|---|---|---|
| શરણમૂલ્ય કુલ ભરેલ પ્રીમિયમના | 0 | 10% | 20% | 30% |

તા. 10-૨-15 ના રોજ અમરનું મૃત્યુ થયું તા.10-3-15ના રોજ વીમા કંપનીએ દાવાની રકમ ₹5,00,000 બોનસ સહિત ચૂકવી આપી. હિસાબો તા.31મી ડિસેમ્બરના રોજ પૂરા થાય છે.

પેઢીના ચોપડે સં.જી.વી. પૉલિસી ખાતું અને સં.જી.વી.પો અનામત ખાતું તૈયાર કરો.

(જવાબ = સં.જી.વી. પૉલિસી ખાતાની આખરની બાકી= ₹4,70,000 ભાગીદારો વચ્ચે ન.નુ.ના પ્રમાણમાં વહેંચવાના)

| વર્ષ | 2011 | 2012 | 2013 | 2014 |
|---|---|---|---|---|
| શરણમૂલ્ય | 0 | 6,000 | 18,000 | 36,000 |

6. X,Y અને Z એક પેઢીના ભાગીદારી હતાં. ન.નુ.ના પ્રમાણમાં 2:2:1 હતું. તા.1-1-02ના રોજ તેઓએ ₹3,00,000ની એક સંયુક્ત જીવનવીમા પૉલિસી લીધી જેનું વાર્ષિક પ્રીમિયમ ₹24,000 હતું. પેઢીનું હિસાબી વર્ષ 31મી ડિસેમ્બરના રોજ પૂરું થાય છે. શરણમૂલ્ય નીચે પ્રમાણે હતું :

| વર્ષ | 2002 | 2003 | 2004 | 2005 |
|---|---|---|---|---|
| શરણમૂલ્ય | શૂન્ય | કુલ ભરેલ પ્રીમિયમના 10% | કુલ ભરેલ પ્રીમિયમના 20% | કુલ ભરેલ પ્રીમિયમના 30% |

તા.1-2-06ના રોજ ‘Z’નુ મૃત્યુ થયું. વીમા કંપનીએ પૉલિસીની રકમ ₹3,20,000 બોનસ સાથે તા.28-02-06 ચૂકવી આપી.

ઉપરની વિગત પરથી તૈયાર કરો

1. સં.જી.વી. પૉલિસીનું ખાતું
2. સં.જી.વી. પૉલિસી અનામત ખાતું

(જવાબ = સં.જી.વી.પૉ. ખાતાની આખરની બાકી = 3,48,800)

| વર્ષ | 2002 | 2003 | 2004 | 2005 |
|---|---|---|---|---|
| શરણમૂલ્ય | 0 | 4,800 | 14,400 | 28,800 |

7. દેવ, દાનવ અને માનવ એક પેઢીના 2:2:1ના પ્રમાણમાં ન.નુ. વહેંચતા ભાગીદારો હતાં. તેઓએ તા.1-4-13ના રોજ તેઓની જિંદગીની ₹1,80,000ની સંયુક્ત જીવન વીમા પૉલિસી કે જેનું વાર્ષિક પ્રીમિયમ ₹12,000 હતું, તે લેવામાં આવી. પેઢીનું હિસાબી વર્ષ દર વર્ષે 31મી માર્ચના રોજ પૂરું થાય છે.

દાનવ તા.31મી મે 2016ના રોજ અવસાન પામ્યો. વીમા કંપની તરફથી પૉલિસીની રકમ ₹30,000ના બોનસ સાથે તા.30-06-16ના રોજ પેઢીને ચૂકવવામાં આવી. પૉલિસીનું શરણમૂલ્ય નીચે પ્રમાણે હતું :

| વર્ષ | 31-3-14 | 31-3-15 | 31-3-16 |
|---|---|---|---|
| શરણમૂલ્ય | 0 | 4,800 | 10,400 |

પેઢીના ચોપડામાં પૉલિસી ખાતું શરણમૂલ્ય કિંમતે દર્શાવાય છે. તમારે પેઢીના ચોપડામાં ઉપરના વ્યાપારો નોંધવા જરૂરી આમનોંધ અને પેઢીના ચોપડામાં સં.જી.વી. પૉલિસી ખાતું અને સં.જી.વી. પૉલિસી અનામત ખાતું તૈયાર કરવાનું છે.

(જવાબ= પૉલિસી ખાતાંની બાકી = 1,98,000 ભાગીદારો વચ્ચે ન.નુ.ના પ્રમાણમાં)

8. A, B અને C ત્રણેય ભાગીદારોની મૂડી તા.1-7-06ના રોજ ₹90,000, ₹50,000 અને ₹80,000ની હતી. પેઢીએ સંયુક્ત જીવનવીમા પૉલિસી તા.1-1-2004ના રોજ ₹1,60,000ની લીધી. જેનું વાર્ષિક પ્રીમિયમ દર વર્ષે ₹8000 પેઢી ચૂકવતી હતી અને પ્રીમિયમ નફા-નુકસાન ખાતે ઉધારવામાં આવતું હતું. તા.2-7-2006ના રોજ B મૃત્યુ પામ્યો. પેઢીનું હિસાબી વર્ષ તા.31 ડિસેમ્બરે પૂરું થાય છે.

વીમા કંપનીએ તા.10-7-2006ના રોજ પૉલિસીની પૂરી રકમ 5% બોનસ સાથે ચૂકવી આપી અને પેઢીએ તે જ તારીખે Bની વિધવા પત્નીને તેની હકની રકમ ચૂકવી આપી.

તા.1-1-04થી તા.10-7-08 સુધીની આમનોંધ દર્શાવો.

# એકમ 6 આડતમાલનાં હિસાબો

- ❖ રૂપરેખા
  - ➢ પ્રસ્તાવના
  - ➢ આડતમાલની વ્યાખ્યા અને લક્ષણો
  - ➢ તફાવત
    - આડતમાલ અને વેચાણનો તફાવત
    - આડતમાલ અને જાંગડ વેચાણનો તફાવત
  - ➢ આડતમાલના વેપારની વિધિ
  - ➢ વેચાણઆંકડાનો નમુનો
  - ➢ આખરસ્ટોકનું મૂલ્યાંકન
  - ➢ જરૂરી આમનોંધ
  - ➢ સ્વાધ્યાય

1. **પ્રસ્તાવના** :

આજના તીવ્ર હરીફાઈના યુગમાં દરેક વેપારીએ પોતાનું વેચાણ વધારવા ફક્ત દેશના જ બજારો પર આધાર રાખવો પડે નહીં, તેથી વિદેશમાં કે દૂરદૂરનાં શહેરોમાં માલ વેચાણ માટે પ્રયત્ન કરે. કેટલીકવાર એમ બને કે તેની પાસે દૂરનાં સ્થળે કે વિદેશમાં શાખા ખોલવા માટે જરૂરી નાણાં કે સાધનો ન હોય. આ સંજોગોમાં તે જે સ્થળે કે જે દેશમાં માલ વેચવા માંગતો હોય ત્યાંના કોઈ પ્રતિષ્ઠિત વેપારી દ્વારા પોતાનો માલ વેચવાની વ્યવસ્થા ગોઠવે છે. આ ગોઠવણને આડત-માલ કહે છે. વેપારીએ શાખા ખોલવા માટે કોઈ નાણાંનું રોકાણ કરવાનું રહેતું નથી. આ પદ્ધતિમાં પરદેશના કોઈ પ્રતિષ્ઠિત વેપારીને પોતાના એજન્ટ કે આડતિયા તરીકે નીમવામાં આવે છે અને તેને માલધણી પોતાને હિસાબે અને જોખમે માલ વેચવા મોકલે છે તેના બદલામાં એજન્ટ કે આડતિયાને કમિશન આપવામાં આવે છે. આવા સ્થાનિક એજન્ટો, ત્યાંની પરિસ્થિતિથી પરિચિત હોઈ તથા અનુભવી હોઈ વેચાણ વધારવા માટે ખૂબ ઉપયોગી નીવડે છે.

2. **આડતમાલની વ્યાખ્યા અને લક્ષણો** :

1. માલનું કમિશનથી વેચાણ કરવા માટે પોતાને હિસાબે અને જોખમે દેશમાં અન્ય સ્થળે કે પરદેશમાં પોતાના એજન્ટને માલ મોકલી વેચાણ કરવાની પદ્ધતિને આડતમાલ કહે છે.
2. શ્રી કાર્ટર જણાવે છે કે, ‘માલનો અમુક જથ્થો એક સ્થળેથી બીજે સ્થળે સામાન્ય રીતે પરદેશમાં કમિશનથી વેચવા માટે એજન્ટને મોકલવો તેને મોકલેલ આડતમાલ કહે છે.’
3. કોહલર લખે છે, ‘આડતમાલ એટલે ભવિષ્યના વેચાણ માટે કે અન્ય હેતુ માટે રવાના કરેલ માલ, જેમાં માલની માલિકી મોકલનારની રહે છે અને જે માટે જે માલ મેળવે તે સ્વીકાર્યા પછી તે માટે જવાબદાર રહે છે.’

કોહલર વધુમાં જણાવે છે કે, રીતે મોકલેલો માલ વેચાય નહીં ત્યાં સુધી માલધણીના સ્ટૉકમાં ગણાય છે. આડતિયો છેવટે ખરીદનાર બને છે અથવા એજન્ટ તરીકે કામ કરે છે. જેના દ્વારા વેચાણ થાય છે અથવા માલધણી સાથેના કરાર મુજબ માલનો અન્ય રીતે નિકાલ થાય છે.

જે વ્યક્તિ વેચાણ માટે મોકલે છે તેને માલધણી કહે છે અને જે વ્યક્તિને માલ વેચવા માટે મોકલવામાં આવે છે તેને આડતિયો કહેવામાં આવે છે. માલધણી માટે આવો માલ મોકલેલ આડતમાલ છે. આડતિયાને આ રીતે વેચવા માટે માલ મળે તેને આડતમાલ કહે છે.

આડતિયાને માલનું વેચાણ કરવા બદલ જે મહેનતાણું મળે તેને કમિશન કે આડત કહે છે.

❖ **લક્ષણો** :

1. બે પક્ષકારો વચ્ચેનો સંબંધ વેપારી ગ્રાહકોનો નથી; પરંતુ, માલિક અને એજન્ટ તરીકેનો છે.
2. માલ સંપૂર્ણપણે માલધણીને હિસાબે અને જોખમે વેચવામાં આવે છે. નફો કે ખોટ સંપૂર્ણપણે માલધણીના છે. આડતિયાને ફક્ત કમિશન સાથે જ સંબંધ છે.
3. માલને નુક્સાન થાય કે માલ નાશ પામે તે અંગે આડતિયો કોઈ રીતે જવાબદાર નથી.
4. આડતિયો માલધણી વતી કોઈ ખર્ચ કરે તે માલધણી પાસેથી વસૂલ કરવાનો તેને અધિકાર છે.
5. માલનું વેચાણ ન થાય તો તે માલ પરત કરવાનો આડતિયાને હક છે.
6. માલને થતાં નુક્સાન અંગે આડતિયો જવાબદાર ન હોવાં છતાં માલની વાજબી કાળજી રાખવા આડતિયો બંધાયેલો છે.

## 3. આડતમાલ અને વેચાણનો તફાવત :

| મુદ્દાઓ | આડતમાલ | વેચાણ |
|---|---|---|
| 1. | માલની માલિકી માલધણીની જ રહે છે. | માલની માલિકી ખરીદનારની થાય છે. |
| 2. | આડતિયો ફક્ત એજન્ટ છે અને તે માલનું વેચાણ ન કરે ત્યાં સુધી તેને કોઈ નાણાં આપવાનાં થતાં નથી. તેમનો સંબંધ માલિક-એજન્ટનો છે. | વેચાણ થતાં ખરીદનાર માલની કિંમત માટે દેવાદાર બને છે. અને માલ વેચનાર લેણદાર બને છે. |
| 3. | આડત પર મોકલેલ માલ વેચાયો ન હોય તો આડતિયો તે પરત કરી શકે છે. | માલનું વેચાણ થઈ ગયા પછી વેચનાર માલ પરત લેવા બંધાયેલ નથી. |
| 4. | આડત પર માલ મોકલ્યા પછી માલના ભાવમાં વધારો થતાં તેનો લાભ ફક્ત માલધણીને જ મળે છે. | માલની માલિકી બદલાતી હોવાથી વેચાણ પછી માલ પર થતો લાભ ખરીદનારનો ગણાય છે. |
| 5. | આડતમાલ અંગેના બધા ખર્ચાઓ માલધણી ચૂકવે છે. આડતિયાએ ચૂકવેલ ખર્ચ માલધણી ભરપાઈ કરી આપે છે. | સામાન્ય રીતે વેચાણના કરારમાં વેચાણ પછીના ખર્ચ ગ્રાહકે ચૂકવવાના હોય છે. |
| 6. | આડત પર વેચવા મોકલેલ માલધણી પરત મેળવી શકે છે. | જો ગ્રાહક નાણાં નહીં ચૂકવે તો વેચનાર માલ પાછો મેળવી શકતો નથી. ફક્ત તેના નાણાં વસૂલ કરવા કાયદેસર પગલાં લઈ શકે છે. |

| | | |
|---|---|---|
| 7. | આ એજન્સી વ્યવસ્થા છે, જેમાં આડતિયો માલના નાણાં તેનું વેચાણ થયા વિના આપવા બંધાયેલો નથી. | આ વેચાણનો કરાર છે, જેમાં અવેજના બદલામાં માલનો વિનિમય થાય છે. |
| 8. | માલની માલિકી માલધણીની હોવાથી માલને નુક્સાન થાય તો તે જ ભોગવે છે. | વેચાણ થઈ ગયા પછી માલની માલિકી ખરીદનારની બને છે, તેથી માલનું નુક્સાન તે ભોગવે છે. |
| 9. | માલધણી માલ મોકલે ત્યારે ઊપજનું સંપાદન થતું નથી. | માલનું વેચાણ થાય તે ક્ષણે ઊપજનું સંપાદન થાય છે. |
| 10. | આડતિયાને આડતમાલના ધંધાના નફા કે નુક્સાન સાથેનો કોઈ સંબંધ નથી. | વેચાણ થઈ ગયા પછી થતો નફો કે નુક્સાન ખરીદનારના છે. |
| 11. | આડતમાલ વ્યવસ્થા મુજબ જંગમ મિલકતનું જ વેચાણ થાય છે. | વેચાણમાં સ્થાવર કે જંગમ ગમે તે મિલકતનું વેચાણ થાય છે. |

**4. આડતમાલ અને જાંગડ વેચાણનો તફાવત :**

| ક્રમ | આડતમાલ | જાંગડ વેચાણ |
|---|---|---|
| 1. | આડમમાલનો ઉદ્દેશ આડતિયા મારફતે માલનું વેચાણ કરાવવાનો છે. | જાંગડ વેચાણનો ઉદ્દેશ ગ્રાહકને એ શરતે મોકલવાનો છે કે તે માલ પસંદ પડે તો રાખે અને નહીં તો પરત કરે. |
| 2. | માલધણી અને આડતિયા વચ્ચેનો સંબંધ પ્રિન્સિપાલ અને એજન્ટનો છે. માલ મળે એટલે આડતિયો દેવાદાર બનતો નથી. | જાંગડ વેચાણનો ગ્રાહક ભાવિ ગ્રાહક છે. જો તે ખરીદવાનો નિર્ણય કરે તો બંને વચ્ચેનો સંબંધ વેચનાર અને ગ્રાહકનો બને છે. |
| 3. | આડત પર માલ મોકલવામાં આવે ત્યારે તેની નોંધ વેચાણ તરીકે થતી નથી. ફક્ત માલ ધંધામાંથી જાય છે તે દર્શાવવા આડત પર મોકલેલ માલ ખાતું જમા કરવામાં આવે છે. | જાંગડ વેચાણને કોઈવાર ખરેખર વેચાણ ગણી લેવામાં આવે છે અને જો ગ્રાહક માલ પસંદ ન પડતા પરત કરે તો તેને વેચાણ માલ પરત ગણાય છે. |
| 4. | વર્ષને અંતે આડત માલનો સ્ટૉક આડતમાલ ખાતાની જમા બાજુ બતાવાય છે. | વર્ષને અંતે ગ્રાહક પાસે જાંગડ પર મોકલેલ માલ પડેલો હોય તો વેપાર ખાતાની જમા બાજુ બતાવાય છે. |

**5. આડતમાલના વેપારની વિધિ :**

➢ આડતમાલના ધંધામાં સામાન્ય રીતે નીચે મુજબની કાર્યવાહી જોવા મળે છે :

**1. માલધણી માલ મોકલે છે :**

માલધણી આડતિયાને આડત પર વેચવા માલ મોકલી આપે છે. માલ સાથે આડતિયાની માહિતી માટે એક ભરતિયું મોકલે છે, જેને કાચું ભરતિયું કહે છે.

**2. માલધણી ખર્ચ ચૂકવે :**

માલ મોકલતાં માલધણી અમુક ખર્ચ ચૂકવે છે. દા.ત. વીમાનું પ્રિમિયમ, નૂર વગેરે જે આડતમાલના ધંધાનો ખર્ચ છે.

**3. આડતિયા તરફથી એડવાન્સ :**

આડતમાલ અંગે કેટલીકવાર આડતિયો માલધણીને એડવાન્સ આપે છે. જે રકમ રોકડામાં આપવામાં આવે અથવા માલધણી હૂંડી લખે અને આડતિયો સ્વીકારી પરત કરે માલધણીને નાણાંની તાત્કાલિક જરૂર હોય તો તે હૂંડી વટાવે છે.

➢ **<u>માલધણીના હિસાબો :-</u>** મોકલેલ આડતમાલના હિસાબો રાખવાનો ઉદ્દેશ એ છે કે, દરેક આડતમાલનો ચોખ્ખો નફો કે ચોખ્ખી ખોટ શોધી શકાય.

**1. આડતમાલ ખાતું :-**

આ માટે માલધણી પોતાની ખાતાવહીમાં દરેક આડતમાલ એક અલગ ખાતું ખોલે છે. આ ખાતાને 'આડતમાલ ખાતું' કહેવામાં આવે છે. સામાન્ય રીતે તેને આડતિયાના નામથી ઓળખવામાં આવે છે. દા.ત. અજીતકુમારનું આડતમાલ ખાતું અથવા તો જે શહેરમાં માલ આડત પર મોકલવામાં આવતો હોય તેના નામથી તે ખાતું ઓળખવામાં આવે છે. દા.ત. 'ચેન્નઈનું આડતમાલ ખાતું'.

**આડતમાલ ખાતું એ આડતિયાનું ખાતું નથી; પરંતુ, એક પ્રકારનું વેપાર અને નફા-નુક્સાન ખાતું છે. જેમાં ફક્ત આડત પર મોકલેલા માલ અંગેના જ વ્યવહારો નોંધવામાં આવે છે.**

જયારે આડત પર માલ મોકલવામાં આવે ત્યારે તે માલની કિંમતથી 'આડતમાલ ખાતું' ઉધારવામાં આવે છે અને 'આડત પર મોક્લેલે માલ ખાતું' જમા કરવામાં આવે છે.

4. **આડતિયો ખર્ચ ચૂકવે :-**

આડતિયો માલ છોડાવી કબજામાં લે છે. આ અંગે તેને કેટલાક ખર્ચ પણ કરવા પડે છે. દા.ત. જકાત, મજૂરી, ગોડાઉન ભાડું વગેરે. આ ખર્ચ આડતિયો ચૂકવે છે; પરંતુ, તે માલધણી પાસેથી વસૂલ કરે છે.

5. **વેચાણ પછી આડતિયો વેચાણ આંકડો તૈયાર કરે :-**

હવે આડતિયો માલધણીની સૂચના મુજબ માલનું વેચાણ કરે છે અને તે માહિતી દર્શાવતો એક વેચાણ આંકડો તૈયાર કરે છે.

6. **આડતિયો હિસાબ ચૂકતે કરે :-**

આડતિયાએ તૈયાર કરેલ વેચાણ આંકડામાં તે વેચાણ પોતે ચૂકવેલ ખર્ચ, પોતાનું કમિશન કે આડત જણાવે છે, પોતે એડવાન્સ તરીકે રકમ મોકલી હોય તો તેનો ઉલ્લેખ કરે છે. તે ઉપરાંત કેટલી રકમ બાકી રહી તે જણાવે છે અને તે રકમ તે મોકલી રહ્યો હોય તો તે કેવી રીતે મોકલી છે તે પણ જણાવે છે.

7. **માલધણીને વેચાણ આંકડો મળતા :**

   તે પોતાના ચોપડે જરૂરી નોંધ કરે છે. દા.ત. વેચાણની રકમ, આડતિયાનો ખર્ચ, કમિશન અને તેના તરફથી મળેલ રકમ.

## 6. માલધણીના ચોપડે હિસાબી નોંધ :

માલધણીના ચોપડે આડતમાલના હિસાબોની આમનોંધ નીચે મુજબ થશે :

**1. જયારે આડત પર માલ મોકલવામાં આવે ત્યારે ....**

| | | | |
|---|---|---|---|
| 1. | આડતમાલ ખાતે ઉ. | ---------- | |
| | તે આડત પર મોકલેલ માલ ખાતે | | --------- |
| | (બા.જે. ............ના આડતિયા .........ને ₹.......નો માલ આડત પર વેચવા મોકલ્યો.) | | |

- ધ્યાનમાં રાખો કે જયારે માલ આડતિયાને મોકલવામાં આવે છે ત્યારે માલની આડતમાલ અંગે માલધણીએ જે ખર્ચ ચૂકવ્યો હોય તે આડતમાલના ધંધાનો ખર્ચ હોઈ તે આડતમાલ ખાતે ઉધારવામાં આવે છે.
- આડતિયા તરફથી વેચાણ આંકડો મળે ત્યારે તેમાં આપેલા માહિતી પરથી ચાર વિગતો ચોપડે નોંધાવી જોઈએ.
  - I. તેમાં જણાવેલ વેચાણની રકમ આડતમાલ ખાતે જમા કરવામાં આવે છે અને આડતિયા ખાતે ઉધારવામાં આવે છે; કારણકે, તે રકમ આડતિયા પાસે લેણી થયેલી છે.
  - II. આડતિયાએ ચૂકવેલ ખર્ચ અને
  - III. તેને આપવાનું કમિશન પણ આડતમાલ ખાતે ઉધારવામાં આવે છે; કારણકે, તે બધો ખર્ચ આ આડતમાલના ધંધા અર્થે થયો છે.
  - IV. આડતિયાએ મોકલેલ રકમ તેના ખાતે જમા કરવામાં આવે છે.

**1. આડત પર મોકલેલ માલ ખાતું :**

જયારે આડત પર માલ મોકલવામાં આવે ત્યારે ધંધામાંથી માલ જાય છે નિયમ પ્રમાણે 'જાય તે જમા' તેથી માલ ખાતું જમા કરવું જોઈએ; પરંતુ, તે માલ કયા હેતુ માટે ધંધામાંથી બહાર મોકલવામાં આવ્યો છે તે દર્શાવવા તેને 'આડત પર મોકલેલ માલ ખાતું' કહેવામાં આવે છે. વર્ષને અંતે આ ખાતું બંધ કરીને, વેપાર ખાતાની જમા બાજુ લઈ જવામાં આવે છે. આડતિયો ખરીદી કરતો નથી તેમ જ માલધણીનો દેવાદાર થતો નથી એટલે માલધણી માલ મોકલતાં આડતિયા ખાતે કોઈ રકમ ઉધારી શકે નહીં.

**2. માલ મોકલતાં માલધણી ખર્ચ ચૂકવે તે અંગે** :- આડત પર માલ મોકલતાં માલધણી જે ખર્ચ ચૂકવે છે તે આડતમાલના ધંધાનો ખર્ચ હોવાથી આડતમાલ ખાતે ઉધારવામાં આવે છે. કોઈ વ્યક્તિગત ખર્ચ ખાતે (દા.ત., મજૂરી ખાતે) રકમ ઉધારવામાં આવતી નથી. આમનોંધ નીચે મુજબ થશે :

| | | | |
|---|---|---|---|
| 2. | આડતમાલ ખાતે ઉ. | ........ | |
| | તે રોકડ ખાતે (અથવા બૅંક ખાતે) | | ........ |
| | (બા.જે. આડતપર મોકલેલ માલ અંગે નીચે મુજબ ખર્ચ ચૂકવ્યા નૂર.....₹ વીમો......₹ મજૂરી......₹) | | |

1. **આડતિયા તરફથી એડવાન્સ મળે ત્યારે** :- આડતમાલના ધંધામાં સામાન્ય રીતે એવો રિવાજ છે કે આડતિયો આડતમાલ પેટે થોડી રકમ માલધણીને એડવાન્સ તરીકે આપે છે. એડવાન્સ તરીકે રોકડ, લેણીહૂંડી કે બૅંક ડ્રાફ્ટ મોકલવામાં આવે છે. આ અંગે આમનોંધ નીચે મુજબ થાય છે :

| | | | |
|---|---|---|---|
| ૩-અ | રોકડ ખાતે ઉ. | ........ | |
| | બૅંક ખાતે ઉ. | | ........ |
| | લેણીહૂંડી ખાતે ઉ. | | |
| | તે આડતિયા ખાતે | | |
| | (બા.જે. આડતમાલના પેટે રોકડ ડ્રાફ્ટ મળ્યો – આપણે લખેલી હૂંડી આડતિયાએ સ્વીકારી.) | | |

➢ કેટલાક લેખકો લખે છે કે આ અંગે નીચે મુજબ બે નોંધ કરવી.

| | | | |
|---|---|---|---|
| 1. | રોકડ/બૅંક/લેણીહૂંડી ખાતે ઉ..... | ------- | |
| | તે આડતમાલ અંગે એડવાન્સ ખાતે | | -------- |
| 2. | વર્ષને અંતે ખાતું સરભર કરવાની નોંધ : | | |
| | આડતમાલ અંગે એડવાન્સ ખાતે ઉ...... | ------- | |
| | તે આડતિયા ખાતે | | ------- |

પરંતુ આપણે આ પુસ્તકમાં ઉપર જણાવેલ એક જ આમનોંધ કરીશું.

➢ માલધણીને નાણાની તાત્કાલિક જરૂર હોય અને તે હૂંડી વટાવે ત્યારે નીચે મુજબની નોંધ થાય છે. હૂંડી વટાવતાં આપેલ વટાવ આડતમાલના ધંધાનો ખરો ગણી આડતમાલ ખાતે ઉધારવામાં આવે છે, વટાવ ખાતે નહીં. જો કે કેટલાક વટાવ ખાતે ઉધારે છે; પરંતુ, તે યોગ્ય નથી.

| | | | |
|---|---|---|---|
| ૩-બ | રોકડ કે બૅંક ખાતે ઉ. | ........ | |
| | આડતમાલ ખાતે ઉ. | ........ | |
| | તે લેણીહૂંડી ખાતે | | ........ |
| | (બા.જે. આડતિયાએ સ્વીકારેલી હૂંડી વટાવી.) | | |

❖ કેટલીક વાર વટાવની રકમ પ્રથમ નોંધમાં વટાવ ખાતે ઉધારવામાં આવે છે અને બીજી નોંધમાં વટાવની રકમ 'આડતમાલ ખાતે' લઈ જવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૩-બ | રોકડ કે બૅંક ખાતે ઉ. | | |
| | વટાવ ખાતે ઉ. | | |
| | તે લેણીહૂંડી ખાતે | | |
| | (બા.જે. આડતિયાને સ્વીકારેલી હૂંડી વટાવી.) | | |

| | | | |
|---|---|---|---|
| ૩-બ | આડતમાલ ખાતે ઉ. | | |
| | તે વટાવ ખાતે | | |
| | (બા.જે. વટાવની રકમ આડતમાલ ખાતે લઈ ગયા.) | | |

❖ **નોંધ :-**

કેટલાક લેખકો જણાવે છે કે, આ રીતે હૂંડી વટાવતાં જે વટાવ કાપી લેવામાં આવે તે આડતમાલ ખાતે ઉધારવાને બદલે સામાન્ય નફા-નુક્સાન ખાતે લઈ જવો જોઈએ, તેનાં બે કારણો છે :

i. એક તો હૂંડી વટાવી રોકડાં નાણાં મેળવવાં એ નાણાકીય સવલતની બાબત છે અને તેને આડતમાલના ધંધા સાથે જોઈ સંબંધ નથી.

ii. જો આ રીતે એક મુદ્દતે વટાવેલ હૂંડીનો વટાવ આડતમાલ ખાતે ઉધારવામાં આવે અને બીજી મુદ્દતે આડતમાલ અંગે મળેલ હૂંડી નાણાંની જરૂર ન હોવાથી વટાવવામાં નહીં આવે તો બે મુદ્દતના આડતમાલનો નફો સરખાવી શકાશે નહીં.

❖ **આડતિયા તરફથી વેચાણ આંકડો મળે ત્યારે :-**

માલ વેચાયા પછી આડતિયા તરફથી વેચાણ આંકડો મળે છે, તેના પરથી નીચે મુજબની ચાર વિગતોને લગતી આમનોંધ થાય છે :

a) વેચાણ
b) આડતિયાએ ચૂકવેલ ખર્ચ
c) આડતિયાને આપવાનું કમિશન અને
d) આડતિયાએ મોકલેલ રકમ

**2. વેચાણની નોંધ :-**

વેચાણનાં નાણાં આડતિયાને મળ્યાં હોવાથી તે રકમ અંગે આડતિયો માલધણીનો દેવાદાર થાય છે. તેને ખાતે વેચાણની રકમ ઉધારાય છે. આડતમાલ ખાતું એક પ્રકારનું વેપાર ખાતું પણ છે એટલે જેમ વેચાણની રકમ વેપાર ખાતે જમા થાય છે. તેમ આડતમાલનું વેચાણ આડતમાલ ખાતે જમા થાય છે; કારણકે, તે આડતમાલની આવક છે.

| | | | |
|---|---|---|---|
| 4. | આડતિયા ખાતે ઉ. | -------- | |
| | તે આડતમાલ ખાતે | | -------- |
| | (બા.જે. વેચાણ આંકડા મુજબ આડતિયાએ કરેલ વેચાણની નોંધ કરી.) | | |

**3. આડતિયાએ ચૂકવેલ ખર્ચ અંગે :-**

વેચાણ આંકડામાં આડતિયો પોતે ચૂકવેલ ખર્ચા પણ જણાવે છે. આ ખર્ચ માલધણીએ આડતિયાને આપવાનો હોય છે, એટલે તે રકમ આડતિયા ખાતે જમા થાય છે અને આડતમાલ ખાતે ઉધારાય છે.

| | | | |
|---|---|---|---|
| 5. | આડતમાલ ખાતે ઉ.... | -------- | |
| | તે આડતિયા ખાતે | | -------- |
| | (બા.જે. વેચાણ આંકડા મુજબ આડતિયાએ આડતમાલ અંગે નીચે મુજબ ખર્ચ ચૂકવ્યાં) | | |

**4. આડતિયાને આપવાની આડત (કમિશન) :-**

આડતિયાને આપવાની આડત આડતમાલનો ખર્ચ હોઈ આડતમાલ ખાતે ઉધારવામાં આવે છે. વળી, આ રકમ આડતિયાને ચૂકવવાની હોવાથી તે માલધણીનો લેણદાર બને છે, એટલે તેને ખાતે રકમ જમા થાય છે.

| | | | |
|---|---|---|---|
| 6. | આડતમાલ ખાતે ઉ.... | -------- | |
| | તે આડતિયા ખાતે | | -------- |
| | (બા.જે. વેચાણ આંકડા મુજબ ₹_______ ના વેચાણ પર ____ટકા લેખે આડતના ચૂકવવાનાં થાય) | | |

**5. આડતિયા પાસેથી મળેલ રકમ અંગે :-**

આડતિયો આડતમાલના વેચાણ અંગે મળેલ રકમમાંથી પોતાના ખર્ચ અને કમિશનની રકમ કાપી લઈને બાકી રકમ રોકડેથી કે બૅંકડ્રાફ્ટ દ્વારા કે લેણીહૂંડી દ્વારા મોકલે છે.

| | | | |
|---|---|---|---|
| 7. | બૅંક ખાતે ઉ. | -------- | |
| | લેણીહૂંડી ખાતે ઉ. | -------- | |
| | તે આડતિયા ખાતે | | -------- |
| | (બા.જે. આડતમાલ અંગે બાકી રકમ આડતિયા તરફથી બૅંક ડ્રાફ્ટ મારફતે ચૂકતે મળી) | | |

**6. આડતમાલનો સ્ટૉક બાકી હોય તો :-**

વર્ષને અંતે જો કેટલાક માલ હજુ આડતિયા પાસે વેચાયા વિનાનો પડી રહ્યો હોય. આડતમાલનો નફો કે નુક્સાન શોધવા આખર સ્ટૉક તેની મૂળકિંમતે (પ્રમાણસરના ખર્ચ સહિતના) ચોપડે લાવવામાં આવશે અને આડતમાલ ખાતે જમા કરવામાં આવશે. વેપાર ખાતામાં નફો શોધવા આખર સ્ટૉક જમા કરીએ છીએ તે જ રીતે અહીં પણ જમા થશે.

| | | | |
|---|---|---|---|
| 8. | આડતમાલ સ્ટૉક ખાતે ઉ.... | -------- | |
| | તે આડતમાલ ખાતે | | -------- |
| | (બા.જે. આડતિયા પાસે બાકી રહેલ સ્ટૉક પ્રમાણસરના ખર્ચ સહિત ચોપડે લાવ્યાં) | | |

**7. આડતમાલના નફા કે ખોટ અંગેની નોંધ :-**

હવે આડતમાલ ખાતાની બાકી કાઢવામાં આવશે. જો જમા બાકી હશે તો તે નફો દર્શાવે છે અને તે સામાન્ય નફા-નુક્સાન ખાતે લઈ જવામાં આવે છે. જો આડતમાલ ખાતું ઉધાર બાકી બતાવે તો તે ખોટ દર્શાવે છે અને સામાન્ય નફાનુક્સાન ખાતે લઈ જવા વિરુદ્ધ નોંધ કરવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| ૯-અ. | જ્યારે નફો હોય ત્યારે : | | |
| | આડતમાલ ખાતે ઉ.... | -------- | |
| | તે સામાન્ય નફા-નુક્સાન ખાતે | | -------- |
| | (બા.જે. આડતમાલનો નફો ન.નું. ખાતે લઈ ગયા) | | |
| ૯-બ | જ્યારે ખોટ હોય ત્યારે : | | |
| | સામાન્ય નફાનુક્સાન ખાતે ઉ.... | -------- | |
| | તે આડતમાલ ખાતે | | -------- |
| | (બા.જે. આડતમાલની ખોટ ન.નું. લઈ ગયા) | | |

**8. આડત પર મોકલેલ માલ ખાતું બંધ કરવા અંગે :-**

વર્ષને અંતે "આડત પર મોકલેલ માલ ખાતું" માલની મૂળકિંમતે વેપાર ખાતે લઈ જવામાં આવે છે અને તે ખાતું બંધ કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| 10. | આડત પર મોકલેલ માલ ખાતું બંધ કરવા અંગે.... | | |
| | આડત પર મોકલેલ માલ ખાતે ઉ..... | -------- | |
| | તે વેપાર ખાતે | | -------- |
| | (બા.જે. આડત પર મોકલેલ માલખાતાની બાકી વર્ષને અંતે વેપાર ખાતે લઈ ગયા) | | |

❖ **નોંધ** :- કેટલાંક લેખકોના માટે જો માલ મોકલનાર જથ્થાબંધ વેપારી હોય તો આ નોંધમાં 'વેપાર ખાતે' નોંધ કરવાને બદલે 'ખરીદ ખાતે' નોંધવામાં આવે છે. કારણકે માલનું ઉત્પાદન કરતો નથી; પરંતુ, માલ ખરીદીને વેચાણ કરે છે અને જ્યારે તે માલ ખરીદે છે ત્યારે 'ખરીદ ખાતે ઉધારે છે. આડત પર મોકલેલ માલથી ખરીદી ઓછી થાય છે તેથી આડત પર મોકલેલ માલ ખાતું બંધ કરતાં તે રકમ 'ખરીદ ખાતે' લઈ જવી જોઈએ. જ્યારે ઉત્પાદક માલ મોકલે તો તે આ રીતે વર્ષને અંતે 'વેપાર ખાતે' નોંધ કરે છે.

**7. માલધણીની ખાતાવહીમાં :**

ઉપરની નોંધ પરથી જણાશે કે ખાતાવહીમાં નીચે મુજબ ત્રણ ખાતા તૈયાર કરવામાં આવે છે :

1. આડતમાલ ખાતું
2. આડત પર મોકલેલ માલ ખાતું
3. આડતિયાનું ખાતું

➢ **નમૂનો :-**

ઉ. **આડતમાલનું ખાતું** જ.

| ક્રમ | વિગત | ₹ | ક્રમ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| 1. | આડત પર મોકલેલ માલ ખાતે (આડત પર માલ મોકલ્યો) | - | 1. | આડતિયા ખાતે | - |
| 2. | રોકડ ખાતે (ખર્ચ) | | 2. | વીમા કંપની ખાતે (નુક્સાન પામેલ માલ અંગે સ્વીકારેલ દાવો) | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3. | લેણીહૂંડી ખાતે (વટાવ) | - | 3. | નફા-નુક્સાન ખાતે (નુક્સાન થયેલ માલ પર થયેલ ખોટ) | - |
| 4. | આડતિયા ખાતે (ખર્ચ) | | 4. | આડત પર મોકલેલ માલ ખાતે (પરત માલ) | - |
| 5. | આડતિયા ખાતે (કમિશન) | - | 5. | આડતમાલ સ્ટૉક ખાતે | - |
| 6. | ન.નુ.ખાતે (નુકશાની માલ અંગે થયેલ નફો ) | | 6. | નફા-નુક્સાન ખાતે (આડતમાલ ખોટ જો હોય તો) | - |
| 7. | નફા-નુક્સાન ખાતે (આડતમાલનો નફો) | | | | |
| | કુલ | | | કુલ | |

ઉ. **આડતિયાનું ખાતું** જ

| ક્રમ | વિગત | ₹ | ક્રમ | વિગત | ₹ |
|---|---|---|---|---|---|
| 1. | આડતમાલ ખાતે (વેચાણ) | - | 1. | રોકડ ખાતે કે બૅંક ખાતે કે લેણીહૂંડી ખાતે (આડતિયા તરફથી મળેલ એડવાન્સ) | |
| | | | 2. | આડતમાલ ખાતે (આડતિયાએ ચૂકવેલ ખર્ચ) | |
| | | | 3. | આડતમાલ ખાતે (આડતિયાનું કમિશન) | |
| | | | 4. | આડતમાલ ખાતે (ઉધાર વેચાણની ઉઘરાણી અંગે આપેલ વટાવ) | |
| | | | 5. | રોકડ ખાતે અથવા બૅંક ખાતે કે લેણીહૂંડી ખાતે (આડતિયાએ ચૂકતે આપેલ રકમ અથવા બાકી આગળ લઈ ગયા) | |

ઉ. **આડત પર મોકલેલ માલ ખાતું** જ.

| વિગત | રૂ | વિગત | રૂ |
|---|---|---|---|
| આડતમાલ ખાતે (પરત માલ) | - | આડતમાલ ખાતે (આડત પર માલ મોકલ્યો) | - |
| વેપાર ખાતે (ખરીદ ખાતે)(વર્ષને અંતે ખાતું બંધ કર્યું) | - | | |
| કુલ | | કુલ | |

માલધણીના ચોપડે આડતિયાનું વ્યક્તિગત ખાતું ઉપર મુજબ તૈયાર થશે. વેચાણ આંકડા મુજબ વેચાણની રકમ તેને ખાતે ઉધારાશે. તેણે એડવાન્સ તરીકે આપેલ રકમ તેને ખાતે જમા થશે. તે ઉપરાંત તેને ચૂકવેલ ખર્ચ તેને આપવાનું કમિશન તેમ જ તેના તરફથી છેવટે મળેલ રકમ પણ તેના ખાતે જમા થશે.

**8. આડતિયાના ચોપડે હિસાબી નોંધો :-**

આડતિયાને જયારે માલધણી તરફથી આડત પર માલ વેચવા માટે માલ મળે ત્યારે તે પોતે માલ ખરીદતો નથી. અને માલની માલિકી પણ તેને મળતી નથી એટલે જયારે માલ મળે ત્યારે તે કોઈ

નોંધ કરતો નથી તે જ પ્રમાણે આડતમાલ મોકલતા માલધણી જે ખર્ચ કરે છે. તેની પણ આડતિયો કોઈ નોંધ કરતો નથી; પરંતુ, માલ આવે ત્યારે આ માલધણીને એડવાન્સ આપે તે અંગે નીચે મુજબની આમનોંધ કરે છે:

**2. આડતમાલ અંગે એડવાન્સ આપવામાં આવે છે ત્યારે** :
માલધણી ખાતે ઉધાર અને તે રોકડ કે બેંક ખાતે અથવા દેવીહૂંડી ખાતે જમા
(બા.જે. આડતમાલ અંગે માલધણીને રોકડ આપ્યા અથવા માલધણીએ લખેલી હૂંડી આપણે સ્વીકારી)

- આ હૂંડી માલધણી વટાવે તો આડતિયાને કોઈ સંબંધ નથી એટલે તેની કોઈ નોંધ તેના ચોપડે થશે નહીં.

**3. આડતિયાનો ખર્ચ** :
આડતિયો જે ખર્ચ ચૂકવે તે માલધણી પાસે વસૂલ કરવાનો હોવાથી તે રકમ માલધણી ખાતે ઉધારાય છે.

| ક્રમ | વિગત | ઉધાર | જમા |
|---|---|---|---|
| 2. | માલધણી ખાતે ઉ.<br>તે રોકડ ખાતે<br>(બા.જે. આડતમાલ અંગે નીચે મુજબ ખર્ચ ચૂકવ્યો મજૂરી ____ ₹ ____ ગાડીભાડું ₹__________) | --------- | ----------- |

**3. જયારે આડત પર આવેલ માલનું વેચાણ થાય ત્યારે :-**

આડત પર મળેલ માલનું વેચાણ આડતિયો રોકડેથી કરે અથવા ઉધાર કરે. કેટલીકવાર આડતિયો પોતાના ઉપયોગ માટે માલ રાખી લે છે. આ અંગે જુદી જુદી આમનોંધ નીચે મુજબ થશે.

| ક્રમ | વિગત | ખા. પા. | ઉધાર | જમા |
|---|---|---|---|---|
| 3-અ | **જયારે રોકડેથી વેચાણ થાય ત્યારે**<br>રોકડ ખાતે (કે બેંક ખાતે) ઉ.<br>તે માલધણી ખાતે<br>(બા.જે આડત પર મળેલ માલનું રોકડેથી વેચાણ થતાં) | | | |
| 3-બ | **જયારે ઉધાર વેચાણ થાય ત્યારે**<br>દેવાદારો (કે ગ્રાહક)ખાતે ઉ.<br>તે માલધણી ખાતે<br>(બા. જે આડત પર મળેલ માલનું ઉધાર વેચાણ થતાં) | | | |
| 3-ક | **ગ્રાહક માલ પરત કરે ત્યારે**<br>માલધણી ખાતે ઉ.<br>તે દેવાદારો (કે ગ્રાહક) ખાતે<br>(બા. જે આડત પર વેચેલ માલપરત થતાં) | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૩-ડ | **જ્યારે આડતિયો માલ પોતે ખરીદી લે ત્યારે**<br>ખરીદ ખાતે ઉ.<br>તે માલધણી ખાતે<br>(બા.જે આડત પર મળેલ માલની ખરીદી કરતા) | | | |

**4. વેચાણ પર લેણું થયેલ કમિશન :-**

વેચાણ પર લેણું થયેલ કમિશન આડતિયાની આવક ગણાય છે. એટલે કમિશન ખાતે કે આડત ખાતે જમા થાય છે. તે રકમ માલધણી પાસે લેણી થાય છે, એટલે તેને ખાતે ઉધારાય છે.

| | | | |
|---|---|---|---|
| 4. | માલધણી ખાતે ઉ.<br>તે આડત કે કમિશન ખાતે<br>(બા.જે. ₹____ ના વેચાણ પર ___ ટકા લેખે કમિશનનાં લેણાં થયાં) | - | - |

**5. હિસાબ ચૂકતે કરવામાં આવે ત્યારે:**

આડતમાલના વેચાણમાંથી પોતાના ખર્ચ, કમિશન અને અગાઉથી ચૂકવેલ રકમ બાદ કરી બાકીની રકમ આડતિયો રોકડેથી કે બૅંક ડ્રાફ્ટથી મોકલે છે. અથવા તે અંગે માલધણીએ લખેલી હૂંડી સ્વીકારે છે, આ અંગે નીચે મુજબ નોંધ થશે :

| | | | |
|---|---|---|---|
| 5. | માલધણી ખાતે ઉ.<br>તે રોકડ કે બૅંક ખાતે અથવા દેવીહૂંડી ખાતે<br>(બા.જે. આડતમાલ અંગે બાકી રકમ ચૂકતે મોકલી) | - | - |

**9. આડતિયાની ખાતાવહી :-**

આડતિયાની ખાતાવહીમાં જે મહત્વનું ખાતું તેયાર કરવામાં આવે છે તે ‘માલધણીનું ખાતું’ (કેટલીકવાર આડત ખાતું કે કમિશન ખાતું પણ બનાવવાનું છે) ઉપર જણાવેલ આમનોંધની ખતવણી કરતા તે ખાતું નીચે મુજબ હશે.

**ઉ. માલધણીનું ખાતું જ.**

| ક્રમ | વિગત | ₹ | વિગત | રૂ |
|---|---|---|---|---|
| 1. | રોકડ ખાતે કે બૅંક ખાતે કે દેવીહૂંડી ખાતે એડવાન્સ | - | બૅંક કે રોકડ ખાતે (આડતમાલના વેચાણના) | - |
| 2. | દેવાદારો ખાતે (વેચાણ પરત) | - | દેવાદારો ખાતે (ઉધાર વેચાણના) | - |
| 3. | રોકડ ખાતે (ખર્ચના) | - | ખરીદ ખાતે (પોતાના ઉપયોગ માટે માલ રાખ્યો તેના) | - |

| | | | | |
|---|---|---|---|---|
| 4. | આડત ખાતે (લેણી થયેલ આડત) | - | | |
| 5. | રોકડ ખાતે કે બેંક ખાતે કે દેવીહૂંડી ખાતે (હિસાબ ચૂકતે રકમ મોકલી) અથવા બાકી આગળ લઈ ગયા. | - | | |
| | કુલ | | કુલ | |

➢ **નોંધ** :-

1. માલધણી મૂળકિંમત પર અમુક ટકા નફો ચઢાવીને કાચું ભરતિયું બનાવે તેની આડતિયાના હિસાબો પર કોઈ અસર થતી નથી.

2. આડત પર મળેલ માલનો નુક્સાન થાય તો તેની પણ આડતિયાના હિસાબો પર કોઈ અસર થતી નથી.

**10. એડવાન્સ પેટે મળેલ લેણીહૂંડી** :

સામાન્ય રીતે આડતમાલના ધંધામાં આડતિયા તરફથી માલધણીને એડવાન્સ તરીકે અમુક રકમ મળે છે. તેને કારણે પરદેશમાં વસતા આડતિયાને મોટી રકમના માલનું ધિરાણ કરતા થોડી સલામતી રહે છે. બીજું માલ વેચતા, લાંબો સમય લાગે એ દરમ્યાન માલધણીને આ રીતે એડવાન્સ મળતા મૂડીની અછત અનુભવવી પડતી નથી. સામાન્ય રીતે માલઘણી આ અંગે એક હૂંડી લખે છે અને આડતિયા તે સ્વીકારે છે.

➢ આ રીતે આપેલા વટાવ હિસાબોમાં બે રીતે નોંધાય છે :

1. ધંધાનો સામાન્ય ખર્ચ ગણી તે રકમ વટાવ ખાતે ઉધારાય છે અથવા
2. આડતમાલના ધંધાનો સામાન્ય ખર્ચ ગણી વટાવની રકમ આડતમાલ ખાતે ઉધારવામાં આવે. આમાં બીજી પદ્ધતિ વધુ પ્રચલિત છે.

11. **વેચાણઆંકડો** :-

આડતિયો પોતાને માલધણી તરફથી મળેલ માલનું વેચાણ કરે છે. અને તે અંગેની માહિતી દર્શાવતું એક પત્રક માલધણીને મોકલાવે છે. આ પત્રકને વેચાણ આંકડો કહે છે. આ પત્રકમાં આડતિયો નીચે મુજબની વિગતો જણાવે છે :

(અ) વેચાણની કુલ રકમો–જેમાં ઉધાર અને રોકડ બંને વેચાણ જણાવવામાં આવે છે. (બ)આડતમાલ અંગે આડતિયાએ કરેલ ખર્ચની વિગત (ક) આડતિયાએ આડત માલ અંગે એડવાન્સ તરીકે આપેલ રકમ (ડ) છેવટે માલધણીને આપવાની ચોખ્ખી રકમ જણાવવામાં આવે છે. જો આડતિયો વેચાણઆંકડા સાથે બાકી રકમનો ડ્રાફ્ટ પણ મોકલતો હોય તો તેનો પણ ઉલ્લેખ કરે છે. આ પ્રકારના વેચાણઆંકડાનો નમૂનો નીચે આપ્યો છે :

➢ **વેચાણઆંકડાનો નમૂનો**:

આ વેચાણઆંકડામાં ઉપર મુજબની ચાર વિગતો જણાવેલી હોય છે. તે અંગે માલધણી પોતાને ચોપડે નોંધ કરે છે.

**તેન્ડુલકર ઍન્ડ કંપની**
**વી.પી. રોડ**
**ફોર્ટ, મુંબઈ – 1**
**તમો મેસર્સ અર્જુન એન્ડ સન્સે 'એસ.એસ. કોલંબો' મારફતે મોકલેલ 100 પેટી ચાનો વેચાણ આંકડો**

| તારીખ | વિગત | દર ₹ | કુલ ₹ |
|---|---|---|---|
| 2010<br>જુલાઈ-1 | 25 પેટીનું ઉધાર વેચાણ | 600 | 15,000 |
| જુલાઈ-16 | 30 પેટીનું રોકડ વેચાણ | 550 | 16,500 |
| ઓગસ્ટ-1 | 20 પેટીનું રોકડ વેચાણ | 575 | 11,500 |
| | કુલ વેચાણ | | 43,000 |
| | બાદ : ખર્ચા :<br>મજૂરી 3,000<br>ગાડીભાડું 500<br>વીમો 500<br>કમિશન 4,300 | | 8,300 |
| | ચોખ્ખી ઊપજ | | 34,700 |
| | બાદ: તા. 1-5-2010ની સ્વીકારેલ હૂંડી | | 15,000 |
| | મોકલેલ બૅંક ડ્રાફ્ટ | | 19,700 |
| ભૂલચૂક લેવીદેવી<br>15-08-2010 | | ચિંતન પરીખ<br>મેનેજર | |

**ઉદાહરણ – 1** અમદાવાદના અનુપમ ફર્નિચરમાર્ટ મુંબઈના પવાર બ્રધર્સ પર ₹2,000નું એક એવા 20 સ્ટીલના કબાટ આડતથી વેચવા મોકલ્યાં. આડતમાલ વેચાણની શરત મુજબ આડતિયાને વેચાણ પર 10% કમિશન આપવાનું હતું. તેમણે અનુપમ ફર્નિચરમાર્ટની લખેલી ₹45,000ની ત્રણ માસની હૂંડી આડતમાલના એડવાન્સ તરીકે સ્વીકારી. માલધણીને નાણાંની તાત્કાલિક જરૂર હોવાથી તેમણે આ હૂંડી વાર્ષિક 12% દરે વટાવી.

કબાટ મોકલતા તેમને ₹3,500 રેલ્વેનૂર અને મજૂરીના ₹4000 ચૂકવ્યાં. પવાર બ્રધર્સ માલ છોડાવવા અંગે મજૂરી, જકાત વગેરેના ₹5,000 ચૂકવ્યાં. બે માસ પછી મોકલેલ વેચાણ-આંકડામાં તેમને જણાવ્યું કે 35 કબાટ દરેક ₹3,000 લેખે વેચાણ હતા. એક માસ પછી મોકલેલ બીજા વેચાણઆંકડા સાથે જણાવ્યું કે, બાકીનાં 5 કબાટ કુલ ₹27,500માં વેચેલ છે અને પોતાનું કમિશન કાપી લઈ બાકીની રકમનો ડ્રાફ્ટ મોકલી હિસાબ ચૂકતે કર્યો.

ઉપરની વિગતો પરથી અનુપમ ફર્નિચર માર્ટ અને પવાર બ્રધર્સના ચોપડે જરૂરી આમનોંધો લખી જરૂરી ખાતા તેયાર કરો.

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1. | મુંબઈ આડતમાલ ખાતે ઉ....<br>તે આડત પર મોકલેલ માલ ખાતે<br>(બા.જે ₹2000ની કિંમતના એક એવા 20 સ્ટીલના કબાટ પવાર બ્રધર્સને આડત પર વેચવા મોકલ્યાં) | | 40,000 | 40,000 |
| 2. | મુંબઈ આડતમાલ ખાતે ઉ...<br>તે રોકડ ખાતે<br>(બા.જે. આડતમાલ અંગે ₹3500 રેલ્વેનૂર અને ₹4,000 મજૂરીના ચૂકવ્યાં) | | 7,500 | 7,500 |
| 3. | લેણીહૂંડી ખાતે ઉ....<br>તે પવાર બ્રધર્સ ખાતે<br>(બા.જે. આપને લખેલી 3 માસની હૂંડી પવાર બ્રધર્સ સ્વીકારી) | | 45,000 | 45,000 |
| 4. | રોકડ ખાતે ઉ....<br>મુંબઈ આડતમાલ ખાતે (વટાવ) ઉ.....<br>તે લેણીહૂંડી ખાતે<br>(બા.જે. પવાર બ્રધર્સ સ્વીકારેલી ત્રણ માસની હૂંડી 12%ના દરે વટાવી) | | 43,650<br>1,350 | 45,000 |
| 5. | મુંબઈ આડતમાલ ખાતે ઉ....<br>તે પવાર બ્રધર્સ ખાતે<br>(બા.જે. પવાર બ્રધર્સ દ્વારા મજૂરી અને જકાતના ₹5000 ચૂકવ્યાં) | | 5,000 | 5,000 |
| 6. | પવાર બ્રધર્સ ખાતે ઉ....<br>તે મુંબઈ આડતમાલ ખાતે<br>(બા.જે. પ્રથમ વેચાણ આંકડા મુજબ પવાર બ્રધર્સ એ 35 કબાટનું વેચાણ કર્યું) | | 1,05,000 | 1,05,000 |
| 7. | પવાર બ્રધર્સ ખાતે ઉ....<br>તે મુંબઈ આડતમાલ ખાતે<br>(બા.જે. બીજા વેચાણ આંકડા મુજબ પવાર બ્રધર્સ બાકીના 5 કબાટનું વેચાણ કર્યું) | | 27,500 | 27,500 |
| 8. | મુંબઈ આડતમાલ ખાતે ઉ....<br>તે પવાર બ્રધર્સ ખાતે<br>(બા.જે. વેચાણ ₹1,32,500 પર 10% લેખે કમિશનના ચુકવવાના થયા.) | | 13,250 | 13,250 |
| 9. | બેંક ખાતે ઉ....<br>તે પવાર બ્રધર્સ ખાતે<br>(બા.જે. આડતમાલ અંગે બાકી રકમ આડતિયા તરફથી બેંકડ્રાફ્ટ દ્વારા મળી.) | | 70,625 | 70,625 |
| 10. | મુંબઈ આડતમાલ ખાતે ઉ....<br>તે સમાન્ય નફા-નુક્સાન ખાતે<br>(બા.જે. મુંબઈ આડતમાલનો નફો-નુક્સાન ખાતે લઈ ગયા) | | 66,775 | 66,775 |
| 11. | આડતમાલ મોકલેલ માલ ખાતે ઉ....<br>તે વેપાર ખાતે<br>(બા.જે. આડત પર મોકલેલ માલ ખાતાની બાકી વેપાર ખાતે લઈ ગયા) | | 40,000 | 40,000 |
| | કુલ | | 4,65,650 | 4,65,650 |

## અનુપમ ફર્નિચરમાર્ટના ચોપડામાં
## મુંબઈ આડતમાલ ખાતું

ઉ. જ.

| વિગત | રૂ . | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત પર મોકલેલ માલ ખાતે (૨૦૦૦× ૨૦) | 40,000 | પવાર બ્રધર્સ- ખાતે વેચાણ (35 કબાટ ×₹3,000) | 1,05,000 |
| રોકડ ખાતે | | પવાર બ્રધર્સ- ખાતે વેચાણ (5 કબાટ × 5,500) | 27,500 |
| રેલ્વેનૂર 3,500 | | | |
| મજૂરી 4,000 | 7,500 | | |
| લેણીહૂંડી ખાતે વટાવ | 1,350 | | |
| પવાર બ્રધર્સ ખાતે-ખર્ચ | 3,625 | | |
| પવાર બ્રધર્સ ખાતે-કમિશન (1,32,500x10/100) | 13,250 | | |
| નફા-નુક્સાન ખાતે (નફો) | 66,775 | | |
| કુલ | **1,32,500** | કુલ | **1,32,500** |

## પવાર બ્રધર્સ (આડતિયા)નું ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| મુંબઈ આડતમાલ ખાતે (વેચાણ) | 1,05,000 | લેણીહૂંડી ખાતે-એડવાન્સ | 45,000 |
| | | મુંબઈ આડતમાલ ખાતે-ખર્ચ | 3,625 |
| | | મુંબઈ આડતમાલ ખાતે-કમિશન | 13,250 |
| મુંબઈ આડતમાલ ખાતે (વેચાણ) | 27,500 | બૅંક ખાતે-ચૂકતે ડ્રાફ્ટ | 70,625 |
| કુલ | **1,32,500** | કુલ | **1,32,500** |

## આડત પર મોકલેલ માલનું ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| વેપાર ખાતે ટ્રાન્સફર | 40,000 | મુંબઈ આડતમાલ ખાતે | 40,000 |
| કુલ | 40,000 | કુલ | 40,000 |

❖ **પવાર બ્રધર્સના ચોપડામાં :-**

## આડતિયાના ચોપડે આમનોંધ

| ક્રમ | વિગતો | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1. | અનુપમ ફર્નિચરમાર્ટ ખાતે ઉ.<br>તે દેવીહૂંડી ખાતે<br>(બા.જે. આડતમાલ અંગે હૂંડી એડવાન્સ તરીકે સ્વીકારી) | | 45,000 | 45,000 |
| 2. | અનુપમ ફર્નિચરમાર્ટ ખાતે ઉ.<br>તે રોકડ ખાતે<br>(બા.જે અમદાવાદ આડતમાલ અંગે ₹3,625 ખર્ચ કર્યા) | | 3,625 | 3,625 |
| 3. | રોકડ ખાતે ઉ.<br>તે અનુપમ ફર્નિચરમાર્ટ ખાતે<br>(બા.જે અમદાવાદ આડતમાલ ૩૫ કબાટોનું ₹૩૦૦૦ લેખે વેચાણ થયું) | | 10,500 | 10,500 |
| 4. | રોકડ ખાતે ઉ.<br>તે અનુપમ ફર્નિચરમાર્ટ ખાતે<br>(બા.જે. અમદાવાદ આડતમાલના બાકીના 5 કબાટોનું ₹2,730 લેખે વેચાણ થયું. | | 13,750 | 13,750 |
| 5. | અનુપમ ફર્નિચરમાર્ટ ખાતે ઉ.<br>તે કમિશન ખાતે<br>(બા.જે ₹118750ના વેચાણ પર 5% લેખે કમિશનના લેણાં થયાં) | | 5,938 | 5,938 |
| 6. | અનુપમ ફર્નિચરમાર્ટ ખાતે ઉ.<br>તે બૅંક ખાતે<br>(બા.જે આડતમાલ અંગે બાકી રકમ બૅંકડ્રાફ્ટથી ચૂકતે કરી) | | 62,813 | 62,813 |
| | કુલ | | 1,43,001 | 1,43,001 |

## અનુપમ ફર્નિચર માર્ટનું ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| દેવીહૂંડી ખાતે એડવાન્સ | 45,000 | રોકડ ખાતે વેચાણ | 1,05,000 |
| રોકડ ખાતે-મજૂરી | 3,625 | રોકડ ખાતે વેચાણ | 27,500 |
| કમિશન ખાતે | 13,250 | | |
| બૅંક ખાતે ચૂકતે | 70,625 | | |
| કુલ | 1,32,500 | કુલ | 1,32,500 |

**12. આખર સ્ટૉકની કિંમત:-**

જયારે વર્ષના અંત સુધીમાં આડત પર મોકલેલ માલ પૂરેપૂરો વેચાયો ન હોય ત્યારે આડતમાલનો નફો શોધવા માટે વર્ષને અંતે વેચાણ વિનાનો પડેલો આડતમાલના અંગેનો આખરનો સ્ટૉક આડતમાલ ખાતે જમા કરવો જોઈએ.

- **આખરસ્ટૉકનું મૂલ્યાંકન:-**

આખરસ્ટૉકનુ મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવામાં આવતી બાબતો આ પ્રમાણે છે :

1. આખરસ્ટૉકની બજારકિંમત મૂળકિંમત કરતાં ઓછી હોય ત્યારે :
   આખરસ્ટૉકની બજારકિંમત મૂળકિંમત કરતાં ઓછી હોય ત્યારે આખરસ્ટૉકની મૂળકિંમતમાં માલિક કે આડતિયાના ખર્ચાનો પ્રમાણસર હિસ્સો ઉમેરવાનો રહેતો જ નથી.
2. આખરસ્ટૉકની બજારકિંમત આપેલ હોય ત્યારે :
   જ્યારે આખરસ્ટૉકની બજાર કિંમત આવેલી હોય ત્યારે આ બજારકિંમત આખરસ્ટૉકની મૂળકિંમત કરતાં વધારે હોય તો સૌ પ્રથમ તેની મૂળકિંમતમાં પ્રમાણસરનો ખર્ચ ઉમેરી આખરસ્ટૉકની પડતરકિંમત નક્કી કરવી. ત્યારબાદ આખરસ્ટૉકની આ કિંમતને બજારકિંમત સાથે સરખાવવી જોઈએ અને બેમાંથી જે કિંમત ઓછી હોય તે કિંમતે આખર સ્ટૉક આડતમાલ ખાતે જમા કરવો જોઈએ.
3. સામાન્ય ઘટ કે માલની ઘટ :
   અમુક કુદરતી કારણોસર જેવાં કે બાષ્પીભવન અને સંકોચનથી આડતિયા પાસે માલ પહોંચતા પહેલાં તેમાં ઘટ પડે. ઉપરોક્ત સંજોગોમાં મોકલેલ માલ કરતાં ઓછા જથ્થામાં માલ આડતિયાને મળશે. આડતિયો ખર્ચ પણ તેને મળેલ જથ્થા પર જ કરશે. આવી સામાન્ય ઘટને આડતમાલમાં સમાવી લેવા માટે ઘટના ધોરણે આખરસ્ટૉકની કિંમત વધુ ગણવી જોઈએ.

| | | | |
|---|---|---|---|
| 1. | **આડતમાલ સ્ટૉક ખાતે ઉ.**<br>**તે આડતમાલખાતે** | - | <br>- |

**13. સામાન્ય નુક્સાન અને અસામાન્ય નુક્સાન :**

આડતથી માલ વેચવા મોકલવામાં આવે ત્યારે અમુક કારણોસર માલ રસ્તામાં હોય ત્યારે તે માલ પર નુક્સાન થતું હોય છે. ક્યારેક માલની ડિલિવરી મેળવ્યા પછી આડતિયાના ગોડાઉનમાં રહેલા માલ પર પણ નુક્સાન ઉદ્દભવતું હોય છે. આવા નુક્સાન કે ઘટને, તે જે કારણોસર ઉદ્દભવે છે તે કારણોના અનુસંધાને બે પ્રકારમાં વહેંચી શકાય :

**(અ) સામાન્ય નુક્સાન :** કુદરતી કારણોસર સહજ હોય અને આવા નુક્સાનને કોઈપણ ઉપાયો વડે પણ નિવારી શકાય તેમ ન હોય તેને સામાન્ય નુક્સાન તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. બાષ્પીભવનના કારણે પેટ્રોલનું હવામાં ઊડી જવું.

સામાન્ય નુક્સાન કે ઘટ દરેક આડતમાલ માટે અનિવાર્ય હોય છે. જેની હિસાબી અસર એ છે કે આવું નુક્સાન જે તે આડતમાલ ખાતામાં જ નોંધાવવું જોઈએ. આમ, આવા નુક્સાન કે ઘટને આડતમાલ ખાતામાં જ નોંધી લેવામાં આવે છે. જ્યારે સામાન્ય નુક્સાનને પરિણામે વેચાણ જથ્થો ઘટતાં વેચાણની ચોપડે કોઈ નોંધ ન કરવાથી આડતમાલ ખાતાએ જ નુક્સાન ભોગવ્યું તેવી હિસાબી અસર આડકતરી રીતે નોંધાશે. આડતમાલ આખરસ્ટૉકનું મૂલ્યાંકન પણ સામાન્ય નુક્સાનનો જથ્થો બાદ જતાં બાકી રહેલા જથ્થાને આધારે થાય છે.

**(બ) અસામાન્ય નુક્સાન :** જે નુક્સાન અનિવાર્ય ન હોય; પરંતુ, આકસ્મિક હોય તેને અસામાન્ય નુક્સાન કહેવામાં આવે છે. (દા.ત. મોકલેલ માલને રસ્તામાં આગ, અકસ્માત કે ચોરીને કારણે નુક્સાન થાય) આવું નુક્સાન કુદરતી કારણોસર ઉદ્દભવતું નથી; પરંતુ, અકાળે અથવા તો આકસ્મિક ઉદ્દભવે છે. આવાં કારણોને દૂર કરી શકાય છે.

આવું નુક્સાન ધંધાકીય નુક્સાન નથી, જેથી આડતમાલ ખાતે આવું નુક્સાન ઉધારવાને બદલે તેને નફા-નુક્સાન ખાતે ઉધારવામાં આવે છે. આમ, આડતમાલના ખાતાનો સાચો નફો કે ખોટ જાણી શકાય.

અસામાન્ય નુક્સાનની ગણતરી કરતી વખતે તેના પરના પ્રમાણસરના ખર્ચા પણ ધ્યાનમાં લેવા જોઈએ. અસામાન્ય નુક્સાન પામેલ માલની જો આડતિયો કાંઈ પણ કિંમત ઉપજાવી શકે તો તેટલી રકમથી અસામાન્ય નુક્સાન ઘટે છે.

**14. આસામી આડત (કમિશન):-**

આડતિયાને વેચાણ પર સામાન્ય રીતે અમુક ટકા લેખે આડત આપવામાં આવે છે અને ઉધાર વેચાણના નાણાં અંગે આડતિયો કોઈ જવાબદારી લેતો નથી; પરંતુ, પરદેશના ગ્રાહકોને માલધણી ઓળખતો નથી એટલે ઉધાર વેચાણમાંથી ઉદ્દભવતી માલખાધની શક્ય ખોટ અંગે આડતિયાને જવાબદારી સોંપવી ઈચ્છનીય છે. એટલે આડતિયાને આવી જવાબદારી સ્વીકારવા બદલ વધારાની આડત આપવામાં આવે છે, જેને આસામી આડત કહેવામાં આવે છે. આ સંજોગોમાં ઉધાર વેચાણના પૂરેપૂરા નાણાં આડતિયો પોતે ચૂકવે છે અને ઘાલખાધ પડે તો તે આડતિયો ભોગવે છે.

- **આસામી આડત ગણતરી અંગે નીચે દર્શાવેલ પગલા ધ્યાને લેવા ઘટે:**
  - **a.** જયારે દાખલામાં ઉધાર વેચાણ અલગ આપ્યું હોય ત્યારે આસામી આડત ફક્ત ઉધાર વેચાણ પર જ ગણવી.
  - **b.** માલધણીની ભલામણથી કરેલ ઉધાર વેચાણ ઉપર આસામી આડત ગણવી નહીં.
  - **c.** પરંતુ જયારે દાખલામાં કુલ વેચાણ આપ્યું હોય અને ઉધાર વેચાણ કેટલું છે તે જણાવ્યું ન હોય ત્યારે બધું વેચાણ ઉધાર છે તેમ માનીને કુલ વેચાણ પર આસામી આડત ગણવી.
  - **d.** દાખલામાં ઉધાર વેચાણ અને રોકડ વેચાણ અલગ અલગ આપ્યા ન હોય; પરંતુ, વાક્યરચના પરથી કયું ઉધાર વેચાણ છે તે જાણી શકાય તો ફક્ત ઉધાર વેચાણ પર આસામી આડત ગણવી.

**આસામી આડત**

| | | | |
|---|---|---|---|
| ઉધાર વેચાણ અલગ આપ્યું હોય તો ઉધાર વેચાણ પર આસામી આડત ગણવી. | માલધણીની ભલામણથી કરેલ ઉધાર વેચાણ પર આસામી આડત ગણવી નહીં. | દાખલામાં ઉધાર વેચાણ અને રોકડ વેચાણ અલગ આપ્યું ન હોય તો કુલ વેચાણ પર આસામી આડત ગણવી. | દાખલામાં આપેલ વાકય રચના પરથી ઉધાર વેચાણ નક્કી કરી શકતું હોય તો તેના પર જ આસામી આડત ગણવી. |

❖ **આસામી આડત અને ઘાલખાધ અંગે હિસાબી નોંધ:**

**A. માલધણીના ચોપડે :**

1. ઉધાર વેચાણ પર આસામી આડત આપવામાં આવતી હોય તો તે આડતમાલ ખાતે ઉધારી આડતિયા ખાતે જમા કરવામાં આવશે. જયારે આડતિયાને આસામી આડત આપવામાં આવે ત્યારે ઘાલખાધ પડે તો તેની કોઈ નોંધ માલધણીના ચોપડે થતી નથી; કારણકે, ઘાલખાધનું નુક્સાન આડતિયાને ભોગવવાનું હોય છે.
2. પરંતુ જયારે આસામી આપવામાં આવતી ન હોય અને ઉધાર વેચાણ અંગે ઘાલખાધ પડે તો તે નુક્સાન માલધણી ને જ ભોગવવાનું છે. તેથી ઘાલખાધની રકમ આડતિયા ખાતે જમા કરવી પડે કારણ કે જયારે વેચાણ થયેલું ત્યારે પૂરી રકમ આડતિયા ખાતે ઉધારેલી. હવે આડતિયા પાસેથી ઘાલખાધ જેટલી રકમ ઓછી લેવાની છે. એટલે તો રકમ આડતિયા ખાતે જમા થાય છે અને આડતમાલ ખાતે ઉધારાય છે.
    - આડતખાતે ઉ......<br>તે આડતિયા ખાતે
    - જો કે પ્રથમ આમનોંધ ન કરીએ તો પણ ચાલે કારણ કે ઉદ્દેશ ઘાલખાધની અસર આડત ખાતે દર્શાવવાનો છે.
    - જો આડતિયાને આસામી આડત ન આવતી હોય અને ઉધાર વેચાણ અંગે ઘાલખાધ પડે તો તે ઘાલખાધની રકમ આડતિયાના ચોપડે માલધણી ખાતે ઉધારાશે અને આડતમાલના ગ્રાહક ખાતે જમા થશે.
    - માલધણીની ભલામણથી આડતિયાએ કરેલા વેચાણ અંગે ઘાલખાધ પડે ત્યારે આવી ખાલખાધ આડતિયાએ ભોગવવાની હોતી નથી. તેથી આડતિયો આવી ખાલખાધની રકમ માલધણી ખાતે ઉધારીને ગ્રાહક ખાતે જમા કરે છે.

B. આડતિયાના ચોપડે :

1. જો આસામી આડત આડતિયાને આપવામાં આવે તો એ આડતિયાની આવક હોવાથી તે આડત ખાતે જમા કરાશે અને માલધણી પાસે તે રકમ લેવાની હોવાથી માલધણી ખાતે ઉધારાશે.

   આ સંજોગોમાં જો ઘાલખાધ પડે તો આડતિયાએ પોતે જ ભોગવવી પડે એટલે ઘાલખાધની રકમ જેટલી તેની આડતની આવક ઓછી થવાની. આમ, ઘાલખાધની રકમ આડત ખાતે ઉધારશે અને આડતમાલના ગ્રાહક ખાતે જમા કરાશે. માલધણીના ખાતામાં તેની કોઈ અસર અપાશે નહીં; કારણકે, આડતિયાએ વેચાણની પૂરી રકમ માલધણીને ચૂકવવાની રહેશે.

- આમનોંધ નીચે મુજબ થશે :

  1) બૅંક ખાતે ઉ.....

  ઘાલખાધ ખાતે ઉ.....

  તે આડતમાલના ગ્રાહક ખાતે

❖ **આડતિયાનું ખાતું :**

- માલધણીના ચોપડે આડતિયાના ખાતામાં નીચેના વ્યવહારોની નોંધ થાય છે:
  - i. આડતિયાએ ચૂકવેલ ખર્ચા
  - ii. આડતિયાએ કરેલ વેચાણ
  - iii. આડતિયાને આપવાની થતી આડત
  - iv. આડતિયા તરફથી મળેલ હૂંડી, ડ્રાફ્ટ
  - v. આસામી આડત ન અપાતી હોય ત્યારે ઘાલખાધની રકમ
- નીચેના વ્યવહારોની નોંધ આડતિયાના ખાતામાં થતી નથી :
  - i. આડત પર મોકલેલ માલ
  - ii. આડતિયાએ પરત કરેલ માલ
  - iii. માલધણીએ ચૂકવેલ ખર્ચ
  - iv. હૂંડીનો વટાવ
  - v. આડતમાલનો નફો

**ઉદાહરણ 1** 'અ' એ ₹8000નો માલ 'બ'ને આડત પર વેચવા મોકલ્યો. માલ મોકલતાં ₹800નો ખર્ચ થયો. આડતિયાએ બધો માલ ₹12,000માં વેચ્યો, જે પૈકી ₹4000નું રોકડ વેચાણ હતું. આડતિયાને કુલ વેચાણ પર 5% સામાન્ય આડત અને ઉધાર વેચાણ પર 4% આસામી આડત આપવાની છે. ઉધાર વેચાણ પૈકી એક ગ્રાહક ₹400 ચૂકવતો નથી.

a. માલધણીના ચોપડે આડતમાલ ખાતું અને આડતિયાને ચોપડે માલધણીનું ખાતું બનાવો આડતિયાએ માલધણીને બાકી રકમ ચૂકવી દીધી છે.

b. જો આડતિયાને આસામી આડત મળતી હોય તો ઘાલખાધ અંગે બંને પક્ષના ચોપડે શી નોંધ થશે?

c. આસામી આડત મળતી ન હોય; પરંતુ, માલધણીની ભલામણથી ઉધાર વેચાણ કરવામાં આવ્યું હોય તો ઘાલખાધ અંગે બંનેના ચોપડે શી નોંધ થશે?

**જવાબ :-** **માલધણીના ચોપડે આડતમાલ ખાતું**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત પર મોકલેલ માલ ખાતે | 8,000 | 'બ' ખાતે – વેચાણ : | |
| | | ઉધાર 8,000 | |
| | | રોકડ 4,000 | 12,000 |
| રોકડ ખાતે – ખર્ચ | 800 | | |
| 'બ' ખાતે – આડત : | | | |
| સામાન્ય 600 | | | |
| આસામી 160 | 760 | | |
| નફો : સામાન્ય ન.નું. ખાતે | 2,440 | | |
| | **12,000** | | **12,000** |

**આડતિયાના ચોપડે 'અ' નું ખાતું**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત ખાતે : | | રોકડ ખાતે વેચાણ | 4,000 |
| સામાન્ય 600 | | | |
| આસામી 160 | 760 | | |
| બૅંક ખાતે- બાકી રકમ | 11,240 | દેવાદારો ખાતે – ઉધાર વેચાણ | 8,000 |
| | **12,000** | | **12,000** |

- આડતિયાના ચોપડે ₹400 જે ઘાલખાધ પડી તે પોતાની ખોટ ગણી આડતની આવક ઓછી થશે. આ માટે પહેલી નોંધમાં ₹400 ઘાલખાધ ખાતે ઉધારી દેવાદારો ખાતે જમા થશે. બીજી નોંધમાં તે રકમ આડત ખાતે ઉધારીને ઘાલખાધ ખાતું બંધ કરાશે. આસામી આડત ચુકવાતી હોવાથી ઘાલખાધ અંગે માલધણીના ચોપડે કોઈ નોંધ થશે નહીં.

**મળેલ આડત ખાતું**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| ઘાલખાધ ખાતે | 400 | અ ખાતે | 760 |
| ન.નું. ખાતે ટ્રાન્સફર | 360 | | |
| કુલ | **760** | કુલ | **760** |

❖ આડતિયાના ચોપડે થતી સંપૂર્ણ આમનોંધો નીચે આપી છે.

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1. | રોકડ ખાતે ઉ. | | 4,000 | |
| | આડતમાલના દેવાદારો ખાતે ઉ. | | 8,000 | |
| | તે અ ખાતે | | | 12,000 |
| 2. | 'અ' ખાતે ઉ. | | 760 | |
| | તે મળેલ આડત ખાતે | | | 760 |
| 3. | ઘાલખાધ ખાતે ઉ. | | 400 | |
| | રોકડ ખાતે | | 7,600 | |
| | તે આડતમાલના દેવાદારો ખાતે | | | 8,000 |
| 4. | મળેલ આડત ખાતે ઉ. | | 400 | |
| | તે ઘાલખાધ ખાતે | | | 400 |
| 5. | 'અ' ખાતે ઉ. | | 11,240 | |
| | તે બૅંક ખાતે | | | 11,240 |
| 6. | આડત ખાતે ઉ. | | 360 | |
| | તે નફા-નુક્સાન ખાતે | | | 360 |
| | કુલ | | 32,760 | 32,760 |

❖ આસામી આડત મળતી ન હોય તો બંને પક્ષકારોના ચોપડે ઘાલખાધની નોંધ નીચે મુજબ થશે.

| **માલધણીના ચોપડે ('અ' ના ચોપડે)** | | | **આડતિયાના ચોપડે ('બ' ના ચોપડે)** | | |
|---|---|---|---|---|---|
| આડતમાલ ખાતે ઉ. | 400 | | 'અ' ખાતે ઉ. | 400 | |
| તે 'બ' ખાતે | | 400 | તે દેવાદાર ખાતે | | 400 |

**ઉદાહરણ 2** 'અ' એ ₹8,000નો માલ બને આડત પર વેચવા મોકલ્યો. માલ મોકલતાં ₹800નો ખર્ચ થયો. આડતિયાએ બધો માલ ₹12,000માં વેચ્યો, જે પૈકી ₹8,000 ઉધાર વેચાણ અને ₹4,000 રોકડ વેચાણ હતું. આડતિયાને વેચાણ પર 5% કમિશન આપવામાં આવે છે. આસામી આડત આપવાની કોઈ જોગવાઈ નથી. ઉધાર વેચાણ પૈકી એક ગ્રાહક ₹300 ચૂકવતો નથી. અ ના ચોપડે આડતમાલ અંગેના વ્યવહારોની નોંધ કરો.

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | વેચાણ ₹ |
|---|---|---|---|---|
| 1. | આડતમાલ ખાતે ઉ. | | 8,000 | |
| | તે આડત પર મોકલેલ માલ ખાતે | | | 8,000 |
| 2. | આડત માલ ખાતે ઉ. | | 800 | |
| | તે રોકડ ખાતે | | | 800 |

| | | | | |
|---|---|---|---|---|
| 3. | આડતિયા 'બ' ખાતે ઉ. | | 12,000 | |
| | તે આડતમાલ ખાતે | | | 12,000 |
| 4. | આડતમાલ ખાતે ઉ. | | 600 | |
| | તે આડતિયા 'બ' ખાતે | | | 600 |
| 5. | આડતમાલ ખાતે ઉ. | | 300 | |
| | તે આડતિયા 'બ' ખાતે | | | 300 |
| 6. | બૅંક ખાતે ઉ. | | 11,100 | |
| | તે આડતિયા 'બ' ખાતે | | | 11,100 |
| 7. | આડતમાલ ખાતે ઉ. | | 1,300 | |
| | તે સામાન્ય નફા-નુક્સાન ખાતે | | | 1,300 |

**ઉદાહરણ 3** મદ્રાસની આયર એન્ડ કંપની ભાવનગરના જસાણી બ્રધર્સને ₹150ની કિંમતના એક એવા 1000 રેડિયો આડતથી વેચવા મોકલે છે. આયર એન્ડ કંપની નૂરના ₹10,000 મજૂરીના ₹1,000 અને વીમા ખર્ચનાં ₹500 ચૂકવે છે. રસ્તામાં આગ લાગતાં 100 રેડિયો બળી ગયા અને સંપૂર્ણ નાશ પામ્યા. આ અંગે વીમા કંપનીએ ₹6,000નો દાવો મંજૂર રાખ્યો. બાકીના રેડિયો આડતિયાએ ₹13,500 જકાત ચૂકવીને છોડાવી લીધા. આડતિયાને વેચાણ પર 5% આડત આપવાની છે.

આડતિયાએ આયર એન્ડ કંપનીએ લખેલી ₹50,000ની 3 માસની હૂંડી સ્વીકારી થોડા દિવસ બાદ તેમણે વેચાણ આંકડો મોકલ્યો જે મુજબ તેમણે 800 રેડિયાનું ₹250ના ભાવે વેચાણ કરી વેચાણ ખર્ચનાં ₹3,000 ચૂકવ્યાં હતાં. ઉપરની વિગતો પરથી આયર એન્ડ કંપનીના ચોપડે ભાવનગર આડતમાલ ખાતું તૈયાર કરો.

**આયર એન્ડ કંપનીના ચોપડે**

**ઉ. ભાવનગર આડતમાલ ખાતું જ.**

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડત પર મોકલેલ માલ ખાતે | 1,50,000 | વીમા કંપની ખાતે | 6,000 |
| રોકડ ખાતે : | | સામાન્ય નફા-નુક્સાન ખાતે : | |
| નૂર 10,000 | | આગથી થયેલ નુક્સાન | 10,150 |
| મજૂરી 1,000 | | જસાણી બ્રધર્સ ખાતે – વેચાણ | 2,00,000 |
| વીમો 500 | 11,500 | | |
| જસાણી બ્રધર્સ ખાતે : | | આડતમાલ સ્ટૉક : | |
| જકાત 13,500 | | મૂળ પડતર 15,000 | |
| અન્ય ખર્ચ 3,000 | | + માલધણીનો પ્રમાણસર ખર્ચ 1,150 | |
| આડત 10,000 | 26,500 | + આડતિયાનો પ્રમાણસર ખર્ચ 1,500 | 17,650 |
| સામાન્ય નફા-નુક્સાન ખાતે – નફો | 45,800 | (13500 x 100/900) | |
| | **2,33,800** | | **2,33,800** |

❖ નુકસાનની ગણતરી :

| | |
|---|---|
| મૂળ કિંમત 100 x 150 | = 15,000 |
| + પ્રમાણસરનો ખર્ચ 11,500 x 100/1,000 | = 1,150 |
| બળી ગયેલ રેડિયોની પડતર | 16,150 |
| - વીમા કંપનીએ મંજૂર રાખેલ દાવાની રકમ | = 6,000 |
| આગથી થયેલ નુકસાન | 10,150 |

**ઉદાહરણ 4** એક માલધણીના ચોપડામાં આડતમાલ ખાતું નીચે મુજબ હતું. કોઈ ભૂલ કે ભૂલો હોય તો સુધારીને નવેસરથી ખાતું બનાવો.

**આડતમાલ ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી મોકલેલ માલ | 20,000 | આડતિયા ખાતે – રોકડ વેચાણ | 20,000 |
| બેંક ખાતે (ખર્ચ ) | 600 | આડતિયા ખાતે – ઉધાર વેચાણ | 7,000 |
| આડતિયા ખાતે (કમિશન ) | 810 | સ્ટૉક | 2,000 |
| નફો | 7,590 | | |
| | **29,000** | | **29,000** |

❖ આડતિયાને 3% સાદી આડત અને 1% આસામી આડત આપવાની છે. આડતિયાએ તેને મોકલેલ માલ પૈકી 90% માલ વેચી દીધેલી છે. આડતિયાએ વેચાણખર્ચનાં ₹200 ચૂકવેલ છે.

**સુધારેલું આડતમાલ ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| આડતથી મોકલેલ માલ | 20,000 | આડતિયા ખાતે : | |
| | | રોકડ વેચાણ 20,000 | |
| | | ઉધાર વેચાણ 7,000 | 27,000 |
| બેંક ખાતે (ખર્ચ) | 600 | આખર સ્ટૉક 2,000 | |
| | | + માલધણીનો ખર્ચ 60 | 2,060 |
| આડતિયા ખાતે (ખર્ચ) | 200 | | |
| આડતિયા ખાતે (કમિશન) | | | |
| સામાન્ય 810 | | | |
| આસામી 70 | 880 | | |
| નફો : સામાન્ય નફા-નુકસાન ખાતે | 7,380 | | |
| | 29,060 | | 29,060 |

### ❖ આડતમાલ ભરતિયાકિંમતે મોકલવું

જ્યારે માલધણી આડતિયાને નફાની રકમ જાણવા ન મળે તેવા ઉદેશથી માલ મૂળકિંમતને બદલે મૂળકિંમત પર અમુક ટકા ચડાવીને મોકલે છે, જેને ભરતિયા કિંમતે મોકલેલ માલ કહેવાય છે. ભરતિયા કિંમત નીચેની બે રીતે નક્કી કરી શકાય છે.

1) મૂળકિંમત પર અમુક ટકા ચડાવવામાં આવે ત્યારે
2) ભરતિયાકિંમત ઉપર અમુક ટકા નફો મળે તે રીતે ભરતિયા કિંમત તૈયાર કરવામાં આવે ત્યારે.

ઉદા. 'અ' એ 'બ' અમુક કિંમતનો માલ ભરતિયા કિંમત પર 20% નફો મળે તે રીતે વહેંચવા મોકલેલ છે. તો મૂળકિંમત પર નફાની ટકાવારી કેટલી થાય.

ધારોકે ₹100 ભરતિયાકિંમત હોય
બાદ ₹20 નફો (20%)
₹80 મૂળકિંમત

$\therefore$ મૂળકિંમત પર નફાની ટકાવારી = $\frac{\text{નફો}}{\text{મૂ.કિં.}} \times$ ભ.કિં.

$= \frac{20}{80} \times 100$

$= 25$

આમ, જ્યારે ભરતિયાકિંમતે માલ મોકલાતો હોય ત્યારે આડતમાલ ખાતું ત્રણ રીતે તૈયાર કરી શકાય છે:

1) મૂળકિંમતે જ નોંધવી : આ પદ્ધતિ મુજબ માલધણી ચોપડે મોકલેલ માલ મૂળકિંમતે જ નોંધે છે. તેમજ તેનો આખરનો સ્ટૉક પણ મૂળકિંમતે જ નોંધાય છે. કાચા ભરતિયામાં મોકલેલ માલની ભરતિયાકિંમત દર્શાવવામાં આવી હોય તેને પણ ધ્યાનમાં લેવામાં આવતી નથી.
2) ખાનાવાળી પદ્ધતિ : આ પદ્ધતિ મુજબ આડતમાલ ખાતમાં અ આડતથી વેચવા મોકલેલ માલનું ખાતું બે ખાનાથી તૈયાર કરવામાં આવે છે. જેમાં પ્રથમ ખાનમાં 'ભરતિયા કિંમત' અને બીજા ખાનામાં 'મૂળકિંમત' નોંધવામાં આવે છે.
3) ભરતિયા કિંમતે નોંધણી : આ પદ્ધતિ મુજબ માલધણી પોતાના હિસાબો ભરતિયાકિંમતે જ તૈયાર કરે છે અને તેમાં ચડાવેલ નફાની રકમને દૂર કરવા માટે જરૂરી આમનોંધ નોંધવામાં આવે છે.

- આડત પર મોકલેલ માલ અંગે (તફાવતની રકમની આમનોંધ)

  આડત પર મોકલેલ માલ ખાતે ઉ...
  તે આડતમાલ ખાતે

- આડતમાલનાં આખરસ્ટૉક અંગે (તફાવતની રકમની આમનોંધ)

  આડતમાલ ખાતે ઉ...
  તે આડતમાલ સ્ટૉક અનામત ખાતે

**ઉદાહરણ 5** રાજ રેડિયોએ પ્રથમ રેડિયો સર્વિસને તા.1-3-16ના રોજ 500 રેડિયો આડત પર વેચવા મોકલી આપ્યા. દરેક રેડિયોની મૂળ કિંમત ₹600 હતી. પરંતુ કાચું ભરતિયું ભરતિયા કિંમત પર 25% નફો દર્શાવે તે કિંમતે બનાવવામાં આવ્યું. રાજ રેડિયોએ નીચે પ્રમાણે ખર્ચા ચૂકવ્યાં :

ગાડીભાડું ₹1,000; નૂર ₹15,000; વીમો ₹12,500.

પ્રથમ રેડિયો સર્વિસે ₹1,22,000નો બૅંક ડ્રાફ્ટ મોકલી આપ્યો.

તા.30-6-16ના રોજ પ્રથમ રેડિયો સર્વિસે વેચાણઆંકડો અને દેવી રકમનો બૅંક ડ્રાફ્ટ મોકલી આપ્યો. વેચાણ આંકડા પ્રમાણે તેને 300 રેડિયો દરેક 820ની કિંમતે રોકડેથી વેચ્યાં. 50 રેડિયો દરેક ₹850ની કિંમતે નિરવને શાખ પર વેચ્યાં તથા 20 રેડિયો દરેક ₹840ની કિંમતે સમીરને રાજ રેડિયોની ભલામણ અને જવાબદારીથી વેચ્યાં હતાં. માલ છોડાવતાં જકાતના ₹3,500 થયાં. વેચાણખર્ચ 5,225 થયો નિરવ અને સમીર નાદાર થયા. તેમની મિલકતમાંથી 80% રકમ વસૂલ કરી શક્યા.

પ્રથમ રેડિયો સર્વિસને વેચાણ પર 5% આડત અને ઉધાર વેચાણ પર 2% આસામી આડત આપવામાં આવે છે. પ્રથમ રેડિયો આડત, આસામી આડત અને નફાનો ભાગ બાદ ચોપડામાં જરૂરી ખાતાં તૈયાર કરો.

જવાબ :

**આડતમાલનું ખાતું**

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| આડતથી વેચવા મોકલેલ માલ ખાતે (ભ.કિં.) | | 4,00,000 | આડતથી વેચવા મોકલેલ માલ ખાતે (ભ.કિં. તફાવત) | 1,00,000 |
| <u>રોકડ ખાતે (ખર્ચાઓ) :</u> | | | પ્રથમ રેડિયો ખાતે (રોકડ વેચાણ) | 2,46,000 |
| ગાડી ભાડું | 1,000 | | પ્રથમ રેડિયો ખાતે (ઉધાર વેચાણ) | 42,500 |
| નૂર | 15,000 | | પ્રથમ રેડિયો ખાતે (આડતિયાની ભલામણથી) | 16,800 |
| વીમો | <u>12,500</u> | 28,500 | આડતમાલ આખર સ્ટૉક ખાતે (ભ.કિં.) | 1,12,320 |
| <u>પ્રથમ રેડિયો ખાતે (ખર્ચાઓ) :</u> | | | | |
| વેચાણ ખર્ચ | 5,225 | | | |
| જકાત | <u>3,500</u> | 8,725 | | |
| પ્રથમ રેડિયો ખાતે (ઘાલખાધ) | | 3,360 | | |
| પ્રથમ રેડિયો ખાતે (કમિશન) | | 15,265 | | |
| પ્રથમ રેડિયો ખાતે (આસામી આડત) | | 850 | | |
| પ્રથમ રેડિયો ખાતે (નફાનો ભાગ) | | 4,365 | | |
| આડતમાલ આખરસ્ટૉક ઉપલક ખાતે (તફાવત) | | 26,000 | | |
| સામાન્ય ન.નુ. ખાતે (નફો) | | 30,555 | | |
| | | 5,17,620 | | 5,17,620 |

### પ્રથમ રેડિયોનું ખાતું

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| આડતમાલ ખાતે – રોકડ વેચાણ | 2,46,000 | બૅંક ખાતે | 1,22,000 |
| આડતમાલ ખાતે – ઉધાર વેચાણ | 42,500 | આડતમાલ ખાતે (ખર્ચાઓ) | |
| આડતમાલ ખાતે – આડતિયાની | | (5,225 + 3,500) | 8,725 |
| ભલામણથી | 16,800 | આડતમાલ ખાતે – ઘાલખાધ | 3,360 |
| | | <u>આડતમાલ ખાતે – કમિશન :</u> | |
| | | સાદી આડત | |
| | | 15,265 | |
| | | આસામી આડત | 20,680 |
| | | 850 | 1,50,735 |
| | | નફાનો ભાગ | |
| | | <u>4,365</u> | |
| | | બૅંક ખાતે (બાકીની રકમ) | |
| | 3,05,300 | | 3,05,300 |

**<u>ગણતરી :</u>**

<u>આખર સ્ટૉક :</u>

| | | |
|---|---|---|
| મોકલેલ માલની ભરતિયા કિંમત | = | 4,00,000 |
| બાદ : વેચેલ માલની ભરતિયા કિંમત | = | <u>2,96,000</u> |
| વેચાયા વગરના માલની ભરતિયા કિંમત | = | 1,04,000 |
| ઉમેરો : પ્રમાણસરના ખર્ચા (માલધણીના) | = | <u>7,410</u> |
| $\frac{28,500 \times 1,04,000}{4,00,000}$ | | 1,11,410 |
| ઉમેરો : પ્રમાણસરના ખર્ચા (આડતિયાના) | = | <u>910</u> |
| $\frac{3,500 \times 1,04,000}{4,00,000}$ આખર સ્ટૉક | = | 1,12,320 |

આખર સ્ટૉક ઉપલક ખાતે = ભ. કિંમત – પડતર કિંમત

= 1,04,000 – 78,000

= ₹26,000

❖ **યાદ રાખો :**

➢ **માલધણીના ચોપડે આમનોંધ :-**

| સ્ટેપ | વ્યવહાર | ક્યા ખાતે ઉધાર | ક્યા ખાતે જમા |
|---|---|---|---|
| **સ્ટેપ 1** | આડતિયાને માલ મોકલવામાં આવે છે. | આડતમાલ ખાતે ઉ | આડત પર મોકલેલ માલ ખાતે જ. |
| **સ્ટેપ 2** | માલધણી ખર્ચ ચૂકવે | આડતમાલ ખાતે ઉ. | રોકડ કે બેંક ખાતે જ |
| **સ્ટેપ 3** | આડતિયા તરફથી એડવાન્સ મળે ત્યારે | રોકડ કે બેંક કે લેણી હૂંડી ખાતે ઉ. | આડતિયા ખાતે જ |
| **સ્ટેપ 4** | હૂંડી વટાવાય ત્યારે | રોકડ ખાતે/આડતમાલ ખાતે ઉ. | લેણી હૂંડી ખાતે જ |
| **સ્ટેપ 5** | આડતિયા દ્વારા વેચાણ | આડતિયા ખાતે ઉ. | આડતમાલ ખાતે જ |
| **સ્ટેપ 6** | આડતિયાનો ખર્ચ | આડતમાલ ખાતે ઉ. | આડતિયા ખાતે જ |
| **સ્ટેપ 7** | આડતિયાનું કમિશન | આડતમાલ ખાતે ઉ. | આડતિયા ખાતે જ |
| **સ્ટેપ 8** | આડતિયાએ મોકલેલ રકમ | રોકડ કે બેંક ખાતે ઉ. | આડતિયા ખાતે જ |
| **સ્ટેપ 9** | આડતમાલનો આખર સ્ટૉક ચોપડે લાવવા | આડતમાલ સ્ટૉક ખાતે ઉ. | આડતમાલ ખાતે જ |
| **સ્ટેપ 10** | આડતમાલનો નફો | આડતમાલ ખાતે ઉ. | નફો-નુક્સાન ખાતે જ |
| **સ્ટેપ 11** | આડત પર મોકલેલ માલ ખાતું બંધ કરવા | આડત પર મોકલેલ માલ ખાતે ઉ. | વેપાર ખાતે જ |

## સ્વાધ્યાય

**(અ) સૈદ્ધાંતિક પ્રશ્નો –**

1. આડતમાલ એટલે શું ? આડતમાલના લક્ષણો જણાવો.
2. વેચાણ આંકડો એટલે શું ? વેચાણ આંકડાનો નમૂનો સમજાવો.
3. આડતમાલના વ્યવહારોને માલધણીના ચોપડામાં થતી નોંધો જણાવો.
4. સામાન્ય નુક્સાન અને અસામાન્ય નુક્સાન સમજાવો.
5. તફાવત આપો :
    1) આડતમાલ અને વેચાણ
    2) આડતમાલ અને જાંગડ વેચાણ
6. ટૂંકનોંધ લખો :
    1) આડતમાલ ખાતું
    2) આસામી આડત/કમિશન
    3) વેચાણ આંકડો
    4) આડતમાલ આખર સ્ટૉકનું મૂલ્યાંકન

**(બ) વ્યાવહારિક પ્રશ્નો –**

1. આડતિયાએ ₹4,00,000ની ભરતિયા કિંમતનો માલ ₹4,50,000માં રોકડેથી વેચ્યો, ₹5,00,000ની ભરતિયા કિંમતનો માલ ₹6,50,000માં જોષીને ઉધાર વેચ્યો, ₹1,00,000ની ભરતિયા કિંમતનો માલ દેસાઈને માલધણીની ભલામણથી ભરતિયા કિંમતે ઉધાર વેચ્યો અને ₹30,000ના માલ ભરતિયા કિંમતે પોતે ખરીદ્યો હતો. નુકસાની માલ ₹20,000માં રોકડેથી ખોટ કરીને વેચ્યો.

   આડતિયાને કુલ વેચાણ પર 5% આડત ઉધાર વેચાણ પર 3% આસામી આડત અને ભરતિયા કિંમત કરતાં વધારે ઉપજાવેલ રકમ પર 10% વધારાની આડત આપવાની છે. કુલ આડત ગણો. આડતિયાએ ખરીદેલ માલ ઉપર પણ સાદી આડત ચૂકવવાની છે.

**જવાબ** :- કુલ કમિશન ₹1,02,000, કુલ વેચાણ ₹12,50,000 પર 5% લેખે કમિશન ₹62,500 ઉધાર વેચાણ ₹6,50,000 પર આસામી આડત 3% લેખે ₹19,500 ભરતિયા કિંમત કરતાં વધુ ઉપજાવેલ રકમ ₹2,00,000 (₹50,000 + ₹1,50,000 પર 10% લેખે ₹20,000 કમિશન)

2. મહેસાણાના માધુભાઈએ દરેક ₹100ની એક એવી 50,000 પ્લાસ્ટિક પાઈપો હિંમતનગરના હર્ષદભાઈને આડતથી વેચવા મોકલી ₹2,00,000 નૂર અને વીમા પ્રીમિયમના ચૂકવ્યાં.

   રસ્તામાં 500 પાઈપો આગથી નાશ પામી જેનો વીમા કંપનીએ ₹40,000નો દાવો મંજૂર રાખ્યો. અસામાન્ય નુક્સાનની નોંધ આપો.

**જવાબ** :- અસામાન્ય નુક્સાન ₹12,000 (50,000 + માલધણીના પ્રમાણસર ખર્ચ ₹2,000 = 52,000 બાદ દાવાની મંજૂર થયેલ રકમ ₹40,000 = 12,000 વીમા કંપની ખાતે ઉ. ₹40,000 ન.નું. ખાતે ઉ. 12,000ને આડતમાલ ખાતે 52,000)

3. 15 કિલોનો એક એવા 100 તેલના ડબ્બા દરેક ડબ્બાના ₹530ના ભાવે ભાવનગરીએ અમદાવાદીને આડત પર વેચવા મોકલ્યા. તેને ₹625 ખર્ચનાં ચૂકવ્યા. 5% સામાન્ય ઘટ માનવામાં આવે છે. જો 285 કિલો છેવટનો સ્ટૉક હોય તો તેની કિંમત ગણો.

**જવાબ** :- આખર સ્ટૉક ₹10,725, વેચાણ લાયક જથ્થો 1,425 કિલો (મોકલ્યો 1,500 કિલો – સામાન્ય ઘટ 75 કિલો)ની પડતર ₹53,625 (મોકલેલ માલની મૂ.કિ. 53,000 + માલધણીના ખર્ચા ₹625) આખરસ્ટૉક 285 કિલોની પડતર ₹10,725 (53,625 x 285/1,425)

4. રામે દરેક ₹100ની એક એવી 5,000 છત્રીઓ શ્યામને આડતથી વેચવા મોકલી. ₹2,000 નૂર અને વીમા પ્રીમિયમના ચૂકવ્યાં. રસ્તામાં 500 છત્રીઓ આગથી નાશ પામી, જેનો વીમા કંપનીએ 50% દાવો મંજૂર રાખ્યો આમનોંધ લખો.

| | | | |
|---|---|---|---|
| **જવાબ** :- | વીમા કંપની ખાતે | ઉ. | 25,100 |
| | ન.નું. ખાતે | ઉ. | 25,100 |
| | તે આડતમાલ ખાતે | | 50,200 |

5. અમરેલીના 'અ' એ ₹50,000ની કિંમતનો માલ કોલ્હાપુરના 'ક' પર આડતથી વેચવા મોકલ્યો. માલ મોકલતાં રેલવેનૂર અને મજૂરીના ₹4,000 ચૂકવ્યા. 'ક'એ 'અ'ની લખેલી ₹20,000ની હૂંડી સ્વીકારી, જે 'અ'એ ₹600 વટાવ આપી વટાવી. 'ક'એ માલ છોડાવતાં ₹2,000 ખર્ચ કર્યો. તેમણે બધો માલ ₹70,000માં વેચી દીધો. તેમને વેચાણ પર 5% આડત આપવાની છે. બાકીની રકમનો બૅંકડ્રાફ્ટ 'અ'ને મોકલી તેમણે હિસાબ ચૂકતે કર્યો. બન્ને પક્ષકારોના ચોપડામાં જરૂરી આમનોંધ આપો અને ખાતાં તૈયાર કરો.

[જવાબ : આડતમાલનો નફો ₹9,900; આડત ₹3,500; આડતિયાએ મોકલેલ રકમ ₹44,500]

6. સામર્થ ટ્રેડીંગ કોર્પોરેશન, સુરત 1લી એપ્રિલ, 2017ના રોજ 20,000 લિટર ઑઈલ ભાવનગરના ગોહિલ પ્રોવિઝન સ્ટોર્સને મોકલી આપી છે. પેકિંગ દસ લિટરના ડબ્બામાં છે. ઑઈલની પડતર લિટરના ₹1 છે. માલધણી નૂર અને વીમાના ₹4,000 ચૂકવે છે. રસ્તામાં 100 ડબ્બા ભાંગી જવાથી નાશ પામ્યાં અને વીમા કંપની પાસેથી માલધણીને ₹1,000 દાવા પેટે મળ્યાં.

ગોહિલ પ્રોવિઝન સ્ટોર્સ આડતમાલ અંગે સામર્થ ટ્રેડીંગ કોર્પોરેશને લખેલી ₹12,000ની ત્રણ માસની હૂંડી સ્વીકારે છે. 30મી જૂને આડતિયાએ વેચાણ આંકડો મોકલ્યો, જે મુજબ ₹15,000 લિટર ઑઈલ ₹1.50ના ભાવે વેચાયું હતું, તેમણે ખર્ચ નીચે પ્રમાણે ચૂકવ્યો હતો :

ગોડાઉનભાડું ₹400; જાહેરાત ખર્ચ ₹1,200; સેલ્સમેનોનો પગાર ₹2,500; ગોહિલ પ્રોવિઝન સ્ટોર્સને 4% આડત અને 1% આસામી આડત આપવાની છે. આડતિયાએ એવી માહિતી મોકલી છે કે ડબ્બા નુકસાની હોવાથી 200 લિટર ઑઈલ ઢોળાઈ ગયું છે.

આડતિયાએ બાકીની રકમ બૅંકડ્રાફ્ટથી મોકલી આપી. બંને પક્ષકારોના ચોપડા તૈયાર કરો.

[જવાબ : આડતમાલની ખોટ ₹916; રસ્તામાં નાશ પામેલ ઑઈલની પડતર પ્રમાણસરના ખર્ચ સહિત ₹1,200; જે પૈકી ₹1,000 વીમા કંપની પાસેથી મળતા મોકલેલ; ઑઈલ 20,000 લિટર-1000 લિટર નાશ પામ્યું =19,000 લિટર, જેની પડતર (₹20,000+4,000=₹24,000-1,200) ₹22,800 થાય. 19,000 લિટર પૈકી 200 લિટર ઢોળાઈ ગયું, તેથી 18,800 લીટર વેચાણલાયક રહ્યું જેની પડતર 22,800 છે. તેથી 3,800 લીટરના સ્ટૉકની પડતર ₹4,609 થશે. આડતિયાનો પ્રમાણસરનો ખર્ચ સ્ટૉક ગણતાં લીધો નથી. આડતિયાએ મોકલેલ ડ્રાફ્ટની રકમ ₹5,275]

7. જામનગરના જાડેજાએ પાટણના સોલંકીને તા.1-4-16ના રોજના રોજ 10,000 લિટર ઑઈલ, લિટરદીઠ 10ની પડતર કિંમતે આડતથી વેચવા મોકલ્યું. જાડેજાએ માલ મોકલતા નૂરના ₹1,500 અને વીમાના ₹500 ચૂકવ્યા. જાડેજાએ તા.1-4-16ના રોજ સોલંકી પર ₹50,000ની ત્રણ માસની મુદ્દતની હૂંડી લખી. જે સોલંકીએ સ્વીકારી તુર્તજ પરત કરી. જાડેજાએ આ હૂંડી એક માસ પછી વાર્ષિક 18%ના દરે બૅંકમાં વટાવી.

સોલંકીએ તા.31-3-17ના રોજ વેચાણ આંકડો અને તેની પાસેની લેણી રકમનો બૅંકડ્રાફ્ટ મોકલી આપ્યો. તેણે વેચાણ-આંકડામાં જણાવ્યું કે :

1) 50 લિટર ઑઈલની કુદરતી કારણોસર ઘટ પડી હતી.

2) 100 લિટર ઑઈલનું ચોરીથી નુક્સાન થયું હતું., જે અંગે વીમા કંપનીએ ₹800નો દાવો મંજૂર રાખ્યો હતો.
3) તેણે બાકીનો માલ છોડાવતી વખતે ખર્ચના ₹1,970 અને વેચાણ ખર્ચના ₹1,745 ચૂકવ્યાં હતાં.
4) તેણે 5,000 લિટર ઑઈલ, લિટરદીઠ ₹17ના ભાવે શામળદાસને ઉધાર વેચ્યું હતું.
5) તેણે 3,830 લિટર ઑઈલ, લિટરદીઠ ₹ 16ના ભાવે રોકડેથી વેચ્યું હતું.
6) તેણે 25 લિટર ઑઈલ, લિટરદીઠ ₹16ના ભાવે પોતાના અંગત ઉપયોગ માટે ખરીદ્યું હતું.
7) શામળદાસ પાસેથી લેણી રકમ પૈકી ₹80,000 વસૂલ આવ્યા બાદ તે નાદાર જાહેર થયા. તેમની પાસે બાકી લેણી નીકળતી રકમ પેટે કંઈ જ મળી શકે તેમ ન હોવાથી તે રકમ ઘાલખાધ તરીકે માંડી વાળવામાં આવી.

[જવાબ : આડતમાલ ખાતાનો નફો ₹41,850, આડતિયાએ મોકલેલ ₹83,931, અસામાન્ય નુક્સાન ₹220 (100 લિટર X ₹10=1,000 + માલધણીના ખર્ચા ₹20=1,020 અને મંજૂર થયેલ દાવો 800), આડત : સામાન્ય ₹10,399 (995 લિટરની પડતર ₹10,000 માટે 995 લિટરની પડતર કિંમત ₹10,000 + માલધણીના ખર્ચા ₹200 + આડતિયાના ખર્ચા ₹199, (આડતિયાના ખર્ચા 9,850 લિટર પર 1970 ગણાય.)]

8. અમદાવાદના અમરે વડનગરના વનરાજ પર 1-1-16ના રોજ ₹40,000ની મૂળ કિંમતનો માલ મૂળકિંમત પર 10% ચઢાવી કાચું ભરતિયું બનાવી મોકલે છે. માલ મોકલતાં તેમણે ₹2,000 વીમો, જકાત અને નૂર વગેરે અંગે ચૂકવ્યાં.

એમ નક્કી કરવામાં આવ્યું હતું કે, વનરાજને તેણે કરેલ વેચાણની ભરતિયા કિંમત પર 4% આડત આપવી અને તેથી વધુ ભાવ ઉપજાવે તો ભરતિયા કિંમત કરતાં વધુ ઉપજાયેલી રકમ પર 20% લેખે આડત તથા તેણે કરેલ ઉધારવેચાણ પર 2% આસામી આડત આપવી. તા.4-1-16ના રોજ અમરે વનરાજ ઉપર ₹10,000ની 4 માસની મુદતની હૂંડી લખી, જે સ્વીકારીને વનરાજે પરત કરી. અમરે તે હૂંડી ₹9,900માં વટાવી.

તા.30મી સપ્ટેમ્બર, 2016ના રોજ વનરાજે અમરને વેચાણઆંકડો મોકલ્યો. જેમાં તેણે જણાવ્યું કે પોતે ₹24,000ની ભરતિયા કિંમતનો માલ ₹30,000માં રોકડેથી વેચ્યો હતો. ₹2,000નો માલ અમરની ભલામણ અને જવાબદારીથી કિરણને ઉધાર વેચ્યો હતો. ₹2,000ની ભરતિયા કિંમતનો માલ વનરાજે પોતે જ ખરીદ્યો હતો.

માલ વેચતા વનરાજે ₹1,000નો ખર્ચ કર્યો હતો. ₹1,200ની ભરતિયા કિંમતનો માલ આગથી નાશ પામ્યો હતો અને તેનો વીમો ઉતરાવ્યો ન હતો. વનરાજે આ માલના વેચાણમાંથી ₹800 ઉપજાવ્યા હતા.

વનરાજે વેચાણ આંકડા સાથે લેણી નીકળતી રકમનો ડ્રાફ્ટ મોકલ્યો હતો. વનરાજે સાથે જણાવ્યું હતું કે કિરણ નાદાર જાહેર થયો હતો અને તેની પાસે ₹1,000 લેણાં હતાં, તે નાદાર જાહેર થયો અને તેની પાસેથી રૂપિયે 80 પૈસા મળ્યા હતાં.

ઉપરની વિગતો પરથી માલધણીના ચોપડામાં જરૂરી ખાતાં તૈયાર કરો.

[જવાબ : (1)આડતમાલનો નફો ₹5,854 : સામાન્ય આડત ₹3,392 આસામી આડત ₹200. છેવટનો સ્ટૉક ભ.કિં. ₹8,800 જેમાં પ્રમાણસરનો ખર્ચ ₹400 ઉમેરતાં સ્ટૉકની કિંમત (ભ.કિં.) ₹9,200 થશે. (5) ₹1,200ની (ભ.કિંમત) માલની મૂ.કિંમત ₹1,091; જેમાં પ્રમાણસરનો ખર્ચ ₹55 ઉમેરતાં કુલ પડતર ₹1,146 પૈકી ₹800 ઊપજતાં ₹346 અસામાન્ય નુક્સાન; આડતિયાએ મોકલેલ રકમ ₹29,208]

# એકમ 7 રાશના હિસાબો

❖ રૂપરેખા

- ➢ પ્રસ્તાવના
- ➢ રાશનો (સંયુક્ત સાહસ) અર્થ
- ➢ રાશના (સંયુક્ત સાહસના) લક્ષણો
- ➢ તફાવત
  - સંયુક્ત સાહસ અને ભાગીદારી વચ્ચેનો તફાવત
  - આડતમાલ અને રાશ વચ્ચેનો તફાવત
- ➢ રાશના ધંધામાં હિસાબો રાખવાની પદ્ધતિઓ
- ➢ અલગ હિસાબી ચોપડાઓમાં નોંધ
- ➢ જરૂરી આમનોંધ
- ➢ સ્વાધ્યાય

---

### ❖ પ્રસ્તાવના –

ધંધાની જટિલતાઓ જેવી કે મોટા પાયાની મૂડીની જરૂરિયાત, ટેકનિકલ કુશળતાઓનો અભાવ, કોઈક વખત ધંધાને વ્યક્તિગત રીતે મુશ્કેલી ઊભી કરે છે, જેવી કે એક મોટી બિલ્ડિંગનું બાંધકામ કરવામાં આવતી મુશ્કેલીઓ વગેરે. આના વિકલ્પ તરીકે બે અથવા વધારે માણસો એક કામ પૂરું પાડવા માટે હાથ મિલાવે છે. આ જોડાણ નાણાં માટે, ટેકનિકલ જ્ઞાન માટે, જોખમ વહેંચવા માટે થાય છે. જ્યારે બે અથવા વધુ વ્યક્તિઓ એક વિશિષ્ટ ધંધો કરવા માટે અને પૂર્વ નિર્ધારિત નફાની વહેંચણી કરવા માટે જોડાય છે ત્યારે તેને સંયુક્ત સાહસ અથવા રાશના હિસાબો કહેવામાં આવે છે. રાશના હિસાબોની વ્યાખ્યા આ રીતે કરી શકાય કે, એક ભાગીદારી જે એક ચોક્કસ સાહસ હોય અથવા અને જેમાં ભાગીદારો, સુપ્ત અથવા કાર્યશીલ હોય, જેઓ પેઢી અથવા સામાજિક નામનો ઉપયોગ ન કરતા હોય અને જેઓ સાહસની મર્યાદા બહાર કોઈ જવાબદારી ન વહોરતા હોય.

### ❖ સંયુક્ત સાહસ એટલે શું?

સંયુક્ત સાહસ એટલે બે અથવા વધારે વ્યક્તિઓ વચ્ચેનો એક કરાર છે. જેમાં તેઓ સંયુક્ત રીતે એક વ્યાપારિક ધંધાનો એક ભાગ પૂરું પાડવા માટે સંમત થાય છે. આ એક ટૂંકાગાળાની ભાગીદારી છે, જેમાં પેઢીનું નામ હોતું નથી અને તે એક ચોક્કસ સાહસ માટેનો કરાર હોય છે. જેમાં બે અથવા વધારે વ્યક્તિઓ ચોક્કસ મૂડીની રકમ ધંધાના લાવે છે અને નફા કે નુકસાન વહેંચણી સરખા પ્રમાણમાં અથવા પૂર્વનિર્ધારિત કરેલા પ્રમાણમાં કરવા સંમત થાય છે.

### ❖ સંયુક્ત સાહસના લક્ષણો - (રાશના ધંધાના લક્ષણો)

રાશના ધંધામાં સામાન્ય રીતે માલનું વેચાણ, શેર્સ અને ડીબેન્ચરોની બાહેંધરી આપવી, બિલ્ડિંગનું બાંધકામ, જમીનના પ્લોટની ખરીદી અને વેચાણ અને બીજા કાર્ય, જે ટૂંકાગાળા માટે અથવા અમુક મૌસમમાં થતા હોય છે.

- સંયુક્ત સાહસના મુખ્ય લક્ષણો નીચે મુજબ છે :

1) બે અથવા બેથી વધારે માણસોની જરૂર હોય છે.
2) કોઈ ચોક્કસ સાહસ અથવા કામ પૂરું કરવાનો એક કરાર છે.
3) સંયુક્ત સાહસના ધંધાની પેઢીનું ચોક્કસ નામ હોતું નથી.
4) તે ટૂંકા સમયગાળા માટે હોય છે. તેથી આ કરાર જે તે ચોક્કસ કામ પૂરું થવાથી આપોઆપ રદ થઈ જાય છે. (આ એક કામચલાઉ ભાગીદારી છે)
5) સંયુક્ત સાહસના વ્યક્તિઓ પૂર્વનિર્ધારિત પ્રમાણમાં નફા-નુકસાનની વહેંચણી કરે છે. જો પહેલાથી સમયગાળા દરમ્યાન સંમતિ ન હોય તો તેઓ સરખા પ્રમાણમાં નફા-નુકસાનની વહેંચણી કરે છે.
6) સંયુક્ત સાહસના વ્યક્તિઓ પોતાનો ખાનગી ધંધો કરી શકે તેવી છૂટ હોય છે, જો અગાઉથી આ પ્રકારની સંમતિ હોય.

### ❖ સંયુક્ત સાહસ અને ભાગીદારી તેમજ આડતમાલ વચ્ચેનો તફાવત –

| ક્રમ | ભાગીદારી | ક્રમ | સંયુક્ત સાહસ |
|---|---|---|---|
| 1 | ભાગીદારી પેઢીનું નામ હંમેશા હોય છે. | 1 | તેમાં પેઢીનું નામ હોવું તે જરૂરી નથી. |
| 2 | તે પેઢી સતત ચાલતી હોય છે. | 2 | તે પેઢી ધંધો – વ્યાપાર પૂરો થવાથી તુરંત આપોઆપ બંધ થઈ જાય છે. |
| 3 | જુદા જુદા ચોપડાઓમાં નોંધ કરવાની હોય છે. | 3 | જુદા જુદા ચોપડાઓ રાખવાની જરૂર હોતી નથી, કોઈ એક સહભાગીના ચોપડામાં નોંધ કરાતી હોય છે. |
| 4 | કોઈપણ ભાગીદાર તે ધંધો કરી શકશે નહીં. | 4 | સંયુક્ત સાહસમાં સહભાગીઓ વ્યક્તિગત રીતે આ ધંધો કરી શકે છે. |
| 5 | ભાગીદારી પેઢીનું નામ રજીસ્ટર્ડ કરાવવું જરૂરી નથી. | 5 | તેમાં રજિસ્ટ્રેશનની કોઈ જરૂર નથી. |
| 6 | પેઢીમાં સગીરને માત્ર નફા માટે લઈ શકાય છે. | 6 | સગીર વ્યક્તિ કરાર ન કરી શકતો હોવાથી તેને સંયુક્ત સાહસમાં પ્રવેશ મળતો નથી. |

### ❖ આડતમાલ અને રાશ વચ્ચેનો તફાવત –

| મુદ્દા | રાશના હિસાબો | આડતમાલ |
|---|---|---|
| પક્ષોના નામ | રાશના હિસાબોમાં પક્ષો ભાગીદાર કહેવાય છે. | અહીં માલધણી અને આડતિયા વચ્ચે ભાગીદારનો સંબંધ નથી. અહીં સંબંધ માલધણી અને એજન્ટનો છે. |
| કરાર | સહભાગીદાર વચ્ચેના કરારથી કોઈ કામ માટે ભાગીદારી હોય છે. તે ફક્ત તે ચોક્કસ કામ માટે જ હોય છે. | અહીં આડતિયા અને માલધણી તરફથી માલ વેચે છે. અહીં એજન્સી માટે કરારના મુદ્દા અમલમાં આવતા હોય છે. |

| | | |
|---|---|---|
| સંબંધ | અહીં ભાગીદાર હોવાથી દરેક સહભાગી બીજા સહભાગીઓનો એજન્ટ અને માલધણી હોય છે. આમ સહભાગીઓ પોતે અને બીજા સહભાગીઓના માટે માલ, વેરો છે. અહીં ભાગીદારી પેઢીના કાયદા લાગુ પડે છે. | અહીં માલધણી અને આડતીયો એજન્ટ હોય છે. અહીં આડતીયો માલધણી તરફથી માલ વેચે છે. અહીં એજન્સી માટે કરારના મુદ્દા અમલમાં આવતા હોય છે. |
| જોખમ | અહીં બધા સહભાગીદાર જોખમ વ્હોરે છે. | અહીં ફક્ત માલધણી જોખમ વ્હોરે છે. |
| કાર્યસત્તા | અહીં સહભાગીને માલની ખરીદ વેચાણ અને ચૂકવણી લેવાદેવાની સત્તા હોય છે. | અહીં આડતિયાને ફક્ત માલધણીની ચોક્કસ સૂચનાઓનું પાલન કરવાનું હોય છે. |
| નફો – નુકસાન | રાશના ધંધાના બધા ભાગીદારો વચ્ચે નફો કે નુકસાન વહેંચવામાં આવે છે. | અહીં ફક્ત માલધણીને નફો કે નુકસાન વ્હોરવાનું હોય છે તેને નફા – નુકસાન સાથે કોઈ સંબંધ હોતો નથી. |
| મૂડી | બધા સહભાગીદારો મૂડી રોકે છે. | આડતમાલના ધંધામાં ફક્ત માલધણી મૂડી રોકે છે. ઘણી વખત આડતીયો ભવિષ્યના વેચાણના આધારે માલધણીને એડવાન્સ આપે છે. |

❖ **રાશના ધંધામાં હિસાબો રાખવાની પદ્ધતિઓ –**

જયારે અલગ હિસાબી ચોપડાઓમાં નોંધો કરવાની હોય

- સંયુક્ત સાહસનું ખાતું
- જોઇન્ટ બેંક ખાતું
- સહભાગીદારોના ખાતા

જયારે અલગ હિસાબી ચોપડાઓમાં નોંધ કરવાની ન હોય

- જયારે એક સહભાગીદાર બધા જ વ્યવહારોની નોંધો રાખે છે.
- જયારે બધા જ સહભાગીદારો બધા જ વ્યવહારોની નોંધો રાખે છે.
- જયારે બધા સહભાગીદારો ફક્ત પોતાના વ્યવહારોની નોંધ રાખે છે.

❖ જયારે અલગ હિસાબી ચોપડામાં નોંધ ન કરવાની હોય ત્યારે –

- એક જ સહભાગીદારના ચોપડામાં નોંધ –

જયારે વ્યવહારોની સંખ્યા પ્રમાણમાં ઓછી હોય ત્યારે રાશ (સંયુક્ત સાહસ)ના વ્યવહારોની હિસાબી નોંધ રાખવાની જવાબદારી કોઈ એક જ સહભાગીદારને સોંપી શકાય. આવા સંજોગોમાં, સક્રિય ભાગીદારને સંયુક્ત સાહસ માટે દરેક સહભાગીદાર પોતાનો ફાળો મોકલી આપે છે. સક્રિય ભાગીદાર પોતાના ચોપડામાં સંયુક્ત સાહસનું ખાતું અને પોતાના સિવાય બીજા દરેક સહભાગીદારનું

વ્યક્તિગત ખાતું રાખે છે. સંયુક્ત સાહસના ખાતામાંથી નફો કે નુકસાનની કિંમત નક્કી કરી શકાય છે. તેમજ સહભાગીદારના વ્યક્તિગત ખાતામાંથી સહભાગીદાર પાસેથી લેણી રકમ જાણી શકાય છે. સંયુક્ત સાહસ અંગે જરૂરી ખાતા તૈયાર કરતા પહેલા સક્રિય સહભાગીદારે પોતાના ચોપડામાં સંયુક્ત સાહસ અંગે નીચે પ્રમાણે આમનોંધો લખવી પડે છે :

1) જયારે સહભાગીદારો પોતાનો ફાળો (મૂડી) મોકલી આપે ત્યારે

રોકડ/ બૅંક ખાતે ઉ.

તે સહભાગીદારના વ્યક્તિગત ખાતે

2) જયારે સંયુક્ત સાહસ માટે માલની ખરીદી કરવામાં આવે ત્યારે

સંયુક્ત સાહસ માટે ઉ.

તે રોકડ/ બૅંક ખાતે

3) જ્યારે હિસાબી વ્યવહારોની નોંધ કરનાર સહભાગીદાર પોતાના સ્ટૉકમાંથી સંયુક્ત સાહસ માટે માલ આપે ત્યારે

સંયુક્ત સાહસ ખાતે ઉ.

તે ખરીદ ખાતે

- સહભાગીદાર પોતાના સ્ટૉકમાંથી મૂળ કિંમતે જ માલ સંયુક્ત સાહસ માટે આપતો હોવાથી આપણે ખરીદ ખાતું જમા કરીએ છીએ; પરંતુ, જો પડતરકિંમતથી ઊંચી કિંમતે માલ આપવામાં આવતો હોય તો આપણે વેચાણ ખાતું જમા કરવું જોઈએ, ખરીદ ખાતું નહીં.

4) અન્ય સહભાગીદારોના માલ આપે ત્યારે

સંયુક્ત સાહસ માટે ઉ.

તે સહભાગીદારના વ્યક્તિગત ખાતે

5) સંયુક્ત સાહસ અંગે કોઈ ખર્ચ ચૂકવવામાં આવે ત્યારે

સંયુક્ત સાહસ ખાતે ઉ.

તે રોકડ/બૅંક ખાતે

- હિસાબી નોંધ કરતા સહભાગીદાર સિવાયના કોઈ સહભાગીદારે ખર્ચ ચૂકવ્યો હોય ત્યારે નીચે મુજબ નોંધ થશે :

સંયુક્ત સાહસ ખાતે ઉ.

તે સહભાગીદારના વ્યક્તિગત ખાતે

- સંયુક્ત સાહસ અંગે કરવામાં આવતો ખર્ચ હોવાથી આપણે સંયુક્ત સાહસનું ખાતું ઉધારીએ છીએ, ખર્ચનું ખાતું નહીં :

6) હિસાબી વ્યવહારોની નોંધ કરનાર સહભાગીદાર વેચાણ કરે ત્યારે

(ક) રોકડ વેચાણ માટે –

રોકડ/બૅંક ખાતે ઉ.

તે સંયુક્ત સાહસ ખાતે

(ખ) શાખ ઉપર વેચાણ માટે –

(શાખ વેચાણના) દેવાદારોના વ્યક્તિગત ખાતે ઉ.

તે સંયુક્ત સાહસ ખાતે

7) દેવાદાર પાસેથી રોકડ મળે ત્યારે

રોકડ/બૅંક ખાતે ઉ.

તે દેવાદારના વ્યક્તિગત ખાતે

8) જયારે નાણાં ચૂકવતા દેવાદારને વટાવ આપવામાં આવે અથવા ઘાલખાધ પડે ત્યારે

સંયુક્ત સાહસ ખાતે ઉ.

તે દેવાદારના વ્યક્તિગત ખાતે

9) અન્ય સહભાગીદાર માલનું વેચાણ કરે ત્યારે

સહભાગીદારના વ્યક્તિગત ખાતે ઉ.

તે સંયુક્ત સાહસ ખાતે

10) અન્ય સહભાગીદારો પાસેથી તેમણે કરેલા વેચાણના બદલામાં રોકડ અથવા લેણી હૂંડી મળે ત્યારે

11) સક્રિય સહભાગીદારને કોઈ કમિશન અથવા પગાર આપવાનો હોય ત્યારે

સંયુક્ત સાહસ ખાતે ઉ.

તે કમિશન/પગાર ખાતે

- સંયુક્ત સાહસના ધંધાને લગતો ખર્ચ હોવાથી સંયુક્ત સાહસનું ખાતું ઉધારવામાં આવે છે.

12) સંયુક્ત સાહસનો નહીં વહેંચાયેલા માલનો સ્ટૉક સક્રિય સહભાગીદાર લઈ લેતો હોય ત્યારે

ખરીદ ખાતે ઉ.

તે સંયુક્ત સાહસ ખાતે

- જો નહીં વહેચાયેલા માલનો સ્ટૉક કોઈ અન્ય સહભાગીદારે લીધો હોય તો નોંધ નીચે પ્રમાણે થાય છે.

સહભાગીદારના વ્યક્તિગત ખાતે ઉ.

તે સંયુક્ત સાહસ ખાતે

- ઉપરની નોંધો પસાર કાર્ય પછી સંયુક્ત સાહસ ખાતું તૈયાર કરવામાં આવે છે. સંયુક્ત સાહસ ખાતાની બાકી સંયુક્ત સાહસનો નફો અથવા નુકસાન ગણાય, જે બધા સહભાગીદારોએ નક્કી કરેલા પ્રમાણમાં વહેંચી લેવાના છે. આ માટે નીચેની વધારાની નોંધો કરવી પડે છે :

13) સંયુક્ત સાહસનો નફો/નુકસાન વહેંચવા માટે

(ક) જો સંયુક્ત સાહસમાં નફો હોય તો

સંયુક્ત સાહસ ખાતે ઉ.

તે નફા-નુકસાન ખાતે (સક્રિય ભાગીદારનો પોતાનો હિસ્સો)

તે સહભાગીદારોના વ્યક્તિગત ખાતે (અન્યનો હિસ્સો)

(ખ) જો સંયુક્ત સાહસમાં ખોટ હોય તો –

નફા-નુકસાન ખાતે (સક્રિય ભાગીદારનો પોતાનો હિસ્સો) ઉ.

અન્ય સહભાગીદારોના વ્યક્તિગત ખાતે (અન્યનો હિસ્સો) ઉ.

તે સંયુક્ત સાહસ (રાશ) ખાતે

- સંયુક્ત સાહસ ખાતું બંધ કર્યા પછી અન્ય સહભાગીદારોના ખાતા તૈયાર કરી તેમને ચૂકવવાની રકમો નક્કી કરવામાં આવે છે. આ ચૂકવણી માટે નોંધ નીચે પ્રમાણે થાય છે :

14) છેવટની પતાવટ કરવામાં આવે ત્યારે

સહભાગીદારોના વ્યક્તિગત ખાતે ઉ.

તે રોકડ/બૅંક ખાતે

❖ તમામ ભાગીદારોના ચોપડામાં હિસાબી નોંધો –

બધા જ સહભાગીદારો સંયુક્ત સાહસમાં સક્રિય ફાળો આપતા હોય ત્યારે દરેક સહભાગીદાર પોતાના ધંધાના ચોપડામાં સંયુક્ત સાહસ ખાતું અને અન્ય (પોતાના સિવાય) તમામ સહભાગીદારોના વ્યક્તિગત ખાતા રાખે છે. સંયુક્ત સાહસ પૂરું કરી શકાય તે માટે દરેક સહભાગીદારે સંયુક્ત સાહસ માટે પોતે કરેલા વ્યવહારોની માહિતી બાકીના બધા સહભાગીદારોને પહોંચાડવી જરૂરી છે. તમામ સહભાગીદારોના ચોપડામાં સંયુક્ત સાહસ ખાતામાં એકસરખી નોંધો થાય છે. દરેક સહભાગીદાર પોતાના ચોપડામાં અન્ય તમામ સહભાગીદારોના ખાતા ખોલશે.

**ઉદાહરણ – 1** ‘અ’ અને ‘બ’ 3:1ના પ્રમણમાં નફો-નુકસાન વહેંચી લેવાની શરતે સંયુક્ત સાહસમાં જોડાયા. ‘અ’ એ 40,000નો માલ ખરીદી ‘બ’એ 36,000નો માલ ખરીદ્યો, અને ખર્ચના ₹3600 ચૂકવ્યા, ‘અ’એ 10,000ની ત્રણ માસની હૂંડી ‘બ’ને લખી મોકલાવી, જે ‘બ’એ સ્વીકારી. બે માસ બાદ ‘અ’એ આ હૂંડી 12%ના વટાવે વટાવી.

‘બ’એ બધો જ માલ ₹95,000માં વેચી દીધો, અને વેચાણ ખર્ચના ₹3,000 ચૂકવ્યા. ‘બ’ને તેણે કરેલા વેચાણ પર 5% કમિશન આપવાનું છે.

‘અ’ના ચોપડે રાશ ખાતું અને ‘બ’નું ખાતું તથા ‘બ’ના ચોપડે રાશ ખાતું અને ‘અ’નું ખાતું તૈયાર કરો.

**જવાબ :-** ‘અ’ના ચોપડે ખાતાઓ –

**રાશ ખાતું**

ઉ. જ

| વિગત | | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|---|
| બૅંક ખાતે (ખરીદી) | | 40,000 | ‘બ’ની મૂડી ખાતે (વેચાણ) | 95,000 |
| રોકડ ખાતે (ખર્ચ) | | 4,000 | | |
| ‘બ’ની મૂડી ખાતે (ખરીદી) | | 36,000 | | |
| ‘બ’ની મૂડી ખાતે (ખર્ચ) | | 3,600 | | |
| લેણીહૂંડી ખાતે (વટાવ) | | 100 | | |
| ‘બ’ની મૂડી ખાતે (વેચાણ ખર્ચ) | | 3,000 | | |
| ‘બ’ની મૂડી ખાતે કમિશન (95,000 x 5%) | | 4,750 | | |
| નફો-નુકસાન ખાતે | 2,663 | 3,550 | | |
| ‘બ’ની મૂડી ખાતે | 887 | | | |
| | | 95,000 | | 95,000 |

**‘બ’ની મૂડીનું ખાતું**

ઉ. જ

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| રાશ ખાતે વેચાણ | 95,000 | રાશ ખાતે (ખરીદી) | 36,000 |
| | | રાશ ખાતે (ખર્ચ) | 3,600 |
| | | લેણીહૂંડી ખાતે | 10,000 |
| | | રાશ ખાતે (વે.ખર્ચ) | 3,000 |
| | | રાશ ખાતે (કમિશન) | 4,750 |
| | | રાશ ખાતે (નફો) | 887 |
| | | બા.આ. લઈ ગયા | 58,237 |
| | 95,000 | | 95,000 |

નોંધ – લેણીહૂંડી પર વટાવ = $10,000 \times 12\% \times \frac{1}{12}$

= 100 ₹

❖ ‘બ’ના ચોપડે ખાતાંઓ –

**રાશ ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| ‘અ’ની મૂડી ખાતે (ખરીદી) | 40,000 | બૅંક ખાતે (વેચાણ) | 95,000 |
| ‘અ’ની મૂડી ખાતે (ખર્ચ) | 4,000 | | |
| બૅંક ખાતે (ખરીદી) | 36,000 | | |

| | | | |
|---|---|---|---|
| રોકડ ખાતે (ખર્ચ) | 3,600 | | |
| 'અ'ની મૂડી ખાતે(વટાવ) | 100 | | |
| રોકડ ખાતે (ખર્ચ) | 3,000 | | |
| કમિશન ખાતે | 4,750 | | |
| નફો – 'અ'ની મૂડી ખાતે 2,663 | | | |
| ન.નું.ખાતે 887 | 3,550 | | |
| | 95,000 | | 95,000 |

**'અ' ની મૂડીનું ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| | | રાશ ખાતે (ખરીદી) | 40,000 |
| | | રાશ ખાતે (ખર્ચ) | 4,000 |
| | | રાશ ખાતે (વટાવ) | 100 |
| બા.આ. લઈ. ગયા | 46,763 | રાશ ખાતે (નફો) | 2,663 |
| | 46,763 | | 46,763 |

**ઉદાહરણ – 2** 'સાજન' અને 'રાજન' આડતથી મધુને કાપડ વેચવા મોકલવાના સંયુક્ત સાહસમાં 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેવાની શરતે જોડાયા. સાજન ₹10ના મીટરના ભાવે 28,800 મીટર કાપડ મોકલે છે અને ખર્ચના ₹7200 ચૂકવે છે. રાજન પણ ₹10ના મીટરના ભાવે 17,600 મીટર કાપડ મોકલે છે અને ખર્ચના ₹4000 ચુકવે છે.

મધુએ બધું જ કાપડ ₹5,60,000માં વેચ્યું અને ખર્ચના ₹7200 તથા વેચાણ પર 3% લેખે કમિશન કાપી લીધા બાદ મધુએ ₹2,80,000ની હૂંડી રાજન પર અને બાકીની રકમનો ડ્રાફ્ટ સાજન પર મોકલ્યો.

રાજનએ ₹2800ના વટાવે હૂંડી વટાવી. ઉપરોક્ત વિગતો પરથી સાજનના ચોપડે જરૂરી ખાતા તૈયાર કરો.

**જવાબ :- સાજનના ચોપડે ખાતાઓ :-**

**રાશ ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| આડત પર મોકલેલ માલ ખાતે (માલ મોકલ્યો) | 2,88,000 | મધુ ખાતે (વેચાણે) | 5,60,000 |
| બેંક ખાતે (ખર્ચ) | 7,200 | | |
| રાજન ખાતે (માલ) | 1,76,000 | | |
| રાજન ખાતે (ખર્ચ) | 4,000 | | |
| મધુ ખાતે (ખર્ચ) | 7,200 | | |
| મધુ ખાતે (કમિશન) | 16,800 | | |

| | | | |
|---|---|---|---|
| રાજન ખાતે (વટાવ) | 2,800 | | |
| નફો – ન.નું.ખાતે 34,800<br>રાજન ખાતે 23,200 | 58,000 | | |
| | 5,60,000 | | 5,60,000 |

**રાજનનું ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| મધુ ખાતે વેચાણ | 2,80,000 | રાશ ખાતે (માલ) | 1,76,000 |
| | | રાશ ખાતે (ખર્ચ) | 4,000 |
| | | રાશ ખાતે (વટાવ) | 2,800 |
| | | રાશ ખાતે (નફો) | 23,200 |
| | | બા.આ. લઈ ગયા | 74,000 |
| | 2,80,000 | | 2,80,000 |

**મધુનું ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| રાશ ખાતે (વેચાણ) | 5,60,000 | રાશ ખાતે (ખર્ચ) | 7,200 |
| | | રાશ ખાતે (કમિશન) | 16,800 |
| | | રાજન ખાતે (હૂંડી) | 2,80,000 |
| | | બૅંક ખાતે (ડ્રાફ્ટ ચૂકતે) | 2,56,000 |
| | 5,60,000 | | 5,60,000 |

❖ જયારે બધા સહભાગીદારો ફક્ત પોતાના વ્યવહારોની નોંધ રાખે છે. (કાચા સંયુક્ત સાહસ ખાતાની પદ્ધતિ)

ઉપર ચર્ચેલી હિસાબી નોંધોની પદ્ધતિઓમાં સહભાગીદાર સંયુક્ત સાહસને લગતા તમામ વ્યવહારોની નોંધ પોતાના ચોપડામાં ખોલેલા સંયુક્ત સાહસ ખાતામાં નોંધે છે; પરંતુ, કાચા સંયુક્ત સાહસ ખાતાની પદ્ધતિ (Memorandum Joint Venture Account Method)માં સહભાગીદાર પોતાને સીધી અસર થતી હોય તેટલા જ વ્યવહારોની નોંધ સંયુક્ત સાહસ ખાતામાં કરે છે; પરંતુ, બીજા સહભાગીદારોને અસર થતી હોય તેવા સંયુક્ત સાહસના વ્યવહારોની પોતાના ચોપડામાં નોંધ કરતો નથી. આ પદ્ધતિ પ્રમાણે દરેક સહભાગીદાર બીજા સહભાગીદાર સાથેનું સંયુક્ત સાહસ ખાતું પોતાના ચોપડામાં ખોલે છે. આ ખાતું નફા–નુકસાનના ખાતાની રીતે જ તૈયાર કરવામાં આવે છે. કાચું સંયુક્ત સાહસ ખાતું દ્વિનોંધી પદ્ધતિનો ભાગ નથી બધા સહભાગીદારોના ખાતાની ઉધાર બાજુએ લખેલી બધી નોંધો કાચા સંયુક્ત સાહસ ખાતાની ઉધાર બાજુએ લખવાની છે અને બધા સહભાગીદારોના ખાતાની જમા બાજુએ લખાયેલી તમામ નોંધો કાચા સંયુક્ત સાહસ ખાતાની જમા બાજુએ લખવાની છે, જો કે ખાસ યાદ રાખવાનું કે જે જે વ્યવહારોને સંયુક્ત સાહસના ખર્ચા કે

આવક સાથે સંબંધ ન હોય તેવા વ્યવહારોની કાચા સંયુક્ત સાહસના ખાતામાં નોંધ કરવાની નથી. કાચા રાશ ખાતાની ઉધાર અને જમા બાજુના સરવાળા વચ્ચેનો નક્કી કરેલો તફાવત નફો કે ખોટ સહભાગીદારો નક્કી કરેલા પ્રમાણમાં વહેંચી લે છે.

**ઉદાહરણ-3** માલ ખરીદવા અને વેચવાના ઉદ્દેશથી ગુજરાતના હસમુખભાઈ અને બંગાળના સતીશભાઈ સંયુક્ત સાહસમાં જોડાયા. તેમણે નફો-નુકસાન 2:1ના પ્રમાણમાં વહેંચવાનું નક્કી કર્યું. હસમુખભાઈએ ₹80,000નો માલ ખરીદીને સતીશ ભાઈને મોકલ્યો. તેમણે નૂર અને વીમાના ₹6,000 ચૂકવ્યાં. હસમુખભાઈએ પરચૂરણ ખર્ચના ₹800 પણ ચૂકવ્યાં. સતીષભાઈએ માલનું ₹1,10,000માં વેચાણ કર્યું. તેમણે ₹12,000 વેચાણ ખર્ચના ચૂકવ્યાં. નહીં વેચાયેલો માલ સતીશભાઈએ લીધો. સતીશભાઈએ લેણી રકમ હસમુખભાઈને બૅંકડ્રાફ્ટથી મોકલી આપી. દરેક પક્ષ પોતે કરેલા વ્યવહારો જ પોતાના ચોપડામાં નોંધે છે. નીચે જણાવેલ ખાતાઓ તૈયાર કરો :

1) કાચું રાશ ખાતું

2) હસમુખભાઈની ખાતાવહીમાં સતીશભાઈ સાથેનું રાશખાતું

3) સતીશભાઈની ખાતાવહીમાં હસમુખભાઈ સાથેનું રાશખાતું તૈયાર કરો.

**જવાબ –**

**કાચું રાશ ખાતું**

| વિગત | | રકમ | વિગત | | રકમ |
|---|---|---|---|---|---|
| <u>હસમુખભાઈ</u> | | | <u>સતીશભાઈ</u> | | |
| ખરીદી | 80,000 | | વેચાણ | 1,10,000 | |
| નૂર–વીમો | 6,000 | | આખરસ્ટૉક | 14,000 | 1,24,000 |
| પ.ખર્ચ | 800 | 86,800 | | | |
| <u>સતીશભાઈ</u> | | | | | |
| ખર્ચ | | 12,000 | | | |
| <u>નફો</u> | | | | | |
| હસમુખભાઈ | 16,800 | | | | |
| સતીશભાઈ | 8,400 | 25,200 | | | |
| | | 1,24,000 | | | 1,24,000 |

**હસમુખભાઈની ખાતાવહીમાં સતીશભાઈ સાથેનું રાશ ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| બૅંક ખાતે (ખરીદી) | 80,000 | બૅંક ખાતે (છેવટની પતાવટ) | 1,03,6000 |
| બૅંક ખાતે (નૂર – વીમો) | 6,000 | | |
| બૅંક ખાતે (પ.ખર્ચ) | 800 | | |
| ન.નું ખાતે (નફો) | 16,800 | | |
| | 1,03,600 | | 1,03,600 |

**સતીશભાઈની ખાતાવહીમાં**

**હસમુખભાઈ સાથેનું રાશ ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| બૅંક ખાતે (ખર્ચ) | 12,000 | બૅંક ખાતે (વેચાણ) | 1,10,000 |
| ન.નું.ખાતે (નફો) | 8,400 | ખરીદ ખાતે | 14,000 |
| બૅંક ખાતે (છેવટની પતાવટ) | 1,03,600 | | |
| | 1,24,000 | | 1,24,000 |

❖ **અલગ હિસાબી ચોપડાઓમાં નોંધ (Separate set of Books) :-**

સંયુક્ત સાહસના વ્યવહારોની હિસાબી નોંધ કરવા માટે અલગ ચોપડાઓ રાખવામાં ન આવતા હોય ત્યારે હિસાબી નોંધો કરવાની પદ્ધતિઓનો અભ્યાસ અત્યાર સુધીમાં આપણે કર્યો. હવે આપણે હિસાબી નોંધો કરવાની અલગ પદ્ધતિનો અભ્યાસ કરીશું, જેમાં સહભાગીદારો સંયુક્ત સાહસના વ્યવહારોની નોંધ કરવા માટે અલગ ચોપડાઓ રાખવા સંમત થતા હોય છે. દ્વિનોંધી નામાપદ્ધતિના સિદ્ધાંતો અનુસાર અલગ અસ્તિત્વ ધરાવનાર ધંધાના ધંધાકીય વ્યવહારોની માફક જ સંયુક્ત સાહસને લગતા વ્યવહારોની હિસાબી નોંધો અલગ હિસાબી ચોપડામાં કરવાની છે. આ પદ્ધતિમાં નીચેના ખાતાઓ રાખવામાં આવે છે.

1) સંયુક્ત બૅંક ખાતું

2) સંયુક્ત સાહસ (રાશ)નું ખાતું

3) દરેક સહભાગીદારનું વ્યક્તિગત ખાતું

સામાન્ય બૅંક ખાતાની માફક સંયુક્ત બૅંક ખાતું તે માલ–મિલકત ખાતું છે. બધા જ સહભાગીદારો પોતાનો ફાળો આ બૅંક ખાતામાં જમા કરાવે છે. સંયુક્ત સાહસ ખાતું એ નફા-નુકસાન ખાતા જેવું ખાતું બને છે, જેમાં સંયુક્ત સાહસના તમામ ખર્ચાઓ અને આવકો દર્શાવવામાં આવે છે. સહભાગીદારોના ખાતામાં તેમનો રોકડ, માલ અથવા ખર્ચના સ્વરૂપમાં ફાળો અને તેમને મળેલી રકમો દર્શાવવામાં આવે છે.

❖ આ પદ્ધતિ પ્રમાણે કરવાની વિવિધ આમનોંધો હવે આપણે જોઈએ –

1) જ્યારે સહભાગીદાર તેમનો મૂડીનો ભાગ આપે ત્યારે

સંયુક્ત બૅંક ખાતે ઉ.

તે સહભાગીદારના વ્યક્તિગત ખાતે

2) જયારે સહભાગીદાર માલના સ્વરૂપમાં ફાળો આપે ત્યારે

સંયુક્ત સાહસ ખાતે ઉ.

તે સહભાગીદારના વ્યક્તિગત ખાતે

3) જયારે સંયુક્ત સાહસ માટે માલની ખરીદી કરવામાં આવે ત્યારે

(ક) રોકડ ખરીદી માટે

સંયુક્ત સાહસ ખાતે ઉ.

તે સંયુક્ત બૅંક ખાતે

(ખ) ઉધાર ખરીદી માટે

સંયુક્ત સાહસ ખાતે ઉ.

તે લેણદારના વ્યક્તિગત ખાતે

❖ જયારે સંયુક્ત સાહસ અંગે માલની ખરીદી કરવામાં આવતી હોય ત્યારે સંયુક્ત સાહસ ખાતું ઉધાર થાય, ખરીદ ખાતું ઉધાર થાય નહીં :

4) સંયુક્ત સાહસ અંગે ખર્ચા ચૂકવવામાં આવે ત્યારે

(ક) સંયુક્ત બૅંક ખાતામાંથી નાણાં ચૂકવતા હોય ત્યારે –

સંયુક્ત સાહસ ખાતે ઉ.

તે સંયુક્ત બૅંક ખાતે

(ખ) જયારે કોઈ સહભાગીદાર ખર્ચના નાણાં ચૂકવતો હોય ત્યારે

સંયુક્ત સાહસ ખાતે ઉ.

તે સહભાગીદારના વ્યક્તિગત ખાતે

5) જયારે માલનું વેચાણ કરવામાં આવે ત્યારે –

(ક) રોકડ વેચાણ થાય ત્યારે –

સંયુક્ત બૅંક ખાતે ઉ.

તે રોકડ/બૅંક ખાતે

(ખ) જયારે ઉધાર વેચાણ થાય ત્યારે –

દેવાદારના વ્યક્તિગત ખાતે ઉ.

તે સંયુક્ત સાહસ ખાતે

6) જયારે લેણદારને નાણાં ચૂકવવામાં આવે ત્યારે

લેણદારના વ્યક્તિગત ખાતે ઉ.

તે સંયુક્ત બૅંક ખાતે

7) જયારે દેવાદાર પાસેથી નાણાં વસૂલ મળે ત્યારે

સંયુક્ત બૅંક ખાતે ઉ.

તે સંયુક્ત બૅંક ખાતે

8) જયારે સહભાગીદારને કમિશન, વ્યાજ વગેરે જેવી રકમ ચૂકવવાની થાય ત્યારે –

સંયુક્ત સાહસ ખાતે ઉ.

તે સહભાગીદારના વ્યક્તિગત ખાતે

9) સહભાગીદાર નહીં વેચાયેલો માલ રાખી લે ત્યારે-

સહભાગીદારના વ્યક્તિગત ખાતે ઉ.

તે સંયુક્ત સાહસ ખાતે

❖ હવે સંયુક્ત સાહસ ખાતાની બાકી શોધી કાઢવાની સંયુક્ત સાહસનો નફો કે નુકસાન નક્કી થશે. આ નફો કે નુકસાન નક્કી થયેલા પ્રમાણમાં સહભાગીદારો વચ્ચે વહેંચી આપવામાં આવશે. નફો કે નુકસાન વહેંચણી માટે આમનોંધો નીચે પ્રમાણે થશે :

(ક) જયારે નફો હોય ત્યારે –

સંયુક્ત સાહસ ખાતે ઉ.

તે સહભાગીદારોના વ્યક્તિગત ખાતે

(ખ) જયારે નુકસાન હોય ત્યારે –

સહભાગીદારોના વ્યક્તિગત ખાતે ઉ.

તે સંયુક્ત સાહસ ખાતે

❖ આ નોંધ કરવાના પરિણામે સંયુક્ત સાહસ ખાતું બંધ થશે. સંયુક્ત સાહસનો નફો કે ખોટ સહભાગીદારોના વ્યક્તિગત ખાતે નોંધ્યા પછી તેમના ખાતાની બાકી શોધી કાઢવામાં આવશે, જે તેમને ચૂકવી આપવાની રકમ દર્શાવશે. નાણાં ચૂકવવામાં આવે ત્યારે નીચે પ્રમાણે નોંધ થશે.

સહભાગીદારોના વ્યક્તિગત ખાતે ઉ.

તે સંયુક્ત બૅંક ખાતે

- બધા જ સહભાગીદારોને તેમની લેણી રકમ ચૂકવવા માટે સંયુક્ત બૅંક ખાતામાં પૂરતી રકમ હશે.
- બધા સહ–ભાગીદારોની લેણી રકમ ચૂકવાઈ જાય એટલે તમામ ખાતા બંધ થઈ જશે.

❖ રોકડ વટાવની નોંધ–જયારે લેણદાર તરફથી કોઈ રોક્સ વટાવ મળે ત્યારે તે સાહસની આવક ગણાશે. તેથી મળેલી રકમ નીચેની આમનોંધની મદદથી સંયુક્ત સાહસ ખાતે જમા કરવામાં આવશે.

લેણદારના વ્યક્તિગત ખાતે ઉ.

તે સંયુક્ત સાહસ ખાતે

❖ તે જ પ્રમાણે સંયુક્ત સાહસના દેવાદારને જો કોઈ વટાવ ચૂકવવામાં આવે તો તે સંયુક્ત સાહસ માટે એક પ્રકારનું નુકસાન ગણાય. નીચેની આમનોંધની મદદથી આવી રકમ સંયુક્ત સાહસ ખાતે ઉધારવામાં આવશે.

સંયુક્ત સાહસ ખાતે ઉ.

તે સંયુક્ત સાહસના દેવાદાર ખાતે

- ધાલખાધ માટે પણ ઉપરની જ આમનોંધ લખવી પડશે.
- સંયુક્ત ધંધાના વ્યવહારોની નોંધ કરવા માટે અલગ હિસાબી ચોપડાઓ રાખવામાં આવતા હોય ત્યારે સંબંધિત ખાતાઓ કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તે ઉદાહરણ 6માં સમજાવવામાં આવ્યું છે.

**ઉદાહરણ** – 4 બાલાજી અને બાબુજી 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેવાની શરતે તા.1-1- 96ના રોજ સંયુક્ત સાહસમાં જોડાયા. દરેકે ₹4,000 કાઢીને સંયુક્ત બૅંકમાં ભર્યા. તા.31-12-96ના રોજ પૂરા થતા વર્ષના વ્યવહારો નીચે મુજબ હતા :

બાલાજીએ ટનના ₹600ના ભાવે 8 ટન લોખંડનો ભંગાર ખરીદ્યો. ખર્ચ ₹1,300 થયો. બાબુજીએ ટન દીઠ ₹21ના ભાવે 100 ટન રદ્દી કાગળ ખરીદ્યા. ખર્ચ ₹1,100 થયો. બાલાજી અને બાબુજીએ ખર્ચની રકમ અંગત રીતે ચૂકવી છે, જયારે ખરીદીના નાણાં બેંક ખાતામાંથી ચૂકવાય છે.

બાબુજીએ 6 ટન લોખંડનો ભંગાર ટન દીઠ ₹1,000માં વેચ્યો. વેચાણ ખર્ચ ₹1,150 થયો. બાલાજીએ 80 ટન રદ્દી કાગળ ટન દીઠ ₹50ના ભાવે વેચ્યો અને વેચાણ ખર્ચ ₹1,200 થયો. વેચાણની બધી જ રકમ સંયુક્ત બેંકમાં ભરી દેવામાં આવી ખર્ચની રકમ અંગત રીતે ચૂકવવામાં આવી.

તા.31-12-96 સુધીનું સંયુક્ત સાહસ ખાતું, સંયુક્ત બેંકનું ખાતું અને સહભાગીદારોના ખાતાઓ તૈયાર કરીને સરવૈયું તૈયાર કરો.

**જવાબ :-**

| | | |
|---|---|---|
| નોંધ – આખરસ્ટૉક :- લોખંડનો ભંગાર 2 ટન x 600 = | | 1,200 |
| + બાલાજીનો પ્રમાણસર ખર્ચ | 325 | |
| રદ્દી કાગળ 20 ટન x 21= | 420 | |
| + બાબુજીનો પ્રમાણસર ખર્ચ = | 220 | 965 |
| | | 2,165 |

**જવાબ :-**

**રાશ ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| સંયુક્ત બેંક ખાતે (લોખંડ ખરીદી) | 4,800 | સંયુક્ત બેંક ખાતે (લોખંડ વેચાણ) | 6,000 |
| બાલાજીની મૂડી ખાતે (ખર્ચ) | 1,300 | સંયુક્ત બેંક ખાતે (કાગળ વેચાણ) | 4,000 |
| સંયુક્ત બેંક ખાતે (કાગળ) | 2,100 | રાશના સ્ટૉક ખાતે | 2165 |
| બાબુજીની મૂડી ખાતે (ખર્ચ) | 1,100 | | |
| બાબુજીની મૂડી ખાતે (ખર્ચ) | 1,150 | | |
| બાલાજીની મૂડી ખાતે (ખર્ચ) | 1,200 | | |
| બાલાજીની મૂડી ખાતે (નફો) | 309 | | |
| બાબુજીની મૂડી ખાતે (નફો) | 206 | | |
| | 12,165 | | 12,165 |

**ભાગીદારોના મૂડી ખાતાઓ**

| વિગત | બાલાજી | બાબુજી | વિગત | બાલાજી | બાબુજી |
|---|---|---|---|---|---|
| બા. આ. લઈ ગયા | 6,809 | 6,456 | સંયુક્ત બેંક ખાતે | 4,000 | 4,000 |
| | | | રાશ ખાતે | 1,300 | 1,100 |
| | | | રાશ ખાતે | 1,200 | 1,150 |
| | | | રાશ ખાતે (નફો) | 309 | 206 |
| | 6,809 | 6,456 | | 6,809 | 6,456 |

**સંયુક્ત બેંક ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| બાલાજીની મૂડી ખાતે | 4,000 | રાશ ખાતે (લોખંડ ખરીદી) | 4,800 |
| બાબુજીની મૂડી ખાતે | 4,000 | રાશ ખાતે (કાગળ ખરીદી) | 2,100 |
| રાશ ખાતે (લોખંડ વેચાણ) | 6,000 | બાકી આગળ લઈ ગયા | 11,100 |
| રાશ ખાતે (કાગળ વેચાણ) | 4,000 | | |
| | 18,000 | | 18,000 |

**કાચું સરવૈયું**

| ખાતાના નામ | ઉધાર બાકી | જમા બાકી |
|---|---|---|
| બાલાજીની મૂડી | | 6,809 |
| બાબુજીનની મૂડી | | 6,456 |
| સંયુક્ત બેંક | 11,100 | |
| આખરસ્ટૉક | 2,165 | |
| | 13,265 | 13,265 |

**ઉદાહરણ – 5** તા.1-10-96ના રોજ દેવ અને આનંદ 3:2ના પ્રમાણમાં રાશના ધંધામાં જોડાયા. તેઓએ અનુક્રમે ₹50,000 અને ₹30,000 સંયુક્ત બેંક ખાતામાં ભર્યા. સંયુક્ત બેંક ખાતાનો ઉપયોગ ખરીદ અને વેચાણ માટે કરવાનો છે, જ્યારે રાશના ખર્ચા દરેક ભાગીદારે પોતાની અંગત રોકડમાંથી ચૂકવવાના છે.

દેવને સામાન્ય વહીવટ માટે મહિને ₹200 લેખે પગાર આપવાનો છે અને આનંદને તેણે કરેલ વેચાણ પર 5 ટકા કમિશન આપવાનું છે.

દેવે ₹65,000ની કિંમતનો માલ ખરીદ્યો અને ખર્ચના ₹5,000 ચૂકવ્યા. આનંદે કેટલોક માલ ₹60,000માં વેચ્યો અને વેચાણ ખર્ચ ₹500 ચૂકવ્યું. ₹20,000ની કિંમતનો નહીં વેચાયેલો માલ તેણે રાખ્યો.

તા.31-3-97ના રોજ હિસાબની પતાવટ કરવામાં આવી. ઉપરોક્ત વિગતો ઉપરથી જરૂરી ખાતાઓ તૈયાર કરો.

**રાશ ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| સંયુક્ત બેંક ખાતે | 65,000 | સંયુક્ત બેંક ખાતે | 60,000 |
| દેવ ખાતે (ખર્ચ) | 5,000 | દેવ ખાતે (સ્ટૉક) | 20,000 |
| આનંદ ખાતે (ખર્ચ) | 500 | | |
| દેવ ખાતે (પગાર) | 1200 | | |
| આનંદ ખાતે (કમિશન) | 3,000 | | |
| નફો – દેવ 3180 | | | |
| આનંદ 2120 | 5300 | | |
| | 80,000 | | 80,000 |

**સંયુક્ત બૅંક ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| દેવની મૂડી ખાતે | 50,000 | રાશ ખાતે | 65,000 |
| આનંદની મૂડી ખાતે | 30,000 | દેવની મૂડી ખાતે | 39,380 |
| રાશ ખાતે | 60,000 | આનંદની મૂડી ખાતે | 35,620 |
| | 1,40,000 | | 1,40,000 |

**ભાગીદારોના મૂડી ખાતાઓ**

| વિગત | દેવ | આનંદ | વિગત | દેવ | આનંદ |
|---|---|---|---|---|---|
| દેવની મૂડી ખાતે | 20,000 | - | સંયુક્ત બૅંક ખાતે | 50,000 | 30,000 |
| સંયુક્ત બૅંક ખાતે | 39,380 | 35,620 | રાશ ખાતે (ખર્ચ) | 5,000 | 500 |
| | | | રાશ ખાતે (પગાર) | 1200 | - |
| | | | રાશ ખાતે (કમિશન) | - | 3000 |
| | 59380 | 35620 | | 59380 | 35620 |

**ઉદાહરણ – 6** (અ) અને (બ) સંયુક્ત સાહસના જૂનો માલસામાન ખરીદીને વેચવાનો ધંધો કરે છે. નીચે આપેલ રાશ ખાતું અને ભાગીદારોના મૂડી ખાતાઓ ધ્યાનમાં લઈને સંયુક્ત બૅંક ખાતું તૈયાર કરો.

**રાશ ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| સંયુક્ત બૅંક ખાતે | 30,000 | સંયુક્ત બૅંક ખાતે | 18,000 |
| (અ) ખાતે (ખર્ચ) | 2,000 | સંયુક્ત બૅંક ખાતે | 12,000 |
| (બ) ખાતે (ખર્ચ) | 1,000 | (અ) ખાતે (ખરીદેલ સ્ટૉક) | 5,500 |
| (અ) ખાતે (કમિશન) | 360 | | |
| (બ) ખાતે (કમિશન) | 240 | | |
| **નફો** | | | |
| (અ) 950 | | | |
| (બ) 950 | 1,900 | | |
| | 35,500 | | 35,500 |

**ભાગીદારોના મૂડી ખાતાઓ**

| વિગત | અ | બ | વિગત | અ | બ |
|---|---|---|---|---|---|
| રાશ ખાતે | 5,500 | - | સંયુક્ત બૅંક ખાતે | 40,000 | 25,000 |
| સંયુક્ત બૅંક ખાતે | 37,810 | 27,190 | રાશ ખાતે | 2,000 | 1,000 |
| | | | રાશ ખાતે | 360 | 240 |
| | | | રાશ ખાતે | 950 | 950 |
| | 43,310 | 27,190 | | 43,310 | 27,190 |

**જવાબ :–**

**સંયુક્ત બૅંક ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| અ ની મૂડી ખાતે | 40,000 | રાશ ખાતે | 30,000 |
| બ ની મૂડી ખાતે | 25,000 | અ ની મૂડી ખાતે | 37,810 |
| રાશ ખાતે | 18,000 | બ ની મૂડી ખાતે | 27,190 |
| રાશ ખાતે | 12,000 | | |
| | 95,000 | | 95,000 |

**ઉદાહરણ – 7** (અ) અને (બ) એક મકાન બાંધવા માટે સંયુક્ત સાહસમાં જોડાયા. (અ)એ ₹50,000 અને (બ)એ ₹3,50,000 બૅંકમાં ભરીને સંયુક્ત બૅંકમાં ખાતું ખોલાવ્યું. (અ)એ સંયુક્ત સાહસ ખાતે ₹20,000નો માલ આપ્યો. (બ)એ ₹30,000ની મંજુરી ચૂકવી છે અને અન્ય મંજૂરી ₹25,000 થઈ અને માલની પડતર (અ)એ પૂરા પાડેલ માલ સહિત ₹90,000 થઈ. આર્કિટેકટની ફી ₹5,000 થઈ. ₹25,000ની રકમ કરારની શરૂઆતમાં જ કરાર આપનાર પાસેથી મળી છે. કરાર કિંમત ₹1,75,000 નક્કી કરવામાં આવી છે. ₹5,000ની કિંમતનો વધેલો માલ (અ)એ લઈ લીધો. કરાર આપનાર પાસેથી બાકીની રકમ મળે છે. સંયુક્ત બૅંક ખાતું સંયુક્ત સાહસ ખાતું તેમ જ (અ) અને (બ)ના ખાતાંઓ તૈયાર કરો.

**જવાબ :-**

**સંયુક્ત સાહસ(રાશ)નું ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| (અ) ખાતે (માલ) | 20,000 | કરાર આપનાર ખાતે (બૅંક ખાતે) | 1,75,000 |
| (બ) ખાતે (મજૂરી) | 25,000 | (અ) ખાતે | 5,000 |
| સંયુક્ત બૅંક ખાતે (અન્ય માલ) | 70,000 | | |
| સંયુક્ત બૅંક ખાતે (આર્કી.ફી) | 5,000 | | |
| ન.નું.ખાતે (નફો) | | | |
| અ 15,000 | | | |
| બ 15,000 | 30,000 | | |
| | 1,80,000 | | 1,80,000 |

**ભાગીદારોના ખાતાઓ**

| વિગત | (અ) | (બ) | વિગત | (અ) | (બ) |
|---|---|---|---|---|---|
| સં.સાહસ ખાતે | 5,000 | - | સંયુક્ત બૅંક ખાતે | 50,000 | 35,000 |
| બા.આ. લઈ ગયા | 80,000 | 80,000 | સં.સાહસ ખાતે | 20,000 | 30,000 |
| | | | (માલ અને મજૂરી) | | |
| | | | સં. સાહસ ખાતે (નફો) | 15,000 | 15,000 |
| | 85,000 | 80,000 | | 85,000 | 80,000 |

**સંયુક્ત બૅંક ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| (અ) ખાતે | 50,000 | સં.સાહસ ખાતે (મજૂરી) | 25,000 |
| (બ) ખાતે | 35,000 | સં.સાહસ ખાતે (માલ) | 70,000 |
| કરાર આપનાર ખાતે | 25,000 | સંયુક્ત સાહસ ખાતે (ફી) | 5,000 |
| કરાર આપનાર ખાતે | 1,50,000 | બા.આ. લઈ ગયા | 1,60,000 |
| | 2,60,000 | | 2,60,000 |

**ઉદાહરણ – 8** તા.1-7-94ના રોજ રાજસીતાપુરના રામ અને શ્યામ ગોંડલના ગોપાલને આડત પર માલ મોકલવા એક સંયુક્ત સાહસમાં જોડાયા. તેઓએ અનુક્રમે 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચવાનું નક્કી કર્યું હતું.

રામે ₹40,000નો માલ પોતાના સ્ટૉકમાંથી તથા ₹20,000નો માલ 10% વેપારી વટાવે બજારમાંથી ખરીદીને ગોપાલને વેચવા મોકલ્યો, તેમજ માલ મોકલતી વખતે નૂર તથા અન્ય ખર્ચના ₹2,000 ચૂકવ્યાં.

શ્યામે ₹30,000નો માલ 10% વેપારી વટાવે માધવ પાસેથી શાખ પર ખરીદીને ગોપાલને વેચવા મોકલ્યો તેમજ માલ મોકલતી વખતે નૂર તથા અન્ય ખર્ચના ₹1,000 ચૂકવ્યાં.

તા.31-12-94ના રોજ ગોપાલ પાસેથી મળેલ વેચાણ-આંકડા પરથી નીચેની માહિતી પ્રાપ્ત થઈ.

(1) તેણે બધો જ માલ ₹1,20,000માં વેચી દીધો હતો.

(2) તેણે ખર્ચના ₹1,000 ચૂકવ્યાં હતાં.

(3) તેણે ₹70,000ની એક હૂંડી સ્વીકારીને રામને મોકલી આપી હતી.

(4) તેણે કરેલ ખર્ચની તથા વેચાણ પર 5% લેખે તેના કમિશનની રકમ કાપીને બાકીના નાણાં, ચૂકતેના હિસાબે શ્યામને બૅંક ડ્રાફ્ટથી મોકલી આપ્યા હતા.

તા.31-12-94ના રોજ રામ અને શ્યામે સંયુક્ત સાહસનો વેપાર બંધ કર્યો અને તેઓએ સંયુક્ત સાહસ અંગે પરસ્પરના હિસાબો ચૂકતે કરી દીધાં.

ઉપરોક્ત વિગતો પરથી રામના ચોપડે – 1. સંયુક્ત સાહસનુ ખાતું 2. શ્યામનું ખાતું અને 3. ગોપાલનું ખાતું તૈયાર કરો.

**જવાબ** :– રામના હિસાબી ચોપડે

**રાશ ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| વેચાણ ખાતે (સ્ટૉકમાંથી માલ) | 40,000 | ગોપાલ ખાતે (વેચાણ) | 1,20,000 |
| બૅંક ખાતે (ખરીદી) | 18,000 | | |
| રોકડ ખાતે (ખર્ચ) | 2,000 | | |
| શ્યામ ખાતે (માલની ખરીદી) | 27,000 | | |
| ગોપાલ ખાતે (ખર્ચ) | 1,000 | | |
| ગોપાલ ખાતે (કમિશન) | 6,000 | | |
| <u>નફો</u> | | | |
| ન.નું. ખાતે 15,000 | | | |
| શ્યામ ખાતે <u>10,000</u> | 25,000 | | |
| | 1,20,000 | | 1,20,000 |

**શ્યામનું ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| ગોપાલ ખાતે (ડ્રાફ્ટ ) | 43,000 | રાશ ખાતે (માલ) | 27,000 |
| | | રાશ ખાતે (ખર્ચ) | 1,000 |
| | | રાશ ખાતે (નફો) | 10,000 |
| | | બૅંક ખાતે (હિસાબ ચૂકતે) | 5,000 |
| | 43,000 | | 43,000 |

**ગોપાલ ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| રાશ ખાતે | 1,20,000 | રાશ ખાતે (ખર્ચ) | 1,000 |
| | | રાશ ખાતે (કમિશન) | 6,000 |
| | | લેણીહૂંડી ખાતે | 70,000 |
| | | શ્યામ ખાતે (બૅંક ડ્રાફ્ટ) | 43,000 |
| | 1,20,000 | | 1,20,000 |

**ઉદાહરણ – 9** એક લિમિટેડ કંપનીના મકાનનું બાંધકામ કરવા માટે વિકાસ અને સલીલ સંયુક્ત સાહસમાં જોડાયા. બાંધકામની કરાર કિંમત ₹25 લાખ નક્કી કરવામાં આવી હતી, જેમાંથી ₹20 લાખ રોકડના સ્વરૂપમાં અને બાકીની રકમ કંપનીના પૂર્ણ ભરપાઈ ઇક્વિટી શેરના સ્વરૂપમાં ચૂકવવાના હતા. તેમણે સંયુક્ત બૅંક ખાતું ખોલાવ્યું, જેમાં વિકાસે ₹6 લાખ અને સલીલે ₹3 લાખ જમા કરાવ્યા. તેઓએ નફો 2:1ના પ્રમાણમાં વહેંચી લેવાનું ઠરાવ્યું હતું.

તેમણે બાંધકામ માટે ₹3 લાખનો માલ રોકડેથી ખરીદ્યો અને ₹10 લાખનો માલ અનીલ પાસેથી શાખ ઉપર ખરીદ્યો. મજૂરી વગેરે ખર્ચના ₹45,00,000 અને અન્ય ખર્ચા ₹70,00 ચૂકવી આપ્યાં. વિકાસ અને સલીલે અનુક્રમે ₹2,00,000 અને ₹80,000નો માલ પૂરો પાડ્યો. વિકસે આર્કિટેકની ફીના ₹10,000 ચૂકવી આપ્યા બાંધકામનું કાર્ય પૂરું થયું અને નક્કી કર્યા મુજબ કરાર કિંમતની રકમ વસૂલ આવી. અનિલને ચૂક્તેના હિસાબે ₹9,80,000 ચૂકવી આપવામાં આવ્યા. વિકસે કંપનીના શેર ₹4,40,000ની નક્કી કરેલી કિંમતે લઈ લેવા સંપતિ આપી. સલીલે બાકીનો માલ ₹70,000ની કિંમતે લીધો. સંયુક્ત સાહસ માટે અલગ ચોપડા રાખવામાં આવ્યાં છે, જરૂરી ખાતા તૈયાર કરો.

**જવાબ :-**

**સંયુક્ત સાહસ ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| સંયુક્ત બૅંક ખાતે (માલ) | 3,00,000 | સંયુક્ત બૅંક ખાતે (કરારની રોકડ) | 20,00,000 |
| અનિલ ખાતે (શાખ ખરીદી) | 10,00,000 | ઇક્વિટી શેર ખાતે (કરારના શેર) | 5,00,000 |
| સંયુક્ત બૅંક ખાતે (મજૂરી) | 4,50,000 | અનિલ ખાતે (વટાવ) | 20,000 |
| સંયુક્ત બૅંક ખાતે (ખર્ચા) | 70,000 | સલીલ ખાતે (નહીં વપરાયેલ માલ) | 70,000 |
| વિકાસ ખાતે (માલ) | 2,00,000 | | |
| સલીલ ખાતે (માલ) | 80,000 | | |
| વિકાસ ખાતે (આર્કિટેક ફી) | 10,000 | | |
| ઇક્વિટી શેર ખાતે (ખોટ) | 60,000 | | |
| <u>નફો</u> | | | |
| વિકાસ – 2,80,000 | | | |
| સલીલ – <u>1,40,000</u> | 4,20,000 | | |
| | 25,90,000 | | 25,90,000 |

**સંયુક્ત બૅંક ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| વિકાસ ખાતે | 6,00,000 | સંયુક્ત સાહસ ખાતે (માલ) | 3,00,000 |
| સલીલ ખાતે | 3,00,000 | સંયુક્ત સાહસ ખાતે (મજૂરી) | 4,50,000 |
| સંયુક્ત સાહસ ખાતે | 20,00,000 | સંયુક્ત સાહસ ખાતે (અન્ય ખર્ચા) | 70,000 |
| | | અનિલ ખાતે (લેણદારોને ચૂકવ્યા) | 9,80,000 |
| | | વિકાસ ખાતે | 6,50,000 |
| | | સલીલ ખાતે | 4,50,000 |
| | 29,00,000 | | 29,00,000 |

**વિકાસનું ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| ઇક્વિટી શેર ખાતે | 4,40,000 | સંયુક્ત બૅંક ખાતે | 6,00,000 |
| સંયુક્ત બૅંક ખાતે | 6,50,000 | સંયુક્ત સાહસ ખાતે (માલ) | 2,00,000 |
| | | સંયુક્ત સાહસ ખાતે (આર્કિટેક ફી) | 10,000 |
| | | સંયુક્ત સાહસ ખાતે (નફો) | 2,80,000 |
| | 10,90,000 | | 10,90,000 |

**સલીલનું ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| સંયુક્ત સાહસ ખાતે (માલ) | 70,000 | સંયુક્ત બૅંક ખાતે | 3,00,000 |
| સંયુક્ત બૅંક ખાતે | 4,50,000 | સંયુક્ત સાહસ ખાતે (માલ) | 80,000 |
| | | સંયુક્ત સાહસ ખાતે (નફો) | 1,40,000 |
| | 5,20,000 | | 5,20,000 |

**ઇક્વિટી શેરનું ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| સંયુક્ત સાહસ ખાતે | 5,00,000 | વિકાસ ખાતે | 4,40,000 |
| | | સંયુક્ત સાહસ ખાતે (ખોટ) | 60,000 |
| | 5,00,000 | | 5,00,000 |

**અનિલનું ખાતું**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| સંયુક્ત બૅંક ખાતે (ચૂકતે) | 9,80,000 | સંયુક્ત સાહસ ખાતે (ખરીદી) | 10,00,000 |
| સંયુક્ત સાહસ ખાતે (વટાવ મળ્યો) | 20,000 | | |
| | 10,00,000 | | 10,00,000 |

## સ્વાધ્યાય

**(અ) સૈદ્ધાંતિક પ્રશ્નો –**

1) ટૂંકનોંધ લખો.

(અ) સંયુક્ત સાહસ (બ) સંયુક્ત બૅંક ખાતું

2) તફાવત સ્પષ્ટ કરો.

(અ) સંયુક્ત સાહસ અને આડતમાલ

(બ) રાશ અને ભાગીદારી

3) ખાલી જગ્યા પૂરો.

1) સંયુક્ત બૅંક ખાતું એ ____________ ખાતું જેવું ખાતું છે.

2) સહભાગીદારો ફાળો માલના સ્વરૂપમાં મળે ત્યારે ___________ ખાતું ઉધારવામાં આવે છે.

3) સંયુક્ત બૅંક ખાતામાંથી ચૂકવેલ તમામ રકમો ________ ખાતે જમા કરવામાં આવે છે.

4) રોકડ સ્વરૂપમાં સહ-ભાગીદારે આપેલો ફાળો સંયુક્ત બૅંક ખાતે ઉધાર થાય છે. એ _________ ખાતે જમા થાય છે.

5) શેરની બાહેંધરીમાં, બાહેંધરી આપનારે _________ શેર ખરીદવા પડે.

6) હિસાબો રાખનાર સક્રિય ભાગીદારે પોતાના સ્ટૉકમાંથી પડતર કિંમતે આપેલો માલ _________ ખાતે જમા કરવામાં આવે છે.

7) કાચા રાશ ખાતામાંથી પદ્ધતિમાં સહભાગીદાર __________ વ્યવહારોની નોંધ કરે છે.

[જવાબ –1) બૅંક 2) સંયુક્ત સાહસ 3) સંયુક્ત બૅંક 4) સહ–ભાગીદારો 5) નહીં ભરાયેલા 6) વેચાણ 7) માત્ર પોતાના વ્યવહારો]

**(બ) વ્યાવહારિક પ્રશ્નો –**

1. ‘અ’ અને ‘બ’ 3:2ના પ્રમાણમાં નફો કે નુકસાન વહેંચી લેવાની સમજૂતી સાથે સંયુક્ત સાહસના જોડાયા. ‘અ’ એ ₹12,000નો માલ આપ્યો અને ₹400નો ખર્ચ ચૂકવ્યો. ‘અ’ એ ₹10,000નો માલ આપ્યો અને ₹600 ખર્ચ પેટે ચૂકવ્યા. ‘અ’ એ બધો જ માલ ₹36,000માં વેંચી દીધો. ‘બ’ વેચાણ પર 4% કમિશન મેળવવા હકદાર છે. ‘બ’ એ બૅંક ડ્રાફ્ટ મોકલી હિસાબ ચૂકતે કર્યો. બંને પક્ષકારોના ચોપડામાં જરૂરી આમનોંધ અને ખાતાં તૈયાર કરો.

[જવાબ – સંયુક્ત સાહસનો નફો ₹11,560 કમિશન 1440]

2. ‘અ’ અને ‘બ’ એ સંયુક્ત સાહસમાં આડતિયા ‘ક’ ને કેટલોક માલ વેચવા મોકલવાનો નિર્ણય કર્યો. ‘અ’ એ ₹1,00,000નો માલ પોતાના સ્ટૉકમાંથી મોકલ્યો, જેના પર ‘બ’ એ ખર્ચના ₹2,000 ચૂકવ્યા. ‘ક’એ કેટલોક માલ ₹80,000નો નફો ચઢાવીને વેચ્યો. ‘ક’ની દલાલી વેચાણના 2% છે. ‘ક’એ રકમ સરખે હિસ્સે ‘અ’ અને ‘બ’ને મોકલી આપી. ‘ક’એ બાકીનો ₹20,000નો માલ સરખે હિસ્સે આગાઉના નફાના અડધા દરે કિંમત ગણીને ખરીદી લીધો.

   ‘અ’ના ચોપડે જરૂરી ખાતા તૈયાર કરો.

[જવાબ – સંયુક્ત સાહસનો નફો ₹76,200 અને ‘અ’ અને ‘બ’ અનુક્રમે ₹25,000નો માલ ₹12,500 અને ₹12,500માં ખરીદે છે]

3) ક્ષ' એ 'ય'ને કેટલોક માલ ₹25,000માં ખરીદી સહિયારા સાહસમાં વેચવા મોકલ્યો. માલ ખરીદતા ખરીદ કિંમતના 10% જેટલો ખર્ચ થયો જે 'ક્ષ' એ ચૂકવ્યો. 'ય' એ $\frac{1}{5}$ ભાગનો માલ તેની પડતરમાં 20% નફો ચઢાવી વેચ્યો. અને બીજો $\frac{2}{5}$ ભાગનો માલ તેની ખ.કિ.માં 20% ઉમેરીને વેચ્યો. 'ય'ને વેચાણખર્ચ વેચાણ કિંમતના 10% થયો છે. બાકીનો માલ 'ય' એ તેની કુલ પડતર કિંમતમાં 10% વધુ ગણી પોતે રાખી લીધો.

'ય' એ માલ વેચવા મળ્યો ત્યારે ₹15,000 'ક્ષ'ને આગાઉથી મોકલેલા છે. 'ક્ષ' અને 'ય'નું નફા-નુકસાન વહેંચણીનું પ્રમાણ સરખું છે. છેવટના હિસાબની રકમ હજૂ ચૂકતે થઈ નથી. 'ક્ષ'ના ચોપડે ખાતા તૈયાર કરો.

[જવાબ–રાશ ખાતાનો નફો ₹1430, 'ય'ની બાકી 13,170 ₹]

4) 'પી' અને 'ક્યું' એ મકાન બાંધવાના સહિયારા સાહસમાં જોડાયા. 'પી' અને 'ક્યું' એ અનુક્રમે ₹50,000 અને ₹30,000 રોકડા ધંધામાં રોક્યા. જે તેમણે સંયુક્ત બૅંકમાં ભર્યા. તેઓ નફો-નુકસાન 2:1ના પ્રમાણમાં વહેંચવા સંમત થયા. તેઓના વ્યવહારો નીચે મુજબ હતા.

માલસામાન ખરીદ્યો ₹1,40,000

મજૂરી ચૂકવી ₹60,000

'પી' એ સુપરવિઝન ખર્ચ ચૂકવ્યો ₹14,000

'ક્યું' એ આર્કિટેકટ ખર્ચ ચૂકવ્યો ₹8,000

₹1,00,000ની રકમ શરૂઆતમાં જ કરાર સામે અગાઉથી મળી હતી.

કરાર કિંમત ₹3,00,000 નક્કી થઈ હતી. વધારાનો ₹6,000ની કિંમતનો માલ 'પી' એ લઈ લીધો. ભાગીદારો હિસાબની પતાવટ કરી લે છે. પેઢીના ચોપડામાં સંયુક્ત સાહસ ખાતું, સંયુક્ત બૅંક ખાતું અને સહભાગીદારોના ખાતા તૈયાર કરો.

[જવાબ –રાશનો નફો ₹84,000. 'પી'ના ભાગે નફો ₹56,000, 'ક્યું'ને ભાગે નફો ₹'28,000, છેવટે 'પી' અને 'ક્યું'ને અનુક્રમે ₹1,14,000 અને ₹66,000 ચૂકવાશે.]

5) રાહુલ, દર્શન અને વિશાલ સંયુક્ત સાહસોમાં જોડાય છે અને નફો-નુકસાન 3:2:1ના પ્રમાણમાં વહેંચવાનું નક્કી કરે છે. તેમણે એક સંયુક્ત બૅંક ખાતું ખોલાવ્યું અને તેમાં રાહુલ એ ₹16,000, દર્શન એ ₹8,000 અને વિશાલે ₹12,000 જમા કરાવ્યાં.

રાહુલ ₹20,000નો માલ પૂરો પાડે છે અને દર્શન ₹32,000નો માલ પૂરો પાડે છે. ₹24,000નો માલ રોકડેથી ખરીદવામાં આવ્યો અને રકમ સંયુક્ત બૅંક ખાતામાંથી ચૂકવવામાં આવી. વિજય પાસેથી ₹48,000નો માલ શાખ પર ખરીદવામાં આવ્યો. ભાડાના અને પરચૂરણ ખર્ચના ₹6720 સંયુક્ત બૅંક ખાતામાંથી ચૂકવવામાં આવ્યાં. વિશાલે ₹24,00 જાહેરાતના પોતાની અંગત મૂડીમાંથી ચૂકવ્યાં.

₹1,20,000નું રોકડેથી વેચાણ કરવામાં આવ્યું અને કેતનને ₹40,000નું ઉધાર વેચાણ કરવાનું આવ્યું.

આગ લાગવાથી ₹12000નો માલ બળી ગયો. આ માલનો વીમો લેવામાં આવ્યો ન હતો. વિશાલ બાકીનો માલ ₹16,800 નક્કી કરેલી કિંમતે લઈ લે છે.

કેતનને ₹20,000 આપવાના હતા તો તેણે ₹19,400 આપી ખાતું ચૂકતે કર્યું.

વિજયને 1% રોકડ વટાવ કાપીને રકમ ચૂકવી આપવામાં આવી.

[જવાબ–રાશ ખાતાનો નફો–42,960, સંયુક્ત બૅંક રાહુલ–57,480, દર્શન–54, 320, વિશાલ–4760 ચૂકવો, વિજયના વટાવના 480 રાશ ખાતે જમા. કેતનના વટાવ ₹1200 રાશ ખાતે ઉધાર]

6) તા.1-7-90ના રોજ મહેશ અને નરેશ અનુક્રમે 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેવાની શરતે એક સંયુક્ત સાહસમાં જોડાયા. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે મહેશને તેણે કરેલ વેચાણ પર 10% લેખે કમિશન આપવું અને નરેશને માસિક ₹1000 લેખે પગાર આપવો. તા.31-12-90 વ્યવહારો નીચે મુજબ હતા :

1) મહેશે ₹30,000નો માલ પોતાના સ્ટૉકમાંથી આપ્યો અને ગાડાભાડાના ₹500 ચૂકવ્યાં.

2) નરેશે ₹20,000નો માલ 10% વેપારી વટાવે ખરીદ્યો તથા નૂર તથા પરચૂરણ ખર્ચના ₹600 ચૂકવ્યાં.

3) મહેશે કેટલોક માલ ₹60,000ની કિંમતે વેચ્યો. અને વેચાણ ખર્ચના ₹700 ચૂકવ્યા.

4) નરેશે નહીં વેચાયેલ બાકીનો ₹13,000ની કિંમતનો માલ ₹12,000માં પોતાના ઉપયોગ માટે ખરીદી લીધો.

5) સોનલ સ્ટેશનરી માર્ટમાંથી ઉધાર ખરીદેલ સ્ટેશનરીના ₹200 ચૂકવવાના સાહસના ધંધા વતી મહેશે ચૂકવવાનું કબૂલ્યું.

6) તા.31-12-90ના રોજ સંયુક્ત સાહસનો ધંધો બંધ કરી. બંને ભાગીદારોએ પોતાના હિસાબો ચૂકતે કર્યા.

ઉપરની વિગતો પરથી તૈયાર કરો.

| | |
|---|---|
| (અ) મહેશેના ચોપડે | (1) સંયુક્ત સાહસ ખાતું |
| | (2) નરેશનું ખાતું |
| (બ) નરેશના ચોપડે | (1) સંયુક્ત સાહસનું ખાતું |
| | (2) મહેશનું ખાતું |

[જવાબ – રાશનો નફો ₹10,000, રાશનો સરવાળો ₹72,000 6 માસનો પગાર ₹6,000 વ્ય.નં – 5 ના ₹200 રાશ ખાતે ઉધારશે. વ્ય નં – 2માં રાશ ખાતે માલના ₹18,000 લખાશે]

7) જય અને વિજય અનુક્રમે 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેવાને શરતે સંયુક્ત સાહસમાં જોડાયાં. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે બંને ભાગીદારોને તેમને કરેલ વેચાણ પર 5% કમિશન આપવું. તે સંયુક્ત સાહસના વ્યવહારો નીચે મુજબના છે :

1) જય ₹25,000નો માલ પોતાના સ્ટૉકમાંથી આપ્યો અને ખર્ચના ₹500 ચૂકવ્યાં.

2) વિજયે ₹15000નો માલ 10% વેચાણ વટાવે ખરીદ્યો અને ખર્ચના ₹300 ચૂકવ્યાં.

3) જય કેટલાક માલ ₹35,000 વેચ્યો.

4) વિજયે કેટલાકમાં ₹13,750 માં વેચ્યો.

5) ₹1000નો માલ ધર્માદા ખાતે આપવામાં આવ્યો.

6) ₹5000ની કિંમતનો માલ વેચાયા વિનાનો સ્ટૉકમાં હતો. જે બંને ભાગીદારોએ વેચાણ પર જે સરેરાશ દરે નફો મળ્યો હતો. તે દરે નફો મળે તે કિંમતે નફા-નુકસાન પ્રમાણમાં વેચી લીધો. બંને ભાગીદારોએ પોતાના હિસાબો ચૂકતે કર્યા. ઉપરની વિગતો પરથી તૈયાર કરો.

| | |
|---|---|
| (અ) જયના ચોપડે | (1) સંયુક્ત સાહસનું ખાતું |
| | (2) વિજયનું ખાતું તથા |
| (બ) વિજયના ચોપડે | (1) સંયુક્ત સાહસનુ ખાતું |
| | (2) જયનું ખાતું |

(જવાબ–રાશ ખાતાનો નફો–₹14,512.5, ધર્માદા માલના ₹1,000 રાશ ખાતામાં જમા બાજુ જાવક માલ તરીકે તેમજ ₹1,000 રાશ ખાતામાં ઉધાર બાજુ નુકસાન તરીકે દર્શાવો. ₹5,000નો માલ 25% નફાથી ₹7500માં ભાગીદારો લઈ લેશે. કુલ મોકલેલ માલ ₹38,500 ધર્માદા માલ અને વધેલ માલના ₹6,000 = 32,500ની મૂળ કિંમતનો માલ ₹48,750માં વેચાયો છે. આથી ₹32,500ની મૂળ કિંમત પર ₹16,250 નફો એટલે કે 25% નફો ગણાશે.

8) રાહુલ, દર્શન અને વિજય મકાન બાંધકામ માટે મહેન્દ્ર લિ. સાથે કરાર કરવા માટે સંયુક્ત સાહસમાં જોડાયા. કરારની કિંમત ₹2,50,000 નક્કી કરવામાં આવી જે રોકડ ₹2,00,000 અને ડિબેંચર ₹50,000ના સ્વરૂપમાં ચૂકવી. આપવાની હતી. તેઓએ નફો – નુકસાન સરખા પ્રમાણમાં ઠરાવ્યું હતું. રાહુલ, દર્શન અને વિજય અનુક્રમે ₹30,000, ₹37,500 અને ₹20,000નો ફાળો આપ્યો હતો. આ તમામ રકમો સંયુક્ત બૅંક ખાતામાં જમા કરાવવામાં આવી હતી. રાહુલે આર્કિટેકટને ₹35,00 ચૂકવ્યાં હતા. દર્શને ₹12,500નું કોક્રીટ મિક્ચર અને વિજયે ₹10,000માં મોટર ટ્રક સંયુક્ત સાહસ માટે ખરીદ્યા. તેમણે ₹12,000ના યંત્રો અને 1,20,000નો માલ રોકડે ખરીદ્યો હતો અને મજૂરીના ₹97,500 ચૂકવ્યા હતા. બાંધકામનું કાર્ય પૂરું થયા પછી વધેલો માલ રાહુલે ₹7,000ની કિંમતે લીધો, દર્શને મિકશર ₹6,000માં લીધું અને વિજયે ટ્રક ₹4,000માં લીધા યંત્રોનું ₹3,000માં વેચાણ કરવામાં આવ્યું. કોન્ટ્રાકટર પાસેથી પૂરી રકમ વસૂલ આવી. રાહુલે ડીબેંચર ₹40,000ની કિંમતે લઈ લીધા. સંયુક્ત સાહસ ખાતું, સંયુક્ત બૅંક ખાતું અને સહ–ભાગીદારોના વ્યક્તિગત ખાતા તૈયાર કરો.

[જવાબ–નફો–₹4500, રાહુલ ₹12,00 લાવશે, દર્શને ₹45,500 અને વિજયે ₹27,500 મળશે, સંયુક્ત બૅંક ખાતાનો સરવાળો ₹ 30,2500]

9) મકાન બાંધકામનો અલગ રીતે ધંધો કરતા રાજ અને વિશાલ નવી સ્થપાયેલી કંપનીનું ₹2,00,000ની કિંમતનું મકાન બાંધી આપવા માટે સંયુક્ત સાહસમાં જોડાયા. કરાર કિંમતે પેટે ₹1,60,000 રોકડમાં અને બાકીના ₹40,000 કંપનીના પૂર્ણ ભરપાઈ શેરના સ્વરૂપમાં ચૂકવી આપવાના હતા. તેમના સંયુક્ત નામેં બૅંકમાં ખાતું ખોલાવામાંઆવ્યું, જેમાં રાજે ₹50,000 અને વિશાલએ ₹30,000 જમા કરાવ્યા. તેઓ નફો કે નુકસાન 2:1ના પ્રમાણમાં વહેંચશે. તેમના વ્યવહારો નીચે પ્રમાણે હતા :

| | ₹ |
|---|---|
| મજૂરી ચૂકવી | 60,000 |
| માલસામાન ખરીદ્યો | 1,40,000 |
| રાજે માલ મોકલ્યો | 10,000 |
| વિશાલએ માલ મોકલ્યો | 8,000 |
| રાજે આર્કિટેકટની ફી ચૂકવી | 4,000 |

કરાર પૂરો થયો. કરાર કિંમત (રોકડ અને શેર) વસુલ મળી. સંયુક્ત સાહસના અંતમાં રાજે બધા જ શેર ₹32,000ની કિંમતે લઈ લીધા. વિશાલ એ વધેલો માલ ₹6,000માં લીધો જરૂરી ખાતા તૈયાર કરો.

[જવાબ–નુકસાન ₹24,000, રાજને ₹16000 અને વિશાલને ₹24000 ચૂકવાશે]

# એકમ 8 બિન-વેપારી સંસ્થાના હિસાબો

---

❖ રૂપરેખા

- ➢ પ્રસ્તાવના
- ➢ અર્થ
- ➢ લક્ષણો
- ➢ બિનવેપારી સંસ્થાના હિસાબો
- ➢ વેપારી સંસ્થા અને બિનવેપારી સંસ્થાના હિસાબો વચ્ચેનો તફાવત
- ➢ આવકોનું વર્ગીકરણ :
    - મૂડી આવક અને મહેસૂલી આવક વચ્ચેનો તફાવત
- ➢ ખર્ચાનું વર્ગીકરણ :
    - મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચ વચ્ચેનો તફાવત
- ➢ બિનવેપારી સંસ્થાનાં હિસાબો સાથે સંકળાયેલ વિશિષ્ટ બાબતો
- ➢ ઊપજ-ખર્ચ ખાતાનો નમૂનો
- ➢ આવક-જાવક ખાતાનો નમુનો
- ➢ આવક-જાવક ખાતાં ઊપરથી ઊપજ-ખર્ચ ખાતું તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા
- ➢ સ્વાધ્યાય

---

**1. પ્રસ્તાવના :**

સામાન્ય રીતે વેપારી પેઢીઓ અને સંસ્થાઓ નફો કરવાના હેતુથી જ અસ્તિત્વમાં આવે છે. વેપારી પેઢીઓ અને સંસ્થા ઓ વર્ષના નફા-નુકસાન ખાતું તેમજ ધંધાની આર્થિક સ્થિતિ જાણવા પાકું સરવૈયું તૈયાર કરે છે. સમાજમાં એવી ઘણી સંસ્થાઓ છે કે જેમનો મુખ્ય હેતુ નફો કમાવાનો નથી, પણ સમાજની સેવા કરવાનો, સંસ્થાના સભ્યોને સેવા સગવડો પૂરી પાડવાનો, સભ્યોનાં હિત કે ઉત્કર્ષ અર્થે પ્રવૃત્તિઓ કરવાનો, શિક્ષણનો પ્રચાર અને પ્રસાર કરવાનો એટલે કે શૈક્ષણિક સામાજિક સખાવતી, ધાર્મિક, સાંસ્કૃતિ કે કલાના વિકાસનો હોય છે. જેને બિનવેપારી સંસ્થાના હિસાબો કહેવાય છે. બિનવેપારી સંસ્થાઓ વેપારી સંસ્થાના હિસાબોથી જુદી રીતે તૈયાર કરવામાં આવે છે.

**2. બિનવેપારી સંસ્થાનો અર્થ અને તેના લક્ષણો :**

**અર્થ :**

જે સંસ્થાનો હેતુ નફો કરવાનો નહિ; પરંતુ, સમાજસેવા સંસ્થાના સભ્યોના ઉત્કર્ષ, સભ્યોનાં હિતનું સંવર્ધન, રમતગમત અને શિક્ષણનો પ્રચાર-પ્રસાર કે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના

વિકાસ માટેના છે, તે બિનવેપારી સંસ્થા કહેવાય છે. આવી સંસ્થાઓ તેમની પ્રવૃત્તિઓ દ્વારા આવક મેળવે છે અને તેમાંથી ખર્ચાઓ કરે છે; પરંતુ, તેઓનો હેતુ નફો કમાવવાનો હોતો નથી.

આવી સંસ્થાઓમાં રમતગમતની ક્લબો, રોટરી-લાયન્સ ક્લબો, ચેમ્બર ઑફ કૉમર્સ જેવા વેપારી સંગઠનો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટેનાં એસોશિયેશનો, અનાથ આશ્રમ, ધાર્મિક સંસ્થાઓ વગેરેનો સમાવેશ થાય છે.

દા.ત. રાજપથ ક્લબ, અમદાવાદ જીમખાના, જીવરાજ મહેતા હોસ્પિટલ વગેરે.

**લક્ષણો** :

- **સેવા** : આ સંસ્થાનો મુખ્ય હેતુ નફાનો નહિ; પરંતુ, સેવાનો હોય છે.
- **વેપાર ખાતું** : આ સંસ્થાઓના હેતુ વેપાર કરવાનો ન હોવાથી તે વેપાર ખાતું તૈયાર કરતી નથી.
- **ઉપર્જ-ખર્ચ ખાતું** : તેનો ઉદ્દેશ નફો કરવાનો ન હોવાથી તે વર્ષના અંતે નફા-નુકસાન ખાતું નહિ બનાવતાં ઊપજ-ખર્ચ ખાતું તૈયાર કરે છે.
- **આવક-જાવક ખાતું** : આવી સંસ્થાના સામાન્યતઃ રોકડના વ્યવહારો નોંધવા માટે આવક-જાવક ખાતું તૈયાર કરે છે.
- **પાકું સરવૈયું** : આવી સંસ્થાઓ વર્ષના અંતે આર્થિક સ્થિતિ જાણવા પાકું સરવૈયું તૈયાર કરે છે.
- **મૂડી ફંડ** : બિનવેપારી સંસ્થાની મૂડીને મૂડી ભંડોળ કે મૂડી ફંડ કે કાયમી ફંડ તરીકે ઓળખવામાં આવે છે.
- **લવાજમ** :આ પ્રકારની સંસ્થાની મુખ્ય આવક સભ્યોનું લવાજમ છે.

### ❖ બિનવેપારી સંસ્થાના હિસાબો

1) **વેપારી પદ્ધતિ** :

આ પદ્ધતિમાં વર્ષ દરમ્યાન ચૂકવેલ ખર્ચા અને મેળવેલ ઊપજોની સાથે સાથે, નહિ ચૂકવેલ ખર્ચા અને નહિ મળેલી ઊપજોને પણ ગણતરીમાં લઈને હિસાબો તૈયાર કરવામાં આવે છે.

2) **રોકડ પદ્ધતિ** :

આ પદ્ધતિમાં વર્ષ દરમ્યાન માત્ર રોકડમાં ચૂકવેલ ખર્ચા અને મળેલ ઊપજોને ધ્યાનમાં લઈ હિસાબો તૈયાર કરવામાં આવે છે.

3) **આવક-જાવક ખાતું** :

આ ખાતું રોકડ ખાતાં જેવું સ્વરૂપ ધરાવે છે, જેમાં રોકડ આવક-જાવકની નોંધ કરવામાં આવે છે.

4) **ઊપજ-ખર્ચ ખાતું** :

આ ખાતું વેપારી સંસ્થાનાં ન.નું. ખાતા જેવું છે. ખર્ચનો ઊપજ કરતાં વધારો હોય તો પાકા સરવૈયાં મૂડીભંડોળમાંથી બાદ કરવામાં આવે છે.

5) **પાકું સરવૈયું** :

બિનવેપારી સંસ્થા વર્ષના અંતે સંસ્થાની આર્થિક સ્થિતિ જાણવા પાકું સરવૈયું તૈયાર કરે છે. ખર્ચનો ઊપજ કરતા વધારો પાકાં સરવૈયાંમાં જવાબદારી બાજુ મૂડીભંડોળમાંથી બાદ કરવામાં આવે છે.

### ❖ વેપારી સંસ્થા અને બિનવેપારી સંસ્થાના હિસાબો વચ્ચેનો તફાવત :

| **તફાવતનો મુદ્દો** | **વેપારી સંસ્થા** | **બિનવેપારી સંસ્થા** |
|---|---|---|
| અર્થ-ઉદ્દેશ | જે સંસ્થાનો ઉદ્દેશ માલ ખરીદ-વેચાણ તથા અન્ય વેપારી પ્રવૃત્તિઓ દ્વારા નફો કરવાનો હોય તેને વેપારી સંસ્થા કહે છે. | જે સંસ્થાનો ઉદ્દેશ નફો નહિ; પરંતુ, સેવા તથા સમાજસેવાનો હોય તેને બિનવેપારી સંસ્થા કહે છે. |
| વેપાર ખાતું | વેપારી સંસ્થા વર્ષના અંતે કાચો નફો કે કાચી ખોટ શોધવા માટે વેપાર ખાતું બનાવે છે. | બિનવેપારી સંસ્થાના હેતુ નફાનો ન હોવાથી તેમજ માલનું ખરીદ-વેચાણ કરતી ન હોવાથી વેપાર ખાતું બનાવતી નથી. |
| વર્ષના અંતે પરિણામ દર્શાવતું માધ્યમ | વેપારી સંસ્થા ધંધાનું પરિણામ જાણવા નફા-નુકસાન ખાતું બનાવે છે. | બિનવેપારી સંસ્થા ઊપજ કે ખર્ચનો વધારો જાણવા ઊપજ-ખર્ચ ખાતું તૈયાર કરે છે. |
| પરિણામની ઓળખ | વેપારી સંસ્થાનું પરિણામ 'ચોખ્ખો નફો' કે 'ચોખ્ખી ખોટ' કહેવાય છે. | બિનવેપારી સંસ્થાનું પરિણામ ઊપજનો ખર્ચ કરતા વધારો કે ખર્ચનો ઊપજ કરતા વધારો કહેવાય છે. |
| આવકનું માધ્યમ | વેપારી સંસ્થાની મુખ્ય આવક વેચાણ છે. | બિનવેપારી સંસ્થાની મુખ્ય આવકનું માધ્યમ સભ્યોનું લવાજમ, દાન વગેરે છે. |
| વાર્ષિક હિસાબો | વેપાર ખાતું, ન.નું. ખાતું, પાકું સરવૈયું તૈયાર કરવામાં આવે છે. | ઊપજ-ખર્ચ ખાતું, પાકું સરવૈયું તૈયાર કરવામાં આવે છે. |
| મૂડી-ભંડોળ | વેપારી સંસ્થામાં મિલકતોમાંથી દેવા બાદ કરતા તફાવતની રકમ મૂડી છે. | બિનવેપારી સંસ્થામાં મિલકતોમાંથી દેવાં બાદ કરતા તફાવતની રકમ મૂડીભંડોળ છે. |
| રોકડ વ્યવહારો | વેપારી સંસ્થામાં રોકડ લેવડ-દેવડના વ્યવહારો રજૂ કરવા રોકડમેળ તૈયાર કરવામાં આવે છે. | બિનવેપારી સંસ્થામાં વર્ષના અંતે રોકડ લેવડ-દેવડના વ્યવહારો માટે આવક-જાવક ખાતું તૈયાર કરવામાં આવે છે. |

### ❖ આવકોનું વર્ગીકરણ :

1) **મૂડી આવક** :

જે આવક સંસ્થાનો વેપાર કે નિયમિત રીતે મળતી ન હોય તેમજ જે આવકનો લાભ સંસ્થાને લાંબા સમય સુધી મળવાનો હોય દા.ત. ખાસ હેતુ માટે મળેલ દાન, મળેલ વારસો, આજીવન સભ્યપદનું કે આજીવન લવાજમ, સખાવત લીધેલી લોન વગેરે.

2) **મહેસૂલી આવક** :

જે આવક સંસ્થાને નિયમિત રીતે મળ્યાં કરતી હોય અને સંસ્થાની પ્રવૃત્તિમાંથી ઉદ્દભવતી હોય તે આવક મહેસૂલી આવક કહેવાય. દા.ત. સભ્યોનું વાર્ષિક લવાજમ, ફી, પસ્તીનું વેચાણ સરકાર પાસેથી મળેલ મદદ વગેરે.

3) **મૂડી આવક અને મહેસૂલી આવક વચ્ચેનો તફાવત :**

| મુદ્દા | મૂડી આવક | મહેસૂલી આવક |
|---|---|---|
| અર્થ | જે આવક સંસ્થાને વારંવાર કે નિયમિત રીતે મળતી ન હોય તેમજ તે આવકનો લાભ સંસ્થાને લાંબાસમય સુધી મળવાનો હોય તેને મૂડી આવક કહેવાય છે. | જે આવક સંસ્થાને નિયમિત રીતે મળ્યા કરતી હોય તે મહેસૂલી આવક કહેવાય. |
| ઉદ્દેશ | મૂડી આવકનો ઉદ્દેશ લાંબાગાળાનું ભંડોળ મેળવવાનો છે. | મહેસૂલી આવકનો ઉદ્દેશ નિયમિત આવક મેળવવાનો છે. |
| હિસાબોમાં રજૂઆત | મૂડી આવક પાકાં સરવૈયાંમાં જવાબદારી બાજુ દર્શાવાય. | મહેસૂલી આવક ઊપજ-ખર્ચ ખાતામાં જમા બાજુ દર્શાવાય. |
| બાકી | મૂડી આવક ખાતાંની બાકી દર વર્ષે આગળ લઈ જવામાં આવે છે. | મહેસૂલી આવકો ઊપજ-ખર્ચ ખાતે લઈ જવામાં આવે છે. |
| ઉદાહરણો | ચોક્કસ હેતુ માટેનું દાન, મિલકત વેચાણની ઊપજ વગેરે | લવાજમ, લોકરનું ભાડું, હૉલનું ભાડું, પસ્તીનું વેચાણ વગેરે. |

❖ **ખર્ચાનું વર્ગીકરણ**

I. **મૂડી ખર્ચ :**

જે ખર્ચ ધંધામાં નિયમિત રીતે કરવામાં આવતો ન હોય અને જેનો લાભ સંસ્થાને લાંબાસમય સુધી મળતો હોય છે તે મૂડી ખર્ચ કહેવાય છે. દા.ત. જમીન, મકાન, ફર્નિચર, યંત્રો, રોકાણો.

II. **મહેસૂલી ખર્ચ :**

સંસ્થાની રોજબરોજની પ્રવૃત્તિ ચલાવવા જે ખર્ચ નિયમિતપણે થતો હોય તથા જે ખર્ચનો લાભ સંસ્થાને ચાલુ વર્ષ પૂરતો જ મળવાનો હોય તેને મહેસૂલી ખર્ચ કહે છે.

દા.ત. રોજબરોજના વહીવટી ખર્ચા જેવાકે કર્મચારીઓનો પગાર, મિલકતોનું સમારકામ ખર્ચ, મેદાન નિભાવ ખર્ચ વગેરે.

III. **મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચ વચ્ચેનો તફાવત**

| ક્રમ | તફાવતનો મુદ્દો | મૂડી ખર્ચ | મહેસૂલી ખર્ચ |
|---|---|---|---|
| 1. | અર્થ | જે ખર્ચ ધંધામાં નિયમિત રીતે કરવામાં આવતો ન હોય અને જેનો લાભ ધંધાને લાંબાસમય સુધી મળતો હોય તથા જેના દ્વારા સંસ્થાને કાયમી સ્વરૂપની મિલકત પ્રાપ્ત થતી હોય તેને મૂડી ખર્ચ કહે છે. | સંસ્થાની રોજબરોજની પ્રવૃત્તિ ચલાવવા માટે જે ખર્ચ નિયમિતપણે કરવામાં આવે, જે ખર્ચનો લાભ સંસ્થાને ચાલુ વર્ષ પૂરતો જ મળવાનો હોય તેને મહેસૂલી ખર્ચ કહે છે. |
| 2. | ઉદ્દેશ | મૂડી ખર્ચનો ઉદ્દેશ કાયમી મિલકતો પ્રાપ્ત કરવા તેની મદદથી સગવડો ઊભી કરવાનો હોય છે. | મહેસૂલી ખર્ચનો ઉદ્દેશ સંસ્થાની પ્રવૃત્તિ ચલાવવાનો હોય છે. |
| 3. | હિસાબોમાં રજૂઆત | મૂડી ખર્ચ પાકાં સરવૈયાંમાંમિલકત બાજુ દર્શાવાય છે. | મહેસૂલી ખર્ચ ઊપજ ખર્ચ ખાતામાં ઉધાર બાજુ દર્શાવાય છે. |
| 4. | બાકી | આ ખાતાની બાકી દરેક વર્ષે આગળ લઈ જવામાં આવે છે. | મહેસૂલી ખર્ચાઓ ઊપજ-ખર્ચ ખાતે લઈ જવામાં આવે છે. |

| | | | |
|---|---|---|---|
| 5. | ઉદાહરણો | કાયમી મિલકતો-જમીન, મકાન, યંત્ર, ફર્નિચર વગેરેની ખરીદી મિલકતોની ગોઠવણીનો ખર્ચ વગેરે | રોજબરોજનાં વહીવટી ખર્ચા જેવા કે પગાર, ટપાલ ખર્ચ, સ્ટેશનરી ખર્ચ વગેરે |

### IV. પ્રસારિત મહેસૂલી ખર્ચ કે મુલતવી રાખેલ મહેસૂલી ખર્ચ (Deferred Revenue Expenditure)

મહેસૂલી ખર્ચનો લાભ જે વર્ષમાં તે ચૂકવવામાં આવ્યો હોય તે વર્ષમાં મળે છે; પરંતુ, કેટલાંક ખર્ચા એવાં હોય કે જેનો લાભ જે વર્ષે ખર્ચા ચૂકવવામાં આવ્યા હોય તે વર્ષ ઉપરાંત ત્યારપછીનાં અમુક વર્ષો સુધી પણ મળતો રહે છે. આથી આ ખર્ચા જે વર્ષે કરવામાં આવ્યાં હોય તે વર્ષે પૂરેપૂરાં મહેસૂલી ખર્ચ તરીકે માંડી વાળવાને બદલે, તેનો લાભ જેટલાં વર્ષે મળવાની સંભાવના હોય કે તેને જેટલાં વર્ષોમાં ફાળવી દેવાનો નિર્ણય લેવાયો હોય તેટલાં વર્ષમાં પ્રમાણસર ભાગે ફાળવી માંડી વાળવામાં આવે છે. આ ખર્ચને પ્રસારિત મહેસૂલી ખર્ચ કે મુલતવી રાખેલ મહેસૂલી ખર્ચ કહેવાય છે.

માંડી વાળેલ રકમ ઊપજ-ખર્ચ ખાતામાં ઉધાર બાજુ પર દર્શાવાય છે. આવા ખર્ચનો જે ભાગ માંડી વાળવામાં ન આવ્યો હોય તેને પાકાં સરવૈયાંમાં મિલકત બાજુ છેલ્લે દર્શાવાય છે. દા.ત. મકાન રંગરોગાન ખર્ચ, મેદાન લેવલિંગ ખર્ચ વગેરે.

### V. બિનવેપારી સંસ્થાનાં હિસાબો સાથે સંકળાયેલ વિશિષ્ટ બાબતો (Special Issues Associated with Accounts of non-Trading Concern)

#### 1) મૂડી-ભંડોળ કે મૂડી ફંડ કે કાયમી ફંડ

ખાસ હેતુ માટેનાં ફંડ સિવાયની સંસ્થાની મળેલી મૂડી આવકો અથવા મૂડીકૃત કરેલ રકમો આ મથાળા હેઠળ દર્શાવવામાં આવે છે, એટલે કે મૂડીભંડોળમાં ઉમેરવામાં આવે છે. ઊપજ-ખર્ચ ખાતેથી ‘ઊપજનો ખર્ચ કરતાં વધારો’ મૂડીભંડોળમાં ઉમેરવામાં આવે છે અને ‘ખર્ચનો ઊપજ કરનો વધારો’ મૂડી ભંડોળમાંથી બાદ કરવામાં આવે છે.

કેટલીકવાર ‘ઊપજનો ખર્ચ કરતાં વધારો’ મૂડીફંડમાં ઉમેરવા અને ‘ખર્ચનો ઊપજ કરતાં વધારો’ બાદ કરવાને બદલે ‘ઊપજ-ખર્ચ ખાતે’ આવતો વધારો એકત્રિત ધોરણે પાકાં સરવૈયાંમાંજવાબદારી બાજુએ અલગ બતાવવામાં આવે છે. જે-તે વર્ષનો ‘ઊપજનો વધારો’ તેમાં ઉમેરાય ‘ખર્ચનો વધારો’ તેમાંથી બાદ કરવામાં આવે છે. ઊપજનાં વધારાને ‘વધારો’ અને ખર્ચના વધારાને ‘ઘટાડો’ તરીકે પણ ઓળખવામાં આવે છે. જો ઊપજ ખર્ચ અંગેનાં ખાતાંની ઉધાર બાકી હોય તો તે બાકી મિલકતો બાજુ લખવામાં આવે છે.

#### 2) લવાજમ કે સભાસદ ફી કે સભ્ય ફી

સામાન્ય રીતે સંસ્થા તેનાં સભ્યો પાસેથી સભ્ય પદ ચાલુ રાખવા દર વર્ષે નિયમિત રીતે, નિયત કરેલ લવાજમ કે સભ્ય ફી કે સભાસદ ફી વસૂલ કરે છે. સંસ્થા માટે આ આવકનું મુખ્ય સાધન છે. આવકને મહેસૂલી આવક તરીકે ગણી ઊપજ-ખર્ચ ખાતામાં ઊપજ બાજુએ દર્શાવવામાં આવે છે.

**3) દાખલ ફી કે પ્રવેશ ફી**

સંસ્થાનાં નવા સભ્યોએ સભ્ય તરીકે દાખલ થતી વખતે દાખલ ફી કે પ્રવેશ ફી ભરવાની હોય છે. સંસ્થાનાં બંધારણમાં નક્કી થયેલા નિયમ પ્રમાણે પ્રવેશ ફીની આવકને મૂડી આવક અથવા મહેસૂલી આવક તરીકે ગણવામાં આવે છે. ક્યારેક સૂચના મુજબ પ્રવેશ ફીની અમુક ભાગની રકમ મહેસૂલી આવક તરીકે ગણવાની હોય છે. કોઈપણ પ્રકારની સૂચના ન આપી હોય તો પ્રવેશ ફીની આવકને મહેસૂલી આવક તરીકે જ ગણવામાં આવે છે.

**4) આજીવન સભ્ય ફી**

કેટલાંક સભ્યો દર વર્ષે સંસ્થાની ફી ચૂકવવાને બદલે, સંસ્થાને નક્કી કરેલ રકમ એક સાથે ચૂકવીને આજીવન સભ્યપદ મેળવે છે. અન્ય સૂચના ન આપી હોય તો આજીવન સભ્ય ફી મૂડી આવક ગણી પાકાં સરવૈયાંમાં મૂડી ભંડોળમાં ઉમેરવામાં આવે છે.

**5) દાન કે સખાવત**

સામાન્યતઃ દાનની આવકમૂડી આવક ગણી મૂડીભંડોળમાં ઉમેરાય છે. જો સંસ્થાને નિયમિત દાન મળતું હોય તો તે મહેસૂલી આવક તરીકે ઊપજ-ખર્ચ ખાતામાં ઊપજ બાજુએ દર્શાવવામાં આવે છે. જો સંસ્થાને ક્યારેક દાન મળતું હોય અને દાન અંગે કોઈ સૂચના ન આપેલ હોય તો તે દાનની આવકમૂડી આવક તરીકે પાકાં સરવૈયાંમાં મૂડી ભંડોળમાં ઉમેરવામાં આવે છે.

કોઈ ખાસ હેતુ માટે દાન કે સખાવત મળેલ હોય તો તે મૂડી આવક તરીકે પાક સરવૈયામાં જવાબદારી બાજુ મૂડીભંડોળથી અલગ ચોક્કસ ફંડ ખાતે દર્શાવવામાં આવે છે.

**6) ખાસ હેતુ માટે ફંડ**

ખાસ હેતુ માટે દાન કે સખાવત મળેલ હોય તો તેનો ઉપયોગ જે-તે હેતુ માટે જ કરવામાં આવે છે. આ પ્રકારનાં દાનની રકમ પાકાં સરવૈયાંમાં મૂડીભંડોળમાં નહિ ઉમેરતાં, અલગ ચોક્કસ ફંડ ખાતે દર્શાવવામાં આવે છે. દા.ત. પ્રમુખ સન્માન ફંડ, ઈનામ ફંડ, મકાન ફંડ વગેરે આ અંગે જ્યારે કોઈ ખર્ચ કરવામાં આવે ત્યારે તે ઊપજ-ખર્ચ ખાતે દર્શાવવામાં આવતો નથી.; પરંતુ, પાકાં સરવૈયામાં જવાબદારી બાજુ ઇનામફંડમાંથી બાદ કરીને દર્શાવવામાં આવે છે. દા.ત. ઇનામફંડ મળ્યું હોય ત્યારે ઈનામનો ખર્ચ પાકાં સરવૈયાંમાં જવાબદારી બાજુ ઈનામફંડમાંથી બાદ કરીને દર્શાવવામાં આવે છે. જો ફંડની રકમનું ચોક્કસ પ્રકારની જામીનગીરીઓમાં રોકાણ કરવામાં આવ્યું હોય ત્યારે મળેલ વ્યાજની રકમ જે-તે ફંડમાં ઉમેરવામાં આવે છે.

જો ખાસ રકમ કરતાં તે અંગે કરેલ ખર્ચ વધુ હોય તો વધારાની રકમને મહેસૂલી ખર્ચ ગણીને ઊપજ-ખર્ચ ખાતે ઉધારાય છે.

**7) વારસો**

જ્યારે કેટલીક વ્યક્તિઓ વસિયતનામા(વીલ) દ્વારા તેમની મિલકત સંસ્થાને વારસામાં આપે ત્યારે સંસ્થા માટે તે રકમ મૂડીઆવક તરીકે મૂડીભંડોળમાં ઉમેરવામાં આવે છે.

**8) લોકરનું ભાડું**

ક્લબો પોતાનાં સભ્યોને રમત-ગમતનાં સાધનો, કપડાંની જોડ કે અન્ય સામાન વ્યવસ્થિત અને સુરક્ષિત રાખી શકે તે માટે લોકર (ખાના) પૂરા પાડતી હોય છે. સભ્યો તેઓનો સામાન આ લોકરમાં રાખી મૂકે છે. આ સગવડ પૂરી પાડવા ક્લબ સભ્યો પાસેથી ભાડું વસૂલ કરે છે, જેને લોકરનું ભાડું કહેવાય છે. લોકરનું ભાડું સંસ્થા માટે મહેસૂલી ઊપજ ગણાય છે.

## ઊપજ-ખર્ચ ખાતાનો નમૂનો

ઉ. જ.

| ખર્ચા | રકમ | ઊપજો | રકમ |
|---|---|---|---|
| ચાલુ વર્ષનાં મહેસૂલી ખર્ચા<br>ચાલુ વર્ષે રોકડમાં ચૂકવેલા<br>+ ચૂકવવાનાં બાકી<br>+ગયાં વર્ષે અગાઉથી ચૂકવેલા બાદ<br>ગયા વર્ષનાં ચૂકવવાનાં બાકી ચાલુ વર્ષે ચૂકવ્યા<br>આવતાં વર્ષ માટે અગાઉથી ચૂકવ્યા<br>ઘસારો<br>મિલકત વેચાણની ખોટ<br>ઊપજનો ખર્ચ કરતા વધારો (ટૂંકમાં વધારો) | | ચાલુ વર્ષની મહેસૂલી ઊપજો<br>ચાલુ વર્ષે રોકડમાં મળેલ<br>+ ચાલુ વર્ષની મળવાની બાકી<br>+ ગયાં વર્ષે અગાઉથી મળેલ બાદ<br>ગયા વર્ષની મળવાની બાકી ચાલુ વર્ષે મળેલ<br>આવતા વર્ષની અગાઉથી મળેલ<br>ખર્ચનો ઊપજ કરતા વધારો (ટૂંકમાં વધારો) | |

### ❖ આવકો અને ખર્ચાઓનું વર્ગીકરણ

| ક્રમ | મૂડી આવક | મહેસૂલી આવક | મૂડી ખર્ચ | મહેસૂલી ખર્ચ | પ્રસારિત મહેસૂલી ખર્ચ |
|---|---|---|---|---|---|
| 1. | આજીવન સભ્ય ફી | સભ્યોનું લવાજમ | મિલકતની ખરીદી (મકાન, ફર્નિચર, મેદાન, જમીન, રમતગમતના સાધનો, પુસ્તકોની ખરીદી) | વીમા-પ્રીમિયમ | રંગરોગાન ખર્ચ |
| 2. | દાખલ ફી(સૂચના મુજબ) | દાખલ ફી (સૂચના મુજબ) | રોકાણોની ખરીદી | ભાડું-કરવેરા | મેદાન લેવલિંગ ખર્ચ |
| 3. | દાન | મળેલ ભાડું | નવા મકાનોની રંગરોગાનના ખર્ચા | જાહેરાત ખર્ચ | - |
| 4. | સખાવત | મેદાનનું ભાડું | મિલકતની કાર્યક્ષમતામાં વધારો કરવાનો ખર્ચ | મરામત ખર્ચ | - |
| 5. | વારસો | મેદાનની આવક | ખાસ હેતુ માટેનો ખર્ચ | ટપાલ ખર્ચ | - |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 6. | ખાસ હેતુ માટે મળેલ દાન | હૉલનું ભાડું | વીજળી જોડાણ ખર્ચ | સ્ટેશનરી અને છપામણી | - |
| 7. | મિલકતોનું વેચાણ | મિલકત વેચાણનો નફો | સ્વિમિંગપુલનો બાંધવાનો ખર્ચ | પગાર | - |
| 8. | મૂડી ભંડોળ | રોકાણોનું વ્યાજ | એક્સ-રે મશીનની ખરીદી | વહીવટી ખર્ચ | - |
| 9. | લીધેલ લોન | બૅન્ક વ્યાજ | - | પરચૂરણ ખર્ચ | - |
| 10. | - | પસ્તીની ઊપજ | - | મેદાન નિભાવ ખર્ચ | - |
| 11. | - | કૅન્ટીનની આવક | - | મનોરંજન કાર્યક્રમ | - |
| 12. | - | લોકરનું ભાડું | - | કાર્યક્રમોના ખર્ચા | - |
| 13. | - | સરકારી ગ્રાન્ટ કે સબસિડી | - | મિલકત વેચાણની ખોટ | - |
| 14. | - | ભાષણોની આવક | - | ઘસારો | - |
| 15. | - | નાટકોની ટિકિટનું વેચાણ | - | કૅન્ટીન ખર્ચ | - |
| 16. | - | રમતગમતમાં જૂના સાધનોનું વેચાણ | - | ગ્રાઉન્ડ્સમેનનો પગાર | - |
| 17. | - | દાન કે સખાવતની નાની રકમ | - | ટેલિફોન બિલ | - |
| 18. | - | મનોરંજન કાર્યક્રમની આવક | - | વર્તમાનપત્ર અને સામાયિકોનું લવાજમ | - |

હવે આપણે બિનવેપારી સંસ્થાની વિવિધ આવકો તથા ખર્ચાઓને તેમના પ્રકાર અનુસાર વર્ગીકૃત કરવાનું નીચે આપેલ ઉદાહરણ-1 દ્વારા ધ્યાનથી સમજીએ.

ઉદાહરણ 1 નીચે આપેલ આવકો તથા ખર્ચાઓને મૂડી આવક, મહેસૂલી આવક, મૂડી ખર્ચ તથા મહેસૂલી ખર્ચમાં વર્ગીકૃત કરો.

(1) ક્લબ પેવેલિયન માટે મળેલ દાન (2) ઈલેક્ટ્રિક ફિટિંગ્સ (3) વારસો (4) રમતગમતનાં સાધનોની ખરીદી (5) સભાસદ ફી (6) યંત્ર ગોઠવવાની મજૂરી (7) ટુર્નામૅન્ટ ફંડ માટે મળેલ દાન (8) ઇનામી ફંડનું સરકારી જામીનગીરીમાં રોકાણ (9) લાઈબ્રેરીનાં પુસ્તકો (10) હૉલનું ભાડું (11) પસ્તીનું વેચાણ (12) પ્રમુખ સન્માન માટેનું ફંડ (13) પ્રવેશ ફી (14) સોનોગ્રાફીનું મશીન (15) બિલિયર્ડ ટેબલ (16) સખાવતો (17) વાર્ષિક ભોજન સમારંભ ખર્ચ (18) રમતગમતનાં સાધનોનું વેચાણ (19) વર્તમાનપત્રોનું લવાજમ (20) વીજળી જોડાણ ખર્ચ (21) મેદાન નિભાવ ખર્ચ (22) ટુર્નામેન્ટ ખર્ચ (23) ક્લબ પેવેલિયનનું બાંધકામ (24) રમતગમતનું મેદાન (25) ભાષણોની આવક (26) મકાન ભંડોળ (27) રોકાણો પરનું વ્યાજ (28) નવા મકાનનો રંગરોગાન ખર્ચ (29) કૅન્ટીન ખર્ચ (30) ઑડીટ ફી (31) પ્રમુખ-સન્માન કાર્યક્રમ ખર્ચ (32) લોકરનું ભાડું (33)મનોરંજન કાર્યક્રમ ખર્ચ (34) આજીવન સભ્ય ફી

જવાબ :

**આવક અને ખર્ચાઓનું પ્રકાર અનુસાર વર્ગીકરણ**

| મૂડી આવક | મહેસૂલી આવક | મૂડી ખર્ચ | મહેસૂલી ખર્ચ |
|---|---|---|---|
| (1) ક્લબ પેવેલિયન માટે મળેલ દાન | (5) સભાસદ ફી | (2) ઈલેક્ટ્રિક ફિટિંગ્સ | (17) વાર્ષિક ભોજન સમારંભ ખર્ચ |
| (3) વારસો | (10) હૉલનું ભાડું | (4) રમતગમતનાં સાધનોની ખરીદી | (19) વર્તમાનપત્રોનું લવાજમ |
| (7) ટુર્નામેન્ટ ફંડ માટે મળેલ દાન | (11) પસ્તીનું વેચાણ | (6) યંત્ર ગોઠવવાની મજૂરી | (21) મેદાન નિભાવ ખર્ચ<br>(22) ટુર્નામેન્ટ ખર્ચ |
| (12) પ્રમુખ સન્માન માટેનું ફંડ<br>(16) સખાવતો<br>(26) મકાન ભંડોળ | (13) પ્રવેશ ફી<br>(18) રમતગમતનાં સાધનોનું વેચાણ<br>(25) ભાષણોની આવક | (8) ઇનામી ફંડનું સરકારી જામીનગીરીમાં રોકાણ<br>(9) લાઈબ્રેરીનાં પુસ્તકો | (29) કૅન્ટીન ખર્ચ<br>(30) ઑડીટ ફી |
| (34) આજીવન સભ્ય ફી | (27) રોકાણો પરનું વ્યાજ | (14) સોનોગ્રાફીનું મશીન | (33)મનોરંજન કાર્યક્રમ ખર્ચ |
| | (32) લોકરનું ભાડું | (15) બિલિયર્ડ ટેબલ<br>(23) ક્લબ પેવેલિયનનું બાંધકામ<br>(24) રમતગમતનું મેદાન<br>(28) નવા મકાનનો રંગરોગાન ખર્ચ<br>(31) પ્રમુખ-સન્માન કાર્યક્રમ ખર્ચ | |

❖ **આવક-જાવક ખાતું :**

બિનવેપારી સંસ્થાઓના હિસાબોમાં સામાન્યતઃ રોકડના વ્યવહારો વધુ હોય છે. બિનવેપારી સંસ્થા વર્ષ દરમ્યાન મળેલ રોકડ આવક અને ચૂકવેલ રોક ખર્ચાની જે તારીજ તૈયાર કરે છે તેને આવક-જાવક ખાતું કહે છે. આ ખાતું વર્ષ દરમ્યાન થયેલ રોકડ વ્યવહારનો ટૂંકસાર છે. તેની ઉધાર બાજુએ રોકડ આવકો અને જમા બાજુ ચૂકવેલ રોકડ ખર્ચાની નોંધ કરવામાં આવે છે. આ ખાતામાં રોકડ ઉપરાંત બૅન્ક સાથેના વ્યવહારોની પણ નોંધ થાય છે. તેનું સ્વરૂપ રોકડ ખાતા જેવું છે.

➢ **આવક-જાવક ખાતું તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા :**

1) શરૂઆતની રોકડ કે બૅન્ક સિલક આવક-જાવક ખાતાની ઉધાર બાજુ અને શરૂઆતનો બૅન્ક ઓવરડ્રાફ્ટ હોય તો જમા બાજુ દર્શાવાય છે, જે બાકી આગળ લાવ્યા તરીકે દર્શાવાય છે.
2) આ ખાતાની ઉધાર બાજુ વર્ષ દરમ્યાન મળેલ બધી જ રોકડ કે ચેકથી મળેલ આવકો અને જમા બાજુ વર્ષ દરમ્યાન બધી જ રોકડ કે ચેકથી ચૂકવેલ જાવકોની નોંધ કરવામાં આવે છે.
3) આ ખાતામાં ગમે તે વર્ષ માટે મળેલ આવક કે ચૂકવાયેલ રકમો નોંધવામાં આવે છે.

4) આ ખાતામાં મૂડી આવક કે મહેસૂલી આવક, મૂડી ખર્ચ કે મહેસૂલી ખર્ચ નોંધાય છે.
5) આ ખાતામાં બિનરોકડ વ્યવહારો જેવા કે ઘસારો ઘાલખાધ નહીં ચૂકવેલા ખર્ચા, નહીં મળેલ આવકો કે શાખાના વ્યવહારોની નોંધ થતી નથી.
6) વર્ષાન્તે આ ખાતાની બાકી શોધવામાં આવે છે.(i) જો જમા બાજુનો સરવાળો વધુ આવે તો તફાવતની રકમ ઉધાર બાજુ આખરનો બૅન્ક ઓવરડ્રાફ્ટ અને (ii) જો ઉધાર બાજુનો સરવાળો વધુ આવે તો તફાવતની રકમ જમા બાજુ આખરની રોકડ સિલક અને બૅન્ક સિલક કહેવાય.

**આવક-જાવક ખાતાનો નમૂનો**

**તા. ના રોજ પૂરા થતા વર્ષનું આવક-જાવક ખાતું**

| આવક | રકમ | જાવક | રકમ |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા રોકડ સિલક | | બા.આ. લાવ્યા (બૅન્ક ઓવરડ્રાફ્ટ) | √ |
| બૅન્ક સિલક | √ | | |
| ચાલુ વર્ષની ગયા વર્ષની આવતા | | ચાલુ વર્ષના, ગયા વર્ષના, આવતા | |
| વર્ષની માત્ર રોકડમાં મળેલ રકમ | √ | વર્ષમાં રોકડમાં ચૂકવેલ રકમ | √ |
| | | બૅન્કમાં ભરેલ રકમ | √ |
| બૅન્કમાંથી ઉપાડેલ રકમ | √ | બા.આ. લઈ ગયા | |
| બા.આ. લઈ ગયા (બૅન્ક ઓવરડ્રાફ્ટ) | √ | રોકડ સિલક √<br>બૅન્ક સિલક √ | √ |
| | √√√ | | √√√ |

ઉદાહરણ 2 શ્રેય ક્લબની નીચેની માહિતી પરથી તા. 31-3-2014ના રોજ પૂરા થતા વર્ષનું આવક-જાવક ખાતું તૈયાર કરો.

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| રોકડ સિલક(1-4-13) | 30,000 | હૉલનુ ભાડું ચૂકવ્યું | 6,000 |
| બૅન્ક સિલક(1-4-13) | 40,000 | મનોરંજન કાર્યક્રમનો ફાળો | 16,700 |
| પ્રવેશ ફી | 15,000 | દાન | 21,000 |
| સભ્ય ફી : 2013-14 35000 | | પેવેલિયન માટે દાન | 40,000 |
| 2014-15 4000 | 39,000 | પગાર | 23,900 |
| ફર્નિચર ખરીદી | 9,000 | પસ્તીનું વેચાણ | 1,400 |
| પુસ્તકોની ખરીદી | 8,000 | મનોરંજન કાર્યક્રમ ખર્ચ | 26,600 |
| સાધનોની ખરીદી | 55,000 | વીજળી બીલ | 7,600 |
| વર્તમાનપત્રોનું લવાજમ | 2,500 | જૂના ફર્નિચરનું વેચાણ | 4,400 |
| ભાષણોની આવક | 1,800 | પેવેલિયન બાંધકામ ખર્ચ | 28,000 |
| આજીવન સભ્ય ફી | 11,000 | રોકડ સિલક | 23,200 |

**જવાબ : શ્રેય ક્લબનું તા. 31-3-2014ના રોજ પૂરા થતા વર્ષનું આવક-જાવક ખાતું**

ઉ                                                                                                                         જ

| આવક | રકમ | જાવક | રકમ |
|---|---|---|---|
| બા.આ. લાવ્યા (શરૂઆતની સિલક) (1-4-13) | | ફર્નિચર ખરીદી | 9000 |
| | | પુસ્તકોની ખરીદી | 8000 |
| રોકડ | 30000 | સાધનોની ખરીદી | 55000 |
| બૅન્ક | 40000 | વર્તમાનપત્રનું લવાજમ | 2500 |
| પ્રવેશ ફી | 15000 | હૉલનું ભાડું | 6000 |
| સભ્ય ફી 2013-14 35,000 | | મનોરંજન કાર્યક્રમ | 26600 |
| 2014-15 4,000 | 39000 | પગાર | 23,900 |
| ભાષણોની આવક | 1800 | વીજળી બીલ | 7600 |
| આજીવન સભ્ય ફી | 11000 | પેવેલિયન બાંધકામખર્ચ | 28000 |
| મનોરંજન કાર્યક્રમનો ફાળો | 16700 | બા.આ. લઈ ગયા | |
| દાન | 21000 | રોકડ સિલક | 23200 |
| પેવેલિયન માટે દાન | 40000 | બૅન્ક સિલક (ખૂટતી રકમ) | 30500 |
| પસ્તીનું વેચાણ | 14000 | | |
| જૂના ફર્નિચરનું વેચાણ | 4400 | | |
| | 2,32,900 | | 2,20,300 |

નોંધ : આવક-જાવક ખાતાનો ઉધાર બાજુનો સરવાળો વધુ છે. તેથી તફાવતની રકમ જમા બાજુએ ₹30500 જે બૅન્ક સિલક દર્શાવે છે.

❖ **ઊપજ ખર્ચ ખાતું** :

હિસાબી વર્ષના અંતે બિનવેપારી સંસ્થાનું પરિણામ જાણવા માટે જે ખાતું તૈયાર કરવામાં આવે છે. જેને ઊપજ ખર્ચ ખાતું કહે છે. ઊપજ-ખર્ચ ખાતાની મદદથી સંસ્થાના રોજિંદા ખર્ચને પહોંચી વળવા પૂરતા પ્રમાણમાં ઊપજ છે કે નહિ તે જાણી શકાય.

**(A) ઊપજ ખર્ચ ખાતું તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા :**

1) આ ખાતામાં જમા બાજુ ફક્ત ચાલુ વર્ષની મહેસૂલી આવકો અને ઉધાર બાજુ ફક્ત ચાલુ વર્ષના મહેસૂલી ખર્ચાઓ જ દર્શાવાય છે.
2) મૂડી ખર્ચા અને મૂડી આવકો ધ્યાનમાં લેવી નહીં.
3) આ ખાતું વેપારી પદ્ધતિએ તૈયાર થતું હોવાથી મહેસૂલી આવકો (ચાલુ વર્ષના મળેલ + ચાલુ વર્ષની મળવાની બાકી + ગયા વર્ષે મળેલ) ધ્યાનમાં લેવાય છે. તેમજ મહેસૂલી જાવકો (ચાલુ વર્ષની ચૂકવેલ + ચાલુ વર્ષની ચૂકવાની બાકી + ગયા વર્ષ અ.ચૂ.) ધ્યાનમાં લેવાય છે.
4) જો ખર્ચા કરતા ઊપજો વધુ હોય તો છેવટની બાકી 'ઊપજનો ખર્ચ કરતા વધારો' કહેવાય, જે વેપારી સંસ્થાના નફા જેવો છે. આને પાકાં સરવૈયાંમાંજવાબદારી બાજુ મૂડી ભંડોળમાં ઉમેરવામાં આવે છે. જો ઊપજો કરતા ખર્ચા વધુ હોય તો છેવટની બાકી ઊપજનો ખર્ચ કરતા

વધારો કહેવાય જે વેપારી સંસ્થાની ખોટ જેવી છે. આને પાકાં સરવૈયાંમાંજવાબદારી બાજુ મૂડીભંડોળમાંથી બાદ કરવામાં આવે છે.

**(B) આવક-જાવક ખાતાં અને ઊપજ-ખર્ચ ખાતાં વચ્ચેનો તફાવત**

| ક્રમ | તફાવતનો મુદ્દો | આવક-જાવક ખાતું | ઊપજ-ખર્ચ ખાતું |
|---|---|---|---|
| 1. | અર્થ | બિનવેપારી સંસ્થા વર્ષ દરમ્યાન મળેલ અને ચૂકવેલ રોકડની જે તારીજ તૈયાર કરે છે તેને આવક-જાવક ખાતું કહે છે. | બિનવેપારી સંસ્થા વર્ષનાં અંતે સંસ્થાનું પરિણામ જાણવા જે ખાતું તૈયાર કરે છે. તેને ઊપજ-ખર્ચ ખાતું કહે છે. |
| 2. | સ્વરૂપ | રોકડ ખાતા જેવું છે. | નફા-નુકસાન ખાતા જેવું છે. |
| 3. | શરૂની બાકી | શરૂઆતની બાકી રોકડ સિલક અને બૅન્ક સિલક કે બૅન્ક ઓવરડ્રાફ્ટ હોય છે. | શરૂઆતની બાકી હોતી નથી |
| 4. | આખરની બાકી | આખરની બાકી રોકડ સિલક અને બૅન્ક સિલક કે બૅન્ક ઓવરડ્રાફ્ટ હોય છે. | આખરની બાકી 'ઊપજનો ખર્ચ કરતાં વધારો' કે 'ખર્ચનો ઊપજ કરતાં વધારો' હોય છે. |
| 5. | વ્યવહારોની નોંધ | ઉધાર-બાજુએ આવકો અને જમા બાજુએ જાવકો નોંધવામાં આવે છે. | ઉધાર બાજુએ મહેસૂલી ખર્ચાઓ અને જમા બાજુએ મહેસૂલી આવક (ઊપજ) નોંધવામાં આવે છે. |
| 6. | આખર બાકીની અસર | રોકડ સિલક અન બૅન્ક સિલક પાકાં સરવૈયાંમાં મિલકત બાજુ દર્શાવાય બૅન્ક ઓવરડ્રાફ્ટ જવાબદારી બાજુ દર્શાવાય છે. | 'ઊપજનો ખર્ચ કરતાં વધારો' હોય તો મૂડી ભંડોળમાં ઉમેરવામાં આવે છે. 'ખર્ચનો ઊપજ કરતાં વધારો' હોય તો મૂડી ભંડોળમાંથી બાદ કરવામાં આવે છે. કેટલીક વાર ઊપજ-ખર્ચ ખાતાની એકત્રિત રકમ પાકાં સરવૈયાંમાં અલગ દર્શાવાય છે. |
| 7. | સમયગાળો | ગમે તે હિસાબી વર્ષની ચાલુ વર્ષે મળેલ આવકો અને જાવકો નોંધવામાં આવે છે. | આ ખાતામાં માત્ર ચાલુ વર્ષને લગતાં જ મહેસૂલી ખર્ચા અને મહેસૂલી આવકો લખવામાં આવે છે. |

**(C) આવક-જાવક ખાતાં ઊપરથી ઊપજ-ખર્ચ ખાતું તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા :**

આવક-જાવક ખાતામાં આપેલ મહેસૂલી આવકો અને મહેસૂલી ખર્ચાઓને ઊપજ-ખર્ચ ખાતું તૈયાર કરવા માટે ધ્યાનમાં લેવાય છે. ઉપરાંત સંબંધિત હવાલાઓની અસર પણ ઊપજ-ખર્ચ ખાતામાં નોંધવામાં આવે છે.

**ઉદાહરણ 3** નીચેની વિગતો તા.31-3-2015ના રોજ પૂરા થતા વર્ષના ઊપજ-ખાતામાં દર્શાવો.

**તા. 31-3-15ના રોજ પૂરા થતા વર્ષનું આવક-જાવક ખાતું**

ઉ | જ

| આવક | | રકમ | જાવક | રકમ |
|---|---|---|---|---|
| લવાજમ | | | કરવેરા અને વીમો | 4,800 |
| 2013-14 | 700 | | | |
| 2014-15 | 60,000 | | પગાર | 25,300 |
| 2015-16 | 850 | 61,550 | સ્ટેશનરી ખર્ચ | 1,750 |

નોંધ : (1) પગાર ચૂકવવાનો બાકી 2013-14 ₹5800

2014-15 ₹4200

(2) સ્ટેશનરીનો શરૂઆતનો સ્ટૉક ₹560 અને વર્ષનો આખર સ્ટૉક ₹740

**જવાબ : તા.31-3-15ના રોજ પૂરા થતા વર્ષનું (આંશિક) ઊપજ ખર્ચ ખાતું**

ઉ. | જ.

| આવક | | રકમ | જાવક | રકમ |
|---|---|---|---|---|
| પગાર | 25,300 | | લવાજમ = 2014-15 | 60,000 |
| - ગયા વર્ષનો ચૂકવવાનો બાકી | 5,800 | | | |
| | 19,500 | | | |
| +ચાલું વર્ષનો ચૂકવાવાનો બાકી | 4,200 | 23,700 | | |
| સ્ટેશનરી વપરાશ : | | | | |
| શરૂઆતનો સ્ટૉક | 560 | | | |
| +ખરીદી | 1,750 | | | |
| | 2,310 | | | |
| -આખરસ્ટૉક | 740 | 1,570 | | |
| કરવેરા અને વીમો | | 4,800 | | |
| ખર્ચ કરતા ઊપજનો વધારો | | 29,930 | | |
| | | 60,000 | | 60,000 |

**ઉદાહરણ 4** તા.31-03-2015ના રોજની નીચેની બાકીઓ અમદાવાદ ક્રિકેટ કલબનાં પાકાં સરવૈયાંમાં દર્શાવો.

| ખાતાની બાકીઓ | રકમ | ખાતાની બાકીઓ | રકમ |
|---|---|---|---|
| મેચ ફંડ | 40,000 | મેચ ફંડના રોકાણોનું વ્યાજ | 4,850 |
| મેચ ફંડના રોકાણો | 50,000 | મેચ ફંડ માટે મળેલા દાન | 21,000 |
| મેચ વિજેતાઓને ઇનામોની વહેંચણી | 6,700 | કાયમી ફંડ | 1,25,000 |
| મેચ અંગે ખર્ચ | 9,150 | કાયમી ફંડના રોકાણો | 1,25,000 |

**જવાબ :**

**અમદાવાદ ક્રિકેટ ક્લબનું તા 31-03-2015ના રોજનું (આંશિક) પાકું સરવૈયું**

| જવાબદારીઓ | રકમ | મિલકતો | રકમ |
|---|---|---|---|
| કાયમી ફંડ | 1,25,000 | કાયમી ફંડના રોકાણો | 1,25,000 |
| મેચ ફંડ40,000<br>+મેચ ફંડના રોકાણોનું વ્યાજ 4,850<br>+ મેચ ફંડ માટે મળેલ દાન 21,000<br>65,850<br>બાદ : મેચ વિજેતાઓને ઇનામની વહેચણી 6,700<br>+ મેચ અંગે ખર્ચ 9,150<br>15,850 | 50,000 | મેચ ફંડના રોકાણો | 50,000 |

**ઉદાહરણ 5** મીરઝાપુર જીમખાના કલબનાં 150 સભ્યો છે. જે દરેક વાર્ષિક ₹400 લવાજમ ભરે છે. 2013-14ના વર્ષમાં 20 સભ્યોએ 2014-15ના વર્ષનું લવાજમ ભરેલ. 2013-14ના વર્ષનું મળવાના બાકી લવાજમ ₹12,000 હતું. ચાલુ વર્ષે ₹45,000 મળ્યા હતા. તા.31-03-2015ના રોજ પૂરા થતાં વર્ષનું ઊપજ-ખર્ચ ખાતું તૈયાર કરો.

**જવાબ :**

**મીરઝાપુર જીમખાના ક્લબનું તા. 31-03-2015નાં રોજ પૂરા થતાં વર્ષનું (આંશિક) ઊપજ ખર્ચ ખાતું**

| ખર્ચ | રકમ | ઊપજ | રકમ |
|---|---|---|---|
| | | લવાજમ (2014-15)45,000<br>+ ગયા વર્ષ ચાલુ વર્ષનું મળેલ લવાજમ (400 X 20) 8,000<br>+ મળવાનું બાકી લવાજમ 7,000 | 60,000 |

**સમજુતી :-** કલબનાં 150 સભ્યો X ₹400 લવાજમ = ₹60,000 કુલ મળવાપાત્ર લવાજમ

ગયા વર્ષે 20 સભ્યોએ ₹400 લેખે લવાજમ પેટે 2014-15 (ચાલુ વર્ષ)ના (₹400X20) ₹8,000 ચૂકવેલ છે. + ચાલુ વર્ષે ₹45,000 મળેલ છે.

❖ મળવાના બાકી લવાજમની રકમ = ₹60,000 – (₹8,000 + ₹45,000) = ₹7,000

**ઉદાહરણ 6** તા.31-03-2015ના રોજ પૂરા થતાં વર્ષના અંધજન મંડળના આવક-જાવક ખાતા અને અન્ય માહિતી પરથી મંડળનું તા.31-03-15ના રોજ પૂરા થતાં વર્ષનું ઊપજ- ખર્ચ ખાતું તથા તે દિવસનું પાકું સરવૈયું તૈયાર કરો.

**અંધજન મંડળનું તા.31-03-15ના રોજ પૂરા થતાં વર્ષનું આવક-જાવક ખાતું**

ઉ. જ.

| આવક | રકમ | જાવક | રકમ |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | | પગાર | 4,200 |
| રોકડ સિલક | 1,000 | | |
| બૅંક સિલક | 2,000 | | |
| મળેલ લવાજમ | 7,000 | સ્ટેશનરી –પ્રિન્ટિંગ | 700 |
| હૉલનું ભાડું | 2,000 | વીમો-કરવેરા | 400 |
| મળેલ વ્યાજ | 1,500 | વર્તમાનપત્રોનું લવાજમ | 600 |
| પસ્તીનું વેચાણ | 200 | મરામત ખર્ચ | 500 |
| મળેલ દાન | 5,000 | રોકાણોની ખરીદી | 2,800 |
| જૂના ફર્નિચરનું વેચાણ (ચોપડે કિંમત₹1,000) | 800 | પુસ્તકોની ખરીદી | 5,000 |
| | | બાકી આગળ લઈ ગયા(આખર બાકી) | |
| | | રોકડ સિલક | 1,900 |
| | | બૅંક સિલક | 3,400 |
| | **19,500** | | **19,500** |

❖ **અન્ય માહિતી** :

1) તા. 01-04-2014ના રોજ બાકીઓ મકાન ₹30,000, ફર્નિચર ₹4000, પુસ્તકો ₹10,000, રોકાણો ₹40,000, લવાજમ મળવાનું બાકી ₹1000 અને કાયમી ફંડ ₹88,000.
2) લવાજમમાં 2015-16નાં વર્ષ માટે મળેલ લવાજમ ₹500નો સમાવેશ થાય છે.
3) 2014-15ના વર્ષ માટે લવાજમ મળવાનું બાકી ₹700
4) રોકાણો પર મળવાનું બાકી વ્યાજ ₹500
5) પગાર ચૂકવવાનો બાકી ₹600
6) તા.31-3-15ના રોજ સ્ટેશનરી સ્ટૉક ₹100નો હતો, મિલકતો પર 10 ટકા ઘસારાની જોગવાઈ કરવાની છે.

**જવાબ :** **અંધજન મંડળનું તા. 31-3-15ના રોજ પૂરા થતા વર્ષનું ઊપજ-ખર્ચ ખાતું**

| ખર્ચ | | રકમ | ઊપજ | | રકમ |
|---|---|---|---|---|---|
| પગાર | 4,200 | | લવાજમ | 7,000 | |
| +ચૂકવવાના બાકી | 600 | 4,800 | +ચાલું વર્ષનું મળવાનું | 700 | |
| | | | બાકી | 7,700 | |
| સ્ટેશનરી પ્રિન્ટિંગ | 700 | | | | |
| સ્ટેશનરીનો સ્ટૉક | 100 | 600 | બાદ: | | |
| વીમો-કરવેરા | | 400 | ગયા વર્ષનું મળેલ | 1,000 | |
| વર્તમાનપત્રોનું લવાજમ | | 600 | આવતા વર્ષનું મળેલ | 500 | 6,200 |
| મરામત ખર્ચ | | 500 | | 1,500 | |
| ફર્નિચરના વેચાણની ખોટ | | 200 | હૉલનું ભાડું | | 2,000 |
| **ઘસારો :** | | | મળેલ વ્યાજ | 1,500 | |
| મકાન | 3,000 | | +મળવાનું બાકી | 500 | 2,000 |
| ફર્નિચર | 300 | | પસ્તીનું વેચાણ | | 200 |
| પુસ્તકો | 1,500 | 4,800 | ખર્ચનો ઊપજ કરતા વધારો | | 1,500 |
| | | 11,900 | | | 11,900 |

**અંધજન મંડળનું 31-32015ના રોજનું પાકું સરવૈયું**

| જવાબદારીઓ | | રકમ | મિલકતો | | રકમ |
|---|---|---|---|---|---|
| કાયમી ફંડ | 88,000 | | મકાન | 30,000 | |
| + મળેલ દાન | 5,000 | | +ઘસારો | 3,000 | 27,000 |
| | 93,000 | | ફર્નિચર | 4,000 | |
| -ખર્ચનો ઊપજ કરતા | 1,500 | 91,500 | -વેચાણ | 1,000 | |
| વધારો | | | | 3,000 | |
| | | | -ઘસારો | 300 | 2,700 |
| અગાઉથી મળેલ | | | પુસ્તકો | 10,000 | |
| લવાજમ | | 500 | +ખરીદી | 5,000 | |
| | | | | 15,000 | |
| ચૂકવવાનો બાકી પગાર | | 600 | -ઘસારો | 1,500 | 13,500 |
| | | | રોકાણો | 40,000 | |
| | | | +ખરીદી | 2,800 | 42,800 |
| | | | લવાજમ મળવાનુંબાકી | | 700 |
| | | | વ્યાજ મળવાનું બાકી | | 500 |
| | | | સ્ટેશનરી સ્ટૉક | | 100 |
| | | | રોકડ સિલક | | 1,900 |
| | | | બૅન્ક સિલક | | 3,400 |
| | | 92,600 | | | 92,600 |

# સ્વાધ્યાય

## (અ) સૈદ્ધાંતિક પ્રશ્નો

1. (અ) બિન-વેપારી સંસ્થા કોને કહેવાય તેના લક્ષણો જણાવો?

   (બ) બિન-વેપારી સંસ્થા પોતાના વાર્ષિક હિસાબો કેવી રીતે તૈયાર કરે છે તે જણાવો.

2. બિન-વેપારી સંસ્થાના વાર્ષિક હિસાબો વેપારી સંસ્થાના હિસાબો કરતા કઈ રીતે જુદા પડે છે અને શા માટે જણાવો.

3. મહેસૂલી ખર્ચની વ્યાખ્યા આપી? મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચ યોગ્ય ઉદાહરણ આપી સમજાવો.

4. તફાવત આપો:

   1) મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચ

   2) મૂડી આવક અને મહેસૂલી આવક

   3) વેપારી સંસ્થા અને બિન-વેપારી સંસ્થાના વાર્ષિક હિસાબો

   4) મૂડી આવક અને મૂડી ખર્ચ

   5) આવક-જાવક ખાતું અને ઊપજ-ખર્ચ ખાતું.

5. ખાલી જગ્યા પૂરો:

   1) ધંધાની સ્થિર મિલકતો માટે કરેલો ખર્ચ ______ખર્ચ કહેવાય છે

   2) _______ખાતામાં ફક્ત રોકડ વ્યવહારોની જ નોંધ થાય છે

   3) આવક- જાવક ખાતું એ_______ખાતા જેવું છે જયારે ઊપજ- ખર્ચ ખાતુ ________ખાતા જેવું છે.

   4) ફર્નિચર ખરીદી અંગે કરેલ ખર્ચ________ખર્ચ ગણાય જયારે જાહેરાત ઝુંબેશ અંગે કરેલ ખર્ચ_________ખર્ચ ગણાય.

   5) મકાન ખરીદવા ચૂકવેલ દસ્તાવેજનો ખર્ચ __________પ્રકારનો ખર્ચ ગણાય છે

   6) આવક -જાવક ખાતાની છેવટની બાકી ________દર્શાવે છે જયારે ઊપજ-ખર્ચ ખાતાની છેવટની બાકી_____અથવા____દશાવે છે.

   7) મૂડીકૃત કરેલી આવક ________માં ઉમેરાય છે જયારે મહેસૂલી આવક _________માં બતાવાય છે

   8) ________ખર્ચ પાકા સરવૈયામાં મિલકત બાજુ બતાવવામાં આવે છે જયારે______આવક, ઊપજ-ખર્ચ ખાતાંની જમા બાજુ બતાવાય છે

   9) મૂડી પ્રકારના ખર્ચા _______માં દર્શાવાય છે

   10) __________ખાતા સાથે પાકું સરવૈયું બનાવવું જરૂરી છે

**જવાબ** 1) મૂડી (2) રોકડ (3) રોકડ, નફા-નુકશાન (4) મૂડી, ચાલુ પ્રસારિત (5) મૂડી ખર્ચ (6) રોકડ સિલક, ઊપજ કરતાં ખર્ચનો વધારો, ખર્ચ કરતાં ઊપજનો વધારો (7 ) મૂડીભંડોળ, ઊપજ-ખર્ચ ખાતા, (8) મૂડી, મહેસુલી (9) પાકા સરવૈયા (10) વેપાર અને ન નુ.

**(બ) વ્યવહારીક પ્રશ્નો**

6. "ધી કર્ણાવતી ક્લબના નીચે આપેલા વ્યવહારો પરથી તા 31-12-2016ના રોજનું આવક જાવક ખાતું બનાવો.

| | ₹ | | ₹ |
|---|---|---|---|
| રોકડ સિલક (1-1-16) | 1,540 | લાવજમ: | |
| ફર્નિચરની ખરીદી | 3,000 | 2002 | 1,500 |
| પગાર ચૂકવ્યો | 2,800 | 2003 | 18,000 |
| ભાડું ચુકવ્યું | 1,950 | 2004 | 2,000 |
| તાર -ટપાલ | 780 | રમતનાં સાધનોનું વેચાણ | 3,350 |
| મકાનની ખરીદી | 20,000 | દાન મળ્યું | 5,000 |
| રોકાણોની ખરીદી | 4,000 | વ્યાજ મળ્યું | 3,000 |

**વધારાની માહિતી :**

1) મકાન પર ₹1,000 અને ફર્નિચર પર ₹400 ઘસારો માંડી વાળ્યો છે

2) પગાર ₹2 00 ચૂકવવાનો બાકી છે

**[જવાબ:** આખર રોકડ સિલક : 1,860, ધ્યાનમાં રાખો કે મહેસૂલી આવક તથા મહેસૂલી ખર્ચ તથા મૂડીખર્ચ બધી જ વિગતો આવશે. આવક-જાવક ખાતામાં ચાલુ વર્ષની, પાછલા વર્ષ અને અગામી વર્ષની આવક અને ખર્ચ પણ નોંધાશે.**]**

7. જલતરંગ કલબની નીચેની માહિતી પરથી તા 31-03-2015ના રોજ પુરા થતા વર્ષનું આવક -જાવક ખાતું તથા ઊપજ-ખર્ચ ખાતું બનાવો.

| | ₹ | | ₹ |
|---|---|---|---|
| રોકડ સિલક (1-1-14) | 12,000 | પગાર :<br>2013 -14 | 2,500 |
| લવાજમ :<br>2013-14 | 1,500 | 2014 -15 | 17,500 |
| 2014 -15 | 27,500 | રોકાણોની ખરીદી | 25,000 |
| 2015 -16 | 1,000 | વાર્ષિક સમારંભનો ફાળો | 12,500 |
| | | મળેલ વરશો | 12,500 |
| ફર્નિચરની ખરીદી | 7,500 | વાર્ષિક સમારંભનો ખર્ચ | 7,500 |
| સ્ટેશનરી અને છપામણી | 2,500 | રમતગમતના સાધનોની ખરીદી | 37,500 |
| ખાનાનું ભાડું | 1,250 | રોકાણો પર વ્યાજ | 5,000 |
| ઓડીટ ફી | 2,250 | દાખલ ફી | 20,000 |
| સખાવત | 15,000 | | |

**અન્ય માહિતી :**

(1) લવાજમના મળવાના બાકી ₹500

(2) પગાર ચૂકવવાનો બાકી ₹3,750

(3) રમતગમતનાં સાધનો પર ₹5,000 અને ફર્નિચર પર ₹1,250 ઘસારાની જોગવાઈ કરો.

(4) દાખલ ફીની 3/4 રકમ મૂડીકૃત કરવાની છે.

**[જવાબ:** આખરની રોકડ સિલક : ₹6,000 ખર્ચ કરતાં ઊપજનો વધારો 12,000; સખાવત અને વારસો મૂડીઆવક હોવાથી તેને ઊપજ ખર્ચ ખાતામાં બતાવાશે નહિ પરંતુ આવક જાવક ખાતામાં આવક તરીકે બતાવશે તે જ પ્રમાણે રમતગમતના સાધનોની ખરીદી, રોકાણોની ખરીદી અને ફર્નિચરની ખરીદી મૂડીખર્ચ હોવાથી ઊપજ ખર્ચ ખાતામાં બતાવાશે નહિ પરંતુ આવક-જાવક ખાતામાં જાવક તરીકે બતાવાશે. આવક -જાવક ખાતાનો સરવાળો ₹1,08,250 અને ઊપજ ખર્ચ ખાતાનો સરવાળો ₹51,750**]**

8. સિટી ક્લબ દાહોદના નીચે આપેલા કાચા સરવૈયા પરથી તા. 31મી માર્ચ 2016ના રોજ પુરા થતા વર્ષનું ઊપજ ખર્ચ ખાતું તથા તે દિવસનું પાકું સરવૈયું તૈયાર કરો.

**તા.31-03-2016ના રોજનું કાચું સરવૈયું**

| વિગત | ઉધાર | જમા |
|---|---|---|
| જાહેરાત ખર્ચ | 27,000 | - |
| સ્ટેશનરી અને છપામણી | 6,000 | - |
| મૂડીભંડોળ | - | 1,08,000 |
| મળેલ દાન | - | 6,000 |
| રોકડ સિલક | 9,000 | - |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | - | 3,000 |
| 12%ની લોન (1-4-1995) | - | 45,000 |
| ફર્નિચર | 24,000 | - |
| ક્લબનું મકાન | 1,05,000 | - |
| આજીવન લવાજમ | - | 6,000 |
| કરવેરા અને વીમો | 7,500 | - |
| સેક્રેટરીનું માનદ વેતન | 18,000 | - |
| પ્રવેશ ફી | - | 18,000 |
| રમતગમતનાં સાધનો | 30,000 | - |
| અગાઉથી મળેલ લવાજમ | - | 6,000 |
| પગાર મજૂરી | 27,000 | - |
| પગાર ચુકવવાનો બાકી | - | 3,000 |
| કાયદા ખર્ચ | 1,800 | - |
| લવાજમ | - | 75,000 |
| લોન પર વ્યાજ | 2,700 | - |
| વીજળી ખર્ચ | 3,000 | - |
| ઇલેક્ટ્રિક ફીટીંગ | 12,000 | - |
| ખાનાનું ભાડું | - | 3,000 |
| | 2,73,000 | 2,73,000 |

**હવાલાઓ :**

1) 1995-96ના વર્ષનું લવાજમ બાકી ₹6000,
2) જાહેરાત ખર્ચનો 2/3 ભાગ આવતા વર્ષ માટે ખેચવાનો છે.
3) વપરાયા વગરનો સ્ટેશનરીનો સ્ટોક ₹300.

4) ક્લબનું મકાન, રમતગમતના સાધનો અને ફર્નીચર પર 10% ઘસારો કાપો.

5) દાનની રકમ મહેસૂલી આવક ગણવાની છે.

6) અગાઉથી ચૂકવેલ વીમો ₹600.

**[જવાબ:** ખર્ચ કરતા ઊપજનો વધારો ₹15,300, પાકા સરવૈયાનો સરવાળો ₹1,89,000, આખરનું મૂડી ભંડોળ ₹1,29,300, પ્રવેશ ફી અંગે કોઈ સુચના ન હોવાથી તે મહેસુલી આવક ગણી ઊપજ ખર્ચ ખાતે જમા કરો. દાનની રકમ સુચના પ્રમાણે ઊપજ ખર્ચ ખાતે જમા કરો. લોન પર ચૂકવવાનું બાકી વ્યાજ ₹2,700, ઘસારો : મકાન ₹10,500, સાધનો ₹3,000, ફર્નીચર ₹2,400 પાકા સરવૈયામાં બતાવો.
આજીવન લવાજમ મૂડી આવક ગણી મૂડી ભંડોળમાં ઉમેરો. કાચા સરવૈયામાં આપેલ અગાઉથી મળેલ લવાજમ અને ચૂકવવાનો બાકી પગાર ફક્ત પાકા સરવૈયામાં દેવાં તરીકે એક જ અસર બતાવો.**]**

9. રાજપથ ક્લબનું તા.31-3-2016ના રોજ પૂરા થતા વર્ષનું આવક જાવક ખાતું તથા અન્ય વિગતો પરથી ક્લબનું તા.31-3-2016ના રોજ પુરા થતા વર્ષનું ઊપજ ખર્ચ ખાતું તથા તે રોજનું પાકું સરવૈયું તૈયાર કરો.

**તા.31-03-2016 ના રોજ પૂરા થતા વર્ષનું આવક-જાવક ખાતું**

| આવક | ₹ | જાવક | ₹ |
|---|---|---|---|
| મળેલ લવાજમ | 6,000 | પગાર-મજૂરી | 4,000 |
| આજીવન સભ્ય ફી | 3,000 | સ્ટેશનરી | 2,000 |
| પ્રવેશ ફી | 2,000 | વીમા પ્રીમિયમ | 500 |
| લોકરનું ભાડું | 100 | પોસ્ટેજ-ટેલીગ્રામ ખર્ચ | 200 |
| ફૂટબોલ મેચ ફંડ | 10,000 | કેન્ટીન ખર્ચ | 100 |
| રોકાણો પર વ્યાજ | 500 | ક્લબ પેવેલિયનનું બાંધકામ | 40,000 |
| દાન | 20,000 | ફૂટબોલ મેચનો ખર્ચ | 3,000 |
| ક્લબ પેવેલિયન માટે દાન | 58,000 | ફર્નિચરની ખરીદી | 5,000 |
| પરચૂરણ આવક | 400 | રોકાણો | 30,000 |
| | | રમતગમતના મેદાનનું ભાડું | 1,000 |
| | | પરચૂરણ ખર્ચ | 200 |
| | | રમતગમતનાં સાધનોની ખરીદી | 3,000 |
| | | હાથ પર રોકડ | 11,000 |
| | 1,00,000 | | 1,00,000 |

**અન્ય વિગતો :**

1) વર્ષના અંતે લવાજમ મળવાનું બાકી ₹300

2) પગાર ચૂકવવાનો બાકી ₹500

3) મળેલ દાન તથા પ્રવેશ ફી મૂડીકૃત કરવાની છે.

4) અગાઉથી ચૂકવેલ વીમો ₹100

5) રોકાણો પર વ્યાજ મળવાનું બાકી ₹200

6) ફર્નિચર પર 10% ઘસારાની જોગવાઈ કરો .

**[જવાબ:** ઊપજ કરતા ખર્ચનો વધારો ₹1,400, પાકા સરવૈયાનો સરવાળો ₹89,100, ફર્નીચરનો ઘસારો ₹500, મળવાનું બાકી લવાજમ ₹300, મૂડી ફંડની છેવટની બાકી ₹23,600, ફૂટબોલ મેચ ફંડ ખાતે ₹7,000(10,000-3,000)**]**

10. 31-03-17ના રોજ પૂરા થતા વર્ષની નીચે આપેલી માહિતીના આધારે જેકપોટ ક્લબના ઊપજખર્ચ ખાતામાં તથા તે જ દિવસના પાકા સરવૈયામાં ફક્ત અસરો દર્શાવો :

લવાજમ 2015-16: ₹500

| | |
|---|---|
| 2016-17: | ₹10,000 |
| 2017-18: | ₹1000, |
| પગાર | ₹7000, |

અન્ય વિગતો :

1) ક્લબમાં 220 સભ્યો છે અને દરેક સભ્ય વાર્ષિક ₹50 લવાજમ આપે છે.
2) 2015-16ના લવાજમના ₹50 મળવાના હજી મળવાના બાકી છે.
3) 2015-16 વર્ષમાં 10 સભ્યોએ 2016-17ના વર્ષનું તેઓનું લવાજમ ચૂકવી દીધું હતું.
4) પગારમાં 2015-16ના વર્ષના ₹400 અને 2017-18ના વર્ષના ₹600નો સમાવેશ થાય છે.
5) 2016-17 ના વર્ષના ₹800 પગારના ચૂકવવાના બાકી છે.

**[જવાબ:** 1. ઊપજ ખર્ચ ખાતાની જમા બાજુ લવાજમ ₹11,000 (મળેલ ₹10,000+ ગયા વર્ષે મળેલ ₹500(10 સભ્યો X ₹50) + મળવાના બાકી ₹500). ઊપજ ખર્ચ ખાતાની ઉધાર બાજુ પગાર ₹6,800 (ચૂકવેલ ₹7000 + ચુકવવાના બાકી ₹800 – ગયા વર્ષના ₹400 – આવતા વર્ષ ના ₹600).

2. પાકા સરવૈયામાં મિલકત બાજુ 2015-16ના લવાજમના મળવાના બાકી ₹250 અને 2016-17 ના બાકી ₹500, અગાઉથી ચૂકવેલ પગાર ₹600; પાકા સરવૈયામાં દેવાં બાજુ અગાઉથી મળેલ લવાજમ ₹1000 અને ચૂકવવાનું બાકી પગાર ₹800**]**

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

978-81-938309-0-1

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education
for all

डॉ. बाबासाहेब आंबेडकर ओपन युनिवर्सिटी

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

# પ્રથમ વર્ષ બી.કોમ

# BCFACN103

# નાણાકીય હિસાબી પદ્ધતિ

# ભાગ-૩



# નાણાકીય હિસાબી પદ્ધતિ


| | |
|---|---|
| **એકમ : 9** | |
| સ્વયંસંતુલિત (આપમેળી) ખાતાવહી | 1-36 |
| **એકમ : 10** | |
| જાંગડમાલ વેચાણના હિસાબો | 37-52 |
| **એકમ : 11** | |
| ભારતીય હિસાબી ધોરણ – 1 (IND AS 1) – નાણાકીય પત્રકોની પ્રસ્તુતિ (નિરૂપણ) | 53-60 |
| **એકમ : 12** | |
| ભારતીય હિસાબી ધોરણ – 2 (IND AS 2) – સ્ટોક માલ | 61-66 |
| **એકમ : 13** | |
| ભારતીય હિસાબી ધોરણ – 3 (IND AS 7) – રોકડ પ્રવાહ પત્રક | 67-91 |
| **એકમ : 14** | |
| ભારતીય હિસાબી ધોરણ – 4 (IND AS 8) – હિસાબી નીતિઓ, હિસાબી અંદાજો અને ભૂલોમાં ફેરફાર | 92-100 |

| | | |
|---|---|---|
| લેખક : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. મનોજ દવે | એસોસિએટ પ્રોફેસર,<br>શ્રી પી.ડી.એમ. માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ |
| | ડૉ. શંકરસિંહ સોઢા | પ્રોફેસર,<br>ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. દિપક રાસ્તે | એસોસિએટ પ્રોફેસર,<br>શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિધાલય,અમદાવાદ. |
| | ડૉ. સંદિપ મુંગરા | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>જી.કે.એન્ડ સી.કે.બોસમિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જેતપુર, રાજકોટ. |
| પરામર્શક (વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ.નિલેશ સુચક | એસોસિએટ પ્રોફેસર એન્ડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ,<br>આર.જે ટીબ્રેવાલ કોમર્સ કોલેજ, વસ્ત્રાપુર,અમદાવાદ. |
| | ડૉ. માર્ઝુન જોખી | વાઈસ પ્રિન્સિપાલ,<br>જી.એલ.એસ કોમર્સ કોલેજ, અમદાવાદ. |
| પરામર્શક (ભાષા) : | પ્રો. (ડૉ.) યોગેન્દ્ર પારેખ | પ્રોફેસર (ગુજરાતી વિભાગ),<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| સંયોજક : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રકાશક : | ડૉ. અજયસિંહ જાડેજા | કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ |

આવૃત્તિ : સુધારેલ પુનઃ આવૃત્તિ – 2025

ISBN: "978-81-941578-7-8"

સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી;દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે.જેના સર્વાધિકાર સુરક્ષિત છે.આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ધાંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

| યુનિટ 9 | આપમેળી ખાતાવહી (સ્વયંસંતુલિત ખાતાવહી) |
|---|---|

:: રૂપરેખા ::

**9.0 પ્રસ્તાવના અને અર્થ**

**9.1 આપમેળી ખાતાવહીનાં પ્રકારો**

**9.2 આપમેળી ખાતાવહીના ફાયદા**

**9.3 વેચાણ ખાતાવહીને આપમેળી બનાવવી**

**9.4 ખરીદ ખાતાવહીને આપમેળી બનાવવી**

**9.5 સામાન્ય ખાતાવહીને આપમેળી બનાવવી**

**9.6 ખાનગી ખાતાવહી**

**9.7 એક ખાતાવહીમાંથી બીજી ખાતાવહીમાં ખાતાઓની ફેરબદલી**

**9.8 ઉદાહરણો**

**સ્વાધ્યાય**

## 9.0 પ્રસ્તાવના અને અર્થ :

ધંધામાં દર વર્ષને અંતે વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવે છે. વાર્ષિક હિસાબો તૈયાર કરતા પહેલા ધંધાના હિસાબોનું કાચું-સરવૈયું તૈયાર કરવામાં આવે છે. કાચું સરવૈયું જુદા જુદા ખાતાઓની બાકીઓ પરથી તૈયાર કરવામાં આવે છે. ધંધા સાથે સંકળાયેલ ખાતાઓ ખાતાવહીમાં તૈયાર કરવામાં આવે છે. આમ ખાતાવહી પરથી કાચું સરવૈયું તૈયાર કરવામાં આવે છે. સામાન્ય રીતે કાચા સરવૈયાની જમા બાજુનો સરવાળો અને ઉધાર બાજુનો સરવાળો સરખો થવો જોઈએ. જો કાચા સરવૈયાની બન્ને બાજુનો સરવાળો સરખો થાય તો એમ કહી શકાય કે હિસાબો ગાણિતીક રીતે સાચા છે અને ત્યાર બાદ પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવે છે, પરંતુ જો પેઢીના કાચા સરવૈયાની બન્ને બાજુના સરવાળા સરખા ન આવે તો હિસાબોમાં ભૂલ છે એમ કહી શકાય અને હિસાબોમાં રહેલ ભૂલો શોધી ત્યાર બાદ જ પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરી શકાય છે. હિસાબોમાં રહેલી ભૂલો શોધવા માટે ધંધાના તમામ વ્યવહારો તપાસવા પડે છે અને આ કામ ખૂબજ મુશ્કેલ તેમજ સમય માંગી લે તેવું બને છે. તેથી જે પેઢી કે ધંધામાં ખૂબજ મોટા પ્રમાણમાં વ્યવહારો થતા હોય તે પોતાના બધાજ વ્યવહારો એકજ ખાતાવહીમાં નોંધવાને બદલે જુદી જુદી ખાતાવહીઓ તૈયાર કરે છે. સામાન્ય રીતે ધંધામાં રોજબરોજ જે વ્યવહારોનું પ્રમાણ વધુ હોય છે તેવા વ્યવહારો માટે એક અલગ ખાતાવહી રાખવામાં આવતી હોય છે. દા.ત. ખરીદી, વેચાણ, રોકડ વગેરે. આમ અલગ રાખેલ ખાતાવહીને આધારે જેતે ખાતાવહીનું અલગ કાચું સરવૈયું જે તે ખાતાવહીમાં છેલ્લે તૈયાર કરવામાં આવે છે. ખાતાવહીનું અલગ કાચું સરવૈયું તૈયાર કરવા માટે ખાતાવહીના છેલ્લે સામાન્ય ખાતાથી હવાલા ખાતું તૈયાર કરી શકાય જેને સ્વયંસંતુલિત કે આપમેળી ખાતાવહી કહેવામાં આવે છે.

આમ જુદી જુદી ખાતાવહી પરથી દરેક ખાતાવહીનું અલગ કે સ્વતંત્ર કાચું સરવૈયું અન્ય ખાતાવહીની મદદથી તૈયાર કરવાની રીતને સ્વયંસંતુલિત કે આપમેળી ખાતાવહી તરીકે ઓળખવામાં આવે છે.

## 9.1 આપમેળી ખાતાવહીના પ્રકારો :

સામાન્ય રીતે પેઢીનાં ચોપડે ખાતાવહીના પ્રકારો નીચે મુજબ જોવા મળે છે.

(A) વેચાણ ખાતાવહી કે ગ્રાહકોની ખાતાવહી કે દેવાદારોની ખાતાવહી (Sales Ledger or Customers Ledger or Debtors Ledger)

(B) ખરીદ ખાતાવહી કે વેપારીઓની ખાતાવહી કે લેણદારોની ખાતાવહી (Bought Ledger or Suppliers' Ledger or Creditors' Ledger)

(C) સામાન્ય ખાતાવહી (General Ledger)

(D) ખાનગી ખાતાવહી (Private Ledger)

## 9.2 આપમેળી ખાતાવહીનાં ફાયદા :

આપમેળી ખાતાવહીના ફાયદાઓ નીચે મુજબ છે.

(1) આપમેળી ખાતાવહી રાખવાથી કાચા-સરવૈયામાં રહેલી ભૂલો ઝડપથી અને સરળતાથી શોધી શકાય છે અને પેઢીના હિસાબો સમયસર તૈયાર કરી શકાય છે.

(2) આપમેળી ખાતાવહી રાખવાથી કર્મચારીઓ વચ્ચે હિસાબી કામની વહેંચણી કરી શકાય છે. આમ કાર્ય વિભાજનના લાભો મેળવી શકાય છે.

(3) આપમેળી ખાતાવહી દ્વારા હિસાબોમાં રહેલ ભૂલ અંગે જેતે કર્મચારીની જવાબદારી નક્કી કરી શકાય છે.

(4) આપમેળી ખાતાવહી રાખવાની વર્ષ દરમ્યાન કોઈ પણ સમયે કાચું સરવૈયું સરળતાથી તૈયાર કરી શકાય છે.

(5) આપમેળી ખાતાવહી રાખવાથી દેવાદારો પાસેથી વસુલ કરવાની રકમ અને લેણદારોને ચૂકવવાની રકમની જાણકારી સરળતાથી મળી રહે છે.

## 9.3 વેચાણ ખાતાવહીને આપમેળી બનાવવી :

વેચાણ ખાતાવહીને આપમેળી બનાવવા માટે તેના છેલ્લા પાનાં ઉપર સામાન્ય ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરવામાં આવે છે. વેચાણ ખાતાવહીને આપમેળી નીચે મુજબ બનાવી શકાય છે.

વેચાણ ખાતાવહીમાં માત્ર ઉધાર વેચાણને લગતા જ વ્યવહારોની નોંધ કરવામાં આવે છે. વેચાણ એટલે કે ધંધો કે પેઢી જે વસ્તુ કે સેવાની વેચાણ કરતી હોય તે. વેચાણ ખાતાવહીમાં માત્ર ઉધાર વેચેલ માલની જ નોંધ કરવામાં આવે છે. જો કોઈ મિલકત ઉધારથી વેચવામાં આવે તો તેની નોંધ વેચાણ ખાતાવહીમાં કરવામાં આવતી નથી. દા.ત. જો રમેશભાઈને રૂા. 2,000 નું સ્કૂટર ઉધાર વેચવામાં આવેલ હોય તો તેની નોંધ વેચાણનોંધમાં કરવામાં આવતી નથી. પરંતુ જો કોઈ વ્યક્તિને શાખ પર માલ વેચવામાં આવે તો તેની નોંધ વેચાણ ખાતાવહીમાં ઉધારબાજુ કરવામાં આવે છે. દા.ત. કાનજીભાઈને રૂા. 2,000 નો માલ શાખ પર વેચ્યો. તો તેની નોંધ વેચાણ ખાતાવહીમાં નીચે મુજબ થશે.

**કાનજીભાઈનું ખાતું (વેચાણ ખાતાવહીમાં)**

ઉધાર — જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| - | વેચાણ ખાતે | 2,000 | | | |

આમ વેચાણ ખાતાવહીમાં ગ્રાહકના ખાતા ખોલી તેમાં નોંધ કરવામાં આવે છે.

ત્યાર બાદ વેચાણ ખાતાવહીને આપમેળી ખાતાવહી બનાવવા માટે તેના છેલ્લા પાનાં ઉપર સામાન્ય ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરવામાં આવે છે. જેમાં નીચે મુજબના હવાલા નોંધો કરવામાં આવે છે.

**(1) ઉધાર વેચાણ :**

જયારે ગ્રાહકને ઉધાર વેચાણ કરવામાં આવે છે ત્યારે તેની નોંધ નીચે મુજબ કરવામાં આવે છે.

ગ્રાહક ખાતે ઉ .....

તે વેચાણ ખાતે .....

ત્યાર બાદ ઉપરોક્ત નોંધને આધારે તેને વેચાણ ખાતાવહીમાં ગ્રાહકના ખાતે ઉધાર બાજુ નોંધવામાં આવે છે અને સામાન્ય ખાતાવહીમાં વેચાણ ખાતે જમા બાજુ નોંધવામાં આવે છે. આ રીતે વેચાણની નોંધ કર્યા બાદ નિયત સમયને અંતે બન્ને ખાતાવહીને આપમેળી બનાવવા માટે હવાલાનોંધ કરવામાં આવે છે જે નીચે પ્રમાણે છે.

વેચાણ ખાતાવહી હવાલા ખાતે ઉ .....

તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે .....

**(2) ગ્રાહકો પાસેથી મળેલ રોકડ :**

જયારે ગ્રાહકો પાસેથી રોકડ મળે છે ત્યારે પેઢીનાં ચોપડે નીચે મુજબ નોંધ કરવામાં આવે છે.

રોકડ ખાતે ઉ .....

તે ગ્રાહક ખાતે .....

આમ જયારે ગ્રાહક પાસેથી રોકડ મળે છે ત્યારે વેચાણ ખાતાવહીમાં ગ્રાહક ખાતે જમા કરવામાં આવે છે અને સામાન્ય ખાતાવહીમાં રોકડ ખાતે ઉધાર કરવામાં આવે છે. આમ આ વ્યવહાર માટે બન્ને ખાતાવહીને આપમેળી કરવા માટે નીચે મુજબ હવાલાનોંધ કરવામાં આવે છે.

સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ .....

તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે .....

આમ વેચાણ ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉધાર કરવામાં આવે છે અને સામાન્ય ખાતાવહીમાં વેચાણ ખાતાવહી હવાલા ખાતે જમા કરવામાં આવે છે.

**(3) ગ્રાહકોને આપેલ વટાવ :**

જયારે વેપારી દ્વારા ગ્રાહકોને વટાવ આપવામાં આવે છે ત્યારે પેઢીના ચોપડે નીચે મુજબ નોંધ કરવામાં આવે છે.

આવેલ વટાવ ખાતે ઉ .....

તે ગ્રાહક ખાતે .....

આમ જયારે પેઢી દ્વારા ગ્રાહકને વટાવ આપવામાં આવે છે ત્યારે વેચાણ ખાતાવહીમાં ગ્રાહક ખાતે જમા કરવામાં આવે છે અને સામાન્ય ખાતાવહીમાં આપેલ વટાવ ખાતે ઉધાર કરવામાં આવે છે. આ વ્યવહાર માટે બન્ને ખાતાવહીને આપમેળી કરવા માટે નીચે મુજબની

હવાલાનોંધ કરવામાં આવે છે.

સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ.....

તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે .....

**(4) વેચાણ માલ પરત :**

જયારે ગ્રાહકો પાસેથી વેચેલ માલ પરત આવે છે ત્યારે પેઢીના ચોપડે નીચે મુજબ નોંધ કરવામાં આવે છે.

વેચેલ માલ પરત ખાતે ઉ .....

તે ગ્રાહક ખાતે .....

આમ ઉપરના વ્યવહારને વેચાણ ખાતાવહીમાં ગ્રાહક ખાતે જમા કરવામાં આવે છે અને સામાન્ય ખાતાવહીમાં માલ પરત નોંધનો માસિક સરવાળો માલ પરત ખાતે ઉધાર કરવામાં આવે છે અને આ વ્યવહાર માટે બન્ને ખાતાવહીને આપમેળી કરવા માટે નીચે મુજબ હવાલાનોંધ કરવામાં આવે છે.

સામાન્ય ખાતાવહી હવાલા ખાત ઉ .....

તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે .....

**(5) લેણી હુંડીઓ :**

જયારે દેવાદારો પાસેથી બાકી લેણા પેટે લેણીહુંડી મળે છે ત્યારે પેઢીના ચોપડે નીચે મુજબ નોંધ કરવામાં આવે છે.

લેણીહુંડી ખાતે ઉ .....

તે ગ્રાહક ખાતે .....

આમાં ગ્રાહક પાસેથી મળેલ લેણીહુંડીની નોંધ વેચાણ ખાતાવહીમાં ગ્રાહકનાં ખાતામાં જમા કરવામાં આવે છે, અને સામાન્ય ખાતાવહીમાં લેણીહુંડી ખાતે ઉધાર કરવામાં આવે છે અને આ વ્યવહાર માટે બન્ને ખાતાવહીને આપમેળી બતાવવા માટે નીચે મુજબની હવાલાનોંધ કરવામાં આવે છે.

સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ .....

તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે .....

**(6) નકરાયેલી લેણી હુંડી :**

જયારે ગ્રાહકો તરફથી મળેલ લેણી હુંડી નકરાય છે ત્યારે પેઢીના ચોપડે નીચે મુજબ નોંધ કરવામાં આવે છે.

ગ્રાહક ખાતે ઉ .....

તે લેણીહુંડી ખાતે .....

આમ, વેચાણ ખાતાવહીમાં ગ્રાહક ખાતે ઉધાર કરવામાં આવે છે અને સામાન્ય ખાતાવહીમાં લેણીહુંડી ખાતે જમા કરવામાં આવે છે અને આ વ્યવહાર માટે બન્ને ખાતાવહીને આપમેળી બતાવવા માટે નીચે મુજબની હવાલાનોંધ કરવામાં આવશે.

વેચાણ ખાતાવહી હવાલા ખાતે ઉ .....

તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે .....

**(7) ઘાલખાધ :**

જયારે કોઈ ગ્રાહક પાસેથી બાકી નાણા વસુલ થઈ શકે તેમ ન હોય અથવા કોઈ ગ્રાહક પોતાના બાકી નાણા ચૂકવવા માટે સક્ષમ ન હોય ત્યારે પેઢીને ઘાલખાધ પડે છે. ઘાલખાધ અંગે પેઢીના ચોપડે નીચે મુજબ નોંધ કરવામાં આવે છે.

ઘાલખાધ ખાતે ઉ .....

તે ગ્રાહક ખાતે .....

આમ, વેચાણ ખાતાવહીમાં ગ્રાહક ખાતે જમા કરવામાં આવે છે અને સામાન્ય ખાતાવહીમાં ઘાલખાધ ખાતુ ખોલી તે રકમ ઉધારવામાં આવે છે. આ વ્યવહાર માટે બન્ને ખાતાવહીને આપમેળી બનાવવા માટે નીચે મુજબની હવાલાનોંધ કરવામાં આવે છે.

સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ .....

તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે .....

**વેચાણ ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલા ખાતાનો નમુનો**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| ..... | વેચાણ ખાતાવહી | | ..... | બા. આ. લાવ્યા | ..... |
| | હવાલા ખાતે : | | ..... | વેચાણ ખાતાવહી | - |
| ..... | વેચાણ માલ પરત | ..... | ..... | હવાલા ખાતે : | |
| ..... | રોકડ/ચેક મળ્યો | ..... | ..... | ઉધાર વેચાણ | ..... |
| ..... | લેણીહૂંડી મળી | ..... | ..... | નકરાયેલ લેણી હૂંડી | ..... |
| ..... | આપેલ વટાવ | ..... | ..... | નકરાયેલ ચેક | ..... |
| ..... | ઘાલખાધ | ..... | ..... | નામંજૂર કરેલ વટાવ | ..... |
| ..... | બા. આ.લઈ ગયા | ..... | | | |
| | | ..... | | | ..... |
| | | | ..... | બાકી આગળ લાવ્યા | ..... |

**સામાન્ય ખાતાવહીમાં વેચાણ ખાતાવહી હવાલા ખાતાનો નમૂનો**
**વેચાણ ખાતાવહી હવાલા ખાતું (સામાન્ય ખાતાવહીમાં)**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| ..... | બાકી આગળ લાવ્યા | ..... | ..... | સામાન્ય ખાતાવહી | |
| | સામાન્ય ખાતાવહી | | | હવાલા ખાતે : | |
| | હવાલા ખાતે : | | | વેચાણ માલ પરત | ..... |
| | ઉધાર વેચાણ | ..... | | રોકડ/ચેક મળ્યા | ..... |
| | નકરાયેલી લેણીહૂંડી | ..... | | લેણીહૂંડી મળી | ..... |
| | નકરાયેલ ચેક | ..... | | આપેલ વટાવ | ..... |
| | નામંજૂર કરેલ વટાવ | ..... | | ઘાલખાધ | ..... |
| | | | | બા. આ. લઈ ગયા | ..... |
| | | ..... | | | ..... |
| ..... | બા.આ. લાવ્યા | ..... | | | |

## 9.4 ખરીદ ખાતાવહીને આપમેળી બનાવવી :

ખરીદ ખાતાવહીમાં માલની ઉધાર ખરીદીના વ્યવહારોની જ નોંધ કરવામાં આવે છે. રોકડ ખરીદીના કે અન્ય મિલકતની શાખ પરની ખરીદીના વ્યવહારોની નોંધ ખરીદ ખાતાવહીમાં કરવામાં આવતી નથી. દા.ત. રૂા.10,000 નો માલ અન્ય પાસેથી શાખ પર ખરીદ્યો. તો તેની નોંધ ખરીદ ખાતાવહીમાં વેપારીના ખાતે જમા બાજુ કરવામાં આવે છે અને તેની નોંધ પેઢીના ચોપડે નીચે મુજબ થશે.

| | | |
|---|---|---|
| ખરીદ ખાતે ઉ | 1,000 | - |
| તે અજય ખાતે | - | 1,000 |

**ખરીદ ખાતાવહીમાં નોંધ નીચે મુજબ થશે.**

**અજયનું ખાતું**

ઉધાર | જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| | | | ..... | ખરીદ ખાતે | 1,000 |

**સામાન્ય ખાતાવહીમાં નીચે મુજબ નોંધ થશે**

**ખરીદ ખાતું**

ઉધાર | જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| ..... | અજય ખાતે | 1,000 | | | |

આમ ખરીદ ખાતાવહીમાં માત્ર ઉધાર માલ ખરીદી અંગેના લેણદારોનોજ ખાતા રાખવામાં આવે છે અને આ ખાતાવહીને આપમેળી બનાવવા માટે તેના છેલ્લા પાને સામાન્ય ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરવામાં આવે છે. ખરીદ ખાતાવહીને આપમેળી ખાતાવહી બનાવવા માટે નીચે મુજબની હવાલાનોંધો કરવામાં આવે છે.

**(1) ઉધાર ખરીદી :**

પેઢી દ્વારા જયારે માલની ઉધાર ખરીદી કરવામાં આવે છે ત્યારે પેઢીના ચોપડે નીચે મુજબ નોંધ કરવામાં આવે છે.

ખરીદ ખાતે ઉ .....

તે લેણદાર ખાતે .....

આમ, ખરીદ ખાતાવહીમાં લેણદારનું ખાતું ખોલી તેના ખાતે જમા કરવામાં આવે છે અને સામાન્ય ખાતાવહીમાં ખરીદીનું ખાતું ખોલી તેના ખાતામાં ઉધાર કરવામાં આવે છે અને આ વ્યવહાર માટે બન્ને ખાતાવહીને આપમેળી બનાવવા માટે નીચે મુજબની હવાલાનોંધ કરવામાં આવે છે.

સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ .....

તે ખરીદ ખાતાવહી હવાલા ખાતે .....

આમ ખરીદ ખાતાવહીના છેલ્લા પાના ઉપર સામાન્ય ખાતાવહી હવાલા ખાતું ખોલી તેના ખાતે ઉધાર કરવામાં આવશે અને સામાન્ય ખાતાવહીમાં છેલ્લા પાના ઉપર ખરીદ ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરી તેના ખાતે જમા કરવામાં આવશે. આમ કરવાથી આ ખાતાવહીનું સ્વતંત્ર કાચું સરવૈયું તૈયાર કરી શકાશે.

**(2) ખરીદ માલ પરત :**

જયારે શાખ પર ખરીદેલ માલમાંથી અમૂક માલ વેપારીને પરત કરવામાં આવે છે. ત્યારે પેઢીના ચોપડે નીચે મુજબ નોંધ કરવામાં આવે છે.

લેણદાર ખાતે ઉ .....

તે ખરીદ માલ પરત ખાત .....

આમ, ખરીદ માલ પરતના વ્યવહારને ખરીદ ખાતાવહીમાં લેણદારના ખાતે ઉધાર બાજુ લખવામાં આવે છે, જયારે સામાન્ય ખાતાવહીમાં ખરીદ માલ પરત ખાતામાં જમાબાજુ લખવામાં આવે છે. આ વ્યવહાર માટે બન્ને ખાતાવહીને આપમેળી બનાવવા માટે નીચે મુજબ હવાલાનોંધ કરવામાં આવશે.

ખરીદ ખાતાવહી હવાલા ખાતે ઉ ......

તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે .....

**(3) લેણદારોને ચૂકવેલ રોકડ :**

જયારે લેણદારોને તેમના લેણા પેટે રોકડ ચૂકવવામાં આવે ત્યારે પેઢીનાં ચોપડે નીચે મુજબ નોંધ કરવામાં આવે છે.

લેણદાર ખાતે ઉ .....

તે રોકડ ખાતે .....

આમ, ખરીદ ખાતાવહીમાં લેણદારના ખાતામાં ઉધારબાજુ અને સામાન્ય ખાતાવહીમાં રોકડ ખાતામાં જમા બાજુ નોંધવામાં આવે છે અને આ વ્યવહાર માટે બન્ને ખાતાવહીને આપમેળી બનાવવા માટે નીચે મુજબની હવાલા નોંધ કરવામાં આવે છે.

ખરીદ ખાતાવહી હવાલા ખાતે ઉ .....

તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે .....

**(4) લેણદારો તરફથી મળેલ વટાવ :**

લેણદારો પાસેથી જયારે વટાવ મળે છે ત્યારે પેઢીનાં ચોપડે નીચે મુજબ નોંધ કરવામાં આવે છે.

લેણદાર ખાતે ઉ .....

તે મળેલ વટાવ ખાતે .....

આમ, ખરીદ ખાતાવહીમાં લેણદારના ખાતે ઉધાર બાજુ અને સામાન્ય ખાતાવહીમાં મળેલ વટાવ ખાતાનો સરવાળો વટાવ ખાતે જમા કરવામાં આવશે. આ વ્યવહાર માટે બન્ને ખાતાવહીને આપમેળી બનાવવા માટે નીચે મુજબની હવાલા નોંધ કરવામાં આવશે.

ખરીદ ખાતાવહી હવાલા ખાતે ઉ .....

તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે .....

**(5) સ્વીકારેલ દેવીહૂંડી :**

જયારે લેણદાર દ્વારા લખેલી હૂંડી આપણે સ્વીકારીએ ત્યારે તેની નોંધ પેઢીનાં ચોપડે

નીચે મુજબ કરવામાં આવે છે.

લેણદાર ખાતે ઉ .....

તે દેવીહૂંડી ખાતે .....

આમ, સ્વીકારેલ દેવીહૂંડીની નોંધ ખરીદ ખાતાવહીમાં લેણદારના ખાતામાં ઉધારબાજુ અને સામાન્ય ખાતાવહીમાં દેવીહૂંડીનું ખાતું ખોલી તેની જમા બાજુ કરવામાં આવશે અને આ વ્યવહાર માટે બન્ને ખાતાવહીને આપમેળી બનાવવા માટે નીચે મુજબની હવાલા નોંધ થશે.

ખરીદ ખાતાવહી હવાલા ખાતે ઉ .....

તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે .....

**(6) નકરાયેલી દેવીહૂંડી :**

નકરાયેલી દેવીહૂંડી અંગે પેઢીના ચોપડે નીચે મુજબ નોંધ થશે.

દેવીહૂંડી ખાતે ઉ .....

તે લેણદાર ખાતે .....

આમ, નકરાયેલી દેવીહૂંડી અંગે ખરીદ ખાતાવહીમાં લેણદારના ખાતામાં જમા બાજુ અને સામાન્ય ખાતવહીમાં દેવીહૂંડીના ખાતામાં ઉધાર બાજુ નોંધ થશે. આ વ્યવહાર માટે બન્ને ખાતાવહીને આપમેળી બનાવવા માટે નીચે મુજબની હવાલાનોંધ થશે.

સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ .....

તે ખરીદ ખાતાવહી હવાલા ખાતે .....

**ખરીદ ખાતાવહીમાં 'સામાન્ય ખાતાવહી હવાલા' ખાતાનો નમૂનો**

**સામાન્ય ખાતાવહી હવાલા ખાતું (ખરીદ ખાતાવહીમાં)**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂ.) | તારીખ | વિગત | રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|
| ..... | બાકી આગળ લાવ્યા | ..... | ..... | ખરીદ ખાતાવહી | |
| | ખરીદ ખાતાવહી | | | હવાલા ખાતે : | |
| | હવાલા ખાતે : | | | ખરીદ માલ પરત | ..... |
| | ઉધાર ખરીદી | ..... | | લેણદારીને ચૂકવેલ | ..... |
| | નકરાયેલી દેવીહૂંડી | ..... | | રોકડ/ચેક | |
| | | | | સ્વીકારેલ દેવીહૂંડીઓ | ..... |
| | | | | મળેલ વટાવ | ..... |
| | | | | બા.આ. લઈ ગયા | ..... |
| | | | | | |
| | બા.આ. લાવ્યા | ..... | | | |

**સામાન્ય ખાતાવહીમાં 'ખરીદ ખાતાવહી હવાલા ખાતાનો' નમૂનો**

**ખરીદ ખાતાવહી હવાલા ખાતું (સામાન્ય ખાતાવહીમાં)**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| ..... | સામાન્ય ખાતાવહી - હવાલા ખાતે : | ..... | ..... | બાકી આગળ લાવ્યા | ..... |
| | ખરીદ માલ પરત | | ..... | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે : | ..... |
| | લેણદારોને ચૂકવેલ - રોકડ કે ચેક | ..... | | ઉધાર ખરીદી | ..... |
| | સ્વીકારેલ દેવીહૂંડીઓ | ..... | | નકરાયેલી દેવીહૂંડી | ..... |
| ..... | બા. આ. લઈ ગયા | ..... | | | |
| | | | | બાકી આગળ લાવ્યા | ..... |

## 9.5 સામાન્ય ખાતાવહીને આપમેળી ખાતાવહી બનાવવી :

સામાન્ય ખાતાવહીમાં માલ અંગેના દેવાદારો અને લેણદાર સિવાયના તમામ ખાતાઓ રાખવામાં આવે છે. આમ સામાન્ય ખાતાવહીમાં દેવાદારો અને લેણદારો સિવાયના વ્યવહારોનાં બન્ને ખાતાઓ રાખવામાં આવતા હોવાથી તેમની હવાલાનોંધ કરવામાં આવતી નથી.

સામાન્ય ખાતાવહીને આપમેળે ખાતાવહી બનાવવા માટે તેના છેલ્લા પાના પર વેચાણ ખાતાવહી હવાલા ખાતું અને ખરીદ ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરવામાં આવે છે. કારણ કે લેણદારો અને દેવાદારો અંગેના વ્યવહારોની જ એક અસર સામાન્ય ખાતાવહીમાં કરવામાં આવેલ હોય છે. તેની તેને આપમેળી બતાવવા માટે જરૂરી હવાલાનોંધ કરવામાં આવે છે.

સામાન્ય ખાતાવહીને આપમેળી બનાવવા માટે સામાન્ય ખાતાવહીમાં ખરીદ ખાતાવહી હવાલા ખાતુ અને વેચાણ ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરવામાં આવે અને તે અંગેની ચર્ચા અગાઉના મુદ્દા 4 અને 5 માં કરેલ છે. આમ આ સામાન્ય ખાતાવહીમાં ખરીદ હવાલા ખાતું અને વેચાણ ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરીને તેનું સ્વતંત્ર કાચું-સરવૈયું તૈયાર કરી શકાય છે.

**સામાન્ય ખાતાવહીમાં વેચાણ ખાતાવહી હવાલા ખાતાના નમૂનો :**

સામાન્ય ખાતાવહીમાં વેચાણ ખાતાવહી હવાલા ખાતાનો નમૂનો મુદ્દા નં. 4 માં દર્શાવેલ છે.

**સામાન્ય ખાતાવહીમાં ખરીદ ખાતાવહી હવાલા ખાતાના નમૂના :**

સામાન્ય ખાતાવહીમાં ખરીદ ખાતાવહી હવાલા ખાતાનો નમૂનો મુદ્દા નં. 5 માં દર્શાવેલ મુજબનો છે.

## 9.6 ખાનગી ખાતાવહી (Private Ledger) :

પેઢીના ચોપડે જુદી જુદી ખાતાવહી રાખવામાં આવે છે. તેમાંની વેચાણ ખાતાવહી, ખરીદ ખાતાવહી, સામાન્ય ખાતાવહી ઉપરાંત ખાનગી ખાતાવહી પણ રાખવામાં આવે છે.

ખાનગી ખાતાવહીમાં પેઢી અને માલિક વચ્ચે થતા વ્યવહારો નોંધવામાં આવે છે. અહીં મૂડી પર વ્યાજ, ઉપાડ, ઉપાડ પર વ્યાજ વગેરે જેવા વ્યવહારોની જ નોંધ રાખવામાં આવે

છે. આવા વ્યવહારો અલગ રાખવાનો હેતુ જાહેર જનતા કે કર્મચારી વગેરે ને જાણ ન થવા દેવાનો છે. સામાન્ય રીતે આ ખાતાવહી માલિક દ્વારા જ નિભાવવામાં આવે છે અથવા તો ખાસ કે અંગત વ્યક્તિને જ આ ખાતાવહી લખવા માટે આપવામાં આવે છે.

ખાનગી ખાતાવહીમાં લખવાના વ્યવહારોની અલગ ચોપડામાં આમનોંધ કે પેટાનોંધ કરવામાં આવે છે અને તેમાંથી ખાનગી ખાતાવહીનાં ચોપડે ખતવણી કરવામાં આવે છે. હિસાબ લખનાર રોકડમેળમાં ''ખાનગી ખાતાવહી ખાતે'' લખી, અંગત વ્યવહારો માટેની રોકડ અંગત ખાતાવહી લખનારને આપે છે. અથવા તેની પાસેથી મેળવે છે. ''ખાનગી ખાતાવહી ખાતુ'' અમુક સમયે સામાન્ય ખાતાવહીમાં લઈ જવામાં આવે છે અને અંગત ખાતાવહીમાં તૈયાર કરવામાં આવતા ખાતાઓની સંયુક્ત બાકી સામાન્ય ખાતાવહી ખાતે લઈ જવામાં આવે છે.

## 9.7 એક ખાતાવહીમાંથી બીજી ખાતાવહીમાં ખાતાઓની ફેરબદલીને લગતા વ્યવહારોની નોંધઃ

કેટલીક વખત એવું બને છે કે જે વ્યક્તિ પાસેથી માલની ખરીદી કરવામાં આવતી હોય છે તે જ વ્યક્તિને માલનું વેચાણ કરવામાં આવતું હોય. આમ આ એકજ વ્યક્તિ સાથે પેઢીને લેણદાર અને દેવાદાર એમ બન્ને સંબંધથી જોડાયેલી હોય છે. ત્યારે આવા ખાતાઓને એક ખાતાવહીમાંથી બીજી ખાતાવહીમાં ફેરબદલી કરવામાં આવે છે. અહીં જે ખાતાની બાકી ઓછી હોય છે તે ખાતાવહીમાંથી ફેરબદલી કરીને વધુ બાકીવાળી ખાતાવહીમાં ફેરવવામાં આવે છે.

દા.ત. મેક્સન પાસેથી રૂા. 20,000 નો માલ ખરીદ્યો અને મેક્સનને રૂા. 30,000 નો માલ વેચ્યો છે.

આ વ્યવહારમાં મેક્સન ખરીદ ખાતાવહીમાં જમા બાજુ રૂા.20,000 થી લખવામાં આવશે. જયારે વેચાણ ખાતાવહીમાં મેક્સનના ખાતામાં ઉધાર બાજુ રૂા. 30,000 લખવામાં આવશે. આમ ખરીદ ખાતાવહીની બાકી રૂા. 20,000 ઓછી છે. તેથી તેનું ખાતું બંધ કરીને વેચાણ ખાતાવહીમાં ફેરવવામાં આવશે જે અંગે ચોપડે નીચે મુજબની આમનોંધ કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| મેક્સન ખાતે ઉ (ખરીદ ખાતાવહીમાં) | 20,000 | ........ |
| તે મેક્સન ખાતે (વેચાણ ખાતાવહીમાં) | --- | 20,000 |
| (બાજે મેક્સનની ખરીદ ખાતાવહીની બાકી વેચાણ ખાતાવહીમાં ફેરબદલી કરી તેના) | | |

**આ ઉપરાંત ત્રણેય ખાતાવહીને આપમેળી બનાવવા માટે બીજી બે હવાલાનોંધો પણ કરવી પડશે.**

| ક્રમ | વિગત | ખા. પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1. | ખરીદ ખાતાવહી હવાલા ખાતે ઉ.<br>તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. મેક્સનની ખરીદ ખાતાવહીની જમા બાકી વેચાણ ખાતાવહીમાં ફેરબદલ કરી તેની નોંધ) | | 20,000 | 20,000 |

| | | | | |
|---|---|---|---|---|
| 2. | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. મેક્સનની ખરીદ ખાતાવહીની જમા બાકી વેચાણ ખાતાવહીમાં ફેરબદલ કરી તેની નોંધ) | | 20,000 | 20,000 |

## 9.8 ઉદાહરણો :

**ઉદા.1 :**

નીચેની વિગતો શ્રી અંજુમનનાં ચોપડેથી મળેલ છે. જે માત્ર વેચાણ ખાતાવહી રાખે છે. આપેલ વિગતો પરથી તા. 31મી માર્ચ, 2020ના રોજના (i) વેચાણ ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલાખાતુ અને (ii) સામાન્ય ખાતાવહીમાં વેચાણ ખાતાવહી હવાલાખાતું તૈયાર કરો. આ વ્યવહારો અંગે ખાતાવહીઓને આપમેળી બનાવવા માટેની જરૂરી હવાલાનોંધો પણ લખો.

| વિગત | રકમ (રૂા.) |
|---|---|
| દેવાદારોની બાકી (1-3-2020) | 1,20,000 |
| ઉધાર વેચાણ | 3,00,000 |
| વેચાણ માલ પરત | 20,000 |
| દેવાદારો પાસેથી મળેલ રોકડ | 1,85,000 |
| દેવાદારોને આપેલ વટાવ | 4,000 |
| દેવાદારો પાસેથી મળેલ હૂંડીઓ | 50,000 |
| નકારાયેલી મળેલ હૂંડીઓ | 8,000 |
| ઘાલખાધ માંડીવાળી | 3,000 |

**જવાબ :**

**(i) વેચાણ ખાતાવહીમાં :**

**સામાન્ય ખાતાવહી હવાલા ખાતું**

**ઉધાર** **જમા**

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 31-3-2020 | વેચાણ ખાતાવહી | | 1-3-2020 | બાકી આગળ લાવ્યા | 1,20,000 |
| 31-3-2020 | હવાલા ખાતે | | 31-3-2020 | વેચાણ ખાતાવહી - | |
| 31-3-2020 | વેચાણ માલ પરત | 20,000 | 31-3-2020 | હવાલા ખાતે : | |
| 31-3-2020 | મળેલ રોકડ | 1,85,000 | 31-3-2020 | ઉધાર વેચાણ | 3,00,000 |
| 31-3-2020 | આપેલ વટાવ | 4,000 | 31-3-2020 | નકરાયેલી લેણીહૂંડીઓ | 8,000’ |
| 31-3-2020 | મળેલી લેણીહૂંડીઓ | 50,000 | | | |
| 31-3-2020 | ઘાલખાધ | 3,000 | | | |
| 31-3-2020 | બાકી આગળ લઈ ગયા | 1,66,000 | | | |
| | | 4,28,000 | | | 4,28,000 |
| | | | 1-4-2020 | બાકી આગળ લાવ્યા | 1,66,000 |

**(ii) સામાન્ય ખાતાવહીમાં :**

**વેચાણ ખાતાવહી હવાલા ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-3-2020 | બાકી આગળ લાવ્યા | 1,20,000 | 31-3-2020 | સામાન્ય ખાતાવહી - | |
| 31-3-2020 | સામાન્ય ખાતાવહી- | | 31-3-2020 | હવાલા ખાતે : | |
| 31-3-2020 | હવાલા ખાતે : | | 31-3-2020 | વેચાણ માલ પરત | 20,000 |
| 31-3-2020 | ઉધાર વેચાણ | 3,00,000 | 31-3-2020 | મળેલ રોકડ | 1,85,000 |
| | | | | આપેલ વટાવ | 4,000 |
| 31-3-2020 | નકરાયેલી લેણીહૂંડીઓ | 8,000 | 31-3-2020 | મળેલી લેણીહૂંડીઓ | 50,000 |
| | | | 31-3-2020 | ઘાલખાધ | 3,000 |
| | | | 31-3-2020 | બાકી આગળ લઈ ગયા | 1,66,000 |
| | | 4,28,000 | | | 4,28,000 |
| 1-4-2020 | બાકી આગળ લાવ્યા | 1,66,000 | | | |

**વેચાણ ખાતાવહી આપમેળી બનાવવા માટે હવાલા નોંધ :**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 31-3-2020 | વેચાણ ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે.:ઉધાર વેચાણ અંગેનો હવાલો કર્યા તેના) | | 3,00,000 | 3,00,000 |
| 31-3-2020 | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે.વેચાણ માલ પરત અંગેનો હવાલો કર્યો તેના) | | 20,000 | 20,000 |
| 31-3-2020 | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે.દેવાદારો પાસેથી મળેલ રોકડ અંગેનો હવાલો કર્યો તેના) | | 1,85,000 | 1,85,000 |
| 31-3-2020 | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. આપેલ વટાવ અંગે હવાલો કર્યા તેના) | | 4,000 | 4,000 |
| 31-3-2020 | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. દેવાદારો પાસેથી મળેલ લેણીહૂંડીઓ અંગે હવાલો કર્યા તેના) | | 50,000 | 50,000 |

| | | | | |
|---|---|---|---|---|
| 31-3-2020 | વેચાણ ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. દેવાદારો પાસેથી મળેલ હૂંડી નકારાય તેની હવાલા નોંધ કરી તેના) | | 8,000 | 8,000 |
| 31-3-2020 | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. ઘાલખાધ અંગેનો હવાલો કર્યા તેના) | | 3,000 | 3,000 |

**ઉદા.2 :**

કમલ ટ્રેડર્સ ચોપડા પરથી નીચે મુજબ મળેલ માહિતી પરથી તા.31-1-2020ના રોજનું ખરીદ ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલા ખાતું અને સામાન્ય ખાતાવહીમાં ખરીદ ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરો. તેમજ ખાતાવહીઓને આપમેળી બનાવવા અંગેની હવાલાનોંધો પણ કરો.

| વિગત | રકમ (રૂા.) |
|---|---|
| લેણદારોની બાકી (1-1-2020) | 90,000 |
| ઉધાર ખરીદી | 2,10,000 |
| ખરીદ માલ પરત | 10,000 |
| લેણદારો પાસેથી મળેલ વટાવ | 5,000 |
| લેણદારોને ચૂકવેલ રોકડ | 1,40,000 |
| સ્વીકારેલ દેવીહૂંડીઓ | 30,000 |
| લેણદારોએ નામંજૂર કરેલ વટાવ | 200 |

**જવાબ :**

**ખરીદ ખાતાવહીમાં :**

**સામાન્ય ખાતાવહી હવાલા ખાતું**

**ઉધાર** **જમા**

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-1-2020 | બાકી આગળ લાવ્યા | 90,000 | 31-1-2020 | ખરીદ ખાતાવહી - | |
| 31-1-2020 | ખરીદ ખાતાવહી- | | | હવાલા ખાતે : | |
| | હવાલા ખાતે : | | 31-1-2020 | ખરીદ માલ પરત | 10,000 |
| 31-1-2020 | ઉધાર ખરીદી | 2,10,000 | 31-1-2020 | ચૂકવેલ રોકડ | 1,40,000 |
| 31-1-2020 | લેણદારોએ નામંજૂર- | 200 | 31-1-2020 | મળેલ વટાવ | 5,000 |
| | કરેલ વટાવ | | 31-1-2020 | સ્વીકારેલી દેવીહૂંડીઓ | 30,000 |
| | | | 31-1-2020 | બાકી આગળ લઈ ગયા | 1,15,200 |
| | | 3,00,200 | | | 3,00,200 |
| 1-2-2020 | બાકી આગળ લાવ્યા | 1,15,200 | | | |

**સામાન્ય ખાતાવહીમાં :**

ઉધાર **ખરીદ ખાતાવહી હવાલા ખાતું** જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 31-1-2020 | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે : | | 1-1-2020 | બાકી આગળ લાવ્યા | 90,000 |
| | | | 31-1-2020 | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે : | |
| | ખરીદ માલ પરત | 10,000 | | | |
| | ચૂકવેલ રોકડ | 1,40,000 | | ઉધાર ખરીદી | 2,10,000 |
| | મળેલ વટાવ | 5,000 | | લેણદારોએ નામંજૂર કરેલ વટાવ | 200 |
| | સ્વીકારેલી દેવીહૂંડીઓ | 30,000 | | | |
| | | | | | |
| | બાકી આગળ લઈ ગયા. | 1,15,200 | | | |
| | | 3,00,200 | | | 3,00,200 |
| | | | 1-2-2020 | બાકી આગળ લાવ્યા | 1,15,000 |

**ખરીદ ખાતાવહી આપમેળી બતાવવા માટે હવાલા નોંધો :**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 31-1-2020 | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે ખરીદ ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે.ઉધાર ખરીદી અંગેનો હવાલો કર્યો તેના) | | 2,10,000 | 2,10,000 |
| 31-1-2020 | ખરીદ ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. ખરીદ માલ પરત અંગેનો હવાલો કર્યા તેના) | | 10,000 | 10,000 |
| 31-1-2020 | ખરીદ ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. મળેલ વટાવ અંગેનો હવાલો કર્યા તેના) | | 5,000 | 5,000 |
| 31-1-2020 | ખરીદ ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે.સ્વીકારેલ દેવીહૂંડી અંગેનો હવાલો કર્યા તેના) | | 1,40,000 | 1,40,000 |
| 31-1-2020 | ખરીદ ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. લેણદારોને રોકડ ચૂકવ્યા તે હવાલો કર્યા તેના) | | 30,000 | 30,000 |
| 31-1-2020 | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે ખરીદ ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. લેણદારોએ નામંજુર કરેલ વટાવ અંગેનો હવાલો કર્યા તેના) | | 200 | 200 |

**ઉદા.3 :**

ગંગા કંપની લિ. તા.31મી માર્ચ, 2020 ની નીચે આપેલ વિગતો પરથી વેચાણ ખાતાવહીમાં અને ખરીદ ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલા ખાતું તેમજ સામાન્ય ખાતાવહીમાં વેચાણ ખાતાવહી હવાલા ખાતું અને ખરીદ ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરો. તેમજ ખાતાવહીઓને આપમેળી બનાવવા માટે જરૂરી હવાલાનોંધો પણ તૈયાર કરો.

| વિગત | રકમ (રૂા.) |
|---|---|
| દેવાદારોની શરૂઆતની બાકી (તા.1-3-2020) | 1,40,000 |
| લેણદારોની શરૂઆતની બાકી (તા.1-3-2020) | 95,000 |
| ઉધાર વેચાણ | 3,60,000 |
| ઉધાર ખરીદી | 2,65,000 |
| વેચાણ માલ પરત | 25,000 |
| ખરીદ માલ પરત | 30,000 |
| દેવાદારો પાસેથી રોકડા મળ્યા | 2,85,000 |
| લેણદારોને રોકડ ચૂકવ્યા | 1,75,000 |
| દેવાદારોને આપેલ વટાવ | 7,500 |
| લેણદારો પાસેથી મળેલ વટાવ | 6,500 |
| દેવાદારો પાસેથી મળેલ લેણીહૂંડીઓ | 40,000 |
| સ્વીકારેલી દેવીહૂંડીઓ | 28,000 |
| દેવાદારોની ખાતાવહીમાંથી લેણદારોની ખાતાવહીમાં ફેરબદલી | 5,000 |
| ઘાલખાધના માંડી વાળ્યા | 7,500 |
| દેવાદારોને આપેલ વટાવ નામંજૂર કરેલ | 1,500 |
| નકરાયેલી લેણીહૂંડીઓ | 8,000 |

**જવાબ :**

**વેચાણ ખાતાવહીમાં :**

**ઉધાર** **સામાન્ય ખાતાવહી હવાલા ખાતું** **જમા**

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 31-3-2020 | વેચાણ ખાતાવહી- | | 1-3--2020 | બાકી આગળ લાવ્યા | 1,40,000 |
| | હવાલા ખાતે : | | 31-3-2020 | વેચાણ ખાતાવહી - | |
| 31-3-2020 | વેચાણ માલ પરત | 25,000 | | હવાલા ખાતે : | |
| 31-3-2020 | મળેલ રોકડ | 2,85,000 | 31-3-2020 | ઉધાર વેચાણ | 3,60,000 |
| 31-3-2020 | આપેલ વટાવ | 7,500 | 31-3-2020 | નકરાયેલી લેણીહૂંડીઓ | 8,000 |
| 31-3-2020 | મળેલ લેણીહૂંડીઓ | 40,000 | 31-3-2020 | નામંજૂર કરેલ વટાવ | 1,500 |
| 31-3-2020 | ખરીદ ખાતાવહીમાં ફેરબદલી કરી | 5,000 | | | |
| 31-3-2020 | ઘાલખાધ | 7,500 | | | |
| 31-3-2020 | બાકી આગળ લઈ ગયા | 1,39,500 | | | |
| | | 5,09,500 | | | 5,09,500 |
| | | | 1-4-2020 | બાકી આગળ લાવ્યા | 1,39,500 |

**સામાન્ય ખાતાવહીમાં :**

**વેચાણ ખાતાવહી હવાલા ખાતું**

ઉધાર | જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-3-2020 | બાકી આગળ લાવ્યા | 1,40,000 | 31-3-2020 | સામાન્ય ખાતાવહી- | |
| 31-3-2020 | સામાન્ય ખાતાવહી- | | | હવાલા ખાતે : | |
| | હવાલા ખાતે : | | 31-3-2020 | વેચાણ માલ પરત | 25,000 |
| 31-3-2020 | ઉધાર વેચાણ | 3,60,000 | 31-3-2020 | મળેલ રોકડ | 2,85,000 |
| 31-3-2020 | નકરાયેલી લેણીહૂંડીઓ | 8,000 | 31-3-2020 | આપેલ વટાવ | 7,500 |
| 31-3-2020 | નામંજૂર કરેલ વટાવ | 1,500 | 31-3-2020 | મળેલ લેણીહૂંડીઓ | 40,000 |
| | | | 31-3-2020 | ખરીદ ખાતાવહીમાં ફેરબદલી કરી | 5,000 |
| | | | 31-3-2020 | ઘાલખાધ | 7,500 |
| | | | 31-3-2020 | બાકી આગળ લઈ ગયા | 1,39,500 |
| | | 5,09,500 | | | 5,09,500 |
| 1-4-2020 | બાકી આગળ લાવ્યા | 1,39,500 | | | |

**ખરીદ ખાતાવહીમાં :**

**સામાન્ય ખાતાવહી હવાલા ખાતું**

ઉધાર | જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-3-2020 | બાકી આવળ લાવ્યા | 95,000 | 31-3--2020 | ખરીદ ખાતાવહી હવાલા ખાતે | |
| 31-3-2020 | ખરીદ ખાતાવહી | | 31-3-2020 | ખરીદ માલ પરત | 30,000 |
| | હવાલા ખાતે : | | 31-3-2020 | રોકડ ચૂકવ્યા | 1,75,000 |
| 31-3-2020 | ઉધાર ખરીદી | 2,65,000 | 31-3-2020 | મળેલ વટાવ | 6,500 |
| | | | 31-3-2020 | સ્વીકારેલી દેવીહૂંડીઓ | 28,000 |
| | | | 31-3-2020 | વેચાણ ખાતાવહીમાંથી ફેરબદલી કર્યા | 5,000 |
| | | | 31-3-2020 | બાકી આગળ લઈ ગયા | 1,15,500 |
| | | 3,60,000 | | | 3,60,000 |
| 1-4-2020 | બાકી આગળ લાવ્યા | 1,15,500 | | | |

**સામાન્ય ખાતાવહીમાં :**

**ખરીદ ખાતાવહી હવાલા ખાતું**

ઉધાર | જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 31-3-2020 | સામાન્ય ખાતાવહી - | | 1-3-2020 | બાકી આગળ લાવ્યા | 95,000 |
| | હવાલા ખાતે : | | 31-3-2020 | સામાન્ય ખાતાવહી - | |
| 31-3-2020 | ખરીદ માલ પરત | 30,000 | 31-3-2020 | હવાલા ખાતે : | |
| 31-3-2020 | રોકડા ચૂકવ્યા | 1,75,000 | 31-3-2020 | ઉધાર ખરીદી | 2,65,000 |
| 31-3-2020 | મળેલ વટાવ | 6,500 | | | |
| 31-3-2020 | સ્વીકારેલી દેવીહૂંડીઓ | 28,000 | | | |
| 31-3-2020 | વેચાણ ખાતાવહીમાંથી- ફેરબદલી કર્યા | 5,000 | | | |
| 31-3-2020 | બાકી આગળ લઈ ગયા | 1,15,500 | | | |
| | | 3,60,000 | | | 3,60,000 |
| | | | 1-4-2020 | બાકી આગળ લાવ્યા | 1,15,500 |

**વેચાણ ખાતાવહી આપમેળી બનાવવા માટે હવાલા નોંધો :**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 31-3-2020 | વેચાણ ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. વેચાણ અંગેનો હવાલો કર્યો તેના) | | 3,60,000<br>-- | <br>3,60,000 |
| 31-3-2020 | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. વેચાણ માલ પરતનો હવાલો કર્યો તેના) | | 25,000<br>-- | <br>25,000 |
| 31-3-2020 | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. દેવાદારો પાસેથી રોકડા મળ્યા તેનો હવાલો કર્યો તેના) | | 2,85,000<br>-- | <br>2,85,000 |
| 31-3-2020 | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. દેવાદારોને આપેલ વટાવ અંગેનો હવાલો કર્યો તેના) | | 7,500<br>-- | <br>7,500 |
| 31-3-2020 | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. દેવાદારો પાસેથી મળેલ લેણીહૂંડી અંગેનો હવાલો કર્યો તેના) | | 40,000<br>-- | <br>40,000 |
| 31-3-2020 | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. ઘાલખાધ માંડીવાળી તે અંગેનો હવાલો કર્યો તેના) | | 7,500<br>-- | <br>7,500 |
| 31-3-2020 | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે.વેચાણ ખાતાવહીમાંથી ખરીદ ખાતાવહીમાં ફેરબદલી કર્યા તેના હવાલા નોંધ) | | 5,000<br>-- | <br>5,000 |
| 31-3-2020 | વેચાણ ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે.દેવાદારોને આપેલ વટાવ નામંજૂર કર્યા તે અંગેની હવાલા નોંધ કરી તેના) | | 1,500<br>-- | <br>1,500 |

| | | | | |
|---|---|---|---|---|
| 31-3-2020 | વેચાણ ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. દેવાદારો પાસેથી મળેલ લેણીહૂંડી નકરાય તે અંગેની હવાલા નોંધ કરી તેના) | | 8,000<br>-- | <br>8,000 |

**ખરીદ ખાતાવહીને આપમેળી બનાવવા માટેની હવાલા નોંધ :**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 31-3-2020 | સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે ખરીદ ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે.ઉધાર ખરીદી અંગેનો હવાલો કર્યો તેના) | | 2,65,000<br>-- | <br>2,65,000 |
| 31-3-2020 | ખરીદ ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. ખરીદ માલ પરત અંગેનો હવાલો કર્યો તેના) | | 30,000<br>-- | <br>30,000 |
| 31-3-2020 | ખરીદ ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. લેણદારોને રોકડા ચૂકવ્યા અંગેનો હવાલો કર્યો તેના) | | 1,75,000<br>-- | <br>1,75,000 |
| 31-3-2020 | ખરીદ ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે.લેણદારો પાસેથી મળેલ વટાવ અંગેનો હવાલો કર્યો તેના) | | 6,500<br>-- | <br>6,500 |
| 31-3-2020 | ખરીદ ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે.સ્વીકારેલી દેવીહૂંડી અંગેનો હવાલા કર્યો તેના) | | 28,000<br>-- | <br>28,000 |
| 31-3-2020 | ખરીદ ખાતાવહી હવાલા ખાતે ઉ<br>તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે<br>(બા.જે. વેચાણ ખાતાવહીમાંથી ખરીદ ખાતાવહીમાં ફેરબદલી કર્યા તે અંગેનો હવાલો કર્યો તેના) | | 5,000<br>-- | <br>5,000 |

**ઉદા.4 :**

શ્રી આદિત્ય ટ્રેડર્સની તા. 30 મી એપ્રિલ, 2020ના રોજની નીચે આપેલ માહિતી પરથી સામાન્ય ખાતાવહીમાં ખરીદ ખાતાવહી હવાલા ખાતું અને વેચાણ ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરો અને વેચાણ ખાતાવહી અને ખરીદ ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરો.

| વિગત | રકમ (રૂા.) |
|---|---|
| દેવાદારો ઉધાર (તા.1-4-2020) | 1,31,500 |
| દેવાદારો જમા (તા.1-4-2020) | 2,250 |
| લેણદારો જમા (તા.1-4-2020) | 88,500 |
| લેણદારો ઉધાર (તા.1-4-2020) | 1,500 |
| **એપ્રિલ-2020ના વ્યવહારો :** | |
| ઉધાર વેચાણ | 2,45,750 |
| ઉધાર ખરીદી | 1,55,250 |
| દેવાદારો પાસેથી રોકડા મળ્યા | 1,88,000 |
| લેણદારોને રોકડા ચૂકવ્યા | 1,11,000 |
| દેવાદારો પાસેથી મળેલ લેણીહૂંડી | 31,000 |
| નકરાયેલી લેણીહૂંડી | 4,000 |
| સ્વીકારેલી દેવીહૂંડીઓ | 23,500 |
| દેવાદારોને આપેલ વટાવ | 3,800 |
| લેણદારો પાસેથી મળેલ વટાવ | 2,750 |
| દેવાદારોની ખાતાવહીમાંથી લેણદારોની ખાતાવહીમાં ફેરબદલી | 11,500 |
| રોકડ ખરીદી | 48,000 |
| રોકડ વેચાણ | 40,000 |
| ખરીદ માલ પરત (ઉધાર ખરીદી પૈકી) | 4,450 |
| વેચાણ માલ પરત (ઉધાર વેચાણ પૈકી) | 5,750 |
| ઘાલખાધ માંડીવાળી | 1,750 |
| દેવાદારોને નામંજૂર કરેલ વટાવ | 750 |
| દેવાદારોને ચૂકવેલી રોકડ | 1,000 |

**જવાબ :**

**સામાન્ય ખાતાવહીમાં :**

**ઉધાર** **ખરીદ ખાતાવાહી હવાલા ખાતું** **જમા**

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-4-2020 | બાકી આગળ લાવ્યા | 1,500 | 1-4-2020 | બાકી આગળ લાવ્યા | 88,500 |
| 30-4-2020 | સામાન્ય ખાતાવહી- | | 30-4-2020 | સામાન્ય ખાતાવહી- | |
| | હવાલા ખાતે : | | | હવાલા ખાતે : | |
| 30-4-2020 | રોકડ ચૂકવ્યા | 1,11,000 | 30-4-2020 | ઉધાર ખરીદી | 1,55,250 |
| 30-4-2020 | સ્વીકારેલી દેવીહૂંડીઓ | 23,500 | | | |
| 30-4-2020 | મળેલ વટાવ | 2,750 | | | |
| 30-4-2020 | ખરીદ માલ પરત | 4,450 | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 30-4-2020 | વેચાણ ખાતાવહીમાંથી ખરીદ ખાતાવહીમાં ફેરબદલી કરી તેના | 11,500 | | | |
| **30-4-2020** | બાકી આગળ લઈ ગયા | **89,050** | | | |
| | | **2,43,750** | | | **2,43,750** |
| | | | 1-5-2020 | બાકી આગળ લાવ્યા | **89,050** |

**વેચાણ ખાતાવહી હવાલા ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-4-2020 | બાકી આગળ લાવ્યા | 1,31,500 | 1-4-2020 | બાકી આગળ લાવ્યા | 2,250 |
| 31-3-2020 | **સામાન્ય ખાતાવહી-હવાલા ખાતે :** | | 30-4-2020 | **સામાન્ય ખાતાવહી-હવાલા ખાતે :** | |
| 31-3-2020 | ઉધાર વેચાણ | 2,45,750 | 31-3-2020 | મળેલ રોકડ | 1,88,000 |
| 31-3-2020 | નકરાયેલી લેણીહૂંડીઓ | 4,000 | 31-3-2020 | મળેલ લેણીહૂંડીઓ | 31,000 |
| 31-3-2020 | નામંજૂર કરેલ વટાવ | 750 | 31-3-2020 | આપેલ વટાવ | 3,800 |
| 31-3-2020 | ચૂકવેલ રોકડ | 1,000 | 31-3-2020 | વેચાણ ખાતાવહીમાંથી ખરીદ ખાતાવહીમાં ફેરબદલી કરી | 11,500 |
| | | | 31-3-2020 | વેચાણ માલ પરત | 5,750 |
| | | | 31-3-2020 | ઘાલખાધ | 1,750 |
| | | | **30-4-2020** | **બાકી આગળ લઈ ગયા** | **1,38,950** |
| | | **3,83,000** | | | **3,83,000** |
| **1-5-2020** | **બાકી આગળ લાવ્યા** | **1,38,950** | | | |

**ખરીદ ખાતાવહીમાં :**

**સામાન્ય ખાતાવહી હવાલા ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-4-2020 | બાકી આગળ લાવ્યા | 88,500 | 1-4-2020 | બાકી આગળ લાવ્યા | 1,500 |
| 30-4-2020 | **ખરીદ ખાતાવહી હવાલા ખાતે :** | | 30-4-2020 | **ખરીદ ખાતાવહી-હવાલા ખાતે :** | |
| 30-4-2020 | ઉધાર ખરીદી | 1,55,250 | 30-4-2020 | રોકડા ચૂકવ્યા | 1,11,000 |
| | | | 30-4-2020 | સ્વીકારેલી દેવીહૂંડીઓ | 23,500 |
| | | | 30-4-2020 | મળેલ વટાવ | 2,750 |
| | | | 30-4-2020 | ખરીદ માલ પરત | 4,450 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | 30-4-2020 | વેચાણ ખાતાવહીમાંથી ખરીદ ખાતાવહીમાં ફેરબદલી | 11,500 |
| | | | **30-4-2020** | **બાકી આગળ લઈ ગયા** | **89,050** |
| | | **2,43,750** | | | **2,43,750** |
| **1-5-2020** | **બાકી આગળ લાવ્યા** | **89,050** | | | |

**વેચાણ ખાતાવહીમાં :**

**સામાન્ય ખાતાવહી હવાલા ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-4-2020 | બાકી આગળ લાવ્યા | 2,250 | 1-4-2020 | બાકી આગળ લાવ્યા | 1,31,500 |
| 30-4-2020 | **વેચાણ ખાતાવહી-હવાલા ખાતે :** | | 30-4-2020 | **વેચાણ ખાતાવહી-હવાલા ખાતે :** | |
| 30-4-2020 | મળેલ રોકડ | 1,88,000 | 30-4-2020 | ઉધાર વેચાણ | 2,45,750 |
| 30-4-2020 | મળેલ લેણીહૂંડીઓ | 31,000 | 30-4-2020 | નકરાયેલી લેણીહૂંડીઓ | 4,000 |
| 30-4-2020 | આપેલ વટાવ | 3,800 | 30-4-2020 | નામંજૂર કરેલ વટાવ | 750 |
| 30-4-2020 | વેચાણ ખાતાવહીમાંથી ખરીદ ખાતાવહીમાં ફેરબદલી | 11,500 | 30-4-2020 | ચૂકવેલ રોકડ | 1,000 |
| 30-4-2020 | વેચાણ માલ પરત | 5,750 | | | |
| 30-4-2020 | ઘાલખાધ | 1,750 | | | |
| **30-4-2020** | **બાકી આગળ લઈ ગયા** | **1,38,950** | | | |
| | | **3,83,000** | | | **3,83,000** |
| | | | **1-5-2020** | **બાકી આગળ લાવ્યા** | **1,38,950** |

**નોંધ :**

(1) આ દાખલામાં દેવાદારોની શરૂઆતની જમા બાકી અને ઉધાર બાકી બન્ને આપેલ છે. સામાન્ય સંજોગમાં દેવાદારોની ઉધાર બાકી જ હોય છે, પરંતુ અમુક સંજોગો જેવાકે દેવાદારોએ રોકડા ચૂકવી દીધા બાદ માલ પરત કરેલ હોય કે કસર આપેલ હોય તો તેવા સંજોગોમાં દેવાદારની જમા બાકી પણ ધરાવે છે.

(2) એવી જ રીતે અહીં લેણદારોની પણ શરૂઆતની ઉધાર બાકી અને જમા બાકી બન્ને આપેલ છે. સામાન્ય રીતે લેણદારોની જમા બાકી હોય છે, પરંતુ જે લેણદારોને રકમ ચૂકવી દીધા પછી તો માલ પરત કરવામાં આવે કે કસર મળે તો તેવા સંજોગોમાં લેણદારોની ઉધાર બાકી પણ દર્શાવે છે.

(3) અહીં રોકડ ખરીદ કે રોકડ વેચાણ અંગેની કોઈ નોંધ કરવામાં આવશે નહી, કારણ કે તેની બન્ને નોંધ સામાન્ય ખાતાવહીમાં જ કરવામાં આવે છે. તેથી તેની હવાલા નોંધ કરવાની જરૂર રહેતી નથી.

**ઉદા.5 :**

શ્રી રોહન એન્ટરપ્રાઈઝ પોતાની ખાતાવહી કક્કાવારી પ્રમાણે બે વિભાગમાં અનુક્રમે A થી M અને N - Z માં વહેંચેલી છે. જે દરેકને સામાન્ય ખાતાવહી હવાલા ખાતાની મદદથી આપમેળી રાખવામાં આવેલ છે.

**તા.1-5-2020 ના રોજ આ ખાતાં નીચેની બાકીઓ દર્શાવતા હતા**

| ઉધાર બાકી (રૂા.) | | જમા બાકી (રૂા.) | |
|---|---|---|---|
| A - M | ખાતાવહી હવાલા ખાતું | 67,750 | 850 |
| N - Z | ખાતાવહી હવાલા ખાતું | 85,550 | 700 |

**તા. 31-5-2020 ના રોજ પૂરા થતા માસ દરમ્યાનના વ્યવહારોની માહિતી નીચે મુજબ મળેલ છે.**

| | A - M | N - Z |
|---|---|---|
| ઉધાર વેચાણ | 1,23,000 | 1,12,500 |
| માલ પરત | 7,500 | 6,650 |
| મળેલ રોકડ | 81,750 | 70,700 |
| ઘાલખાધ માંડીવાળી | 2,350 | 2,100 |
| ઘાલખાધ પરત (અગાઉ માંડી વાળેલ ઘાલખાધમાંથી | 750 | 600 |
| પરત મળેલ જે ઉપરની રોકડમાં સમાવેશ થયેલ છે.) | | |
| આપેલ વટાવ | 1,850 | 1,550 |
| મળેલ લેણીહૂંડીઓ | 17,500 | 14,000 |

મે માસ દરમ્યાન કોમલ નામની એક ગ્રાહક જેનું ખાતું 1,200 ઉધાર બાકી દર્શાવતું હતું. તેણીએ શ્રી પરેશ સાથે લગ્ન કરી અને તેથી તેણીનું ખાતું નવા નામે બીજી ખાતાવહીમાં ફેરવવામાં આવેલ હતું.

તા.31 મી મે, 2020 ના રોજ કુલ જમા બાકી A - M ખાતાવહીમાં રૂા.500 અને N - Z ખાતાવહીમાં રૂા. 350 હતી

ઉપરોક્ત માહિતી પરથી નીચેના ખાતાઓ તૈયાર કરી (i) બન્ને ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલા ખાતું (ii) સામાન્ય ખાતાવહીમાં (a) A - M ખાતાવહી હવાલા ખાતું (b) N - Z ખાતાવહી હવાલા ખાતું

**જવાબ :**

**(i) A - M વેચાણ ખાતાવહીમાં**

**સામાન્ય ખાતાવહી હવાલા ખાતું**

**ઉધાર** **જમા**

| **તારીખ** | **વિગત** | **રકમ (રૂા.)** | **તારીખ** | **વિગત** | **રકમ (રૂા.)** |
|---|---|---|---|---|---|
| 1-5-2020 | બાકી આગળ લાવ્યા | 850 | 1-5-2020 | બાકી આગળ લાવ્યા | 67,750 |
| 31-5-2020 | **A-M વેચાણ ખાતાવહી હવાલા ખાતે :** | | 31-5-2020 | **A-M વેચાણ ખાતાવહી હવાલા ખાતે :** | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 31-5-2020 | માલ પરત | 7,500 | 31-5-2020 | ઉધાર વેચાણ | 1,23,000 |
| 31-5-2020 | મળેલ રોકડ (81750-750) | 81,000 | | | |
| 31-5-2020 | આપેલ વટાવ | 1,850 | | | |
| 31-5-2020 | મળેલ લેણીહૂંડીઓ | 17,500 | | | |
| 31-5-2020 | ઘાલખાધ | 2,350 | | | |
| 31-5-2020 | કોમલના ખાતાની બાકી N-Z ખાતાવહીમાં ફેરબદલી કરી | 1,200 | | | |
| 31-5-2020 | બાકી આગળ લઈ ગયા | 79,000 | 31-5-2020 | બાકી આગળ લઈ ગયા | 500 |
| | | 1,91,250 | | | 1,91,250 |
| 1-6-2020 | બાકી આગળ લાવ્યા | 500 | 1-6-2020 | બાકી આગળ લાવ્યા | 79,000 |

**N - Z વેચાણ ખાતાવહીમાં :**

**સામાન્ય ખાતાવહી હવાલા ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂ.) | તારીખ | વિગત | રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|
| 1-5-2020 | બાકી આગળ લાવ્યા | 700 | 1-5-2020 | બાકી આગળ લાવ્યા | 85,550 |
| 31-5-2020 | **N-Z વેચાણ ખાતાવહી હવાલા ખાતે :** | | 31-5-2020 | **N-Z વેચાણ ખાતાવહી હવાલા ખાતે :** | |
| 31-5-2020 | માલ પરત | 6,650 | 31-5-2020 | ઉધાર વેચાણ | 1,12,500 |
| 31-5-2020 | મળેલ રોકડ (70700 - 600) | 70,100 | 31-5-2020 | કોમલના ખાતાની બાકી A-M ખાતાવહી-માંથી ફેરબદલી કરી | 1,200 |
| 31-5-2020 | ઘાલખાધ | 2,100 | | | |
| 31-5-2020 | આપેલ વટાવ | 1,550 | | | |
| 31-5-2020 | મળેલ લેણીહૂંડીઓ | 14,000 | | | |
| **31-5-2020** | **બાકી આગળ લઈ ગયા** | **1,04,500** | **31-3-2020** | **બાકી આગળ લઈ ગયા** | **350** |
| | | **1,99,600** | | | **1,99,600** |
| **1-6-2020** | **બાકી આગળ લાવ્યા** | **350** | **1-6-2020** | **બાકી આગળ લાવ્યા** | **1,04,500** |

**(ii) સામાન્ય ખાતાવહીમાં :**

**(i) A - M વેચાણ ખાતાવહી હવાલા ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂ.) | તારીખ | વિગત | રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|
| 1-5-2020 | બાકી આગળ લાવ્યા | 67,750 | 1-5-2020 | બાકી આગળ લાવ્યા | 850 |
| 31-5-2020 | **સામાન્ય ખાતાવહી હવાલા ખાતે :** | | 31-5-2020 | **સામાન્ય ખાતાવહી હવાલા ખાતે :** | |
| 31-5-2020 | ઉધાર વેચાણ | 1,23,000 | 31-5-2020 | માલ પરત | 7,500 |
| | | | | મળેલ રોકડ (81750 - 750) | 81,000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | 31-5-2020 | આપેલ વટાવ | 1,850 |
| | | | 31-5-2020 | મળેલ લેણીહૂંડીઓ | 17,500 |
| | | | 31-5-2020 | ઘાલખાધ | 2,350 |
| | | | 31-5-2020 | કોમલના ખાતાની બાકી N-Z ખાતાવહીમાં ફેરબદલી | 1,200 |
| **31-5-2020** | **બાકી આગળ લઈ ગયા** | **500** | | **બાકી આગળ લઈ ગયા** | **79,000** |
| | | **1,91,250** | | | **1,91,250** |
| **1-6-2020** | **બાકી આગળ લઈ ગયા** | **79,000** | **1-6-2020** | **બાકી આગળ લાવ્યા** | **500** |

**(ii) N - Z વેચાણ ખાતાવહી હવાલા ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-5-2020 | બાકી આગળ લાવ્યા | 85,550 | 1-5-2020 | બાકી આગળ લાવ્યા | 700 |
| 31-5-2020 | **સામાન્ય ખાતાવહી હવાલા ખાતે :** | | 31-5-2020 | **સામાન્ય ખાતાવહી હવાલા ખાતે :** | |
| 31-5-2020 | ઉધાર વેચાણ | 1,12,500 | 31-5-2020 | માલ પરત | 6,650 |
| 31-5-2020 | કોમલના ખાતાની બાકી A-M ખાતાવહી-માંથી ફેરબદલી | 1,200 | 31-5-2020 | મળેલ રોકડ (70700 - 600) | 70,100 |
| | | | 31-5-2020 | ઘાલખાધ | 2,100 |
| 31-5-2020 | બાકી આગળ લઈ ગયા | 350 | 31-5-2020 | આપેલ વટાવ | 1,550 |
| | | | 31-5-2020 | મળેલ લેણીહૂંડીઓ | 14,000 |
| | | | **31-5-2020** | **બાકી આગળ લઈ ગયા** | **1,04,500** |
| | | **1,99,600** | | | **1,99,600** |
| **1-6-2020** | **બાકી આગળ લાવ્યા** | **1,04,500** | **1-6-2020** | **બાકી આગળ લાવ્યા** | **350** |

**ઉદા.6 :** નીચે આપેલ માહિતી ઉપરથી મે, 2020 ના માસ માટે ગણેશના ચોપડે કુલ દેવાદારોનું ખાતુ અને વેચાણ ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલા ખાતું તથા વેચાણ ખાતાવહીનું કાચુ સરવૈયું તૈયાર કરો.

**ગ્રાહકોના નામ**

| વિગત | નીલેશ | જયસુખ | નયન | ભગીરથ | કુલ |
|---|---|---|---|---|---|
| 1-5-2020ની બાકી | 44,400 | 68,500 | 20,600 | 28,850 | 1,62,350 |
| ઉધાર વેચાણ | 1,12,000 | 1,45,000 | 70,500 | 65,150 | 3,92,650 |
| મળેલ રોકડ | 70,000 | 61,500 | 35,000 | 25,500 | 1,92,000 |
| મળેલ લેણીહૂંડી | 7,700 | 4,400 | -- | 2,200 | 14,300 |
| આપેલ વટાવ | 2,250 | -- | 1,550 | 1,250 | 5,050 |
| વેચાણ માલ પરત | 3,750 | 2,250 | 2,450 | -- | 8,450 |
| ઘાલખાધ માંડીવાળી | -- | 750 | -- | 250 | 1,000 |

**જવાબ :**

**વેચાણ ખાતાવહીમાં**
**નીલેશનું ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-5-2020 | બાકી આગળ લાવ્યા | 44,400 | 31-5-2020 | રોકડ ખાતે | 70,000 |
| 31-5-2020 | ઉધાર વેચાણ ખાતે | 1,12,000 | 31-5-2020 | વટાવ ખાતે | 2,250 |
| | | | 31-5-2020 | વેચાણ માલ પરત ખાતે | 3,750 |
| | | | 31-5-2020 | લેણીહૂંડી ખાતે | 7,700 |
| | | | 31-5-2020 | બાકી આગળ લઈ ગયા | 72,700 |
| | | **1,56,400** | | | **1,56,400** |
| 1-6-2020 | બાકી આગળ લાવ્યા | 72,700 | | | |

**જયસુખનું ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-5-2020 | બાકી આગળ લાવ્યા | 68,500 | 31-5-2020 | રોકડ ખાતે | 61,500 |
| 31-5-2020 | ઉધાર વેચાણ ખાતે | 1,45,000 | 31-5-2020 | લેણીહૂંડી ખાતે | 4,400 |
| | | | 31-5-2020 | ઘાલખાધ ખાતે | 750 |
| | | | 31-5-2020 | માલ પરત ખાતે | 2,250 |
| | | | **31-5-2020** | **બાકી આગળ લઈ ગયા** | **1,44,600** |
| | | **2,13,500** | | | **2,13,500** |
| **1-6-2020** | **બાકી આગળ લાવ્યા** | **1,44,600** | | | |

**નયનનું ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-5-2020 | બાકી આગળ લાવ્યા | 20,600 | 31-5-2020 | રોકડ ખાતે | 35,000 |
| 31-5-2020 | ઉધાર વેચાણ ખાતે | 70,500 | 31-5-2020 | આપેલ વટાવ ખાતે | 1,550 |
| | | | 31-5-2020 | વેચાણ માલ પરત ખાતે | 2,450 |
| | | | **31-5-2020** | **બાકી આગળ લાવ્યા** | **52,100** |
| | | **91,100** | | | **91,100** |
| **1-6-2020** | **બાકી આગળ લાવ્યા** | **52,100** | | | |

### ભગીરથનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-5-2020 | બાકી આગળ લાવ્યા | 28,850 | 31-5-2020 | રોકડ ખાતે | 25,500 |
| 31-5-2020 | ઉધાર વેચાણ ખાતે | 65,150 | 31-5-2020 | લેણીહૂંડી ખાતે | 2,200 |
| | | | 31-5-2020 | આપેલ વટાવ ખાતે | 1,250 |
| | | | 31-5-2020 | ઘાલખાધ ખાતે | 250 |
| | | | **31-5-2020** | **બાકી આગળ લઈ ગયા** | **64,800** |
| | | **94,000** | | | **94,000** |
| **1-6-2020** | **બાકી આગળ લાવ્યા** | **64,800** | | | |

### કુલ દેવાદારોનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-5-2020 | બાકી આગળ લાવ્યા | 1,62,350 | 31-5-2020 | રોકડ ખાતે | 1,92,000 |
| 31-5-2020 | ઉધાર વેચાણ ખાતે | 3,92,650 | 31-5-2020 | લેણીહૂંડી ખાતે | 14,300 |
| | | | 31-5-2020 | આપેલ વટાવ ખાતે | 5,050 |
| | | | 31-5-2020 | વેચાણ માલ પરત ખાતે | 8,450 |
| | | | 31-5-2020 | ઘાલખાધ ખાતે | 1,000 |
| | | | **31-5-2020** | **બાકી આગળ લઈ ગયા** | **3,34,200** |
| | | **5,55,000** | | | **5,55,000** |
| **1-6-2020** | **બાકી આગળ લઈ ગયા** | **3,34,200** | | | |

### વેચાણ ખાતાવહીમાં
### સામાન્ય ખાતાવહી હવાલા ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 31-5-2020 | વેચાણ ખાતાવહી | | 1-5-2020 | બાકી આગળ લાવ્યા | 1,62,350 |
| | હવાલા ખાતે : | | 31-5-2020 | વેચાણ ખાતાવહી - | |
| 31-5-2020 | રોકડ ખાતે | 1,92,000 | | હવાલા ખાતે : | |
| 31-5-2020 | લેણીહૂંડી ખાતે | 14,300 | 31-5-2020 | ઉધાર વેચાણ | 3,92,650 |
| 31-5-2020 | આપેલ વટાવ ખાતે | 5,050 | | | |
| 31-5-2020 | માલ પરત ખાતે | 8,450 | | | |
| 31-5-2020 | ઘાલખાધ ખાતે | 1,000 | | | |
| **31-5-2020** | **બાકી આગળ લઈ ગયા** | **3,34,200** | | | |
| | | **5,55,000** | | | **5,55,000** |
| | | | **1-6-2020** | **બાકી આગળ લાવ્યા** | **3,34,200** |

**તા. 31-5-2020 ના રોજનું વેચાણ ખાતાવહીનું કાચું સરવૈયું**

| ખાતાનું નામ | ખા.પા. | ઉધાર (રૂા.) | જમા (રૂા.) |
|---|---|---|---|
| નીલેશનું ખાતું | | 72,700 | |
| જયસુખનું ખાતું | | 1,44,600 | |
| નયનનું ખાતું | | 52,100 | |
| ભગીરથનું ખાતું | | 64,800 | |
| સામાન્ય ખાતાવહી હવાલા ખાતું | | -- | 3,34,200 |
| | | **3,34,200** | **3,34,200** |

**ઉદા. 7 :** અંજની ટ્રેડર્સ પોતાની વેચાણ ખાતાવહીને બે વિભાગમાં નોંધે છે. (1) રાજકોટ વેચાણ ખાતાવહી અને (2) જામનગર વેચાણ ખાતાવહી - આ બંને ખાતાવહી આપમેળી ખાતાવહી પદ્ધતિથી રાખવામાં આવે છે. નીચે આપેલી વિગતો પરથી વેચાણ ખાતાવહી હવાલા ખાતા અને સામાન્ય ખાતાવહી હવાલા ખાતા તૈયાર કરો.

**તા. 30-06-2020 ના રોજનું વેચાણ ખાતાવહીનું કાચું સરવૈયું**

| વિગત | રાજકોટ (રૂા.) | જામનગર (રૂા.) |
|---|---|---|
| શરૂઆતની બાકીઓ (ઉધાર) | 2,40,000 | 2,22,000 |
| શરૂઆતની જમા બાકીઓ | 2,500 | 1,500 |
| કુલ વેચાણ | 3,67,000 | 3,15,000 |
| રોકડ વેચાણ | 52,000 | 68,000 |
| વેચાણ માલ પરત | 6,000 | 5,000 |
| ગ્રાહકો પાસેથી મળેલ રોકડ | 2,52,000 | 2,37,500 |
| મળેલ લેણીહૂંડીઓ | 64,000 | 52,000 |
| ઘાલખાધ માંડીવાળી | 8,750 | 5,500 |
| આપેલ વટાવ | 3,400 | 2,850 |
| અગાઉ માંડી વાળેલ ઘાલખાધ પરત મળી*<br>* ગ્રાહકો પાસેથી મળેલ રોકડમાં આ રકમનો સમાવેશ થયેલ નથી. | 900 | 1,150 |
| નકરાયેલી લેણીહૂંડીઓ | 7,750 | 4,450 |
| નામંજૂર કરેલ વટાવ | 600 | 400 |
| ઘાલખાધ અનામત | 9,000 | 11,000’ |
| આપેલ કસર | 550 | 350 |
| છેવટની જમા બાકી | 1,200 | 800 |

જામનગર વેચાણ ખાતાવહીનું રૂા. 4,500 નું વેચાણ ભૂલથી રાજકોટ વેચાણ ખાતાવહીમાં નોંધાયું હતું. જેની ફેરબદલી કરવાની છે.

**જવાબ :**

ઉધાર **રાજકોટની વેચાણ ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલા ખાતું** જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-6-2020 | બાકી આગળ લાવ્યા | 2,500 | 1-6-2020 | બાકી આગળ લાવ્યા | 2,40,000 |
| 31-6-2020 | **રાજકોટ વેચાણ ખાતાવહી હવાલા ખાતે :** | | 30-6-2020 | **રાજકોટ વેચાણ ખાતાવહી હવાલા ખાતે** | |
| 30-6-2020 | માલ પરત ખાતે | 6,000 | 30-6-2020 | ઉધાર વેચાણ | |
| 30-6-2020 | મળેલ રોકડ | 2,52,000 | | (367000-52000) | 3,15,000 |
| 30-6-2020 | ઘાલખાધ | 8,750 | 30-6-2020 | નકરાયેલી લેણીહૂંડીઓ | 7,750 |
| 30-6-2020 | આપેલ વટાવ | 3,400 | 30-6-2020 | નામંજૂર કરેલ વટાવ | 600 |
| 30-6-2020 | લેણીહૂંડીઓ | 64,000 | | | |
| 30-6-2020 | આપેલ કસર | 550 | | | |
| 30-6-2020 | જામનગર વેચાણ ખાતાવહીમાં ફેરબદલી | 4,500 | | | |
| **30-6-2020** | **બાકી આગળ લઈ ગયા** | **2,22,850** | **30-6-2020** | **બાકી આગળ લઈ ગયા** | **1,200** |
| | | **5,64,550** | | | **5,64,550** |
| **1-7-2020** | **બાકી આગળ લાવ્યા** | **1,200** | **1-7-2020** | **બાકી આગળ લાવ્યા** | **2,22,850** |
| - ઉધાર વેચાણ = કુલ વેચાણ - રોકડ વેચાણ | | | | | |

ઉધાર **સામાન્ય ખાતાવહીમાં રાજકોટ વેચાણ ખાતાવહી હવાલા ખાતું** જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-6-2020 | બાકી આગળ લાવ્યા | 2,40,000 | 1-6-2020 | બાકી આગળ લાવ્યા | 2,500 |
| 30-6-2020 | **સામાન્ય ખાતાવહી હવાલા ખાતે :** | | 30-6-2020 | **સામાન્ય ખાતાવહી- હવાલા ખાતે :** | |
| | ઉધાર વેચાણ | 3,15,000 | 30-6-2020 | માલ પરત ખાતે | 6,000 |
| | નકરાયેલી લેણીહૂંડીઓ | 7,750 | 30-6-2020 | મળેલ રોકડ | 2,52,000 |
| | નામંજૂર કરેલ વટાવ | 600 | 30-6-2020 | ઘાલખાધ | 8,750 |
| | | | 30-6-2020 | આપેલ વટાવ | 3,400 |
| | | | 30-6-2020 | મળેલ લેણીહૂંડીઓ | 64,000 |
| | | | 30-6-2020 | આપેલ કસર | 550 |
| | | | 30-6-2020 | જામનગર વેચાણ ખાતાવહીમાં ફેરબદલી | 4,500 |
| **30-6-2020** | **બાકી આગળ લઈ ગયા** | **1,200** | **30-6-2020** | **બાકી આગળ લઈ ગયા** | **2,22,850** |
| | | **5,64,550** | | | **5,64,550** |
| **1-7-2020** | **બાકી આગળ લાવ્યા** | **2,22,850** | **1-7-2020** | **બાકી આગળ લાવ્યા** | **1,200** |

**જામનગર વેચાણ ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલા ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-6-2020 | બાકી આગળ લાવ્યા | 1,500 | 1-6-2020 | બાકી આગળ લાવ્યા | 2,22,000 |
| 30-6-2020 | **જામનગર વેચાણ - ખાતાવહી હવાલા ખાતે :** | | 30-6-2020 | **જામનગર વેચાણ - ખાતાવહી હવાલા ખાતે :** | |
| 30-6-2020 | માલ પરત ખાતે | 5,000 | 30-6-2020 | ઉધાર વેચાણ (31,500-68000) | 2,47,000 |
| 30-6-2020 | મળેલ રોકડ | 2,37,500 | 30-6-2020 | નકરાયેલી લેણીહૂંડીઓ | 4,450 |
| 30-6-2020 | મળેલ લેણીહૂંડીઓ | 52,000 | 30-6-2020 | નામંજૂર કરેલ વટાવ | 400 |
| 30-6-2020 | ઘાલખાધ | 5,500 | 30-6-2020 | રાજકોટ વેચાણ ખાતા- | |
| 30-6-2020 | આપેલ વટાવ | 2,850 | | માંથી ફેરબદલી | 4,500 |
| 30-6-2020 | આપેલ કસર | 350 | | | |
| **30-6-2020** | **બાકી આગળ લઈ ગયા** | **1,74,450** | **30-6-2020** | **બાકી આગળ લઈ ગયા** | **800** |
| | | **4,79,150** | | | **4,79,150** |
| **1-7-2020** | **બાકી આગળ લાવ્યા** | **800** | **1-7-2020** | **બાકી આગળ લાવ્યા** | **1,74,450** |

**સામાન્ય ખાતાવહીમાં જામનગર વેચાણ ખાતાવહી હવાલા ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (રૂા.) | તારીખ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| 1-6-2020 | બાકી આગળ લાવ્યા | 2,22,000 | 1-6-2020 | બાકી આગળ લાવ્યા | 1,500 |
| 30-6-2020 | **સામાન્ય ખાતાવહી - હવાલા ખાતે :** | | 30-6-2020 | **સામાન્ય ખાતાવહી - હવાલા ખાતે :** | |
| 30-6-2020 | ઉધાર વેચાણ | 2,47,000 | 30-6-2020 | માલ પરત | 5,000 |
| 30-6-2020 | નકરાયેલી લેણીહૂંડીઓ | 4,450 | 30-6-2020 | મળેલ રોકડ | 2,37,500 |
| 30-6-2020 | નામંજૂર કરેલ વટાવ | 400 | 30-6-2020 | મળેલ લેણીહૂંડીઓ | 52,000 |
| 30-6-2020 | રાજકોટ વેચાણ - | | 30-6-2020 | ઘાલખાધ | 5,500 |
| | ખાતાવહીમાંથી ફેરબદલી | 4,500 | 30-6-2020 | આપેલ વટાવ | 2,850 |
| | | | 30-6-2020 | આપેલ કસર | 350 |
| **30-6-2020** | **બાકી આગળ લઈ ગયા** | **800** | **30-6-2020** | **બાકી આગળ લઈ ગયા** | **1,74,450** |
| | | **4,79,150** | | | **4,79,150** |
| **1-7-2020** | **બાકી આગળ લાગ્યા** | **1,74,450** | **1-7-2020** | **બાકી આગળ લાવ્યા** | **800** |

**નોંધ :** ઘાલખાધ પરત અને ઘાલખાધ અનામતની નોંધ વેચાણ ખાતાવહીમાં થશે નહીં.

**: સ્વાધ્યાય :**

**(1) નીચેના પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

**1. નીચે આપેલામાંથી કયા ફાયદા આપમેળી ખાતાવહીના નથી.**

(a) ઝડપથી ભૂલ શોધી શકાય (b) વાર્ષિક હિસાબો ઝડપથી તૈયાર કરી શકાય

(c) કાર્યનું વિભાજન કરી શકાય (d) ખર્ચ ઘટાડી શકાય

2. **નીચેનામાંથી કયુ પેટા વિભાજન ખાતાવહીનું છે ?**
   (a) ખરીદ ખાતાવહી (b) વેચાણ ખાતાવહી
   (c) સામાન્ય ખાતાવહી (d) ઉપરના બધાજ

3. **નીચેનામાંથી કયા વ્યવહાર ખરીદ ખાતાવહીમાં નોંધવામાં આવે છે ?**
   (a) ઉધાર ખરીદી (b) ઉધાર વેચાણ
   (c) મળેલ રોકડ (d) મળેલ વટાવ

4. **નીચેનામાંથી કયા વ્યવહાર માટે ખાતાવહીને આપમેળી બનાવવા માટે હવાલા નોંધ કરવાની જરૂર નથી ?**
   (a) ઉધાર વેચાણ (b) રોકડ વેચાણ
   (c) ઉધાર ખરીદી (d) મળેલ વટાવ

5. **કયા વ્યવહાર વેચાણ ખાતાવહીમાં નોંધવામાં આવશે ?**
   (a) ઉધાર વેચાણ (b) રોકડ વેચાણ
   (c) મળેલ વટાવ (d) a અને c

6. **નકરાયેલી લેણીહૂંડીનો વ્યવહાર કઈ હવાલા નોંધમાં નોંધાશે ?**
   (a) વેચાણ ખાતાવહી હવાલા નોંધમાં જમા બાજુ
   (b) વેચાણ ખાતાવહી હવાલાનોંધમાં ઉધાર બાજુ
   (c) ખરીદ ખાતાવહી હવાલા નોંધમાં ઉધાર બાજુ
   (d) ખરીદ ખાતાવહી હવાલા નોંધમાં જમા બાજુ

7. **ખાનગી ખાતાવહીમાં નીચેનામાંથી કયો વ્યવહાર નોંધવામાં આવે છે ?**
   (a) ઉધાર વેચાણ (b) મૂડી ખાતું
   (c) પગાર ખાતું (d) લેણીહૂંડીનું ખાતું

8. **નીચેનામાંથી કયા વ્યવહાર માત્ર સામાન્ય ખાતાવહીમાંજ લખવામાં આવે છે ?**
   (a) ખરીદ પરત (b) ઉપાડ ખાતું
   (c) વેચાણવેરા ખાતું (d) દેવીહૂંડીનું ખાતું

9. **ચૂકવેલ પગાર અંગે ખાતાવહીને આપમેળી બતાવવા માટે નીચેનામાંથી કઈ નોંધ થશે ?**
   (a) વેચાણ ખાતાવહી હવાલા ખાતે ઉ
   તે સામાન્ય ખાતાવહી હવાલા ખાતે
   (b) સામાન્ય ખાતાવહી હવાલા ખાતે ઉ
   તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે
   (c) ખરીદ ખાતાવહી હવાલા ખાતે ઉ
   તે વેચાણ ખાતાવહી હવાલા ખાતે
   (d) ઉપરમાંથી એક પણ નહી

**10. ખાનગી ખાતાવહીમાં કોની સાથે થતા વ્યવહારો નોંધવામાં આવે છે ?**

(a) માલિક સાથે (b) દેવાદારો સાથે

(c) લેણદારો સાથે (d) બેન્ક સાથે

**2. સૈધ્ધાંતિક પ્રશ્નો :**

1. આપમેળી ખાતાવહી એટલે શું ? આપમેળી ખાતાવહીના ફાયદાઓ જણાવો.
2. વેચાણ ખાતાવહીને આપમેળી બતાવવા માટેની જરૂરી આમનોંધ જણાવો.
3. ખરીદ ખાતાવહીને આપમેળી બતાવવા અંગેની જરૂરી આમનોંધ જણાવો.
4. ખાનગી ખાતાવહી વિશે ટૂંકનોંધ લખો.
5. સામાન્ય ખાતાવહીમાં ખરીદ ખાતાવહી હવાલા ખાતાનો નમૂનો લખો.
6. સામાન્ય ખાતાવહીમાં વેચાણ ખાતાવહી હવાલા ખાતાનો નમૂનો આપો.

**3. વ્યવહારિક પ્રશ્નો :**

1. અલંકારના ચોપડે નીચે આવેલ વિગતો પરથી વેચાણ ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલા ખાતું અને સામાન્ય ખાતાવહીમાં વેચાણ ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરો.

| વિગત | રકમ (રૂા.) |
|---|---:|
| શરૂઆતની ગ્રાહકોની બાકી (તા.1-4-2020) | 89,750 |
| ઉધાર વેચાણ | 1,12,250 |
| મળેલ લેણીહૂંડીઓ | 18,000 |
| નકરાયેલી લેણીહૂંડીઓ | 3,000 |
| માલ પરત | 6,400 |
| મળેલ રોકડ | 95,500 |
| આપેલ વટાવ | 4,450 |
| ઘાલખાધ માંડીવાળી | 1,550 |

(**જવાબ :** સામાન્ય ખાતાવહી હવાલા ખાતાની જમા બાકી રૂા.79,100)
વેચાણ ખાતાવહી હવાલા ખાતાની ઉધાર બાકી રૂા. 79,100)

2. એક પેઢી (1) દેવાદારોની ખાતાવહી (2) લેણદારોની ખાતાવહી અને (3) સામાન્ય ખાતાવહી આપમેળી પદ્ધતિએ રાખે છે. તેમના જૂન, 1996 ના વ્યવહારોની નીચે આપેલ વિગત પરથી તમારે દેવાદારોની ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરવાનું છે.

| વિગત | રકમ (રૂા.) |
|---|---:|
| તા.1-6-2020 ના રોજ શરૂઆતની ઉધાર બાકી | 1,00,000 |
| ઉધાર વેચાણ | 80,000 |
| ગ્રાહક પાસેથી રોકડા મળ્યા | 60,000 |
| ઉપરની રકમ પર વટાવ આપ્યો | 600 |

| | |
|---|---|
| ગ્રાહકો પાસેથી હૂંડીઓ મળી | 20,000 |
| ગ્રાહકોએ પરત કરેલ માલની કિંમત | 4,000 |
| ગ્રાહકોએ નકારેલ હૂંડીઓ | 1,000 |
| ડૂબેલા લેણાં માંડી વાળ્યા | 4,000 |

(**જવાબ :** સામાન્ય ખાતાવહી હવાલા ખાતાની જમા બાકી રૂા.92,400)

3. જૈનમ શાહ આપમેળી ખાતાવહી પદ્ધતી દ્વારા પોતાના હિસાબો રાખે છે. તેની એપ્રિલ, 2020ની નીચે આપેલ વિગતો પરથી ખરીદ ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલા ખાતું અને સામાન્ય ખાતાવહીમાં ખરીદ ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરો. તેમજ આપમેળી ખાતાવહી બનાવવા માટે જરૂરી આમનોંધ પણ કરો.

| વિગત | રકમ (રૂા.) |
|---|---|
| લેણદારોની શરૂઆતની બાકી (તા.1-4-2020) | 65,700 |
| ઉધાર ખરીદી | 87,400 |
| માલ પરત | 3,900 |
| સ્વીકારેલ દેવીહૂંડીઓ | 13,800 |
| રોકડા ચૂકવ્યા | 77,000 |
| મળેલ વટાવ | 2,900 |

(**જવાબ :** સામાન્ય ખાતાવહી હવાલા ખાતું ઉધાર બાકી રૂા.55,500 -
ખરીદ ખાતાવહી હવાલા ખાતું જમાબાકી રૂા. 55,500)

4. શ્રી જયશંકર પોતાના હિસાબી ચોપડા આપમેળી ખાતાવહી પદ્ધતિથી રાખે છે, નીચેની માહિતી પરથી ખરીદ ખાતાવહી અને વેચાણ ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલા ખાતું અને સામાન્ય ખાતાવહીમાં વેચાણ ખાતાવહી હવાલા ખાતું અને ખરીદ ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરો. તેમજ બન્ને ખાતાવહીને આપમેળી બતાવવા માટે જરૂરી આમનોંધ લખો.

| વિગત | રકમ (રૂા.) | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|
| દેવાદારોની શરૂબાકી (1-5-2020) | 95,650 | દેવાદારોને આપેલ વટાવ | 5,600 |
| લેણદારોની શરૂબાકી (1-5-2020) | 78,350 | લેણદારો પાસેથી મળેલ વટાવ | 4,950 |
| ઉધાર વેચાણ | 1,17,600 | દેવાદારો પાસેથી મળેલ લેણીહૂંડીઓ | 34,600 |
| ઉધાર ખરીદી | 94,000 | સ્વીકારેલી દેવીહૂંડીઓ | 22,900 |
| વેચાણ માલ પરત | 4,100 | નકરાયેલી લેણીહૂંડીઓ | 7,450 |
| ખરીદ માલ પરત | 3,700 | ઘાલખાધ માંડીવાળી | 1,950 |
| રોકડ ખરીદી | 30,000 | ખરીદ ખાતાવહીમાંથી વેચાણ ખાતાવહીમાં ફેરબદલી | 2,000 |
| રોકડ વેચાણ | 45,000 | | |
| દેવાદારો પાસેથી રોકડા મળ્યા | 1,06,950 | દેવાદારોને આપેલ વટાવ નામંજૂર કરતા | 300 |
| લેણદારોને રોકડા ચૂકવ્યા | 90,850 | | |
| | | લેણદારોએ નામંજૂર કરેલ વટાવ | 200 |

(**જવાબ :** ખરીદ ખાતાવહી હવાલા ખાતું : રૂા. 48,150 -

વેચાણ ખાતાવહી હવાલા ખાતું : રૂા. 65,800)

5. શ્રી શાંતારામ પોતાના હિસાબી ચોપડા આપમેળી ખાતાવહી પદ્ધતિ રાખે છે. નીચેની માહિતી પરથી દેવાદારોની ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલા ખાતું અને સામાન્ય ખાતાવહીમાં લેણદારોની ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરો.

| વિગત | રકમ (રૂા.) | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|
| દેવાદારો (તા.1-1-'05 ના રોજ) | 23,850 | લેણદારોને રોકડા ચૂકવ્યા | 24,820 |
| લેણદારો (તા.1-1-'05ના રોજ) | 10,650 | દેવાદારોને વટાવ આપ્યો | 825 |
| ઉધાર વેચાણ | 38,320 | લેણદારો તરફથી વટાવ મળ્યો | 375 |
| ઉધાર ખરીદી | 32,840 | દેવાદારો પાસેથી લેણીહૂંડી મળી | 5,300 |
| દેવાદારો પાસેથી રોકડા મળ્યા | 37,685 | લેણદારોની દેવીહૂંડીઓ સ્વીકારી | 6,800 |
| વેચાણ માલ પરત | 3,470 | ઘાલખાધના માંડીવાળ્યા | 420 |
| ખરીદ માલ પરત | 1,835 | દેવાદારો ખાતે ઉધારેલ વ્યાજ | 680 |
| નકરાયેલી લેણીહૂંડીઓ | 2,200 | લેણદારોએ ચઢાવેલ વ્યાજ | 435 |
| લેણીહૂંડી વેચાણશેરો કરીને લેણદારોને આપી | 2,100 | | |

(**જવાબ :** દેવાદારોની ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલા ખાતાની જમા બાકી રૂા. 17,350, અને સામાન્ય ખાતાવહીમાં લેણદારોની ખાતાવહી હવાલાની ઉધાર બાકી રૂા. 7,905)

6. ધી સીસ્ટેમેટિક કંપની લિમિટેડ તેની ખાતાવહીઓ આપમેળી પદ્ધતિએ રાખે છે, નીચેની દેવાદારોની બાકીઓ પરથી સામાન્ય ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરો.

| વિગત | રકમ (રૂા.) | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|
| શરૂઆતની બાકી (ઉધાર) | 75,000 | અગાઉ માંડી વાળેલ ઘાલખાધની રકમ મળી (ગ્રાહકો પાસેથી મળેલ રોકડમાં આ રકનો સમાવેશ થતો નથી.) | 500 |
| શરૂઆતની બાકી (જમા) | 3,000 | | |
| કુલ વેચાણ | 1,40,000 | ઘાલખાધની અનામત | 2,000 |
| વેચાણ માલ પરત (ઉધાર વેચાણ પૈકી) | 1,100 | લેણીહૂંડી નકરાઈ | 700 |
| ગ્રાહકો પાસેથી મળેલ રોકડ | 95,000 | દેવાદારો પર વટાવ અનામત | 400 |
| ગ્રાહકોએ સ્વીકારેલી હૂંડીઓ | 8,000 | રોકડ વેચાણ | 30,000 |
| આપેલ વટાવ | 1,200 | નકરામણી ખર્ચ | 10 |
| માંડી વાળેલ ઘાલખાધ | 840 | આખરની બાકી (જમા) | 2,000 |

(**જવાબ :** વેચાણ ખાતાવહી હવાલા ખાતાની ઉધાર બાકી રૂા. 78,570)

7. નીચેની માહિતી ઉપરથી વેચાણ ખાતાવહીમાં 'સામાન્ય ખાતાવહી હવાલા ખાતું' તૈયાર કરો.

| વિગત | રકમ (રૂા.) | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|
| દેવાદારોની શરૂઆતની બાકી | 30,000 | દેવાદારોએ સ્વીકારેલી હૂંડીઓ | 5,000 |
| કુલ વેચાણ | 1,00,000 | દેવાદારોને આપેલ વટાવ | 1,500 |
| દેવાદારો તરફથી માલ પરત | 6,000 | લેણીહૂંડીના રોકડા મળ્યા | 2,000 |
| દેવાદારો પાસેથી મળેલ રોકડ | 75,000 | રોકડ વેચાણ | 20,000 |
| ઘાલખાધ | 2,000 | રોકડ વેચાણમાંથી માલ પરત | 500 |

આ ઉપરાંત ખાતાવહીઓ આપમેળી બતાવવા માટે ઉપરના વ્યવહારો માટે આમનોંધ લખો.

(**જવાબ :** સામાન્ય ખાતાવહી હવાલા ખાતાની જમા બાકી રૂા. 20,500)

8. શ્રી અજિત મરચન્ટ પોતાના હિસાબી ચોપડા આપમેળી ખાતાવહી પદ્ધતિથી રાખે છે. નીચેની માહિતી પરથી વેચાણ ખાતાવહીમાં સામાન્ય ખાતાવહી હવાલા ખાતું અને સામાન્ય ખાતાવહીમાં ખરીદ ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરો.

| વિગત | રકમ (રૂા.) |
|---|---|
| દેવાદારોની શરૂઆતની બાકી (ઉધાર) | 40,000 |
| દેવાદારોની શરૂઆતની બાકી (જમા) | 300 |
| લેણદારોની શરૂઆતની બાકી (જમા) | 25,000 |
| કુલ વેચાણ | 70,000 |
| ઉધાર ખરીદ | 50,000 |
| ખરીદ પરત | 1,500 |
| લેણદારોને રોકડા ચૂકવ્યા | 43,000 |
| દેવાદારો પાસેથી રોકડા મળ્યા | 50,000 |
| લેણીહૂંડી વેચાણ શેરો કરી લેણદારોને આપી | 8,500 |
| વટાવ મળ્યો | 500 |
| દેવાદારો પાસેથી લેણીહૂંડી મળી | 10,000 |
| વટાવ આપ્યો | 750 |
| દેવાદારો વતી પરચુરણ ખર્ચ | 210 |
| લેણીહૂંડી નકરાઈ (કે જે લેણદારોને વેચાણ શેરો કરીને આપેલ) | 420 |
| અગાઉથી માંડી વાળેલ ઘાલખાધની રકમ પરત મળી | 840 |
| વેચાણ ખાતાવહીમાંથી ખરીદ ખાતાવહીમાં ફેરબદલી | 380 |
| રોકડ વેચાણ | 10,000 |
| દેવાદારોની આખરની બાકી (જમા) | 200 |

(**જવાબ :** વેચાણ ખાતાવહી હવાલા ખાતાની જમા બાકી રૂા.39,400 અને ખરીદ ખાતાવહી હવાલા ખાતાની જમા બાકી રૂા. 21,540)

(**નોંધ :** વેચાણ શેર કરેલ લેણીહૂંડીની નોંધ ખરીદ ખાતાવહી હવાલા ખાતા ઉધારબાજુ થશે. જયારે વેચાણ શેરો કરેલ નકરાયેલી હૂંડીની નોંધ ખરીદ ખાતાવહી હવાલા

ખાતામાં જમા બાજુ અને વેચાણ ખાતાવહી હવાલા ખાતામાં ઉધારબાજુ થશે અને દેવાદારો વતી કરેલ ખર્ચ વેચાણ ખાતાવહી હવાલા ખાતામાં ઉધાર બાજુ નોંધાશે)

9. શિવ શંકર પોતાના હિસાબોમાં વેચાણ ખાતાવહી A થી M અને N થી Z એમ બે વિભાગમાં રાખે છે. નીચેની માહિતી 31-5-2020 ના રોજ પુરા થતા માસની આપેલ છે તે પરથી સામાન્ય ખાતાવહીમાં A થી M અને N થી Z ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરો.

| વિગત | A - M (રૂા.) | N - Z (રૂા.) |
|---|---|---|
| શરૂઆતની ઉધાર બાકીઓ | 1,37,000 | 1,80,000 |
| શરૂઆતની જમા બાકીઓ | -- | 2,500 |
| કુલ વેચાણ | 3,30,000 | 4,20,000 |
| રોકડ વેચાણ | 70,000 | 80,000 |
| ગ્રાહકો પાસેથી મળેલ રોકડ | 2,42,000 | 2,71,000 |
| ગ્રાહકો પાસેથી મળેલ લેણીહૂંડીઓ | 47,000 | 58,000 |
| નકરાયેલી લેણીહૂંડીઓ | 4,650 | 6,350 |
| આપેલ વટાવ | 2,250 | 3,375 |
| વેચાણ માલ પરત | 6,725 | 5,525 |
| ગ્રાહકોને આપેલ કસર | 375 | 485 |
| ઘાલખાધ માંડીવાળી | 3,625 | 4,715 |
| અગાઉ માંડી વાળેલ ઘાલખાધના મળ્યા | -- | 500 |
| ઘાલખાધ અનામત | 10,000 | 12,000 |
| ગ્રાહકોને નામંજૂર કરેલ વટાવ | 250 | 375 |
| આખરની બાકી (જમા) | 1,000 | 1,500 |

આ સમય દરમિયાન કુ. જાનકી નામની એક ગ્રાહક જેનું ખાતું રૂા. 6,600 ની ઉધાર બાકી ધરાવતું હતું. તેણીએ મી. રામ સાથે લગ્ન કર્યા તેથી તેણીનું ખાતું તેના નવા નામે બીજી ખાતાવહીમાં ફેરવવામાં આવ્યું હતું.

(**જવાબ :** A - M વેચાણ ખાતાવહી હવાલા ખાતું = 1,00,900 ઉધારબાકી)

N - Z વેચાણ ખાતાવહી હવાલા ખાતાની ઉધાર બાકી રૂા. 2,41,425)

10. જાન્યુઆરી 2006ની નીચેની માહિતી ઉપરથી ખરીદ ખાતાવહીમાં લેણદારોના ખાતાં અને સામાન્ય ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરો અને તે ઉપરથી ખરીદ ખાતાવહીનું કાચું સરવૈયું તૈયાર કરો.

| વેપારીઓનાં નામ | 1-1-'96ના રોજની બાકી | ઉધાર ખરીદી | ચૂકવેલ રોકડ | મળેલ વટાવ | ખરીદ માલ પરત |
|---|---|---|---|---|---|
| શ્રી કસ્તુરભાઈ | 2,360 | 2,740 | 2,110 | 110 | 140 |
| શ્રી અરવિંદભાઈ | 3,500 | 2,980 | 3,220 | 150 | 130 |
| શ્રી હરગોવિંદભાઈ | 2,720 | 2,370 | 2,510 | 125 | 85 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી નરોત્તમભાઈ | 3,140 | 1,960 | 3,000 | 140 | -- |
| શ્રી વિક્રમભાઈ | 2,850 | 1,890 | 2,590 | 125 | 135 |
| **કુલ** | **14,570** | **11,940** | **13,430** | **650** | **490** |

(**જવાબ :** આખરની બાકી : શ્રી કસ્તુરભાઈ રૂા. 2740, શ્રી અરવિંદભાઈ રૂા. 2980, શ્રી હરગોવિંદભાઈ રૂા. 2370, શ્રી નરોત્તમભાઈ રૂા. 1960, શ્રીવિક્રમભાઈ રૂા.2740, સામાન્ય ખાતાવહીની બાકી રૂા. 11940, કાચા સરવૈયાનો સરવાળો રૂા. 11940)

11. નીચેની વિગતો ઉપરથી સામાન્ય ખાતાવહીમાં વેચાણ ખાતાવહી હવાલા ખાતું અને ખરીદ ખાતાવહી હવાલા ખાતું તૈયાર કરો.

| **વિગત** | **રકમ (રૂા.)** |
|---|---|
| દેવાદારો ઉધાર બાકી (તા.1-1-'06 ના રોજ) | 1,03,950 |
| દેવાદારો જમા બાકી (તા.1-1-'06 ના રોજ) | 1,320 |
| લેણદારો જમા બાકી (તા. 1-1-'06 ના રોજ) | 1,63,848 |
| લેણદારો ઉધાર બાકી (તા.1-1-'06 ના રોજ) | 624 |
| 2006 ના વર્ષ માટેના વ્યવહારો : | |
| ખરીદ (રોકડ ખરીદી રૂા. 20,000 સહિત) | 1,71,200 |
| વેચાણ (રોકડ વેચાણ રૂા. 40,000 સહિત) | 2,08,000 |
| ખરીદ માલ પરત (ઉધાર ખરીદી પૈકી) | 4,284 |
| લેણદારોને ચૂકવેલ રોકડ | 76,200 |
| દેવાદારો પાસેથી મળેલ લેણીહૂંડીઓ | 55,800 |
| નકરાયેલી લેણીહૂંડીઓ | 1,200 |
| સ્વીકારેલ દેવીહૂંડીઓ | 44,400 |
| દેવારોએ મંજૂર કરેલ વટાવ | 1,290 |
| દેવાદરોને મંજૂર કરેલ વટાવ પાછળથી નામંજૂર કર્યો | 600 |
| દેવાદારો પાસેથી મળેલ રોકડ | 52,200 |
| લેણદારો પાસેથી મળેલ વટાવ | 6,120 |
| દેવાદારોને ચૂકવેલ રોકડ | 150 |
| દેવાદારોની ખાતાવહીમાંથી લેણદારોની ખાતાવહીમાં ફેરબદલી | 74,520 |
| માંડી વાળેલ ઘાલખાધ | 1,290 |
| લેણીહૂંડી વેચાણ શેરો કરીને લેણદારોને આપી | 10,000 |
| વેચાણ શેરો કરીને આપેલ હૂંડી નકરાઈ | 5,000 |

(**જવાબ :** વેચાણ ખાતાવહી હવાલા ખાતાની ઉધાર બાકી રૂા. 92,486 - ખરીદ ખાતાવહી હવાલા ખાતાની જમાબાકી રૂા. 1,30,900)

**1. યોગ્ય વિકલ્પ પસંદ કરોના જવાબો :**

(1) (d) (2) (d) (3) (a) (4) (b) (5) (d)

(6) (b) (7) (b) (8) (c) (9) (d) (10) (a)

| યુનિટ 10 | જાંગડ વેચાણના હિસાબો |
|---|---|

:: રૂપરેખા ::


10.0 પ્રસ્તાવના અને અર્થ

10.1 જાંગડ વેચાણના હિસાબો રાખવાની પદ્ધતિઓ

10.2 ઉદાહરણો

10.3 સ્વાધ્યાય

1. સૈદ્ધાંતિક પ્રશ્નો
2. વિકલ્પો
3. વ્યવહારિક દાખલા


## 10.0 પ્રસ્તાવના અને અર્થ :

વર્તમાન સમયમાં વેચાણ અંગેની જુદી જુદી પદ્ધતિઓ જોવા મળે છે. જેવી કે રોકડ વેચાણ, ઉધાર વેચાણ, હપ્તા પદ્ધતિથી વેચાણ, ભાડે ખરીદપદ્ધતિથી વેચાણ. એવી જ એક રીત વેચાણ અંગેની છે જાંગડથી વેચાણ. આપણે જાણીએ છીએ કે અત્યારના સમયમાં બજારમાં ખૂબ જ પ્રમાણમાં હરીફાઈ જોવા મળે છે. દરેક વેપારીને પોતાના માલનું વેચાણ વધારવા માટે અવનવી રીતો અપનાવવી પડતી હોય છે. વેચાણ અંગેની જુદી - જુદી રીતો વેપારીઓ દ્વારા અપનાવવામાં આવતી હોય છે. તેમાંની એક રીતે છે જાંગડ વેચાણની રીત. અન્ય વેચાણ અંગેની રીતના ગેર ફાયદાઓને કારણે વેપારીને પોતાનું વેચાણ વધરાવા જાંગડ વેચાણની રીત ખૂબ જ ફાયદાકારક સાબીત થાય છે.

જાંગડ વેચાણની રીતમાં વેપારી દ્વારા ગ્રાહકને માલ પૂરો પાડ્યા પછી જો ગ્રાહકને માલ પસંદ પડે તો રાખે છે અને જો માલ પંસદ ન પડે તો તે માલ નિશ્ચિત સમય મર્યાદામાં વેપારીને પાછો કરી શકે છે. આમ જાંગડ વેચાણ એટલે જો ગ્રાહકને માલ પસંદ પડે તો રાખી લે છે અને જો માલ પસંદ ન પડે તો તે માલ પરત કરી શકે છે. આમ આ પદ્ધતિ અન્ય વેચાણની પદ્ધતિ કરતા આ રીતે જુદી પડે છે. જ્યારે અન્ય વેચાણની પદ્ધતિમાં ગ્રાહકને એક વખત માલ વેચ્યા પછી ગ્રાહક માલ પરત કરી શકતો નથી. જ્યારે જાંગડ વેચાણની પદ્ધતિમાં ગ્રાહકને માલ વેચ્યા પછી જો તેને પસંદ ન પડે તો ગ્રાહક માલ પાછો કરી શકે છે.

આમ ગ્રાહક દ્વારા કરવામાં આવેલ માલની ખરીદી બાદ તે પોતાના કૌટુંબિક લોકો સાથે અથવા મિત્રો સાથે માલ રાખવા કે ન રાખવાનો પરામર્શ કરી શકે છે. ખાસ કરીને જ્યારે ગ્રાહક દ્વારા અન્ય રાજ્ય કે શહેરમાંથી માલની ખરીદી કરવાની હોય અને તે માલ અંગે અન્ય વ્યક્તિની પરામર્શની જરૂર હોય ત્યારે ગ્રાહક માટે આ પદ્ધતિ ખૂબ જ ઉપયોગી નીવડે છે.

વેપારી દ્વારા ગ્રાહકને જાંગડથી વેચેલ માલ અંગે જ્યા સુધી ગ્રાહક દ્વારા ખરીદી અંગેની નિર્ણયની જાણ કરવામાં ન આવે ત્યાર સુધી માલ ગ્રાહકના કબજામાં રહે છે તેથી માલની સાર સંભાળ રાખવાની જવાબદારી ગ્રાહકની રહે છે. જો ગ્રાહકને માલ પસંદ ન પડે તો તેણે જે સ્થિતિમાં વેપારી દ્વારા માલ આપવામાં આવેલ હોય તે જ સ્થિતિમાં માલ વેપારીને પાછો કરવો પડે છે અને જો માલ પસંદ પડે તો ગ્રાહક રાખી લે છે.

આમ જાંગડ વેચાણની પદ્ધતિ એ એક વેચાણ અંગેની આદર્શ પરિસ્થિતિ બની શકે છે. આ

પદ્ધતિમાં બન્ને પક્ષકારો માટે વીન-વીન જેવી પરિસ્થિતિ ઉદ્‌ભવે છે. એટલે કે આ પદ્ધતિમાં વેપારી માટે તેના વેચાણનું વોલ્યુમમાં વધારો થાય છે અને ગ્રાહકને માલ રાખવો કે નહી તે અંગે પસંદગીની તક મળે છે. જેથી બન્ને પક્ષકારો માટે આ પદ્ધતિ ફાયદાકારક નિવડે છે.

## 10.1 જાંગડ વેચાણના હિસાબો રાખવાની પદ્ધતિઓ

વેપારી સામાન્ય રીતે નીચે મુજબની રીત પ્રમાણે જાંગડ વેચાણની નોંધ રાખે છે.

(અ) જ્યારે વર્ષ દરમિયાન કોઈ કોઈ વાર જાંગડ પર માલ વેચવામાં આવતો હોય ત્યારે

(બ) જ્યારે જાંગડથી ઠીક-ઠીક પ્રમાણમાં માલનું વેચાણ કરવામાં આવતું હોય ત્યારે

(ક) જ્યારે જાંગડ વેચાણનાં વ્યવહારો વારંવાર થતા હોય ત્યારે

**(અ) જ્યારે વર્ષ દરમિયાન કોઈ કોઈ વાર જાંગડ પર માલ વેચવામાં આવતો હોય ત્યારે :**

જ્યારે વેપારી દ્વારા વર્ષ દરમિયાન કોઈ કોઈ વાર જ જાંગડ પર માલનું વેચાણ કરતો હોય ત્યારે વેપારી અલગ ખાતું કે ચોપડો રાખવાને બદલે તેની નોંધ સામાન્ય વેચાણની જેમ જ તેના ચોપડામાં કરે છે. જે અંગે માલ વેચનાર વેપારીનાં ચોપડે જાંગડ માલ વેચાણની નોંધ નીચે પ્રમાણે કરવામાં આવે છે.

**૧. જ્યારે માલનું જાંગડથી વેચાણ કરવામાં આવે ત્યારે,**

ગ્રાહક ખાતે ઉ ........

તે વેચાણ ખાતે ........

**૨. જ્યારે જાંગડથી વેચેલ માલ પરત આવે ત્યારે,**

વેચાણ પરત ખાતે ઉ ........

તે ગ્રાહક ખાતે ........

**૩. જ્યારે હિસાબી વર્ષ પુરૂ થતા જાંગડથી વેચેલ માલ અંગે ગ્રાહક તરફથી માલની સ્વીકાર અંગેના નિર્ણયની જાણ ન થઈ હોય ત્યારે તેનો હવાલા નોંધ :**

વેચાણ ખાતે ઉ ........

તે ગ્રાહક ખાતે ........

**૪. હિસાબી વર્ષનાં અંતે જાંગડથી વેચેલ માલ અંગે આખરી નિર્ણય ન મળ્યો હોય ત્યારે તેની હવાલા નોંધ :**

ગ્રાહકો પાસે સ્ટોક ખાતે ઉ ........

તે વેપાર ખાતે ........

આમ, હિસાબી વર્ષનાં અંતે જાંગડથી વેચેલ માલ અંગે જ્યારે ગ્રાહકો પાસેથી કોઈ નિર્ણય ન આવેલ હોય ત્યારે ઉપર મુજબની હવાલા નોંધ કરવામાં આવે છે. ઉપર મુજબની સ્ટોક અંગેની હવાલા નોંધમાં માલની મૂળ કિંમત અને બજાર કિંમત બે માંથી જે કિંમત ઓછી હોય છે તે કિંમત ધ્યાનમાં લેવામાં આવે છે.

અને પેઢીના વાર્ષિક હિસાબોમાં તૈયાર કરતી વખતે તેને વેપાર ખાતાની જમા બાજુ ‘જાંગડ માલનાં સ્ટોક’ તરીકે અને પાકા-સરવૈયામાં મિલકત લેણાં બાજું ‘જાંગડ માલનાં સ્ટોક’ તરીકે દર્શાવવામાં આવે છે.

**ઉ.દા.૧** શ્રી ઈલેક્ટ્રોનિક્સ કોઈ કોઈ વાર પોતાના ગ્રાહકોને ટી.વી.નું જાંગડ વેચાણ કરે છે અને તેનું નામુ વેચાણ નોંધમાં લખે છે તેનું હિસાબી વર્ષ ૩૧ મી માર્ચના રોજ પૂરૂ થાય છે. તેણો ૨૦ માર્ચ ૨૦૨૦ના રોજ ૧૦ ટી.વી. દરેક રૂા.૨૦,૦૦૦ની કિંમતે જાંગડથી વેચાણ કરેલ છે. ગ્રાહક તરફથી કોઈ નિર્ણયની જાણ થયેલ નથી. ટી.વી.ની પડતર કિંમત રૂા. ૧૮,૦૦૦ છે. તેના પાકા સરવૈયામાં તા. ૩૧-૦૩-૨૦૨૦ના રોજ જાંગડ વેચાણ રદ કર્યા પહેલાં પરચૂરણ દેવાદારોની બાકી રૂા. ૪,૦૦,૦૦૦ હતી.

તો ઉપરના વ્યવહારો અંગેની નોંધ શ્રી ઈલેક્ટ્રોનિક્સનાં ચોપડે કરો. તેમજ તેના હિસાબોમાં કઈ રીતે દર્શાવાશે તે જણાવો.

જવાબ :

**શ્રી ઈલેક્ટ્રોનિક્સના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| ૨૦-૦૩-૨૦૨૦ | ગ્રાહક ખાતે (૧૦ X ૨૦,૦૦૦) ઉ | | ૨,૦૦,૦૦૦ | |
| | તે વેચાણ ખાતે | | - | ૨,૦૦,૦૦૦ |
| | (બા.જે. ૧૦ ટી.વી.નું દરેક ₹ ૨૦,૦૦૦ લેખે જાંગડથી વેચાણ કર્યું તેના) | | | |
| ૩૧-૦૩-૨૦૨૦ | વેચાણ ખાતે ઉ | | ૨,૦૦,૦૦૦ | |
| | તે ગ્રાહક ખાતે | | - | ૨,૦૦,૦૦૦ |
| | (બા.જે. જાંગડથી વેચેલ માલ અંગે વર્ષ પુરૂ થતા ગ્રાહક તરફથી નિર્ણય અંગેની કોઈ જાણ ન થતા વેચાણ રદ કરવાની નોંધ કરી તેના) | | | |
| ૩૧-૦૩-૨૦૨૦ | ગ્રાહક પાસે સ્ટોક ખાતે ઉ | | ૧,૮૦,૦૦૦ | |
| | તે વેપાર ખાતે (૧૦ X 18,000) | | - | ૧,૮૦,૦૦૦ |
| | (બા.જે. વર્ષને અંતે ગ્રાહક તરફથી આખરી નિર્ણય ન મળેલ માલ અંગેના સ્ટોકની હવાલા નોંધ કરી તેના) (નોંધઃ અહીં વેચાણ કિંમત અને પડતર કિંમતમાંથી જે કિંમત ઓછી હોય તે ધ્યાને લેવી.) | | | |

ઉધાર **તા. ૩૧-૦૩-૨૦૨૦ના રોજ પૂરા થતા વર્ષનું વેપાર ખાતું** જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| | | વેચાણ<br>બાદ:<br>જાંગડ વેચાણ ૨,૦૦,૦૦૦<br>જાંગડ માલ સ્ટૉક ખાતે | ૧,૮૦,૦૦૦ |

**તા. ૩૧-૦૩-૨૦૨૦ના રોજનું પાકું-સરવૈયું**

| મૂડી-દેવા | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|
| | | દેવાદારો : ૪,૦૦,૦૦૦<br>બાદ:<br>જાંગડ વેચાણ ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| | | જાંગડ માલ સ્ટૉક ખાતે | ૧,૮૦,૦૦૦ |

**(બ).જ્યારે જાંગડથી ઠીક-ઠીક પ્રમાણમાં માલનું વેચાણ કરવામાં આવતું હોય ત્યારે :**

જ્યારે વેપારી દ્વારા ઠીક-ઠીક પ્રમાણમાં જાંગડ દ્વારા વેચાણ કરવામાં આવતું હોય ત્યારે વેપારી જાંગડના વ્યવહારો નોંધવા માટે જાંગડ વેચાણ નોંધ (Sale or Return Day Book) રાખે છે અને તેમાં જાંગડ અંગેનાં વ્યવહારો નોંધવામાં આવે છે. જાંગડ વેચાણ નોંધને નમુનો નીચે મુજબ છે :

**જાંગડ વેચાણ નોંધ (Sale or Return Day Book)**

| મોકલેલ માલ (A) | | | પરત થયેલ માલ (B) | | | વેચેલ માલ (C) | | | બાકી (D) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તારીખ | વિગત | રકમ (₹) | તારીખ | વિગત | રકમ (₹) | તારીખ | વિગત | રકમ (₹) | રકમ (₹) |
| | | | | | | | | | |

આ પદ્ધતિ મુજબ હિસાબો નીચે મુજબ લખાય છે.

**(A)** જ્યારે વેપારી દ્વારા જાંગડથી માલનું વેચાણ કરવામાં આવે છે. ત્યારે તે 'મોકલેલ માલ'ના ખાનામાં નોંધવામાં આવે છે. તેમાં

તારીખ : જે તારીખે માલ મોકલવામાં આવેલ હોય તે તારીખ લખવામાં આવે છે.

વિગત : માં જે ગ્રાહકને જાંગડ પર માલ મોકલવામાં આવેલ છે તેનું નામ લખવામાં આવે છે.

રકમ : આ કોલમમાં માલ જે કિંમતે વેચવામાં આવેલ છે તે કિંમત એટલે કે વેચાણ કિંમત અથવા ભરતિયા કિંમત લખવામાં આવે છે.

**(B)** જાંગડથી વેચેલ માલ પરત થાય ત્યારે આ ખાતામાં નોંધ કરવામાં આવે છે.

તારીખ : જે તારીખે માલ પરત આવ્યો હોય તે તારીખ લખવામાં આવે છે.

વિગત : જો ગ્રાહકે માલ પરત કરેલ છે તેનું નામ લખવામાં આવે છે.

રકમ : જે કિંમતે ગ્રાહકે માલ પરત કરેલ છે તે કિંમત લખવામાં આવે છે.

**(C)** જ્યારે ગ્રાહક જાંગડથી મોકલેલ માલ રાખવાની સંમતિ આપે, ત્યારે ખરેખર માલનું વેચાણ થયેલ ગણાય છે અને ત્યારે 'વેચેલ માલ'ના ખાતામાં નોંધ કરવામાં આવે છે.

તારીખ : જે તારીખે ગ્રાહક દ્વારા માલ રાખવાની સંમતિ આપેલ હોય તે તારીખ લખવામાં આવે છે.

વિગત : જે ગ્રાહક દ્વારા માલ રાખવાની સંમતિ આપવામાં આવેલ છે તે ગ્રાહકનું નામ લખવામાં આવે છે.

રકમ : આ કોલમમાં જે કિંમતે માલ વેચવામાં આવેલ છે તે કિંમત લખવામાં આવે છે.

**(D) બાકી :** હિસાબી વર્ષનાં અંતે જાંગડથી વેચેલ માલ અંગે જે ગ્રાહકો પાસેથી તેના નિર્ણયની જાણ થયેલ નથી તેવા માલની રકમ બાકીમાં દર્શાવવામાં આવે છે. આ ખાતામાં માલની મૂળ કિંમત અને બજાર કિંમત બે માંથી જે કિંમત ઓછી હોય તે લખવામાં આવે છે. અને તેને વેપાર ખાતામાં જમા બાજુ 'જાંગડ માલ સ્ટોક' તરીકે અને પાકા-સરવૈયામાં 'જાંગડ માલ સ્ટોક ખાતે' લખવામાં આવે છે.

ઉ.દા. ૨. શાહ એન્ટરપ્રાઈઝ પોતાના ગ્રાહકોને જાંગડથી માલનું વેચાણ કરે છે. જાંગડથી વેચેલ માલની વિગત નીચે મુજબ છે. ગ્રાહકને મોકલેલ માલ નીચે મુજબ છે.

| **તારીખ** | **ગ્રાહકનું નામ** | **રકમ** |
|---|---|---|
| માર્ચ ૨૦૨૦ | | |
| ૧૦ | કપીલ પટેલ | ૩૫,૦૦૦ |
| ૧૬ | મનીષ ટ્રેડર્સ | ૧૮,૦૦૦ |
| ૨૧ | અવિનેષ જૈન | ૨૫,૦૦૦ |
| ૨૬ | સોહિલ એન્ટરપ્રાઈઝ | ૩૨,૦૦૦ |
| ૨૮ | રવિ ટ્રેડર્સ | ૪૨,૦૦૦ |
| ૩૧ | કશ્મિરા પારેખ | ૪૦,૦૦૦ |

**જાંગડ માલ અંગેની માહિતી**

| **તારીખ** | **ગ્રાહકનું નામ** | **રકમ** |
|---|---|---|
| માર્ચ ૨૦૨૦ | | |
| ૧૮ | કપીલ ટ્રેડર્સ | રૂા. ૨૦,૦૦૦નો માલ રાખ્યો |
| | | રૂા. ૧૫,૦૦૦નો માલ પરત કર્યો |
| ૨૪ | અવિનેષ જૈન | બધો જ માલ રાખ્યો |
| ૨૭ | મનીષ ટ્રેડર્સ | બધો જ માલ પરત કર્યો |
| ૨૯ | રવિ ટ્રેડર્સ | રૂા. ૩૦,૦૦૦નો માલ રાખ્યો બાકીનો પરત કર્યો. |

બાકીના પાસેથી માલ રાખવાનો છે કે નહિ તે અંગે કોઈ માહિતી મળી નથી.

ઉપરોક્ત માહિતી પરથી જાંગડ વેચાણની બીજી રીત અનુસાર વ્યવહારોની નોંધ કરો.

જવાબ :

**જાંગડ વેચાણ નોંધ (Sale or Return Day Book)**

| મોકલેલ માલ | | | પરત થયેલ માલ | | | વેચેલ માલ | | | બાકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તારીખ | વિગત ગ્રાહકનું નામ | રકમ (₹) | તારીખ | વિગત ગ્રાહકનું નામ | રકમ (₹) | તારીખ | વિગત ગ્રાહકનું નામ | રકમ (₹) | વિગત | રકમ (₹) |
| માર્ચ, ૨૦૨૦ | | | માર્ચ, ૨૦૨૦ | | | માર્ચ, ૨૦૨૦ | | | | |
| ૧૦ | કપીલ પટેલ | ૩૫,૦૦૦ | ૧૮ | કપીલ ટ્રેડર્સ | ૧૫,૦૦૦ | ૧૮ | કપીલ ટ્રેડર્સ | ૨૦,૦૦૦ | | |
| ૧૬ | મનીષ ટ્રેડર્સ | ૧૮,૦૦૦ | ૨૭ | મનીષ ટ્રેડર્સ | ૧૮,૦૦૦ | ૨૪ | અવિનેષ જૈન | ૨૫,૦૦૦ | | |
| ૨૧ | અવિનેષ જૈન | ૨૫,૦૦૦ | ૨૯ | રવિ ટ્રેડર્સ | ૧૨,૦૦૦ | ૨૯ | રવિ ટ્રેડર્સ | ૩૦,૦૦૦ | | |
| ૨૬ | સોહિલ એન્ટરપ્રાઈઝ | ૩૨,૦૦૦ | | | | | | | સોહિલ | ૩૨,૦૦૦ |
| ૨૮ | રવિ ટ્રેડર્સ | ૪૨,૦૦૦ | | | | | | | | |
| ૩૧ | કશ્મિરા પારેખ | ૪૦,૦૦૦ | | | | | | | કશ્મિરા | ૪૦,૦૦૦ |
| | | ૧,૯૨,૦૦૦ | | | ૪૫,૦૦૦ | | | ૭૫,૦૦૦ | | ૭૨,૦૦૦ |

**(ક). જ્યારે જાંગડ વેચાણનાં વ્યવહારો વારંવાર થતા હોય ત્યારે :**

જ્યારે જાંગડ વેચાણના વ્યવહારો વારંવાર થતા હોય ત્યારે વ્યવહારોની વિસ્તૃત નોંધ કરવી જરૂરી બને છે. આ માટે વેપારી નીચે મુજબના ચોપડાઓ રાખે છે.

૧. જાંગડ વેચાણ નોંધ (Sale or Return Day Book)

૨. જાંગડ વેચાણની આમનોંધ (Sale or Return Journal)

૩. જાંગડથી વેચાણની ખાતાવહી (Sale or Return Ledger)

**૧. જાંગડ વેચાણ નોંધ (Sale or Return Day Book) :**

જ્યારે જાંગડથી માલ ગ્રાહકને વેચવા માટે મોકલવામાં આવે ત્યારે તે વ્યવહાર જાંગડ વેચાણ નોંધમાં લખાય છે. અમુક નિશ્ચિત સમયે જાંગડ વેચાણ નોંધનો સરવાળો કરી જાંગડ વેચાણની ખાતાવહીમાં જાંગડ વેચાણ ખાતે જમા કરવામાં આવે છે.

**જાંગડ વેચાણનોંધનો નમૂનો નીચે મુજબ છે :**

| તારીખ | વિગત | ખા.પા. | જા.વે.ખા.પા. | રકમ |
|---|---|---|---|---|
| | | | | |

**૨. જાંગડ વેચાણની આમનોંધ (Sale or Return Journal)**

જ્યારે જાંગડથી વેચવા મોકલલે માલ ગ્રાહક દ્વારા સ્વીકારવામાં આવે છે ત્યારે તેની નોંધ જાંગડ વેચાણની આમનોંધમાં કરવામાં આવે છે તેમજ જ્યારે ગ્રાહક જાંગડથી વેચવા માટે મોકલેલ માલ પરત કરે છે ત્યારે પણ તેની નોંધ જાંગડ વેચાણની આમનોંધમાં જ કરવામાં આવે છે.

**જાંગડ વેચાણની આમનોંધનો નમૂનો નીચે મુજબ છે :**

| વેચેલ માલ | | | | | પરત આવેલ માલ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તારીખ | વિગત | દેવાદાર ની ખા.પા. | જાંગડ વેચાણની ખા.પા. | રકમ | તારીખ | વિગત | | જાંગડ વેચાણની ખા.પા. | રકમ |
| | | | | | | | | | |

જ્યારે જાંગડથી વેચેલ માલ ગ્રાહક સ્વીકારે ત્યારે તેની નોંધ વેચેલ માલનાં ખાતામાં કરવામાં આવે છે. ત્યાર બાદ ગ્રાહકના ખાતે તે ઉધારવામાં આવે છે અને જાંગડ વેચાણની ખાતાવહીમાં તે રકમ ગ્રાહક ખાતે જમા કરવામાં આવે છે.

જ્યારે વેચેલ માલ પરત થાય ત્યારે તેને વેચાણ આમનોંધમાં 'પરત આવેલ માલ'ના ખાતામાં લખવામાં આવે છે અને જાંગડ વેચાણની ખાતાવહીમાં ગ્રાહક ખાતે જમા કરવામાં આવે છે.

3. **હિસાબી વર્ષનાં અંતે :**

હિસાબી વર્ષ પૂરુ થતા જાંગડથી વેચેલ માલ અંગે જે ગ્રાહકો પાસેથી નિર્ણય આવેલ નથી હોતો તેની હવાલાનોંધ કરવામાં આવે છે. જે નીચે મુજબ છે :

ગ્રાહક પાસે માલ ખાતે ઉ

તે વેપાર ખાતે

**ઉ.દા.૩. શ્રી કમલ પાટડીયા પોતાના ગ્રાહકોને જાંગડથી માલનુ વેચાણ કરે છે. જાંગડથી વેચેલ માલની વિગત નીચે મુજબ છે.**

| તારીખ | ગ્રાહકનું નામ | રકમ | તારીખ | વિગત |
|---|---|---|---|---|
| માર્ચ-૨૦૨૦ | | | માર્ચ-૨૦૨૦ | |
| ૭ | જતીન જોષી | ૮૦,૦૦૦ | ૧૧ | ૬૦,૦૦૦નો માલ રાખ્યો અને ૨૦,૦૦૦નો માલ પરત કર્યો. |
| ૧૦ | મનોજ તિવારી | ૧,૦૦,૦૦૦ | ૧૬ | બધો જ માલ પરત કર્યો. |
| ૧૫ | નેહા શર્મા | ૭૦,૦૦૦ | ૨૦ | બધો જ માલ રાખી લીધો. |
| ૨૩ | અમિત પોપટ | ૯૫,૦૦૦ | ૨૬ | બધો જ માલ રાખી લીધો. |
| ૨૫ | જીગર જાની | ૬૦,૦૦૦ | ૩૧ | કોઈ પણ માહિતી મળેલ નથી. |

ઉપરોક્ત માહિતી પરથી ત્રીજી રીત અનુસાર વ્યવહારોની નોંધ દર્શાવો.

**જવાબ :** **જાંગડ વેચાણની નોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | રકમ |
|---|---|---|---|
| માર્ચ-૨૦૨૦ | | | |
| ૭ | જતીન જોષી | | ૮૦,૦૦૦ |
| ૧૦ | મનોજ તિવારી | | ૧,૦૦,૦૦૦ |
| ૧૫ | નેહા શર્મા | | ૭૦,૦૦૦ |
| ૨૩ | અમિત પોપટ | | ૯૫,૦૦૦ |
| ૨૫ | જીગર જાની | | ૬૦,૦૦૦ |
| | | | ૪,૦૫,૦૦૦ |

**જાંગડ વેચાણની આમનોંધ**

| વેચેલ માલ | | | | | પરત આવેલ માલ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| તારીખ | વિગત | દેવાદાર ની ખા.પા. | જાંગડ વેચાણની ખા.પા. | રકમ | તારીખ | વિગત | જાંગડ વેચાણની ખા.પા. | રકમ |
| માર્ચ-૨૦૨૦ | | | | | માર્ચ-૨૦૨૦ | | | |
| ૧૧ | જતીન જોષી | - | - | ૬૦,૦૦૦ | ૧૧ | જતીન જોષી | - | ૨૦,૦૦૦ |
| ૨૦ | નેહા શર્મા | | | ૭૦,૦૦૦ | ૧૬ | મનોજ તિવારી | | ૧,૦૦,૦૦૦ |
| ૨૬ | અમિત પોપટ | | | ૯૫,૦૦૦ | | | | |
| | | | | ૨,૨૫,૦૦૦ | | | | ૧,૨૦,૦૦૦ |

**જાંગડ વેચાણ ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ | તારીખ | વિગત | રકમ |
|---|---|---|---|---|---|
| માર્ચ-૨૦૨૦ | | | માર્ચ-૨૦૨૦ | | |
| ૩૧ | માલ પરત ખાતે | ૧,૨૦,૦૦૦ | ૩૧ | જાંગડથી મોકલેલ માલ ખાતે | ૪,૦૫,૦૦૦ |
| ૩૧ | વેચાણ ખાતે | ૨,૨૫,૦૦૦ | | | |
| ૧૧ | બા.આ.લઈ ગયા | ૬૦,૦૦૦ | | | |
| | | ૪,૦૫,૦૦૦ | | | ૪,૦૫,૦૦૦ |
| | | | એપ્રિલ-૨૦૨૦ | | |
| | | | ૧ | બા.આ.લાવ્યા | ૬૦,૦૦૦ |

## 10.2 ઉદાહરણો

ઉ.દા.૪. અક્ષય એન્ટરપ્રાઈઝ કોઈક વાર તેના ગ્રાહકોને માલ જાંગડથી વેચવા મોકલે છે. તા. ૨૨મી માર્ચ ૨૦૨૦ના રોજ ₹ ૧,૦૦,૦૦૦ની વેચાણ કિંમતનો માલ ગ્રાહકને પડતર કિંમત પર ૨૫% નફો ચઢાવીને જાંગડથી વેચવા મોકલવામાં આવ્યો હતો. પરંતુ ગ્રાહક તરફથી હિસાબી વર્ષ પૂરૂ થતા સમય સુધીમાં કોઈ નિર્ણયની જાણ કરવામાં આવેલ નથી. માલની બજાર કિંમત તેની પડતર કિંમત કરતા ૧૫% ઓછી છે. અક્ષર એન્ટરપ્રાઈઝમાં ચોપડે આમનોંધ લખો. હિસાબી વર્ષ તા. ૩૧ માર્ચના પૂરૂં થાય છે.

જવાબ : **અક્ષર એન્ટરપ્રાઈઝનાં ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| ૨૨-૦૩-૨૦૨૦ | ગ્રાહક ખાતે | ઉ | | ૧,૦૦,૦૦૦ | |
| | તે વેચાણ ખાતે | | | - | ૧,૦૦,૦૦૦ |
| | (બા.જે. ₹ ૧,૦૦,૦૦૦નો માલ જાંગડથી વેચવા મોકલ્યો તેના) | | | | |
| ૩૧-૦૩-૨૦૨૦ | વેચાણ ખાતે | ઉ | | ૧,૦૦,૦૦૦ | |
| | તે ગ્રાહક ખાતે | | | - | ૧,૦૦,૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | (બા.જે. જાંગડથી વેચેલ માલ અંગે વર્ષ પૂરૂ થતા ગ્રાહક તરફથી નિર્ણય અંગેની કોઈ જાણ ન થતા વેચાણ રદ કરવા અંગેની નોંધ કરી તેના) | | | |
| ૩૧-૦૩-૨૦૨૦ | ગ્રાહક પાસે સ્ટોક ખાતે ઉ | | ૬૮,૦૦૦ | |
| | તે વેપાર ખાતે | | - | ૬૮,૦૦૦ |
| | (બા.જે. વર્ષને અંતે ગ્રાહક તરફથી આખરી નિર્ણય ન મળેલ માલ અંગેના સ્ટોકની હવાલા નોંધ કરી તેના) | | | |

- **ગણતરી :**

માલની પડતર કિંમત = ૧૦૦
\+ નફો ૨૫% = ૨૫
વેચાણ કિંમત ૧૨૫

| વે.કિં. | પ.કિં. |
|---|---|
| ૧૨૫ | ૧૦૦ |
| ૧,૦૦,૦૦૦ | ? |

$$\textbf{પડતર કિંમત} = \frac{૧,૦૦,૦૦૦ \text{ X } ૧૦૦}{૧૨૫} = ૮૦,૦૦૦$$

બજાર કિંમત = ૬૮,૦૦૦

નોંધ : પડતર કિંમત અને બજાર કિંમતમાંથી જે ઓછી હોય તે ધ્યાનમાં લેતા.

**ઉ.દા.૫.** જગદીશ ડાઈંગ તેના ગ્રાહકોને જાંગડથી માલનું વેચાણ કરે છે. તા.૩૧-૦૩-૨૦૨૦ના અંત સુધીમાં ₹ ૭૫,૦૦૦નો માલ ગ્રાહકને જાંગડથી વેચવામાં આવેલ હતો. પરંતુ ગ્રાહકો તરફથી કોઈ સંમતિ મળેલ નથી. આ માલ પડતર કિંમત પર ૨૫% નફો ચઢાવીને તા. ૨૨-૦૩-૨૦૨૦ના રોજ મોકલવામાં આવ્યો હતો અને આ માલની બજાર કિંમત ૧૦% ઓછી છે. તા. ૩૧-૩-૨૦૨૦ના પૂરા થતા હિસાબી વર્ષના અંતે જરૂરી આમનોંધ લખો.

**જવાબ :** **જગદીશ ડાઈંગનાં ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| ૩૧-૦૩-૨૦૨૦ | વેચાણ ખાતે ઉ | | ૭૫,૦૦૦ | |
| | તે ગ્રાહક ખાતે | | - | ૭૫,૦૦૦ |
| | (બા.જે. જાંગડથી વેચેલ માલ અંગે વર્ષ પૂરૂ થતાં ગ્રાહક તરફથી નિર્ણયની જાણ ન થતા તેને રદ કરવાની નોંધ) | | | |
| ૩૧-૦૩-૨૦૨૦ | ગ્રાહક પાસે સ્ટોક ખાતે ઉ | | ૫૪,૦૦૦ | |
| | તે વેપાર ખાતે | | | ૫૪,૦૦૦ |
| | (બા.જે. હિસાબી વર્ષનાં અંતે સ્ટોક બજાર કિંમત અને પડતર કિંમત જે ઓછી હોય તે કિંમતે લાવવાની હવાલા નોંધ) | | | |

● **ગણતરી :**

| | | |
|---|---|---|
| ધારો કે પડતર કિંમત | = | ૧૦૦ |
| + નફો ૨૫% | = | ૨૫ |
| વેચાણ કિંમત | | ૧૨૫ |

| વે.કિં. | પ.કિં. |
|---|---|
| ૧૨૫ | ૧૦૦ |
| ૭૫,૦૦૦ | ? |

**પડતર કિંમત** $= \frac{૭૫,૦૦૦ X ૧૦૦}{૧૨૫} =$ ૬૦,૦૦૦

બજાર કિંમત = ૫૪,૦૦૦ (૬૦,૦૦૦-૬૦૦૦)

ઉ.દા.૬. ભારત ઈલેક્ટ્રોનિક્સ પોતાના ગ્રાહકોને જાંગડથી માલનું વેચાણ કરે છે. જાંગડથી વેચેલ માલની વિગત નીચે મુજબ છે.

| તારીખ | ગ્રાહકનું નામ | રકમ (₹) | તારીખ | વિગત |
|---|---|---|---|---|
| માર્ચ-૨૦૨૦ | | | માર્ચ-૨૦૨૦ | |
| ૫ | અજય જાડેજા | ૪૫,૦૦૦ | ૯ | ₹ ૩૦,૦૦૦નો માલ રાખ્યો અને ₹ ૧૫,૦૦૦નો માલ પરત કર્યો. |
| ૧૧ | નયન પટેલ | ૬૪,૦૦૦ | ૧૪ | બધો જ માલ પરત કર્યો. |
| ૧૬ | કોમલ કૈલા | ૮૫,૦૦૦ | ૧૯ | બધો જ માલ રાખી લીધો. |
| ૨૦ | પ્રીતિ વાંક | ૪૦,૦૦૦ | ૨૪ | ₹ ૩૫,૦૦૦નો માલ રાખી અને બાકીનો માલ પરત કર્યો. |
| ૨૨ | રામસીંગ પરમાર | ૫૦,૦૦૦ | ૨૬ | બધો જ માલ પરત કર્યો. |
| ૨૫ | ગૌતમ શાહ | ૩૦,૦૦૦ | ૩૧ | કોઈ પણ માહિતી મળેલ નથી. |

ઉપરોક્ત માહિતી પરથી જાંગડ વેચાણની બીજી અને ત્રીજી પદ્ધતિ અનુસાર વ્યવહારોની નોંધ કરો.

**જવાબ : બીજી રીત અનુસાર**

**જાંગડ વેચાણ નોંધ (Sale or Return Day Book)**

| મોકલેલ માલ | | | પરત થયેલ માલ | | | વેચેલ માલ | | | બાકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તારીખ | વિગત ગ્રાહકનું નામ | રકમ (₹) | તારીખ | વિગત ગ્રાહકનું નામ | રકમ (₹) | તારીખ | વિગત ગ્રાહકનું નામ | રકમ (₹) | વિગત | રકમ (₹) |
| માર્ચ, ૨૦૨૦ | | | માર્ચ, ૨૦૨૦ | | | માર્ચ, ૨૦૨૦ | | | | |
| ૫ | અજય જાડેજા | ૪૫,૦૦૦ | ૯ | અજય જાડેજા | ૧૫,૦૦૦ | ૯ | અજય જાડેજા | ૩૦,૦૦૦ | | |
| ૧૧ | નયન પટેલ | ૬૪,૦૦૦ | ૧૪ | નયન પટેલ | ૬૪,૦૦૦ | - | - | - | | |
| ૧૬ | કોમલ કૈલા | ૮૫,૦૦૦ | - | - | - | ૧૯ | કોમલ કૈલા | ૮૫,૦૦૦ | | |
| ૨૦ | પ્રીતિ વાંક | ૪૦,૦૦૦ | ૨૪ | પ્રીતિ વાંક | ૫,૦૦૦ | ૨૪ | પ્રીતિ વાંક | ૩૫,૦૦૦ | | |
| ૨૨ | રામસીંગ પરમાર | ૫૦,૦૦૦ | ૨૬ | રામસીંગ પરમાર | ૫૦,૦૦૦ | - | - | - | | |
| ૨૫ | ગૌતમ શાહ | ૩૦,૦૦૦ | - | - | - | - | - | - | ૩૧ માર્ચ ગૌતમ શાહ | ૩૦,૦૦૦ |
| | | ૩,૧૪,૦૦૦ | | | ૧,૩૪,૦૦૦ | | | ૧,૫૦,૦૦૦ | | ૩૦,૦૦૦ |
| ૧ એપ્રીલ ૨૦૨૦ | બા.આ.લાવ્યા. ગૌતમ શાહ | ૩૦,૦૦૦ | | | | | | | | |

**જવાબ : ત્રીજી રીત અનુસાર**

**જાંગડ વેચાણની નોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | રકમ (₹) |
|---|---|---|---|
| માર્ચ-૨૦૨૦ | | | |
| ૧ | અજય જાડેજા | | ૪૫,૦૦૦ |
| ૧૧ | નયન પટેલ | | ૬૪,૦૦૦ |
| ૧૬ | કોમલ કૈલા | | ૮૫,૦૦૦ |
| ૨૦ | પ્રીતિ વાંક | | ૪૦,૦૦૦ |
| ૨૨ | રામસીંગ પરમાર | | ૫૦,૦૦૦ |
| ૨૫ | ગૌતમ શાહ | | ૩૦,૦૦૦ |
| | | | ૩,૧૪,૦૦૦ |

**જાંગડ વેચાણની આમનોંધ**

| વેચેલ માલ | | | | | પરત આવેલ માલ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| તારીખ | વિગત | દેવાદાર ની ખા.પા. | જાંગડ વેચાણની ખા.પા. | રકમ (₹) | તારીખ | વિગત | જાંગડ વેચાણની ખા.પા. | રકમ (₹) |
| માર્ચ-૨૦૨૦ | | | | | માર્ચ-૨૦૨૦ | | | |
| ૯ | અજય જાડેજા | - | - | ૩૦,૦૦૦ | ૯ | અજય જાડેજા | - | ૧૫,૦૦૦ |
| ૧૯ | કોમલ કૈલા | | | ૮૫,૦૦૦ | ૧૪ | નયન પટેલ | | ૬૪,૦૦૦ |
| ૨૪ | પ્રીતિ વાંક | | | ૩૫,૦૦૦ | ૨૪ | પ્રીતિ વાંક | | ૫,૦૦૦ |
| | | | | | ૨૬ | રામસીંગ પરમાર | | ૫૦,૦૦૦ |
| | | | | ૧,૫૦,૦૦૦ | | | | ૧,૩૪,૦૦૦ |

**જાંગડ વેચાણ ખાતું**

| તારીખ | વિગત | રકમ | તારીખ | વિગત | રકમ |
|---|---|---|---|---|---|
| માર્ચ-૨૦૨૦ | | | માર્ચ-૨૦૨૦ | | |
| ૩૧ | માલ પરત ખાતે | ૧,૩૪,૦૦૦ | ૩૧ | જાંગડથી મોકલેલ માલ ખાતે | ૩,૧૪,૦૦૦ |
| ૩૧ | વેચાણ ખાતે | ૧,૫૦,૦૦૦ | | | |
| ૩૧ | બા.આ.લઈ ગયા | ૩૦,૦૦૦ | | | |
| | | ૩,૧૪,૦૦૦ | | | ૩,૧૪,૦૦૦ |
| | | | એપ્રિલ-૨૦૨૦ | | |
| | | | ૧ | બા.આ.લાવ્યા | ૩૦,૦૦૦ |

## 10.3 સ્વાધ્યાય

### ૧. સૈદ્ધાંતિક પ્રશ્નો

૧. જાંગડ વેચાણ એટલે શું? જાંગડ વેચાણની લાક્ષણિકતા જણાવો.

૨. ઠીક ઠીક પ્રમાણમાં જાંગડના વ્યવહારો થતા હોય તો તેનું નામું કેવી રીતે રાખવામાં આવે છે?

૩. જાંગડ વેચાણના હિસાબો વિશે ટૂંકનોંધ લખો.

૪. જાંગડ વેચાણ નોંધવાની જુદી જુદી પદ્ધતિઓ જણાવો.

૫. જાંગડ વેચાણ નોંધનો નમૂનો આપો.

### ૨. નીચે આપેલા પ્રશ્નોનો જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરીને આપો.

૧. જે વેચાણની રીતમાં ગ્રાહકને માલ પસંદ પડે તો રાખે નહીંતર નિશ્ચિત સમય મર્યાદામાં માલ પરત કરી શકે તે પદ્ધતિને શું કહેવાય?

(અ) કરારથી વેચાણ (બ) સામાન્ય વેચાણ (ક) જાંગડ વેચાણ (ડ) ભાડે વેચાણ

૨. જાંગડ માલ વેચાણના હિસાબો રાખવા માટેની કેટલી પદ્ધતિઓ છે?

(અ) એક (બ) બે (ક) ત્રણ (ડ) ચાર

૩. વર્ષનાં અંતે જાંગડથી વેચેલ માલ અંગે ગ્રાહક તરફથી નિર્ણયની જાણ કરવામાં આવેલ ન હોય તો તે અંગે માલ સ્ટોક અંગે હવાલાની નોંધ કરતી વખતે કઈ રકમ ધ્યાનમાં લેવાય છે?

(અ) બજાર કિંમત (બ) પડતર કિંમત (ક) (અ) અને (બ) માંથી જે વધુ હોય તે

(ડ) (અ) અને (બ) માંથી જે ઓછી હોય તે

૪. જ્યારે જાંગડથી વારંવાર વેચાણ થતું હોય ત્યારે વ્યવહારો નોંધવા માટે પેઢીના ચોપડે કેટલા ચોપડા રાખવામાં આવે છે?

(અ) એક (બ) બે (ક) ત્રણ (ડ) ચાર

૫. એક ગ્રાહકને ₹ ૫૦,૦૦૦ની વેચાણ કિંમતનો માલ પડતર કિંમત પર ૨૫% નફો ચઢાવીને વેચેલ હોય તો માલની પડતર કિંમત કેટલી થશે?

(અ) ૬૨૫૦૦ (બ) ૪૦૦૦૦ (ક) ૫૦૦૦૦ (ડ) ત્રણ માંથી એક પણ નહીં.

૬. એક ગ્રાહકને ₹ ૭૨૦૦૦ની વેચાણ કિંમતનો માલ પડતર કિંમત પર ૨૦% નફો ચઢાવીને વેચેલ છે. વર્ષનાં અંત સુધીમાં કોઈ નિર્ણય આવેલ નથી. તો પેઢીનાં ચોપડે કેટલી કિંમતથી સ્ટોક નોંધાશે?

(અ) ૬૦૦૦૦ (બ) ૮૬૪૦૦ (ક) ૭૨૦૦૦ (ડ) ૧૪૪૦૦

૭. વર્ષના અંત સુધીમાં દેવાદારોમાં ₹ ૧,૦૦,૦૦૦ના ગ્રાહકોએ માલ અંગેના નિર્ણયની કોઈ માહિતી મળેલ નથી. આ માલ ગ્રાહકને વેચાણ કિંમત પર ૨૦% નફો ચઢાવીને વેચેલ છે. જ્યારે તેની બજાર કિંમત પડતર કિંમત કરતાં ૧૦% ઓછી છે તો પેઢીના ચોપડે સ્ટોક કઈ કિંમતે નોંધાશે?

(અ) ૧,૦૦,૦૦૦ (બ) ૧,૨૦,૦૦૦ (ક) ૮૦,૦૦૦ (ડ) ૭૨,૦૦૦

૮. જાંગડથી વેચેલ માલ અંગે જાંગડ વેચાણ નોંધમાં કઈ કિંમતે નોંધ થાય છે?

(અ) વેચાણ કિંમતે (બ) પડતર કિંમતે (ક) બજાર કિંમતે

(ડ) (અ) અને (બ) બેમાંથી જે ઓછી હોય તે

૯. જાંગડથી વેચેલ માલ અંગે વર્ષનાં અંતે ગ્રાહક તરફથી જો કોઈ નિર્ણય મળેલ ન હોય તો તે સ્ટોક હિસાબોમાં ક્યાં દર્શાવવામાં આવે છે.

(અ) વેપાર ખાતે ઉધાર બાજુ (બ) પાકા સરવૈયામાં મિલકત-લેણા બાજુ

(ક) નફા-નુકસાન ખાતે જમા બાજુ (ડ) પાકા સરવૈયામાં મૂડી-દેવા બાજુ

૧૦. વર્ષના અંતે જાંગડ વેચેલ માલ અંગે ગ્રાહક તરફથી કોઈ નિર્ણય અંગે માહિતી મળેલ ન હોય ત્યારે સ્ટોક અંગે કઈ હવાલાનોંધ કરવામાં આવે છે?

(અ) ગ્રાહક ખાતે ઉ
તે વેચાણ ખાતે

(બ) વેચાણ ખાતે ઉ
તે ગ્રાહક ખાતે

(ક) ગ્રાહક પાસે સ્ટોક ખાતે ઉ
તે વેપાર ખાતે

(ડ) વેપાર ખાતે ઉ
તે ગ્રાહક પાસે સ્ટોક ખાતે

## ૩. વ્યવહારિક દાખલા :

૧. મહેશ બાબુ જાંગડ વેચાણ પદ્ધતિએ તેના ગ્રાહકોને ₹ ૫૦,૦૦૦નું વેચાણ કરે છે. તે આવા વ્યવહારોને સામાય વેચાણની જેમ નોંધે છે. વર્ષનાં અંત સુધીમાં ગ્રાહક તરફથી કોઈ નિર્ણયની જાણકારી મળેલ નથી. આ માલ ગ્રાહકને પડતર કિંમત પર ૨૫% નફો ચઢાવીને વેચવામાં આવેલ હતો. વર્ષના અંતે જરૂરી આમનોંધ લખો.

(જવાબ : (૧) વેચાણ ખાતે ઉ, તે દેવાદારો ખાતે ₹ ૫૦,૦૦૦ (૨) ગ્રાહક પાસે સ્ટોક ખાતે ઉ. તે વેપાર ખાતે ₹ ૪૦,૦૦૦)

૨. ગંગા ઈલેક્ટ્રોનિક્સ કોઈ કોઈ વાર પોતાના ગ્રાહકોને વોશીંગ મશીનનું જાંગડથી વેચાણ કરે છે. અને તેનું નામું વેચાણનોંધમાં લખે છે. તેને ૨૧ માર્ચ-૨૦૨૦નાં રોજ ત્રણ વોશીન મશીન દરેક ₹ ૧૫,૦૦૦ લેખે જાંગડથી વેચાણ કરેલ છે. તેનું હિસાબી વર્ષ ૩૧ માર્ચ-૨૦૨૦નાં રોજ પુરૂ થાય છે. હિસાબી વર્ષ પૂરૂ થતા સુધીમાં ગ્રાહક તરફથી નિર્ણય અંગે કોઈ માહિતી મળેલ નથી. વોશીંગ મશીનની પડતર કિંમત ₹ ૧૦,૦૦૦ છે તેમજ તેના ચોપડે પાકા સરવૈયામાં પરચૂરણ દેવાદારોની બાકી ₹ ૨,૫૦,૦૦૦ દર્શાવેલ છે. તો ઉપરોક્ત વ્યવહારો અંગેની નોંધ ગંગા ઈલેક્ટ્રોનિક્સનાં ચોપડે કરો. તેમજ તેના હિસાબોમાં કઈ રીતે દર્શાવાશે તે જણાવો.

(જવાબ : આમ નોંધ (૧) ગ્રાહક ખાતે ઉ, તે વેચાણ ખાતે ૪૫,૦૦૦ (૨) વેચાણ ખાતે ઉ, તે ગ્રાહક ખાતે ૪૫,૦૦૦ (૩) ગ્રાહક પાસે માલ સ્ટોક ખાતે ઉ, તે વેપાર ખાતે ૩૦,૦૦૦) અને પા.સ.માં દેવાદારોમાંથી ૪૫,૦૦૦ બાદ કરી દર્શાવાશે અને જાંગડ માલ સ્ટોક રૂા. ૩૦,૦૦૦ દર્શાવાશે.)

૩. ₹ ૧,૬૫,૦૦૦ની દેવાદારોની બાકીમાં ₹ ૩૦,૦૦૦ જાંગડથી વેચવા મોકલેલ માલ અંગેનાં સમાયેલ છે. જે અંગે વર્ષ દરમિયાન ગ્રાહકો તરફથી સ્વીકૃતિ મળી નથી. આ માલ મૂળકિંમત પર ૨૦% ચઢાવીને મોકલવામાં આવ્યો હતો. ઉપરના વ્યવહારોની આમ નોંધ લખો.

(જવાબ : (૧) વેચાણ ખાતે ઉ, તે દેવાદાર ખાતે ૩૦,૦૦૦ (૨) ગ્રાહક પાસે માલ સ્ટોક ખાતે ઉ, તે વેપાર ખાતે ૨૫,૦૦૦)

૪. અમરશક્તિ ઈલેક્ટ્રોનિક્સ લિ. જાંગડ વેચાણ પદ્ધતિએ તેના ગ્રાહકોને એક ટેલિવિઝન સેટ ₹ ૨૫૦૦ નંગ દીઠ લેખે વેચાણ કરે છે તે આવા વ્યવહારો ખરેખર વેચાણ તરીકે નોંધે છે. વર્ષના અંત સુધીમાં (૩૧-૦૩-૨૦૧૧) તેના ગ્રાહકો પાસેથી ૬ ટેલિવિઝન સેટના વેચાણ અંગેની માહિતી મળી નથી. ટેલિવિઝન સેટની વેચાણ કિંમત તેની પડતર કિંમત કરતા ૩૩$\frac{૧}{૩}$% વધુ છે. વર્ષના અંતે જરૂરી આમ નોંધ લખો.

(જવાબ : (૧) વેચાણ ખાતે ઉ, તે દેવાદાર ખાતે ૧૫,૦૦૦ (૨) ગ્રાહક પાસે માલ સ્ટોક ખાતે ઉ, તે વેપાર ખાતે ૧૧,૨૫૦)

૫. રમતારામ જાંગડ વેચાણ પદ્ધતિએ તેના ગ્રાહકોને એક રંગીન ટેલિવિઝન સેટ ₹ ૧૬,૦૦૦ લેખે વેચાણ કરે છે. તે આવા વ્યવહારો ખરેખર વેચાણ તરીકે નોંધે છે. તા. ૩૧-૦૩-૧૨ના રોજ વર્ષનાં અંત સુધીમાં તેના ગ્રાહકો પાસેથી છ ટેલિવિઝન સેટનાં વેચાણ અંગે માહિતી મળી નથી. ટેલિવિઝન સેટની વેચાણ કિંમત તેની પડતર કિંમત કરતા ૩૩$\frac{૧}{૩}$% વધુ છે. વર્ષના અંતે જરૂરી આમનોંધ લખો.

(જવાબ : (૧) વેચાણ ખાતે ઉ, તે દેવાદાર ખાતે ₹ ૯૬,૦૦૦ (૨) ગ્રાહક પાસે માલ સ્ટોક ખાતે ઉ, તે વેપાર ખાતે ₹ ૭૨,૦૦૦)

૬. શ્રી દામોદર કટારિયા તેમના ગ્રાહકોને જાંગડથી માલનું વેચાણ કરે છે. તેને વેચાણ તરીકે નોંધે છે. તા. ૩૧-૧૨-૧૩ના અંત સુધીમાં ₹ ૨૦,૦૦૦નો માલ જાંગડ વેચાણથી વેચવામાં આવેલો હતો. પરંતુ ગ્રાહક તરફથી સ્વીકૃતિ મળી નથી. આ માલ પડતર કિંમત પર ૨૫% નફો ચઢાવીને મોકલવામાં આવ્યો હતો. તેની બજાર કિંમત ₹ ૧૪૦૦૦ છે. વર્ષના અંતે જરૂરી આમનોંધ લખો.

(જવાબ : (૧) વેચાણ ખાતે ઉ, તે દેવાદાર ખાતે ₹ ૨૦,૦૦૦ (૨) ગ્રાહક પાસે માલ સ્ટોક ખાતે ઉ, તે વેપાર ખાતે ₹ ૧૪,૦૦૦)

૭. શ્રી જેઠાલાલ બ્રધર્સ કાપડના વેપારી છે. તેઓ ક્યારેક જ જાંગડથી માલ વેચે છે. તેથી તે વેચાણ તરીકે જ નોંધે છે. વર્ષના અંતે ગ્રાહકોએ જે માલ અંગે નિર્ણય ન જણાવ્યો હોય તેવા માલ અંગે હવાલા નાંખે છે.

એક ગ્રાહકને ₹ ૨૦૦ની એક લેખે ૧૦ સાડી જાંગડે આપી છે. જે મૂળ કિંમત પર ૨૫% નફો ચઢાવીને વેચેલ છે.

વાર્ષિક હિસાબ તારીખ સુધીમાં આ અંગે કોઈ નિર્ણય જાણવા મળેલ નથી. તો તે અંગેની હવાલા નોંધ લખો તથા વાર્ષિક હિસાબોમાં ક્યા અને શું અસર થશે તે જણાવો.

(જવાબ : (૧) વેચાણ ખાતે ઉ, તે દેવાદાર (ગ્રાહક) ખાતે ₹ ૨,૦૦૦ (૨) જાંગડ માલ આખર સ્ટોક ખાતે ઉ, તે વેપાર ખાતે ₹ ૧,૬૦૦, વાર્ષિક હિસાબોમાં અસર વેચાણ અને દેવાદારોમાંથી ₹ ૨,૦૦૦ બાદ થશે. વેપાર ખાતામાં જમા બાજુ જાંગડ માલ સ્ટોક ₹ ૧,૬૦૦ અને પા.સ.માં મિલકત લેણાં બાજુ દર્શાવાશે).

૮. ગોવિંદા સિલ્ક ક્યારેક જ જાંગડ પર માલ આપે છે અને આ વ્યવહારને વેચાણ

ગણી નોંધે છે. આ રીતે જાંગડ પર આપેલ માલ ₹ ૫,૦૦૦ હતો કે જેની તા. ૩૧-૧૨-૧૯ સુધીમાં સંમતિ આવી ન હતી. મૂળ કિંમત પર ૨૫% ચઢાવીને ભરતિયા કિંમત નક્કી થાય છે. આ વ્યવહારની વાર્ષિક હિસાબોના સંદર્ભમાં હવાલાનોંધ આપો. ઉપરોક્તમાંથી તા. ૦૪-૦૧-૧૯ના રોજ ૫૦% માલ ખરીદવામાં આવે છે. બાકીના પરત આવે છે. આ વ્યવહારની આમનોંધ લખો.

(જવાબ : (૧) વેચાણ ખાતે ઉ, તે ગ્રાહક ખાતે ₹ ૫,૦૦૦ (૨) જાંગડ માલ સ્ટોક ખાતે ઉ, તે વેપાર ખાતે ₹ ૪,૦૦૦ તા. ૦૧-૦૧-૧૯ના રોજ હવાલાનોંધ ઉલટાવવામાં આવશે. આથી માત્ર ગ્રાહકે પરત કરેલ માલની જ નોંધ થશે. (૩) વેચાણ માલ પરત ખાતે ઉ, તે ગ્રાહક ખાતે ૨૫૦૦)

૯. અજય ટ્રેડર્સ પોતાના ગ્રાહકોને જાંગડથી માલનું વેચાણ કરે છે જાંગડથી વેચેલ માલની વિગત નીચે મુજબ છે :

| તારીખ | નામ | રકમ (₹) | તારીખ | વિગત |
|---|---|---|---|---|
| માર્ચ-૨૦૨૦ | | | માર્ચ-૨૦૨૦ | |
| ૪ | વિવેક ઠાકર | ૫૫,૦૦૦ | ૭ | બધો જ માલ રાખી લીધો. |
| ૧૦ | અલ્પેશ ઠાકર | ૩૮,૦૦૦ | ૧૫ | ૨૫,૦૦૦નો માલ રાખ્યો અને બાકીનો માલ પરત કર્યો. |
| ૧૭ | નલીન પંડ્યા | ૪૬,૦૦૦ | ૧૯ | બધો જ માલ પરત કર્યો. |
| ૨૧ | સંજય કપુર | ૬૪,૦૦૦ | ૨૫ | બધો જ માલ રાખી લીધો. |
| ૨૪ | કમલ ઠાકુર | ૭૦,૦૦૦ | ૩૧ | કોઈ પણ માહિતી મળેલ નથી. |

ઉપરોક્ત માહિતી પરથી જાંગડ વેચાણની બીજી અને ત્રીજી પદ્ધતિ અનુસાર વ્યવહારોની નોંધ કરો.

(જવાબ : બીજી પદ્ધતિ અનુસાર : મોકલેલ માલનો સરવાળો = ૨,૭૩,૦૦૦, પરત થયેલ માલનો સરવાળો = ૫૯,૦૦૦, બાકી = ૭૦,૦૦૦)

૧૦. વિપિને જાંગડ વેચાણથી નીચે મુજબ માલ મોકલ્યો :

| તારીખ | નામ | રકમ (₹) | તારીખ | વિગત |
|---|---|---|---|---|
| સપ્ટે-૨૦૧૯ | | | સપ્ટે-૨૦૧૯ | |
| ૧ | વિનું | ૩,૦૦૦ | ૯ | ૨,૦૦૦નો માલ રાખ્યો અને ૧,૦૦૦નો માલ પરત કર્યો. |
| ૧૦ | કનુ | ૧,૫૦૦ | ૧૨ | બધો જ માલ પરત કર્યો. |
| ૨૦ | ચિનુ | ૨,૫૦૦ | ૨૫ | બધો જ માલ રાખી લીધો. |
| ૧૮ | નાનુ | ૧,૦૦૦ | ૩૦ | કોઈ પણ માહિતી મળેલ નથી. |

ઉપરોક્ત જણાવેલ વિગતો પરથી જાંગડ વેચાણનોંધ, જાંગડ વેચાણની આમનોંધ અને જાંગડ વેચાણનું ખાતું તૈયાર કરો.

(જવાબ : જાંગડ વેચાણ નોંધનો સરવાળો ₹ ૮,૦૦૦, જાંગડ વેચાણની આમનોંધમાં વેચેલ માલના ખાતાનો સરવાળો ₹ ૪,૫૦૦ અને પરત ખાતાનો સરવાળો ₹ ૨,૫૦૦, જાંગડ વેચાણ ખાતાની જમા બાકી ₹ ૧,૦૦૦)

૧૧. મેસર્સ આવાઝ ઈલેક્ટ્રોનિક્સ જે જાંગડ વેચાણ પદ્ધતિ અનુસાર માલ મોકલે છે. તેની માહિતી નીચે મુજબ છે :

| તારીખ | નામ | રકમ (₹) | તારીખ | વિગત |
|---|---|---|---|---|
| ૧૦-૩-૧૬ | એ.બી.સી. કંપની | ૨,૬૦૦ | ૧૪-૩-૧૬ | બધો જ માલ પરત કર્યો. |
| ૧૫-૩-૧૬ | એક્સ.વાય.ઝેડ કંપની | ૩,૪૦૦ | ૧૭-૩-૧૬ | બધો જ માલ રાખ્યો. |
| ૨૦-૩-૧૬ | પી.ક્યુ.આર. કંપની | ૧,૯૦૦ | ૨૫-૩-૧૬ | ૮૦૦નો માલ પરત કર્યો.બાકીનો રાખ્યો. |
| ૨૭-૩-૧૬ | એક્સ.વાય.ઝેડ કંપની | ૨,૨૦૦ | ૩૧-૩-૧૬ | હજી સુધી નિર્ણય જાણવા મળ્યો નથી. |
| ૨૮-૩-૧૬ | પી.ક્યુ.આર.કંપની | ૧,૭૦૦ | ૩૧-૩-૧૬ | હજી સુધી નિર્ણય જાણવા મળ્યો નથી. |

આવાઝ ઈલેક્ટ્રોનિક્સનું હિસાબી વર્ષ ૩૧મી માર્ચનાં રોજ પુરૂ થાય છે.

ઉપરના વ્યવહારો આવાઝ ઈલેક્ટ્રોનિક્સના ચોપડામાં જાંગડ વેચાણ નોંધ, જાંગડ વેચાણની આમનોંધ અને જાંગડ વેચાણની ખાતાવહીમાં લખો.

(જવાબ : જાંગડ વેચાણનોંધનો સરવાળો=₹ ૧૧,૮૦૦, જાંગડ વેચાણની આમનોંધ - વેચેલ માલનો ₹ ૪,૫૦૦, પરત માલનો ₹ ૩,૪૦૦, જાંગડ વેચાણ ખાતાવહીની બાકી ₹ ૩,૯૦૦)

**૪. વૈકલ્પિક પ્રશ્નોના જવાબ :**

૧. (ક)    ૬. (અ)

૨. (ક)    ૭. (ડ)

૩. (ડ)    ૮. (ક)

૪. (ક)    ૯. (બ)

૫. (બ)    ૧૦. (ક)

| યુનિટ 11 | ભારતીય હિસાબી ધોરણો - નાણાંકીય પત્રકોની પ્રસ્તુતિ (નિરૂપણ - 1) |
|---|---|

:: રૂપરેખા ::


11.0 પ્રસ્તાવના

11.1 અર્થ / વ્યાખ્યા

11.2 હિસાબી ધોરણોનો ઈતિહાસ

11.3 ભારતીય હિસાબી ધોરણ ((Ind As) 1)

- ઉદ્દેશો
- કાર્યક્ષેત્ર
- હેતુઓ
- નાણાકીય પત્રકોમાં સમાવિષ્ટ વિગતો
- સામાન્ય લાક્ષણિકતાઓ

સ્વાધ્યાય


## 11.0 પ્રસ્તાવના :

નામાપદ્ધતિ એ ધંધાની પરિભાષા છે, જ્યારે હિસાબી ધોરણો એ વ્યાકરણ છે. નાણાંકીય પત્રકોની રજૂઆતમાં વિવિધ નીતિ વિષયક રજૂઆતમાં એકસૂત્રતતા લાવવાના ઉદ્દેશથી હિસાબી ધોરણો તૈયાર કરવામાં આવ્યા છે. ધંધાની સાચી અને વાજબી આર્થિક પરિસ્થિતિનું તારણ વાર્ષિક હિસાબોની રજૂઆતના આધારે થાય છે. વાર્ષિક હિસાબોમાં, નાણાકીય પત્રકોમાં વેપારખાતું, નફા-નુકસાન ખાતું અને પાકા સરવૈયા વગેરે જેવા પત્રકો તૈયાર કરવામાં આવે છે. આ પત્રકોની રજૂઆતમાં ઘસારાની જોગવાઈઓ, આખર સ્ટોકના મૂલ્યાંકનની વિવિધ પદ્ધતિઓમાં એકસૂત્રતતા લાવવાનો ઉદ્દેશ છે.

## 11.1 અર્થ/વ્યાખ્યા :

"હિસાબી ધોરણો એ હિસાબી પત્રકોની રજૂઆતમાં સમાનતા લાવવાના ઉદ્દેશથી ભારતીય ચાર્ટ્ડ એકાઉન્ટન્ટ્સ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવે છે, જે દરેકને અથવા કોઈ ભાગને લાગુ કરવામાં આવે છે."

હિસાબી ધોરણો એટલે નાણાકીય હિસાબોના અહેવાલ રજૂ કરવા માટેના એકરૂપ નિયમો છે, જે સમગ્ર હિસાબી સમાજને લાગુ પડે છે અથવા તે પૈકી કોઈ એક વર્ગને લાગુ પડે છે.

## 11.2 હિસાબી ધોરણોનો ઈતિહાસ :

ભારતમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સંસ્થા દ્વારા ૨૧મી એપ્રિલ, ૧૯૭૭ના રોજ "એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ બોર્ડ (Accounting Standard Boards) (ASB) ની સ્થાપના કરવામાં આવી. આ બૉર્ડની સ્થાપનાનો ઉદ્દેશ હિસાબી નીતિઓની વિવિધતા અને અમલમાં રહેલી વિસંવાદિતા દૂર કરી એકરૂપતા લાવવાનો હતો. તેમની પ્રાથમિક ફરજ હિસાબી ધોરણોની રચના કરવાનો હતો. તે ભારતના ધંધાકીય એકમમાં પ્રવર્તતા રીતરિવાજો, અનુમાનો, પ્રણાલિકાઓ, કાયદાઓ અને ધંધાકીય પર્યાવરણ ધ્યાનમાં લઈ હિસાબી ધોરણો નક્કી

કરે છે. આ સમિતિમાં ઉદ્યોગના પ્રતિનિધિઓ, કંપની લૉ બૉર્ડ, સીધા કરવેરાનું મધ્યસ્થ બૉર્ડ અને ભારતના ઑડિટર જનરલના પ્રતિનિધિઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ધોરણો પ્રારંભિક તબક્કે ભલામણ સ્વરૂપના રાખવામાં આવ્યાં છે.''

ભારતીય હિસાબી ધોરણો (Ind As) એ કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫થી સૂચિત કરવામાં આવ્યા છે. અત્યાર સુધી લગભગ ૩૯ ભારતીય હિસાબી ધોરણો (Ind As) સૂચિત કરવામાં આવેલ છે. ભારતીય હિસાબી ધોરણોના નામ અને ક્રમ આંતરરાષ્ટ્રીય નાણાકીય અહેવાલના ધોરણો (International Financial Reporting Standards - IFRS) મુજબ રાખવામાં આવેલ છે.

જે કંપનીઓ ભારતીય હિસાબી ધોરણો (Ind As) દ્વારા સૂચિત કારણોમાં ન આવતી હોય તેણે ૨૦૦૬ના કંપનીના નિયમો મુજબના હિસાબી ધોરણોનું પાલન કરવું જોઈએ.

ભારતમાં સામાન્ય રીતે સ્વીકૃત સિદ્ધાંતો (Generally Accepted Accouting Principles-GAAP) અને ભારતીય હિસાબી ધોરણો (Ind As) ની વ્યાપકતા અને પરિમાણમાં નોંધપાત્ર તફાવત છે. જે કંપની પ્રમાણે વિવિધ હોઈ શકે. ભારતીય હિસાબી ધોરણો એ આવકનું સંપાદન, ખર્ચા, મિલકતો, જવાબદારીઓ અને ઈક્વિટીને લગતી બાબતોનો સમાવેશ કરે છે. ભારતીય હિસાબી ધોરણોના સ્વીકાર કરતા પહેલાં કંપનીઓએ નીચેની બાબતોમાં નોંધપાત્ર સમય આપવો જોઈએ.

૧. આવકનું સંપાદન.

૨. નાણાંકીય સાધનો

૩. એકીકરણ

૪. સંયોજન

૫. કરવેરા.

ભારતીય હિસાબી ધોરણો એ આંતરરાષ્ટ્રીય નાણાકીય અહેવાલના ધોરણોને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવે છે, તે સંપૂર્ણ રીતે નથી પરંતુ મહદ્અંશે અભિકેન્દ્રિત (Convergence) થયેલ છે.

## 11.3 ભારતીય હિસાબી ધોરણ (Ind As) 1 : નાણાકીય પત્રકોની રજૂઆત

- **ઉદ્દેશો**

  ભારતીય હિસાબી ધોરણ (Ind As) 1, નાણાકીય પત્રકોની રજૂઆત એ સામાન્ય હેતુ માટેના નાણાકીય પત્રકો તૈયાર કરવા માટેનો આધાર પૂરો પાડે છે. આ હિસાબી ધોરણનો મૂખ્ય ઉદ્દેશ ધંધાકીય એકમની નાણાકીય પત્રકોનો અગાઉના વર્ષો કે અન્ય ધંધાકીય એકમના નાણાકીય પત્રકો સાથેના તુલનાત્મક અભ્યાસ માટેનો આધાર પૂરો પાડવાનો છે. નાણાકીય પત્રકોની રજૂઆત માટેની સમગ્રલક્ષી જરૂરિયાત અને માળખાને લગતી લઘુત્તમ જરૂરિયાતની માર્ગદર્શિકા સુયોજિત કરવાનું કાર્ય હિસાબી ધોરણ-૧ કરે છે.

- **કાર્યક્ષેત્ર**

  કોઈ પણ ધંધાકીય એકમ કે જ સામાન્ય હેતુના નાણાકીય પત્રકો તૈયાર કરે છે અને રજૂ કરે છે, કે જે હિસાબી ધોરણો અનુસરે છે તેમણે આ હિસાબી ધોરણને લાગુ કરવું જોઈએ. ખાસ વ્યવહાર કે ઘટનાઓના સંદર્ભમાં અન્ય ભારતીય હિસાબી ધોરણો કે જે હિસાબી ધોરણ-૧ની માન્યતા, કાર્યક્ષેત્ર અને પ્રગટીકરણના સંદર્ભમાં

પૂરક હોય તે પ્રમાણે લાગું કરવું જોઈએ.

- **નાણાંકીય પત્રકોના હેતુઓ**

  સામાન્ય હેતુ માટે તૈયાર કરવામાં આવતા નાણાકીય પત્રકોનો ઉદ્દેશ નાણાકીય સ્થિતિ, નાણાકીય કામગીરી અને રોકડપ્રવાહ પત્રકને લગતી ધંધાકીય એકમની માહિતિ ઉપયોગકર્તાઓને પૂરી પાડવાનો છે કે જે આર્થિક નિર્ણયો લેવામાં મદદરૂપ થાય. ઉપરોક્ત ઉદ્દેશને અનુલક્ષીને એકમના નાણાકીય પત્રકમાં નીચેની માહિતી પૂરી પડવાનો છે.

  - મિલકતો
  - જવાબદારીઓ/દેવાની માહિતિ
  - ઈક્વિટી (શેરમૂડી)ને લગતી માહિતિ
  - આવક અને ખર્ચ (નફા અને નુકસાન સહિત)
  - માલિકને લગતી માહિતિ.
  - રોકડ પ્રવાહો.

- **નાણાંકીય પત્રકોમાં સમાવિષ્ટ વિગતો**

  નાણાંકીય પત્રકોમાં -

  ૧. પાકું સરવૈયું

  ૨. નફા-નુકસાન ખાતું

  ૩. ઈક્વિટીમાં ફેરફારનું પત્રક

  ૪. રોકડ પ્રવાહનું પત્રક

  ૫. નોંધો, નાણાકીય નીતિઓ, હિસાબી નીતિઓ અને અન્ય ખુલાસાત્મક માહિતિ.

  ૬. અગાઉના સમયની તુલનાત્મક માહિતિ

  ૭ પૂર્વવર્તી અસર આપેલ હોય તેવા નાણાકીય પત્રકો.

- **સામાન્ય લાક્ષણિકતાઓ**

  ભારતીય હિસાબી ધોરણોનું પાલન કરી નાણાકીય પત્રકો દ્વારા સાચો અને વાજબી ખ્યાલ મેળવવાનો મુખ્ય ઉદ્દેશ છે. સાચો અને વાજબી ખ્યાલ મેળવવા નાણાંકીય પત્રકોમાં વ્યવહારની અસરો, ઘટનાઓ અને માળખાકીય વ્યાખ્યાયિત વિગતો જેવી કે મિલકતો, જવાબદારીઓ, આવકો, ખર્ચાઓની યોગ્ય માવજત થયેલ હોવી જોઈએ.

  વિશિષ્ટ સંજોગોમાં ભારતીય હિસાબી ધોરણોના પાલનમાં ક્યાંક નાણાંકીય પત્રકોની તૈયારીના મૂળ ઉદ્દેશથી ગેરમાર્ગે ન જવાય, આથી અમુક ખ્યાલોથી સંપૂર્ણ પ્રગટીકરણ જરૂરી છે.

  **ચાલુ એકમનો ખ્યાલ**

  ભવિષ્યમાં ધંધો લાંબો સમય સુધી ચાલુ રહેવાનો છે એમ માનીને હિસાબો લખવામાં આવે છે.

**હિસાબી પદ્ધતિનો ઉપાર્જનનો ખ્યાલ**

રોકડ પ્રવાહ પત્રક સિવાય નાણાકીય પત્રકો ઉપાર્જનના સિદ્ધાંત મુજબ તૈયાર કરવામાં આવેલ હોય છે.

**મહત્ત્વતા અને એકત્રીકરણ**

સરખી મહત્વતા ધરાવતી વિગતો અલગથી રજુ થવી જોઈએ. નાણાંકીય પત્રકોમાં સંબંધિત સત્ય અને સંજોગો ધ્યાનમાં રાખી એકત્રીકરણ કરવું જોઈએ.

**અહેવાલની આર્વતનસંખ્યા (Frequency of Reporting)**

સંપૂર્ણ નાણાકીય પત્રકો કે જેમાં તુલનાત્મક માહિતી આપેલ હોય તેની રજૂઆત એકમે કરવી જોઈએ.

**તુલનાત્મક માહિતિ**

**લઘુત્તમ તુલનાત્મક માહિતિ**

ધંધાકીય એકમે અગાઉના સમયની તમામ વિગતો આપવી જોઈએ કે જે વર્તમાન સમયના નાણાકીય પત્રકોમાં હોય. સિવાય કે ભારતીય હિસાબી ધોરણે (Ind As) દ્વારા મંજૂરી આપવામાં આવેલ હોય, એકમે ઓછામાં ઓછા બે પાકા સરવૈયા, બે નફા નુકસાન ખાતાના પત્રકો, બે રોકડ પ્રવાહના પત્રકો અને બે ઈક્વિટીમાં ફેરફાર અંગેના પત્રકો અને સંબંધિત નોંધો અંગે તુલનાત્મક માહિતિ આપવી જોઈએ.

**વધારાની તુલનાત્મક માહિતિ**

ધંધાકીય એકમે લઘુત્તમ તુલનાત્મક માહિતિ ઉપરાંત વધારાની માહિતિની રજૂઆત કરવી જોઈએ કે જે ભારતીય હિસાબી ધોરણો મુજબ તૈયાર કરવામાં આવેલ હોય. સંપૂર્ણ નાણાંકીય પત્રકોની યાદી મુજબ એક અથવા વધારે પત્રકો તૈયાર કરી રજૂ કરવા જોઈએ.

**હિસાબી નીતિમાં ફેરફાર, પુર્વવત પુનઃપત્રક અથવા પુનઃવર્ગીકરણ**

હિસાબી ધોરણ ફકરા 40A મુજબ જે પુર્વવતઃ ફેરફાર આપેલ હોય તો ધંધાકીય એકમે શરૂઆતના સમય માટે પણ પુર્વવતઃ અસર આપતા નાણાંકીય પત્રકો તૈયાર કરવા જોઈએ. જો કંપનીના વર્ગીકરણ અને રજૂઆતમાં ફેરફાર થયેલ હોય તો રકમ, વિગત અને કારણો રજૂ કરવા જોઈએ.

**રજૂઆતની એકરૂપતા**

જો અન્ય હિસાબી ધોરણ મુજબ ફેરફાર જરૂરી ન હોય તો રજૂઆતની એકરૂપતા નાણાંકીય પત્રકોમાં જળવાઈ રહેવી જોઈએ.

**માળખુ અને વિગતો (Structure and Content)**

એકમે નાણાકીય પત્રકોને સ્પષ્ટ રીતે રજૂ કરવા જોઈએ છે જે અન્ય પ્રકાશિત દસ્તાવેજથી અલગ હોવા જોઈએ.

**પાકું-સરવૈયું**

ભારતીય હિસાબી ધોરણ-૧ કોઈ ખાસ માળખુ પાકું સરવૈયું રજુ કરવા માટે સૂચવેલ નથી. પરંતુ નીચેની માહિતિ/વિગતો સમાવિષ્ટ હોવી જોઈએ.

A. મિલકતો, પ્લાન્ટ અને સાધનો

B. રોકાણો

C. અદૃશ્ય મિલકતો

D. નાણાકીય મિલકતો

E. ઈક્વિટી પદ્ધતિથી નોંધેલા રોકાણો

F. જૈવિક મિલકતો હિસાબી ધોરણ-૪૧-કૃષિ વિષયકના કાર્યક્ષેત્ર મુજબ

G. આખરસ્ટોક (ઈન્વેન્ટરી)

H. ધંધાકીય અને અન્ય લેણાં

I. રોકડ અને રોકડ સમકક્ષ

J. હિસાબી ધોરણ-૧૦૫ મુજબ બિન ચાલુ મિલકત જે વેચાણ અને કાર્ય બંધ કરેલ હોય તે માટે

K. ધંધાકીય અને અન્ય લેણદારો

L. જોગવાઈઓ

M. નાણાકીય જવાબદારીઓ ( K અને L સિવાયની)

N. હિસાબી ધોરણ ૧૨ મુજબ ચાલુ કરવેરા

O. પ્રસારિત કર જવાબદારી અને પ્રસારિત કર મિલકત

P. નિકાલ માટેની જવાબદારીઓ

Q. ઈક્વિટી પૈકીનું બિન અંકુશિત હિત

R. બહાર પાડેલ મૂડી અને અનામતો

ઉપરોક્ત સિવાયની વિગતો પણ સમાવિષ્ટ થઈ શકે છે.

**ચાલુ/બિનચાલુ વચ્ચેનો તફાવત**

ભારતીય હિસાબી ધોરણ ૧ મુજબ એકમે ચાલુ અને બિનચાલુ (કાયમી) મિલકતો અને ચાલુ અને બિનચાલુ (લાંબાગાળાના) દેવાનો તફાવત નાણાકીય પત્રકોમાં રજૂ કરવો જરૂરી છે સિવાય કે નાણાકીય પત્રક પ્રવાહિતતાના ધોરણ અનુસાર રજૂ કરવામાં આવેલ હોય.

કોઈપણ રજુઆતમાં ધંધાકીય એકમે ૧૨ મહિનામાં અને ૧૨ મહિનાથી વધુ સમયના મળવાપાત્ર રકમની માહિતિ અલગથી આપવી જોઈએ.

**નફા-નુકસાનનું પત્રક**

ધંધાકીય એકમે નફા-નુકસાનનું પત્રક રજૂ કરવું જોઈએ જેમાં નફા અને નુકસાન સાથે સમગ્ર આવકની રજૂઆત કરવી જોઈએ.

નફા-નુકસાનના પત્રકમાં નીચેનાનો સમાવેશ થવો જોઈએ.

A. આવક, વ્યાજની આવક

B. નફો અને ખોટ કે જે નાણાકીય મિલકતમાંથી ઉદ્ભવેલ હોય

C. નાણાકીય ખર્ચ

D. ક્ષતિગ્રસ્ત ખોટ હિસાબી ધોરણ ૧૦૯ મુજબ

E. નફા કે ખોટમાં ભાગ કે જે સંયુક્ત સાહસ સંબંધિત હોય.

F. જો નાણાકીય મિલકતો પુર્નઃ વર્ગીકરણ કરેલ હોય તો અગાઉની અને વર્તમાન વાજબી કિંમતનો તફાવત

G. જો નાણાકીય મિલકતોની પુનઃવર્ગીકરણ દરમિયાન નફો કે ખોટ હોય તો

H. કરવેરાના ખર્ચા

I. બંધ કામગીરી સંબંધિત રકમ

આ ઉપરાંત રોકાણોના નિકાલ, મિલકતો, પ્લાન્ટ અને સાધનોની નિકાલ, બંધ કામગીરી, જોગવાઈમાં ફેરફારનો પણ સમાવેશ કરવામાં આવે છે.

**ઈક્વિટીમાં ફેરફારનું પત્રક**

ભારતીય હિસાબી ધોરણ-૧ (Ind As) મુજબ ઈક્વિટીમાં ફેરફારનું પત્રક રજૂ કરવું જરૂરી છે. જેમાં નીચેની વિગતોનો સમાવેશ થાય છે.

(a) કુલ સમગ્ર આવક જે તે સમયને અનુલક્ષીને

(b) ભારતીય હિસાબી ધોરણ-૮ (Ind As 8) મુજબ ઈક્વિટીના ઘટકો અને પૂર્વવત પુનઃપત્રક

(c) ઈક્વિટીના ઘટકોની શરૂઆત અને અંતની માહિતી અને મેળવણી

**રોકડપ્રવાહનું પત્રક**

ધંધાકીય એકમે ભારતીય હિસાબી ધોરણ-૭ (Ind As 7) Statement of Cash Flows મુજબ રોકડપ્રવાહ પત્રક રજૂ કરવું જોઈએ.

**નોંધો :**

નોંધોમાં નાણાકીય પત્રકોની રજુઆતમાં માહિતીનો આધાર અને હિસાબી નીતિઓ સંદર્ભ હોવો જોઈએ. હિસાબી ધોરણ મુજબ જે બીજે ક્યાંય રજૂઆત નથી થઈ તેની માહિતી આપવી જોઈએ. જે માહિતીની રજૂઆત થઈ નથી પરંતુ સમજાવવા માટે જરૂરી હોય તે માહિતીનો સમાવેશ કરવો જોઈએ.

**હિસાબી નીતિઓનું પ્રગટીકરણ :**

ધંધાકીય એકમે મહત્ત્વની હિસાબી નીતિઓનું પ્રગટીકરણ કરવું જોઈએ કે જેમાં -

A. નાણાકીય પત્રકોને તૈયાર કરવા માટે લીધેલ પરિમાણો

B. નાણાકીય પત્રકો સમજવા માટે જરૂરી હિસાબી નીતિઓ.

**મૂડી સંબંધિત પ્રગટીકરણ :**

ધંધાકીય એકમે મૂડી સંબંધિત ઉદ્દેશો, નીતઓ અને માહિતીની રજૂઆત કરવી જોઈએ.

**ઈક્વિટી તરીકે વર્ગીકૃત નાણાકીય સાધનો**

નીચેના વધારાના નાણાકીય સાધનોની માહિતી આપવી જોઈએ કે જે અન્ય કોઈ પત્રકોમાં રજૂ કરવામાં આવેલ ન હોય.

- ઈક્વિટી તરીકે વર્ગીકૃત માત્રાત્મક માહિતીનો સારાંશ

- પુનઃખરીદી કે પરત કરવા માટેના ઉદ્દેશો, નીતિ અને પ્રક્રિયા કે જે નાણાકીય સાધનોના અધિકાર માટે અગાઉના સમયમાં બદલાયેલ હોય તો
- પુનઃખરીદી કે પરત કરવા સમયે રોકડ જાવકની અપેક્ષિત રકમ
- જાવક રોકડ પ્રવાહ નક્કી કરવા માટેની માહિતી.

**અન્ય પ્રગટીકરણ**

જાહેર કરેલ કે ચૂકવેલ ડિવિડન્ડની માહિતી, સંચિત પ્રેફરન્સ ડિવિડન્ડ કે જેની જોગવાઈ નથી કરી તે માહિતી આપવી જોઈએ.

**ઉપસંહાર**

ભારતમાં હાલમાં ઉપયોગમાં લેવાતી વિવિધ હિસાબી નીતિઓ અને કાર્યવાહીને સંવાદી બનાવવાની જરૂરિયાત ધ્યાનમાં રાખીને ભારતની ધી ઈન્સ્ટિટ્યુટ ઑફ ચાર્ટ્ર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા દ્વારા આંતરરાષ્ટ્રીય હિસાબી ધોરણોના સંદર્ભમાં ભારતીય હિસાબી ધોરણો (Ind As) નાણાકીય પત્રકોની એકરૂપતા લાવવા માટે તૈયાર કરેલ છે. ભારતીય હિસાબી ધોરણ (Ind As 1) એ અન્ય કોઈપણ સ્થાને પ્રગટ થયેલ ન હોય તેવી માહિતી રજૂઆતની જરૂરિયાત સમજે છે. જેવી કે ડોમીસાઈલ અને કાયદાકીય અસ્તિત્વ, રજીસ્ટર્ડ ઓફિસ, કામગીરીનો પ્રકાર, મુખ્ય પ્રવૃત્તિઓ, પૈતૃક કંપની અને અંતિમ પૈતૃક કંપનીના નામ અને મર્યાદિત આયુષ્યવાળા એકમના કિસ્સામાં તેના આયુષ્ય અંગેની માહિતી.

**: સ્વાધ્યાય :**

**સૈદ્ધાંતિક પ્રશ્નો**

૧. હિસાબી ધોરણો એટલે શું? તે શા માટે પ્રગટ કરવામાં આવે છે?

૨. ભારતીય હિસાબી ધોરણ-૧ (Ind As 1) ની વિસ્તૃત માહિતી આપો.

૩. ભારતીય હિસાબી ધોરણ-૧ (Ind As 1) મુજબ પાકા સરવૈયામાં સમાવિષ્ટ વિગતો જણાવો.

૪. ભારતીય હિસાબી ધોરણ-૧ (Ind As 1) મુજબ નફા-નુકસાન ખાતામાં સમાવિષ્ટ વિગતો જણાવો.

૫. હિસાબી ધોરણોના ઈતિહાસ સંક્ષિપ્તમાં ચર્ચો.

**ટૂંકનોંધ લખો.**

૧. ચાલુ એકમનો ખ્યાલ

૨. ઉપાર્જનનો ખ્યાલ

૩. રોકડપ્રવાહનું પત્રક

**MCQs**

૧. નીચેના પૈકી કયું હિસાબી ધોરણ ૧ (Ind As 1) મુજબ નાણાકીય પત્રકમાં સમાવિષ્ય છે ?

A. પાકું સરવૈયું

B. નફા-નુકસાન ખાતું

C. રોકડપ્રવાહ પત્રક

D. ઉપરના બધા જ

૨. એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ્ઝ બૉર્ડ (ASB) (હિસાબી ધોરણ પંચ) ની રચના ક્યારે થઈ?

A. ૧૯૭૩

B. ૧૯૭૬

C. ૧૯૭૭

D. ૨૦૦૧

૩. જૈવિક મિલકતો કયા હિસાબી ધોરણ સંબંધિત છે?

A. હિસાબી ધોરણ - ૧

B. હિસાબી ધોરણ - ૨૧

C. હિસાબી ધોરણ - ૪૧

D. ઉપરમાંથી એકપણ નહિં.

૪. ભારતીય હિસાબી ધોરણો (Ind As) કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા ક્યારે સૂચિત કરવામાં આવ્યા.

A. એપ્રિલ, ૨૦૧૫

B. ફેબ્રુઆરી, ૨૦૧૫

C. માર્ચ, ૨૦૧૬

D. ઉપરમાંથી એકપણ નહિં.

૫. IFRS એટલે............................

A. International Financial Reporting Standards.

B. International Functional Reporting Standards.

C. Internal Financial Reporting Statements.

D. ઉપરમાંથી એકપણ નહિં.

- **જવાબો :**

1. (D)
2. (C)
3. (C)
4. (B)
5. (A)

| યુનિટ 12 | ભારતીય હિસાબીધોરણ નં.૨ (નાણાંકીય હિસાબી પદ્ધતિ) સ્ટોકનું મૂલ્યાંકન |
|---|---|

:: રૂપરેખા ::

1. પ્રસ્તાવના
2. વિસ્તાર - બાબતો
3. વ્યાખ્યાઓ
4. ઈન્વેન્ટરીઝ (માલસ્ટોક)નું મૂલ્યાંકન કરવા અગે સમજૂતી : (વિશિષ્ટ પારિભાષિક શબ્દો)
5. ઈન્વેન્ટરીઝની પડતર માટે અસ્વીકૃત ખર્ચાઓ
6. પડતર અંગેની ફોર્મ્યુલા / મૂલ્યાંકન પદ્ધતિઓ
7. ઈન્વેન્ટરી મૂલ્યાંકન
8. પ્રગટીકરણની વિગતો
9. ભારતીય હિસાબી ધોરણ-2 નો ટૂંકસાર

સ્વાધ્યાય

## 1. પ્રસ્તાવના :

આ હિસાબીધોરણ મૂળ જૂન, 1981 માં બહાર પાડવામાં આવેલ હતું. જેને સુધારીને તા.01-04-1999 ના રોજથી Revised As તરીકે ફરી રજૂ કરવામાં આવ્યું છે. આ હિસાબી ધોરણનો મૂળ હેતું ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન કરવાની પદ્ધતિ નક્કી કરવા તથા પાકા સરવૈયામાં ઈન્વેન્ટરી કઈ કિંમતે દર્શાવવી તે અંગે માર્ગદર્શન આપવાનો છે. તા. 01-04-1999 ના રોજથી આ હિસાબી ધોરણ ફરજીયાત રીતે લાગુ પડેલ જે હાલમાં Ind. AS - 2 તરીકે અમલમાં છે. આ Ind. AS - 2 તા. 16-02-2015 ના રોજથી અને એમેન્ડમેન્ટ 30-03-2016થી અમલમાં છે.

## 2. વિસ્તાર - બાબતો :

આ હિસાબી ધોરણ નં. 2 નીચે દર્શાવેલ બાબતોને લાગુ પડતું નથી.

(i) બાંધકામના કરાર હેઠળ ઉદ્ભવતું ચાલુ કામ તથા સંબંધિત સેવા કરારો. (આ અંગે અલગ હિસાબી ધોરણ-7 બહાર પાડવામાં આવેલ છે.)

(ii) સેવા પૂરી પાડનારાઓના ધંધા કે વ્યવસાયમાં સામાન્ય રીતે ઉદ્ભવતું ચાલુ કામ

(iii) ધંધામાં સ્ટોક તરીકે રહેલ શેર્સ, ડિબેંચર્સ, બોન્ડ્ઝ તથા અન્ય નાણાકીય ઈન્સ્ટ્રુમેન્ટસ.

(iv) ઉત્પાદકની ઈન્વેન્ટરી જેવી કે ઢોર-ઢાંખર, ખેતી તથા જંગલના ઉત્પાદનો, ખનીજ તેલ, ગેસ વગેરે જેનું મૂલ્યાંકન ધંધાની રૂઢિ પ્રમાણે ચોખ્ખી ઉપજવાળા મૂલ્યોએ કરવામાં આવતું હોય.

## 3. વ્યાખ્યાઓ :

આ હિસાબ ધોરણમાં નીચેની બે વ્યાખ્યાઓ ખાસ આપેલ છે.

(1) ઈન્વેન્ટરીઝ (માલ સ્ટોક અથવા માલસામગ્રી)

ઈન્વેન્ટરીઝ એવી મિલ્કતો કે જે,

(i) ધંધાના સ્ટોક તરીકે વેચાણ માટે ધારણ કરવામાં આવેલ હોય,

(ii) આવા ઉપર (i) માં દર્શાવેલ વેચાણ માટેની ઉત્પાદન પ્રક્રિયામાં હોય,

(iii) જે માલ-સામાન સ્વરૂપે કે સપ્લાઈઝ સ્વરૂપે ઉત્પાદન પ્રક્રિયામાં કે સેવામાં પૂરી પાડવામાં હોય.

(2) ચોખ્ખું ઉપજવાપાત્ર મૂલ્ય (Net Realisable Value (NRV) :

''ચોખ્ખું ઉપજવાપાત્ર મૂલ્ય એટલે અંદાજિત વેચાણ કિંમત બાદ વેચાણ પૂર્ણ કરવાના અંદાજિત ખર્ચા તથા વેચાણ કરવા માટેના જરૂરી અંદાજિત ખર્ચા''

## 4. ઈન્વેન્ટરીનું મૂલ્ય નક્કી કરવા અંગે સમજૂતી : (વિશિષ્ટ પ્રારિભાષિક શબ્દો) :

ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન પડતર અને ચોખ્ખા ઉપજવાપાત્ર મૂલ્ય બેમાંથી જે ઓછું હોય તે કિંમતે કરવું જોઈએ. આ માટે નીચેની બાબતોની ઓળખ અને સમજ આવશ્યક છે.

**(1) ઈન્વેન્ટરીની પડતર :**

ઈન્વેન્ટરી પડતરમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(1) ખરીદીની પડતર

(2) રૂપાંતર પડતર

(3) ઈન્વેન્ટરીની તેની હાલની સ્થિતિ અને સ્થાનમાં લાવવા માટે કરવામાં આવેલા અન્ય ખર્ચા.

**(2) ખરીદીની પડતર :**

ખરીદીની પડતરમાં માલની ખરીદ કિંમત, ડ્યૂટી અને વેરા (સિવાય કે જે સરકાર પાસેથી પરત મેળવી શક્ય ન હોય), આવક માલ ગાડાભાડું તથા માલની ખરીદીને ફાળવી શકાય તેવાં પ્રત્યક્ષ ખર્ચાઓનો સમાવેશ થાય છે. વેપારી વટાવ, રીબેટ, ડ્યુટી ડ્રોબેક વગેરેની રકમ ખરીદીની પડતરમાંથી બાદ કરી દેવામાં આવે છે.

**(3) રૂપાંતર પડતર :**

કાચા માલને તૈયાર માલમાં રૂપાંતરિત કરવા માટે કરવામાં આવતા ખર્ચને રૂપાંતરિત પડતર કહેવામાં આવે છે. જેમાં પ્રત્યક્ષ મજૂરી, અન્ય પ્રત્યક્ષ ખર્ચા, સામાન્ય ઉત્પાદન શક્તિને ફાળવેલ સ્થિર અને ચલિત ઉત્પાદન પરોક્ષ ખર્ચા વગેરેનો સમાવેશ થાય છે.

**(4) અન્ય ખર્ચા :**

ઈન્વેન્ટરીને તેની હાલની સ્થિતિ અને સ્થાનમાં લાવવા માટે કરવા પડતા અન્ય ખર્ચનો સમાવેશ પણ ઈન્વેન્ટરીની પડતરમાં કરવામાં આવે છે, પરંતુ વ્યાજ તથા અન્ય તેના જેવા પ્રકારના ખર્ચનો સમાવેશ કરવામાં આવતો નથી.

## 5. ઈન્વેન્ટરી પડતર માટેના અસ્વીકૃત ખર્ચાઓ :

ઈન્વેન્ટરીની પડતરમાં સમાવવામાં ન આવતા ખર્ચાઓ છે. જેની વિગતો નીચે મુજબ છે.

(1) માલ-સામાન, મજૂરી તથા અન્ય ઉત્પાદન ખર્ચાની અસામાન્ય બગાડની રકમ

(2) માલ-સામાન સંગ્રહના ખર્ચા (જો તે ખર્ચ ઉત્પાદનના કોઈ તબક્કા પહેલાની ઉત્પાદન પ્રક્રિયા માટે જરૂરી ન હોય તો)

(3) વહીવટી પરોક્ષ ખર્ચા

(4) વેચાણ વિતરણને લગતા ખર્ચા

આ ખર્ચાઓની વ્યાખ્યા - ઓળખ અનુસાર તે ઈન્વેન્ટરીની પડતરમાં ગણતરી વખતે સમાવવામાં આવતા નથી.

## 6. પડતર અંગેની ફોર્મ્યુલા / મૂલ્યાંકન પદ્ધતિ :

જો ઈન્વેન્ટરીની આઈટમ્સ કે જે પરસ્પર બદલી શકાય કે વાપરી શકાય તેમ ન હોય અને માલ કે સેવાનું ઉત્પાદન કરી તેને ખાસ પ્રોજેકટ માટે અલગ રાખવામાં આવ્યો હોય તો ત્યારે ''ખાસ ઓળખી શકાય'' તેવી પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ.

ઉપર જણાવેલ ઈન્વેન્ટરી સિવાયની બાકીની ઈન્વેન્ટરી માટે ફીકો (FIFO) અથવા ભારીત સરેરાશ પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ.

જયારે ઉપર દર્શાવેલી પદ્ધતિનો ઉપયોગ શક્ય ન હોય ત્યારે નીચેની પદ્ધતિઓ વાપરી શકાય. જો તેમનું પરિણામ લગભગ પડતર જેટલું આવતું હોય તો -

(i) પ્રમાણ પડતર પદ્ધતિ

(ii) છૂટક વેપારની પદ્ધતિ

## 7. ઈન્વેન્ટરી મૂલ્યાંકન નિયમ :

ચોખ્ખું ઉપજપાત્ર મૂલ્ય (NRV) (Net Realiasable Value) :

ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન પડતર કે ચોખ્ખું ઉપજવાપાત્ર મૂલ્ય બેમાંથી જે ઓછું હોય તે કિંમતે કરવું જોઈએ.

ઈન્વેન્ટરીના મૂલ્યાંકન સમયે દરેક પ્રકારની ઈન્વેન્ટરીનું ચોખ્ખું ઉપજમૂલ્ય અને પડતર વિગતવાર (Item Wise) સરખાવવી જોઈએ.

## 8. પ્રગટીકરણ અંગેની વિગતો :

આ હિસાબી ધોરણ અનુસાર ઈન્વેન્ટરીઝની વિગતોને નાણાકીય પત્રકમાં ઈન્વેન્ટરીના મૂલ્યાંકન સહિત નીચેની બાબતો સાથે બતાવવી જોઈએ.

(i) ઈન્વેન્ટરીના મૂલ્યાંકન માટે ઉપયોગમાં લેવાયેલ હિસાબીનીતિ તથા પડતર ફોર્મ્યુલા / મૂલ્યાંકન પદ્ધતિ.

(ii) ઈન્વેન્ટરીનું કુલ મૂલ્ય તથા તેનું જરૂરી વર્ગીકરણ જેમકે, કાચો માલ, અર્ધ તૈયાર માલ, તૈયાર માલ વગેરે..

## 9. ભારતીય હિસાબી ધોરણ નં.2 નો ટૂંકસાર :

ધી ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયાએ (ICAI) બહાર પાડેલ હિસાબી ધોરણ નં. 2 ઈન્વેન્ટરીનું મૂલ્યાંકનનાં અધિકૃત પાઠના ગુજરાતી ભાષાંતરના અભ્યાસ પછી ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન નામના ધોરણોનો ટૂંકસાર નીચે મુજબ રજૂ કર્યો છે.

(1) ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન પડતર અથવા ચોખ્ખું ઉપજમૂલ્ય એ બે પૈકી ઓછામાં ઓછી કિંમત ધ્યાનમાં લઈને કરવું જોઈએ.

(2) ઈન્વેન્ટરીની ઐતિહાસિક પડતરને ચોખ્ખા ઉપજ મૂલ્ય સાથે સરખાવવા માટે ઈન્વેન્ટરીમાં સમાયેલ દરેક આઈટમની અલગ-અલગ ગણતરી કરવી જોઈએ.

(3) ઈન્વેન્ટરીની ઐતિહાસિક પડતર સામાન્ય રીતે ફીફો (FIFO), સરેરાશ પડતર કે લીફો (LIFO) પદ્ધતિ મુજબ નક્કી કરવી જોઈએ.

(4) ખાસ હેતુ માટેની ઈન્વેન્ટરીને ખાસ નિશાની આપીને અલગ મૂલ્યાંકન કરવું જોઈએ.

(5) જો ઈન્વેન્ટરીની પડતર કિંમત સરળતાથી નક્કી ન થઈ શકતી હોય તો ઉપજ કિંમત ધ્યાનમાં લઈને મૂલ્યાંકન કરવું જોઈએ.

(6) ઈન્વેન્ટરીના મૂલ્યાંકન અંગે પ્રમાણ પડતર પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ.

(7) પાયાની સિલક પદ્ધતિને ઉપયોગ ઈન્વેન્ટરીના મૂલ્યાંકન માટે ફક્ત અપવાદરૂપ સંજોગોમાં કરવો જોઈએ.

(8) ઈન્વેન્ટરીની ઐતિહાસિક પડતર યોગ્ય રીતે નક્કી કરવી જોઈએ. ઈન્વેન્ટરીમાં સમાવિષ્ટ થતી સ્થાયી પડતર સામાન્ય ઉત્પાદનની કક્ષાને ધ્યાનમાં લઈને કરવી જોઈએ.

(9) ઉત્પાદન શિરોપરી ખર્ચાઓ સિવાયના ખર્ચાઓ ઈન્વેન્ટરી માટેના જ હોય તો આવા ખર્ચાઓનો પણ ઈન્વેન્ટરીમાં સમાવેશ કરવો જોઈએ.

(10) સ્ટોર્સ વપરાશની ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન પડતર કિંમતે થવું જોઈએ. અપવાદરૂપ સંજોગોમાં પડતર કિંમત કરતા ઓછી કિંમતે સ્ટોર્સ વપરાશની ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન કરવું જોઈએ.

(11) ઉપપેદાશની ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન પડતર કિંમત કે ચોખ્ખી ઉપજવાપાત્ર કિંમત બે પૈકી ઓછામાં ઓછી કિંમતને ધ્યાનમાં લઈને કરવું જોઈએ. જો ઉપપેદાશની ઈન્વેન્ટરીની પડતર કિંમત નક્કી થઈ શકે તેમ ન હોય તો ઊપજવાપાત્ર કિંમત ધ્યાનમાં લેવી જોઈએ.

(12) ઉપયોગમાં લઈ શકાય તેવા ભંગારની ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન માલ સામગ્રીની પડતરમાંથી ફરીથી પ્રક્રિયા કરતા થતી પડતરને બાદ કરીને કરવું જોઈએ.

(13) ઈન્વેન્ટરીના મૂલ્યાંકન અંગે જે હિસાબીનીતિ નક્કી કરવામાં આવી હોય તે નીતિનો ઉલ્લેખ નાણાકીય પત્રકોમાં કરવો જોઈએ.

(14) ઈન્વેન્ટરીના મૂલ્યાંકનમાં સાતત્ય હોવું જોઈએ. જો ઈન્વેન્ટરીના મૂલ્યાંકનની નીતિમાં કે પડતર કિંમત નક્કી કરવાના ધોરણમાં ફેરફાર કર્યો હોય તો આ અંગેનો ઉલ્લેખ નાણાકીય પત્રકમાં થવો જોઈએ. હિસાબી નીતિમાં થયેલ ફેરફારનો પણ સ્પષ્ટ રીતે ઉલ્લેખ થવો જોઈએ.

(15) ઈન્વેન્ટરીને વર્તમાન સ્થાન અને સ્થિતિએ પહોંચાડવા માટે સ્પષ્ટ રીતે જોડાયેલા / જવાબદાર હોય ત્યારે ઉત્પાદનના પરોક્ષ ખર્ચા સિવાયના અન્ય પરોક્ષ ખર્ચા ઈન્વેન્ટરીની પડતરના હિસ્સા તરીકે સમાવી લેવા જોઈએ.

(16) વપરાશી સામગ્રીની ઈન્વેન્ટરી અને નિભાવ-માલસામગ્રીની ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન સામાન્ય રીતે પડતર કિંમતે કરવું જોઈએ, આમ છતાં યોગ્ય પરિસ્થિતિમાં કે સંજોગોમાં ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન પડતરથી નીચુ પણ થઈ શકે.

(17) બિન ઉપયોગી બગાડની ઈન્વેન્ટરીનું અથવા પુનઃ ઉપયોગી બગાડ અંગે પુનઃ પ્રક્રિયાની સુવિધા પ્રાપ્ય ન હોય એવા બગાડની ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન ચોખ્ખા ઉપજ મૂલ્ય અનુસાર કરવું જોઈએ.

(18) નાણાકીય પત્રકોમાં ઈન્વેન્ટરીના મૂલ્યાંકન માટે જે હિસાબીનીતિ અપનાવવામાં - અનુસરવામાં આવી હોય તેમજ તેના મૂલ્યાંકન માટે જે પડતર પદ્ધતિ અનુસારના સૂત્રનો ઉપયોગ થયો હોય તેની માહિતી આપવી જોઈએ. જ્યાં પાયાના સ્ટોકની પદ્ધતિનો ઉપયોગ થયો હોય ત્યાં જે કિંમતે પાયાનો સ્ટોક દર્શાવવામાં આવ્યો હોય અને પાયાના સ્ટોક કરતા વધારાના સ્ટોકનું જે કિંમતે મૂલ્યાંકન કરવામાં આવ્યું હોય તેના તફાવતનું માહિતીપ્રેષણ થવું જોઈએ.

(19) સામાન્યતઃ એકરૂપતાને મૂળભૂત હિસાબી ધારણા તરીકે સ્વીકારવામાં આવે છે. આના પરિણામે ઈન્વેન્ટરીને લગતી હિસાબી નીતિને લગતો કોઈ પણ ફેરફાર (ચોખ્ખા ઉપજ મૂલ્ય સાથે ઐતિહાસિક પડતરને સરખાવવા માટેનો આધાર તથા ઉપયોગમાં લેવામાં આવેલ પડતર પદ્ધતિ અનુસારના સૂત્ર સહિત) જેની વર્તમાન સમયગાળામાં નોંધપાત્ર અસર થાય અથવા જેની હવે પછીના સમયગાળામાં નોંધપાત્ર અસર થાય / થવાની વાજબી ધારણા હોય તેની માહિતી પ્રગટ કરવી જોઈએ. હિસાબી નીતિમાં પરિવર્તન થવાથી વર્તમાન સમયગાળામાં નોંધપાત્ર અસર ઉદ્ભવે તેવા કિસ્સામાં નાણાકીય પત્રકોમાંની કોઈ આઈટમ પર આવા ફેરફારની જે અસર થાય તેની રકમ જેટલા અંશે નક્કી થઈ શકે તે પ્રગટ કરવી જોઈએ.

**સ્વાધ્યાય :**

**(1) બહુવિકલ્પી પ્રશ્નો (MCQ) :**

નીચે દરેક પ્રશ્ન નીચે ચાર વિકલ્પો આપેલ છે. સાચો વિકલ્પ પસંદ કરો.

(1) ભારતીય હિસાબી ધોરણ નં.2 નીચે પૈકી કઈ બાબત માટે લાગુ પડે છે ?

(A) હપ્તા માટે (B) ઈન્વેન્ટરીઝ (સ્ટોક) માટે

(C) ઉછીના નાણાં માટે (D) માલવેચાણ માટે

(2) ભારતીય હિસાબી ધોરણ નં.2 મુજબ માલસ્ટોકનું મૂલ્યાંકન નીચે પૈકી કેવી રીતે / કઈ પદ્ધતિએ કરવું જોઈએ.

(A) પડતરની ફોર્મ્યુલા મુજબ (B) પડતર/મૂળ કિંમતે

(C) બજાર/ઉપજ કિંમતે (D) પડતર કે ચોખ્ખું ઉપજ મૂલ્ય બેમાંથી જે ઓછું હોય તે કિંમતે

(3) NRV એટલે શું ?

(A) ચોખ્ખુ ઉપજવાપાત્ર મૂલ્ય (B) ચોખ્ખુ મહેસુલી મૂલ્ય

(C) નોન રેવન્યુ વેલ્યુ (D) નીલ રેવન્યુ વેલ્યુ

(4) કાચા માલને તૈયાર માલમાં પરિવર્તિત કરવા જે ખર્ચ થાય તેને .......... કહે છે.

(A) પરિવર્તન પડતર (B) તૈયાર માલની પૂર્વ પડતર

(C) કાચા માલની પડતર (D) રૂપાંતરિત પડતર

(5) વેપારી વટાવ, રીબેટ વગેરે ખરીદીની પડતર ગણતી વખતે .................

(A) ઉમેરાય છે (B) ધ્યાનમાં લેવાય છે

(C) બાદ થાય છે (D) મહત્ત્વની પડતર છે

(6) સામાન્ય સંજોગોમાં ઈન્વેન્ટરીઝ માટે મૂલ્યાંકન વખતે નીચે પૈકી પદ્ધતિનો ઉપયોગ થાય છે.

(A) FIFO અથવા ભારિત સરેરાશ (B) LIFO

(C) HIFO (D) પડતર કિંમત + નફો

(7) FIFO અથવા ભારિત સરેરાશ પડતર મૂજબ મૂલ્યાંકન શક્ય ક્યારે બની શકે ?

(A) ખાસ ઓળખી શકાય તેવી પદ્ધતિનો અભાવ હોય ત્યારે

(B) રૂપાંતરિત પડતર ન હોય તો

(C) પ્રમાણ પડતર પદ્ધતિની શક્ય ન હોય તો

(D) છૂટક વેપાર પદ્ધતિ શક્ય ન હોય તો

સાચા જવાબો : (1) = (B), (2) = (D), (3) = (A), (4) = (D), (5) = (C), (6) =(B), (7) = (A)

**(2) ટૂંકોતરી પ્રશ્નો : (હેતુલક્ષી પ્રશ્નો) :**

(1) રૂપાંતરિત પડતર - વ્યાખ્યા અર્થ લખો.

(2) ચોખ્ખુ ઉપજવા-પાત્ર મૂલ્ય એટલે શું ?

(3) અન્ય ખર્ચમાં શેનો સમાવેશ થતો નથી ?

(4) ઈન્વેન્ટરીઝમાં સમાવવામાં આવતા કોઈ પણ બે ખર્ચના નામ જણાવો.

(5) આ હિસાબી ધોરણ નં. 2 મુજબ પ્રગટીકરણની કોઈ પણ એક વિગત જણાવો.

(6) ઉત્પાદનમાં કયા પ્રકારનાં ખર્ચાઓ સિવાયનાં ખર્ચાઓનો ઈન્વેન્ટરીઝ માટેના જ હોય તો તેનો સમાવેશ ઈન્વેન્ટરીઝમાં કરવો જોઈએ.

**(3) નિબંધ પ્રકારના / મોટા જવાબ પ્રશ્નો :**

(1) સમજાવો - ‘‘ઈન્વેન્ટરીઝ : ભારતીય હિસાબી ધોરણ-2.

(2) નોંધ લખો Ind. As - 2.

(3) ઈન્વેન્ટરીઝ માટેના પારીભાષીક શબ્દો વર્ણવો.

(4) ભારતીય હિસાબી ધોરણ નં. 2 નો ટૂંકસાર લખો.

(5) સમજાવો : ‘‘ખરીદીની પડતર’’, ‘‘રૂપાંતર પડતર’’ પડતરની ફોર્મ્યુલા - NRV.

# યુનિટ-13 ભારતીય હિસાબી ધોરણ (Ind AS 7)

રૂપસાર:

- પ્રસ્તાવના અને વિસ્તાર
- રોકડ પ્રવાહ ના ઉદ્દેશો અને માહિતીના ફાયદા
- વ્યાખ્યા
- રોકડ અને રોકડ સમકક્ષ
- રોકડ પ્રવાહના નિવેદનની રજૂઆત
    - કામગીરીની પ્રવૃત્તિઓ
    - રોકાણ પ્રવૃત્તિઓ
    - ધિરાણ પ્રવૃત્તિઓ
- કામગીરીની પ્રવૃત્તિઓથી રોકડ પ્રવાહની એહવાલ
- રોકાણ અને ધિરાણ પ્રવૃત્તિઓથી રોકડ પ્રવાહની એહવાલ
- વિદેશી ચલણથી રોકડ પ્રવાહ
- વ્યાજ અને ડિવિડન્ડ
- આવક પર કર
- પેટાકંપનીઓ, સહયોગીઓ અને સંયુક્ત સાહસોમાં રોકાણ
- પેટા કંપનીઓ અને અન્ય વ્યવસાયોમાં માલિકીના હિતમાં ફેરફાર
- બિન-રોકડ વ્યવહારો
- ધિરાણ પ્રવૃત્તિઓથી ઉદ્ભવતા જવાબદારીઓમાં પરિવર્તન
- રોકડ અને રોકડ સમકક્ષ ઘટકો
- અન્ય સ્પષ્ટતા
- ઉપસંહાર
- સ્વાધ્યાય

➢ પ્રસ્તાવના અને વિસ્તાર

ટૂંકાગાળાના આયોજન માટે રોકડપ્રવાહનું વિશ્લેષણ ખૂબ જ ઉપયોગી છે. ધંધાની સૌથી પ્રવાહી મિલકત જો કોઈ હોય તો તે રોકડ છે. કંપનીને નજીકના ભવિષ્યમાં થતાં દેવાની ચૂકવણી કરવા, વ્યાજ અને અન્ય ખર્ચ ચૂકવવા, રોજબરોજના વ્યવહારો કરવા અને શેરહોલ્ડરોને ડિવિડન્ડ ચૂકવવા માટે પૂરતી રોકડની જરૂર પડે છે. આમ કંપનીના સમગ્ર વ્યવહારોને રોકડની આવક કે જાવકમાંથી થાય છે. આમ કંપનીમાં રોકડની ઉપલબ્ધતા નક્કી કરવા માટે નજીકના ભવિષ્ય માટે રોકડની આવક રહી જાય અને તેની નકારાત્મક અસર ધંધાની નફાકારકતા પર ન પડે. આમ રોકડની બાકી તેના સમયગાળા દરમિયાન કંપનીની રોકડની જરૂરિયાત સાથે મેળ ખાય છે અને તે પ્રમાણે જડો ખાધ હોય તો તેને પહોંચી વળવા અથવા વધુ હોય તો તેનું યોગ્ય રોકાણ કરવા માટે વ્યવસ્થા કરી શકાય છે.

આમ, રોકકપ્રવાહનો અર્થ એ છે કે રોકડની આવક અને જાવક. એટલે કે રોકડના પ્રવાહ (સ્ત્રોત)ની આવક કુલ રોકડની ઉપલબ્ધિમાં વધારો કરે છે. જે કંપનીના ઉપયોગમાં લેવાય છે. જ્યારે રોકડની જાવક એટલે કે રોકડનો વપરાશ એટલે કે તેમાં ઘટાડો થાય છે.

રોકડની આવક અને જાવક વચ્ચેનો તફાવત ચોખ્ખા રોકડપ્રવાહ તરીકે ઓળખાય છે. જે ચોખ્ખી રોકડની આવક અથવા ચોખ્ખી રોકડ જાવક હોઈ શકે છે. આમ રોકડપ્રવાહ પત્રક બનાવવાથી રોકડની પરિસ્થિતિનો ખ્યાલ મળે છે. કંપની ધંધાના આર્થિક વ્યવહારોને નિભાવવા માટે પૂરતા પ્રમાણમાં રોકડની વ્યવસ્થા છે કે કેમ એ જાણી શકે છે. જેથી જ્યારે જ્યારે ધંધાનાં દેવાં ચૂકવવાનાં થાય ત્યારે ચૂકવી શકાશે કે નહિ તે જાણી શકાય છે.

ઈન્ડિય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા રોકડપ્રવાહ પત્રક માટે હિસાબી ધોરણ-3(જુનું) અને સુધારેલ ધોરણ Ind As – 7 મુજબ બધી જ કંપનીઓએ આનો ફરજિયાત અમલ કરવાનો થાય છે. આમ કંપનીઓએ તેમના વાર્ષિક અહેવાલમાં રોકડપ્રવાહ પત્રક દર્શાવવાનું રહે છે.

રોકડપ્રવાહ પત્રક નક્કી કરેલા ચોક્કસ સમયગાળા દરમિયાન ધંધાની કામગીરીની પ્રવૃત્તિ(Operating Activity), રોકાણ પ્રવૃત્તિમાંથી (Investing Activity) અને નાણાકીય પ્રવૃત્તિમાંથી (Financing Activity) ઉદ્દભવતા રોકડપ્રવાહની જાણ કરશે.

આ પત્રક પ્રવૃત્તિઓના વર્ગીકરણ દ્વારા કંપનીની નાણાકીય પ્રવૃત્તિઓમાં તેમજ રોકડ રકમ અને રોકડ સમકક્ષ પ્રવૃત્તિઓની અસરનું મૂલ્યાંકન કરવા દે છે. આ માહિતીનો ઉપયોગ તે પ્રવૃત્તિઓમાંના સંબંધોનું મૂલ્યાંકન કરવા માટે પણ થઈ શકે છે.

રોકડ પ્રવાહ ના ઉદ્દેશો અને માહિતીના ફાયદા:

1. કંપનીની રોકડ તેમજ રોકડ સમકક્ષ અને કંપનીના રોકડ પ્રવાહ નો ઉપયોગ કરવાની જરૂરિયાતની ક્ષમતાનું મુલ્યાંકન કરવાના હેતુથી (નાણાકીય પત્રકોના) વપરાશકર્તાઓ કંપનીના રોકડ પ્રવાહની માહિતી ઉપયોગી થાય છે.
2. વપરાશકર્તાઓ દ્વારા લેવામાં આવતા આર્થિક નિર્ણયો માટે રોકડ કે તેની સમકક્ષ પેદા કરવા માટેની કંપનીની ક્ષમતા તેમજ પેદા કરવાનો સમય અને નિશ્ચિતતાનું મૂલ્યાંકન જરૂરી છે.
3. આ ધોરણનો મુખ્ય ઉદ્દેશ રોકડ પ્રવાહના પત્રક દ્વારા કંપનીની રોકડ તેમજ સમકક્ષ થતી ઐતિહાસિક ફેરબદલી (પરિવર્તન) વિશેની માહિતી પૂરી પાડવાનો છે. જેમાં કામગીરી, રોકાણ અને નાણાકીય પ્રવૃતિઓનો ચોક્કસ સમયગાળા દરમિયાનના રોકડ પ્રવાહને દર્શાવે છે.
4. કોઈ પણ કંપની રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરતી વખતે IND AS-7 ની આવશ્યકતાઓ ધ્યાનમાં રાખીને અને નાણાકીય પત્રકોના અભિન્ન અંગ (ભાગ) તરીકે દરેક સમયગાળા માટે નાણાકીય પત્રકો સાથે રજૂ કરવામાં આવે છે.

- ભારતીય હિસાબી ધોરણ – ૭ (IND AS 7) તૈયાર કરતી વખતે ભારતીય હિસાબી ધોરણ - 3 (IAS 3) અને IFRS ને ધ્યાનમાં રાખીને સુધારા કરવામાં આવેલા છે. જેને લઈને IND AS 7 આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતીય કંપનીઓ તેમના નિવેદનોને બીજી કંપનીઓ સમકક્ષ મૂકી શકે.
- કંપનીના નાણાકીય નિવેદનોના ઉપયોગ કરનાર જાણવા માંગે છે કે કંપની કેવી રીતે રોકડ અને રોકડ સમકક્ષ વિકલ્પોનો ઉપયોગ કરે છે કે તેને ઉભા કરે છે. નાણાકીય સંસ્થાઓના સંદર્ભમાં (અનુલક્ષમાં) કંપનીની પ્રવૃતિઓની આદતને ધ્યાનમાં લીધા વગર રોકડને કંપનીની વસ્તુ તરીકે દર્શાવેલ હોય તેમ બની શકે છે. કંપનીઓને એકસરખ કારણો થી રોકડની જરૂરિયાત ઉભી થાય છે. જોકે તેમની મુખ્ય આવક ઉભી કરવાના કારણો જુદા જુદા હોઈ શકે છે. આમ, કંપનીને તેમની રોજ બરોજની કામગીરી ચલાવવા તેમની જવાબદારી ચુકવવા અને તેમના રોકાણ પર વળતર આપવા

રોકડની જરૂર પડે છે. આમ, તમામ કંપનીઓને આ ધોરણને ધ્યાનમાં રાખતા રોકડ પ્રવાહ પત્રક બનાવું જરૂરી છે.

- ઐતિહાસિક (ભૂતકાળ)ની રોકડ પ્રવાહની માહિતીનો ભવિષ્યની રકમની જરૂરીયાત, અને રોકડ પ્રવાહની નિશ્ચિતતા માટે સૂચક તરીકે ઘણીવાર ઉપયોગ થાય છે.
- ભૂતકાળના રોકડ પ્રવાહની ચોક્કસ તપાસ તથા ભવિષ્યની રોકડ પ્રવાહ અને ચોખ્ખો રોકડ પ્રવાહ તેમજ નફાકારકતા વચ્ચેનો સંબંધ તેના બદલાતા ભાવો પરની અસર તપાસ કરવામાં પણ ઉપયોગી છે.

<u>વ્યાખ્યા:</u>

રોકડ પ્રવાહ પત્રકમાં ઉપયોગમાં આવતા નીચેના પારિભાષિક શબ્દો આ રીતે સમજીએ.

- ✓ રોકડ: આમાં હાથ પર રોકડ તેમજ મંગાવવામાં આવેલા થાપણોનો સમાવેશ થાય છે.
- ✓ રોકડ સમકક્ષ: આ અત્યંત પ્રવાહી રોકાણો હોય છે. જે રોકડમાં સરળતાથી ફેરબદલ (પરિવર્તિત) કરી શકાય . જેના મૂલ્યમાં પરિવર્તન થવામાં નજીવું જોખમ રહેલ છે.
- ✓ રોકડ પ્રવાહ: આ રોકડ કે રોકડ સમકક્ષનો ધંધામાં અંદરની તરફ કે બહાર ની તરફનો પ્રવાહ રહે છે.
- ✓ કામગીરીની પ્રવૃતિઓ: આ ધંધાની મુખ્ય આવક ઉત્તપન કરવાની પ્રવ્રુતિઓમાંની છે જે ધંધાની અન્ય પ્રવૃતિઓ જેવી કે રોકાણ અને નાણાકીય પ્રવૃતિઓ નથી.
- ✓ રોકાણોની પ્રવૃતિઓ: આ ધંધાની એવી પ્રવૃતિઓ છે જેમાં લાંબાગાળા માટે મિલકતો અને રોકાણોના સંપાદન અને નિકાલ ના વ્યવહારોનો સમાવેશ થાય છે.
- ✓ નાણાકીય પ્રવૃતિઓ:આ એવી પ્રવૃતિઓ છે કે જેને કારણે ધંધાની મૂડી અને દેવાના કદ માં ફેરફાર થાય છે.

❖ <u>રોકડ અને રોકડ સમકક્ષ:</u>

- રોકડ સમકક્ષ સાધનો ધંધામાં રાખવાનો હેતુ ટૂંકા ગાળાની રોકડની જરૂરીયાતને પૂર્ણ કરવાનો છે, રોકાણ કરવાનો કે બીજા હેતુઓ

માટેનો નથી. રોકડ ને લાયક બનવા માટે તે પ્રકાર ના રોકાણો સહેલાઈથી રોકડમાં પરિવર્તિત થવું આવશ્યક છે.. જેમાં ફેરફાર વખતે નજીવું જોખમ રહેતું હોય છે. આમ, કોઈ પણ રોકાણો ત્યારે જ રોકડ સમકક્ષ તરીકે લાયક બને છે જયારે તે સંપાદનની તારીખ થી ત્રણ મહિનાની અંદર રોકડમાં પરિવર્તિત થતા હોય. ઇક્વિટી શેર માં રોકાણ રોકડ સમકક્ષ માં ગણવામાં આવતું નથી. પરંતુ જો પ્રેફરન્સ શેર હોય અને તે ટૂંકાગાળા માટે રોકાણ કરેલ હોય અને તેની રીડમ્પ્સન તારીખ ટૂંકાગાળામાં જ હોય.

- બેંક દ્વારા કરવામાં આવતું ધિરાણ અને નાણાકીય પ્રવૃતિ માનવામાં આવે છે. તેમ છતાં બેંક દ્વારા માંગ પર ચુકવવા પત્ર હોય તેવી બેંક ઓવરડ્રાફટ સુવિધા કંપનીની રોકડ સંચાલનનો એક આંતરિક ભાગ હોવાથી તેને રોકડ કે રોકડ સમકક્ષ ઘટક(સાધન) તરીકે ગણવામાં આવે છે. બેંક વ્યવસ્થાની આવી લાક્ષણિકતાથી બેંક બાકી ઘણી વાર બેંકસિલકમાંથી ઓવરડ્રાફ્ટ માં પરિણમે છે.
- રોકડ પ્રવાહ એવી વસ્તુઓની હલનચલન બાકાત રાખે છે જેની રચના રોકડ કે રોકડ સમકક્ષ વચ્ચે રચાયેલ હોય કારણકે આ ભાગ કામગીરી, રોકાણ કે નાણાકીય પ્રવ્રુતિઓના ભાગને બદલે રોકડ સંચાલનનો ભાગ છે. રોકડ સંચાલન માં વધારાની રોકડને રોકડ સમકક્ષ સાધનોમાં શામેલ કરે છે.

## ❖ <u>રોકડ પ્રવાહ પત્રકની રજૂઆત (નિરૂપણ / પ્રસ્તુતિ)</u> :

- રોકડ પ્રવાહ પત્રકની રજૂઆત ચોક્કસ સમયગાળા દરમિયાનની રોકડ પ્રવાહની વર્ગીકરણ મુજબ કામગીરી, રોકાણ અને ધિરાણની પ્રવૃતિઓની જાણ કરશે. કંપની તેના રોકડ પ્રવાહને ધંધાકીય પ્રવૃતિઓને સૌથી યોગ્ય એવી ત્રણ પ્રવૃતિઓમાં જેવી કે કામગીરી, રોકાણ અને ધિરાણમાં રજુ કરે છે.
- આવી વર્ગીકૃત કરેલી પ્રવૃતિઓની માહિતીને આધારે વપરાશકર્તાઓ કંપનીની આર્થિક સ્થિતિ તેમજ રોકડ અને રોકડ સમકક્ષ માત્રા પર આ પ્રવૃતિઓની અસરનું મૂલ્યાંકન કરવાની મંજુરી આપે છે. આ માહિતીનો ઉપયોગ તે પ્રવૃતિઓ વચ્ચેના સંબંધોના મુલ્યાંકન માટે પણ થઇ શકે છે. જે એકલ વ્યવહારમાં રોકડ પ્રવાહ શામેલ હોય તેવા વ્યવહારોને વિશિષ્ટ રીતે સંદર્ભમાં ચુકવણી સમય કરતા મોડી

(વિલંબિત) વ્યાજ સાથે કરવામાં આવેલ હોય ત્યારે વ્યાજનું તત્વને નાણાકીય પ્રવૃત્તિ હેઠળ  અને લોનની મુદ્દલ રકમને રોકાણની પ્રવૃત્તિ હેઠળ વર્ગીકૃત કરવામાં આવે છે.

## ❖ કામગીરીની પ્રવૃતિઓ (Operating Activities):

કામગીરીની વિવિધ પ્રવૃતિઓથી ઉદભવતો રોકડ પ્રવાહ એક એવું ચાવીરૂપ પરિબળ છે કે જે

- પુરતો રોકડ પ્રવાહ પેદા કરે છે જેને કંપનીની લોન ભરપાઈ કરવા, કંપનીની કામગીરીની પ્રવૃત્તિઓને જાળવવા, ડિવિડન્ડ ચુકવવા અને નવા રોકાણો કરવા માટે બાહ્ય નાણાંકીય સ્ત્રોતોનો પ્રવાહની માહિતી ભવિષ્યના કામગીરીના રોકડ પ્રવાહ તેમજ અન્ય માહિતી સાથેનું જોડાણ (સમાયું) કરવામાં ઉપયોગી થાય છે.
- કામગીરીની પ્રવૃત્તિમાંથી રોકડ પ્રવાહ મુખ્યત્વે કંપનીની મુખ્ય આવક ઉત્પન્ન કરતી પ્રવૃતિઓમાંથી લેવામાં આવે છે. તેથી, આ પ્રવૃતિઓ સામાન્ય રીતે વ્યવહારો અને બીજી ઘટનાઓ કે જે નફા નુકસાનના નિર્ધાર સાથે કરવામાં આવેલ હોય. આ પ્રવૃતિમાં  રોકડ પ્રવાહ નીચેની પ્રવૃતિઓથી ઉદ્ભભવી શકે છે.

  - ✓ માલના વેચાણ  અને પૂરી પાડવામાં આવતી સેવાઓ દ્વારા ઉદભવતી આવક જે રોકડ આવક તરીકે ગણવામાં આવે છે.
  - ✓ રોયલ્ટી, ફી, કમિશન અને અન્ય આવકોમાંથી ઉદ્ભભવતી રોકડ આવક
  - ✓ માલ અને સેવા પુરા પડતા સપ્લ્યારોને ચુકવવામાં આવતી રોકડ
  - ✓ કર્મચારી તેમજ તેમના વતી ચુકવવામાં આવતી રોકડ
  - ✓ વીમા કંપનીને મળતા રોકડ કે ચુકવવામાં આવતી રોકડ જેમ કે પ્રીમીયમ તથા દવાઓ, એન્યુઈટી, માટે અને પોલીસીના અન્ય લાભ માટે.
  - ✓ આવકવેરા ચુકવણી કે તેના રિફંડ માટે સિવાય કે તેને નાણાકીય અને રોકાણ પ્રવૃત્તિઓ માટે હોઈ શકે.
  - ✓ કરારની કે વેપારી પ્રવૃતિઓના વ્યવહાર માટે રોકડ આવક કે ચુકવણી

- અમુક વ્યવહારો જેવા કે પ્લાન્ટના વેચાણ ને કારણે થતો લાભ કે નુકશાન ને નફા નુકશાન ખાતે સમાવિષ્ટ કરાય છે.

આવા વ્યવહારોને કારણે થતો રોકડ પ્રવાહ રોકાણોની પ્રવૃત્તિથી થતો રોકડ પ્રવાહ છે. તેમ છત્તા, ઉત્પાદકોને ચૂકવાતો રોકડ કે સંપાદિત કરેલ મિલકતને અન્યને ભાડે આપવા કે ત્યારબાદ વેચાણ માટે રાખવામાં આવેલ સંપતિમાંથી ઉદ્દભવતો આવક કામગીરી પ્રવૃતિનો રોકડ પ્રવાહ છે. જો કોઈ કંપની દ્વારા કરાર અથવા ધંધાકીય પ્રવૃત્તિ માટે કોઈ લોન લીધેલ હોય તો તે સ્ટોક પુનઃ વેચાણ માટે ભેગો કરવાની સાથે જ સરખાવીને કામગીરીની પ્રવૃત્તિ તરીકે ઓળખાય છે.

❖ <u>રોકાણની પ્રવૃતિઓ(Investing Activities):</u>

રોકાણની પ્રવૃત્તિ દ્વારા પ્રાપ્ત થતો રોકડ પ્રવાહ જુદો બતાવવો અગત્યનું છે. કારણ કે તે એવી રોકડ પ્રવાહની હદ દર્શાવે છે જે ચોક્કસ હેતુના સંશોધનો માટે કરવામાં આવેલ ખર્ચમાંથી ભવિષ્યની આવક અને રોકડ પ્રવાહ ઉભા કરે છે. પાકા સરવૈયામાં દર્શાવેલ મિલકત કે જે માત્ર ખર્ચના હેતુથી કરવામાં આવેલ હોય તેવા ખર્ચને રોકડની પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરી શકાય.

- રોકાણ પ્રવૃતિઓમાંથી થતા રોકડ પ્રવાહ ના ઉદાહરણો આ મુજબ છે.
- મિલકતો,પ્લાન્ટ, યંત્રો, અદ્રશ્ય મિલકતો અને અન્ય લાંબાગાળાની મિલકતો મેળવવા માટે ચુકવવામાં આવેલ રોકડ રકમ.
- આ ચુકવણીમાં મૂડીકૃત વિકાસ ખર્ચ અને કંપનીએ ખુદ નિર્માણ કરેલ મિલકતનો પણ સમાવેશ થાય છે.
- કંપનીની કોઈ પણ લાંબાગાળાની સંપતિના વેચાણમાંથી ઉદ્દભવેલ રોકડ રકમ જેમ કે મિલકતો,પ્લાન્ટ,યંત્રો,અદ્રશ્ય મિલકતો, વાહનો .
- સંયુક્ત સાહસોમાં અન્ય કંપનીઓના શેર , ડિબેચર, કે દેવાના સાધનો ખરીદવા માટે કરેલ રોકડ રકમની ચુકવણી ( આવા સાધનો માટે રોકડ સિવાયની ચુકવણીને રોકડ સમકક્ષ

માનવામાં આવે અથવા લેવડ દેવડ કે વેપારના હેતુ માટે રાખવા આવે)

- સંયુક્ત સાહસોમાં અન્ય કંપનીઓના શેર , ડિબેચર, કે સાધનો વેચાણમાંથી ઉદ્દભવતો રોકડ રકમ કરેલ રોકડ રકમ ( આવા સાધનોના વેચાણથી ઉદ્દભવતો રોકડ સિવાયના વ્યવહારને રોકડ સમકક્ષ માનવામાં આવે અથવા અથવા લેવડ દેવડ કે વેપારના હેતુ માટે રાખવામાં આવે).
- અન્ય વ્યક્તિઓને આપવામાં આવેલ રોકડ ધિરાણ તેમજ લોનની રકમ (નાણાકીય સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા ધિરાણ અને લોન સિવાય)
- અન્ય વ્યક્તિઓને આપવામાં આવેલ ધિરાણ તેમજ લોનની રકમ રોકડમાં પરત મેળવતા (નાણાકીય સંસ્થાઓ દ્વારા આપવામાં આવતા ધિરાણ અને લોન સિવાય)
- વાયદાના કરારો, ભવિષ્યના કરારો, ઓપ્શન (વિકલ્પ) કરારો અને ફેરબદલી અદલાબદલી (સ્વયં) સોદાઓ માટે રોકડ ચુકવણીના કોઈ વેપાર અથવા વ્યવહાર દ્વારા કરવા આવે અથવા આવી ચુકવણીના નાણાંકીય પ્રવૃતિઓ તરીકે વર્ગીકૃત કરવામાં આવે.
- વાયદાના કરારો, ભવિષ્યના કરારો, ઓપ્શન ( વિકલ્પ) કરારો અને ફેરબદલી અદલાબદલી (સ્વયં) સોદાઓ માટે રોકડ આવક કોઈ વેપાર અથવા વ્યવહાર દ્વારા કરવામાં આવે અથવા આવી રોકડ આવકને નાણાકીય પ્રવૃતિઓ તરીકે વર્ગીકૃત કરવામાં આવે.
- જયારે કોઈ પણ કરારને ઓળખી શકાય તેવી સ્થિતિમાં હેજ કરવામાં આવે ત્યારે કરારના રોકડ પ્રવાહને તે જ સ્થિતિમાં વર્ગીકૃત કરવા આવે જે સ્થિતિમાં રોકડ પ્રવાહને હેજ કરવામાં આવેલ હોય.

❖ નાણાકીય પ્રવૃતિઓ(Financial Activities) :

આ પ્રવૃતિઓ દ્વારા પ્રાપ્ત થતો રોકડપ્રવાહ એટલા માટે અલગથી બનાવવો મહત્વપૂર્ણ છે કારણકે કંપનીમાં મૂડી પૂરી પડતર દ્વારા ભવિષ્યમાં ઉદ્ભવતો રોકડપ્રવાહ પરના દાવાઓનું અનુમાન કરવામાં સરળતા રહે છે. નાણાની પ્રવૃત્તિઓમાંથી થતાં રોકડ પ્રવાહના ઉદાહરણો આ પ્રમાણે છે,

- ઇક્વિટી શેર અથવા અન્ય ઇક્વિટી સાધનો દ્વારા ઉદ્ભવતો રોકડ પ્રવાહ
- કંપની તેનાં શેર બાયબેક કરતાં ચૂકવવો પડતો રોકડ પ્રવાહ
- ડીબેન્ચર, લોન, બોન્ડ, ગીરોલોન અને અન્ય ટૂંકાગાળાના કે લાંબાગાળાના ઋણ દ્વારા ઉભો થતો રોકડપ્રવાહ
- નાણાકીય પટ્ટાકરાર અંતર્ગત જવાબદારીમાં ઘટાડો કરવા પટ્ટે લેનાર દ્વારા થતી રોકડ ચુકવણી

❖ કામગીરીની પ્રવૃત્તિઓથી રોકડ પ્રવાહનો અહેવાલ :

કંપની દ્વારા નીચેની કોઈ કામગીરીની પ્રવૃત્તિઓનો ઉપયોગ કરીને રોકડ પ્રવાહનો અહેવાલ આપશે :

- સીધી પધ્ધતિ પ્રમાણે કુલ રોકડ આવકો અને કુલ રોકડ ચુકવણીનો મુખ્ય વર્ગીકરણો જાહેર કરવામાં આવે છે.
- પરોક્ષ પધ્ધતિ પ્રમાણે, બિનરોકડ પ્રકારના વ્યવહારના પ્રભાવને આધારે નફા-નુકશાન પરની અસરો, ભૂતકાળ કે ભવિષ્યમાં કોઈ પણ સ્થગિત અથવા મળવાના બાકી રોકડ આવકો અથવા ચુકવણીઓ અંતર્ગત રોકાણ કે ધિરાણના રોકડપ્રવાહ સાથે સંકળાયેલ કોઈપણ વસ્તુઓની આવક અને ખર્ચની વિગતો.

જે કંપનીઓ સીધી પ્રવૃત્તિ પ્રમાણે રોકડ પ્રવાહનો અહેવાલ રજૂ કરે છે તેને પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ પધ્ધતિ દ્વારા ભવિષ્યમાં રોકડ પ્રવાહના અંદાજ કરવામાં ઉપયોગી થાય તેવી માહિતી પૂરી પડે છે, જે પરોક્ષ પધ્ધતિ દ્વારા ઉપલબ્ધ થતી નથી.

- સીધી પધ્ધતિ હેઠળ કુલ રોકડ આવકો અને રોકડ ચુકવણીના મુખ્ય વર્ગીકરણનો વિશેની માહિતી મેળવી શકાય છે.

આ માહિતી કંપનીની હિસાબી નોંધમાંથી, વેચાણમાંથી, વેચાણ પડતર તેમજ અન્ય માહિતીઓ જે નફા-નુકશાનના નિવેદનમાં જરૂરી હોય જેવી કે .......

- ચોક્કસ સમયગાળા દરમિયાન સ્ટોકમાં અને કામગીરીની મળવાપાત્ર કે ચુકવવાપત્ર રકમમાં ફેરફાર
- અન્ય બિન-રોકડ વ્યવહારો,
- રોકડ પ્રવાહના એવા વ્યવહારો કે જે રોકડ અસરો રોકાણો કે ધિરાણ માટે થાય છે.
- પરોક્ષ પધ્ધતિ હેઠળ કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભાવનો ચોખ્ખો રોકડ પ્રવાહ સુધારેલા નફા-નુકશાન દ્વારા નીચેની અસરો દ્વારા નક્કી કરી શકાય :
    - ચોક્કસ સમયગાળા દરમિયાન સ્ટોકમાં કે કામગીરીના ઘટાડવામાં કે ચુકવવાના રકમમાં ફેરફાર
    - બિન રોકડ વ્યવહાર જેવા કે ઘસારો, જોગવાઈ, સ્થગિત કર, વિદેશી ચલણમાં લાભ કે નુકશાનની અપ્રાપ્તિ, સહયોગીઓનો બિનવિતરિત નફો

- રોકડ પ્રવાહનને અસર કરતાં અન્ય વ્યવહારો કે જે રોકાણ કે ધિરાણ માટે થાય છે.

વૈકલ્પિક રીતે પરોક્ષ પધ્ધતિ હેઠળ કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્દભવતો ચોખ્ખો રોકડ પ્રવાહ નફા-નુકશાન પત્રક દ્વારા અને આ સમયગાળા દરમિયાન સ્ટોકમાં થયેલ ફેરફાર તેમજ કામગીરીની પ્રવૃત્તિમાંથી મળવાપાત્ર કે ચુકવવાપાત્ર આવક અને ખર્ચ બનાવીને રજૂ કરી શકાય છે.

❖ રોકાણ અને ધિરાણ પ્રવૃત્તિઓથી રોકડ પ્રવાહનો અહેવાલ :

કોઈ પણ કંપનીની મુખ્ય કુલ આવકો અને કુલ ખર્ચાઓની પ્રવૃત્તિઓ જે રોકાણ અને ધિરાણ પ્રવ્રુતિઓમાંથી ઉદ્દભવતી હોય તેને અલગ રીતે વર્ગીકૃત અહેવાલ રજૂ કરશે, સિવાય કે નીચેની જણાવેલ બાબતોમાં ચોખ્ખો ધોરણે રોકડ પ્રવાહનો અહેવાલ આપવામાં આવશે.

➢ નીચેની કામગીરી, રોકાણ અને ધિરાણની પ્રવૃત્તિઓમાંથી ઉદ્દભવતા રોકડ પ્રવાહનો અહેવાલ ચોખ્ખા ધોરણે થઈ શકે છે :

1. કોઈપણ કંપની દ્વારા ગ્રાહકો વતી થતી રોકડ આવક અને ચુકવણી જયારે રોકડ પ્રવાહ પત્રકમાં ગ્રાહકોની પ્રવૃત્તિ તરીકે પ્રતિબિંબિત કરે છે.
2. જયારે વસ્તુઓની રોકડ આવક અને ચુકવણીમાં વેચાણ ઝડપી હોય, રકમ મોટી હોય અને પ્રક્રિયાની મુદ્દત ટૂંકી છે.

ઉપરોક્ત બાબતમાં મુદ્દા નં.1માં ઉલ્લેખ મુજબ રોકડ આવક અને ચુકવણીના ઉદાહરણો આ પ્રમાણે છે.

➢ બેંકમાં જરૂરિયાતની થાપણોની સ્વીકૃતિ અને ચુકવણી

➢ રોકાણ કરતી સંસ્થા દ્વારા ગ્રાહકો માટે રાખવામાં આવેલ ભંડોળ

- મિલકતના માલિકો વતી ભાડાના ઉઘરાણી અને ચુકવણી કરવી.

ઉપરોક્ત બાબતમાં મુદ્દા નં. 2માં ઉલ્લેખ મુજબ રોકડ આવક અને ચુકવણીના ધિરાણ માટે બનેલા કે પરત ચુકવણીના ઉદાહરણો આ પ્રમાણે છે.

- ક્રેડીટ કાર્ડના ગ્રાહકોને સંબંધિત મુદ્દલ રકમ
- રોકાણોને ખરીદી અને વેચાણ
- અન્ય ટૂંકાગાળાના દેવાઓ(ઋણ), (જેની પાકતી તારીખ ત્રણ મહિના કે તેથી ઓછી)

નાણાકીય સંસ્થાઓનો નીચેની પ્રવૃત્તિઓમાંથી ચોખ્ખા ધોરણે ઉદ્દભવતો રોકડ પ્રવાહનો અહેવાલ કદાચ કરી શકાય :

- નિયત પાકતી તારીખ સાથેની થાપણોની સ્વીકૃતિ અને પરત ચુકવણી માટે રોકડ આવક અને ચુકવણી
- અન્ય નાણાકીય સંસ્થાઓમાં થાપણો મુકવી અને થાપણો ઉપાડવી.
- ગ્રાહકોને રોકડ ધિરાણ અને આપવામાં આવેલી લોન અને તેજ ધિરાણ અને લોનની પરત ચુકવણી

❖ વિદેશી ચલણનો રોકડ પ્રવાહ :

વિદેશી ચલણના વ્યવહારોથી ઉદ્દભવતા રોકડ પ્રવાહની (કંપનીની હાલતું-ચાલતું ચલણમાં નોંધવામાં આવશે) વિદેશી ચલણની રકમને રોકડ પ્રવાહની તારીખે હાલમાં ચાલતા ચલણ અને વિદેશી ચલણ વચ્ચેના વિનિમય દરને આધારે કંપનીના હાલતા ચાલતા સ્વરૂપમાં નોંધવામાં આવશે.

વિદેશી પેટા કંપનીના રોકડ પ્રવાહને વિનિમય દરને આધારે રોકડ પ્રવાહની તારીખે કાર્યાત્મક (ક્રિયાશીલ) ચલણ અને વિદેશી ચલણ

વિદેશી પેટા કંપની રોકડ પ્રવાહની તારીખે ક્રિયાશીલ ચલણ અને વિદેશી ચલણના વિનિમય દરને આધારે રોકડ પ્રવાહને બદલશે.

વિદેશી વિનિમય દરમાં પરિવર્તનની અસરો, વિદેશી ચલણમાં નોંધાતો રોકડ પ્રવાહનો અહેવાલ IND AS-21 સાથે સુસંગત છે, આ વિનિમય દરના ઉપયોગને મંજૂરી આપે છે જે વાસ્તવિક દરની નજીક આવે છે. ઉદાહરણ તરીકે ભારિત સરેરાશ વિનિમય દરનો સમયગાળો માટે વિદેશી ચલણનો વ્યવહારો નોંધવા અથવા વિદેશી પેટા કંપનીના રોકડ પ્રવાહને બદલવા માટે ઉપયોગ કરી શકાય છે. જો કે, IND AS-21 અહેવાલના આવતા સમયમાં વિનિમય દરના ઉપયોગની મંજૂરી આપતું નથી જયારે કોઈ વિદેશી પેટા કંપનીના રોકડ પ્રવાહની બદલવા માટે

જો કે IND AS-21 વિદેશી પેટા કંપનીને રોકડ પ્રવાહને બદલવા માટે અહેવાલના અંતના સમયમાં વિનિમય દરના ઉપયોગની મંજૂરી આપતું નથી. વિદેશી ચલણના વિનિમય દરમાં ફેરફારને લીધે પ્રાપ્ત ન થાય તેવો નફો કે નુકશાન રોકડ પ્રવાહ નથી, તેમ છતાં, વિનિમય દરમાં ફેરફારની અસરો રોકડ કે રોકડ સમકક્ષ વિદેશી ચલણને કારણે નોંધાય તો તેને શરૂઆતની અને અંતની રોકડ અને રોકડ સમકક્ષ વચ્ચે મેળવણી માટે રોકડ પ્રવાહ પત્રકમાં નોંધવામાં આવે છે.

(આ રકમને રોકડ પ્રવાહની કામગીરી, રોકાણ અને ધિરાણની પ્રવૃત્તિઓથી અલગ રજૂ કરવામાં આવે છે અને જો કોઈ તફાવતનો સમાવેશ થાય તો તે સમયગાળાના વિનિમય દરને અંતે રોકડ પ્રવાહને જાણ કરવાની રહેશે.)

❖ વ્યાજ અને ડિવિડંડ :

રોકડ પ્રવાહ પત્રકમાં મળતું કે ચુકવવામાં આવતું વ્યાજ અને ડિવિડંડ અલગથી રજૂ કરવામાં આવશે. નાણાકીય સંસ્થાઓના કિસ્સામાં ચૂકવાતું વ્યાજ અને મળેલા વ્યાજ

અને ડિવિડંડથી ઉભો થતો રોકડ પ્રવાહ કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉભો થતો રોકડ પ્રવાહ તરીકે વર્ગીકૃત કરવો જોઈએ.

અન્ય કંપનીઓના કિસ્સામાં ચૂકવેલા વ્યાજ અને ડિવિડંડ ઉદ્દભવતો રોકડ પ્રવાહને ધિરાણની પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરવો જોઈએ જયારે મળેલ વ્યાજ અને ડિવિડંડને રોકાણ પ્રવૃત્તિઓમનો રોકડ પ્રવાહ તરીકે વર્ગીકૃત કરવો જોઈએ.

આ સમયગાળા દરમિયાન ચુકવવામાં આવેલ વ્યાજની કુલ રકમને રોકડ પ્રવાહ પત્રકમાં જાહેર કરવામાં આવે છે પછી ભલે તે નફા અથવા નુકશાનના ખર્ચ તરીકે સ્વીકૃત થાય હોય અથવા IND AS-23 મુજબ ઋણ (દેવાં) પડતર અનુસાર મૂડીકૃત કરવામાં આવે.

વ્યાજ ચૂકવેલ અને મળેલ વ્યાજ તથા મળેલ ડિવિડંડને સામાન્ય રીતે નાણાકીય સંસ્થાઓ માટે કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્દભવતો રોકડ પ્રવાહ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. જ કે, અન્ય કંપનીઓ માટે આ રોકડ પ્રવાહના વર્ગીકરણ અંગે કોઈ સર્વસંમતી નથી. કેટલીક દલીલ એવી છે કે ચૂકવેલ વ્યાજ અને મળેલ વ્યાજ તેમજ ડિવિડંડને કાર્યકારી રોકડ પ્રવાહ તરીકે કદાચ વર્ગીકૃત કરી શકાય છે. કારણકે તે નફા અથવા નુકશાનના નિર્ધાર સાથે આવો વ્યવહાર થાય છે. આમ છતાં, એ વધુ યોગ્ય છે કે ચૂકવેલ વ્યાજ અને મળેલ વ્યાજ અને ડિવિડંડને અનુક્રમે ધિરાણનો રોકડ પ્રવાહ અને રોકાણના રોકડ પ્રવાહ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. કારણકે તે નાણાકીય સંશાધનો મેળવતા અથવા રોકાણો પર વળતર આપવાનો ખર્ચ છે.

કેટલીક દલીલ પ્રમાણે ચુકવવામાં આવેલ ડિવિડંડને કામગીરીની પ્રવૃત્તિઓમાંથી રોકડ પ્રવાહનો ઘટક તરીકે કદાચ વર્ગીકૃત કરાય જેમાં વપરાશકર્તાઓને કામગીરીના રોકડ પ્રવાહમાંથી ડિવિડંડ ચુકવવા માટેની કંપનની ક્ષમતા નક્કી કરવામાં સહાય કરી

શકાય. જો કે એ વધુ યોગ્ય છે કે ચૂકવેલ ડિવિડંડને ધિરાણ પ્રવૃત્તિઓમાંથી રોકડ પ્રવાહ તરીકે વર્ગીકૃત કરવું જોઈએ કારણકે નાણાકીય સાધનો મેળવવાનો ખર્ચ છે.

❖ આવક પર કર :

આવક પરના કરમાંથી ઉદ્દભવતા રોકડ પ્રવાહને અલગથી જાહેર કરવામાં આવશે અને જ્યાં સુધી તેને ધિરાણ અને રોકાણ પ્રવૃત્તિઓમાંથી કઈ પ્રવૃત્તિમાંથી રોકડ પ્રવાહ થયેલ છે તે ઓળખી ન શકાય ત્યાં સુધી તેને કામગીરીની પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

આવક પરના વ્યવહારો પર કર ઉદ્દભવે છે જે રોકડ પ્રવાહને વધારે છે, જે રોકડ પ્રવાહના પત્રકમાં કામગીરીની, રોકાણની કે ધિરાણની પ્રવૃત્તિઓ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. જયારે કરવેરા ખર્ચના વ્યવહારો રોકાણ અથવા ધિરાણની પ્રવૃત્તિઓ તરીકે સરળતાથી ઓળખી શકાય છે, ઘણીવાર કર સાથે સંકળાયેલ રોકડ પ્રવાહ ઓળખવો વ્યવહારુ નથી રહેતો અને આ અંતર્ગત વ્યવહારો રોકડ પ્રવાહથી જુદા સમયગાળા માં પણ ઉદ્ભાવી શકે છે.

જેથી કરીને ચુકવેલ કરને સામાન્ય રીતે કામગીરીની પ્રવૃતિઓ માંથી રોકડ પ્રવાહ તેરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. જો કે, જયારે વ્યક્તિગત વ્યવહારોથી કર રોકડ પ્રવાહને ઓળખવા માટે વધુ વ્યવહારુ છે કે જે રોકડ પ્રવાહને વધારે છે તેવી રોકાણ અથવા નાણાકીય પ્રવૃતિમાં વર્ગીકૃત કરવામાં આવે છે ત્યારે કર રોકડ પ્રવાહને યોગ્ય રીતે રોકાણ અથવા નાણાકીય પ્રવૃતિમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

જયારે, કર રોકડ પ્રવાહને એક કરતા વધુ વર્ગની પ્રવૃતિમાં ફાળવણી કરવામાં આવે છે, ત્યારે ચૂકવેલા કરની કુલ રકમ જાહેર કરવામાં આવે છે.

❖ સહાયક કંપનીઓ, સહયોગીઓ અને સંયુક્ત સાહસોમાં રોકાણ:

જયારે કોઈ સહયોગી, સંયુક્ત સાહસ અથવા પેટાકંપનીમાં મૂડી અથવા પડતર પદ્ધતિના ઉપયોગ દ્વારા હિસાબ કરવામાં આવે ત્યારે, રોકાણકાર દ્વારા પોતાના અને રોકાણકારો વચ્ચે થતો રોકડ પ્રવાહમાં રોકાડ્પ્રવાહ નિવેદનમાં તેના એહવાલને નિયંત્રિત કરે છે.

એક કંપની રોકડપ્રવાહ નિવેદનમાં અહેવાલ આપે છે કે મૂડી પદ્ધતિનો ઉપયોગ કરીને કોઈ સહયોગી અથવા સંયુક્ત સાહસમાં તેની રુચિને પ્રમાણે રોકડ્પ્રવાહ રોકાણના સંધર્ભમાં અને વિતરણો તેમજ આવક અથવા અન્ય ચૂકવણીઓ તેની અને સહયોગી અથવા સંયુક્ત સાહસ વચ્ચે શામેલ છે.

❖ પેટા કંપનીઓમાં અને અન્ય વ્યવસાયો ના માલિકીના હિતમાં પરિવર્તન:

પેટા કંપનીઓ અથવા અન્ય વ્યવસાયોના નિયંત્રણ મેળવવા અથવા ગુમાવવાથી ઉત્પન્ન થયેલા કુલ (સમસ્ત) રોકડ પ્રવાહને અલગથી રજુ કરવામાં આવશે અને તેને રોકાણ પ્રવૃતિઓ તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

કંપની દ્વારા નીચે આપેલા દરેકનુ સમયગાળા દરમિયાન પેટા કંપનીઓ અથવા અન્ય વ્યવસાયોનું નિયત્રણ મેળવવા અને ગુમાવવા બંનેના સંધર્ભમાં જાહેર કરશે:

I. કુલ અવેજ ચૂકવેલ કે પ્રાપ્ત થયેલ
II. રોકડ કે રોકડ સમકક્ષનો સમાવેશ અવેજનો ભાગ
III. પેટા કંપનીઓ અથવા અન્ય વ્યવસાયોમાં રોકડ અને રોકડ સમકક્ષ રકમ કે જેના પર નિયંત્રણ મેળવવામાં આવે અથવા ગુમાવેલ હોય.
IV. પેટા કંપનીઓ અથવા અન્ય વ્યવસાયોમાં રોકડ અથવા રોકડ સમકક્ષ સિવાયની સંપત્તિઓ અને જવાબદારીઓની રકમ કે જેના પર નિયંત્રણ

મેળવવામાં આવે છે અથવા ગુમાવાય છે, દરેક મુખ્ય વિભાગ દ્વારા માહિતી ટૂંકમાં આપવામાં આવે છે.

એક રોકાણકાર કંપની, Ind.AS. 110 ના નાણાકીય પત્રકમાં દર્શાવ્યા મુજબ મુદ્દા-(iii) અને (iv) ને ધ્યાને લેવાનું નથી જેને નફા અથવા નુકશાન દ્વારા વાજબી કિંમત ને આધારે માપવી જરૂરી છે.

એકજ પ્રકારની બાબત અંતર્ગત પેટાકંપનીઓ અથવા અન્ય વ્યવસાયોના નિયંત્રણ મેળવવા અથવા ગુમાવવાના અસરોની રોકડ પ્રવાહમાં અલગ રજૂઆત, તે સાથે મેળવેલી અથવા નિકાલ કરવામાં આવેલી મિલકતો અને જવાબદારીઓની બાબતોને અલગ જાહેર કરવા સાથે તેના રોકડ પ્રવાહને કામગીરીની, રોકાણની અને ધિરાણની પ્રવૃતિઓ માંથી ઉદ્દભવતા રોકડ પ્રવાહને અલગ પાડવામાં મદદ કરે છે. નિયંત્રણ ગુમાવવાના રોકડ પ્રવાહની અસરો ને નિયંત્રણ મેળવવાથી કાપવામાં આવતી નથી.

પેટા કંપનીઓ અથવા અન્ય વ્યવસાયોના નિયંત્રણ મેળવવા અથવા ગુમાવવાન માટેની વિચારણા તરીકે ચુકવવામાં અથવા પ્રાપ્ત થયેલ રોકડ રકમ જેવા વ્યવહારો, ઘટનાઓ અથવા સંજોગોને રોકડ પ્રવાહ પત્રકના નિવેદનમાં ચોખ્ખી રોકડ અથવા રોકડ સમકક્ષ તરીકે મેળવવા અથવા ચૂકવવાનો ઉલ્લેખ થાય છે.

પેટાકંપનીના માલિકીના હિતમાં પરિવર્તનને કારણે ઉદ્ભવતા રોકડ પ્રવાહ કે જેનાથી નિયંત્રણમાં ઘટાડો થતો નથી, નાણાકીય પ્રવૃત્તિઓમાંથી રોકડ પ્રવાહ તરીકે વર્ગીકૃત કરવામાં આવશે, સિવાય કે પેટાકંપની કોઈ રોકાણ કંપની IndAS

– 110 અંતર્ગત સ્થપાયેલ હોય, અને નફા અથવા નુકસાન દ્વારા વાજબી મૂલ્ય પર માપવું જરૂરી છે.

પેટાકંપનીમાં માલિકીના હિતમાં પરિવર્તન કે જેનાથી નિયંત્રણમાં ઘટાડો થતો નથી, જેવા કે પેટાકંપનીની પિતૃ કંપની દ્વારા મૂડીના સાધનો આગામી ખરીદી અથવા વેચાણ, મૂડી વ્યવહાર તરીકે ગણવામાં આવે છે, સિવાય કે પેટાકંપની કોઈ રોકાણ કંપની પાસે કબજામાં હોય અને વાજબી મૂલ્ય નફા કે નુકશાન દ્વારા માપવા જરૂરી છે.

❖ **બિન-રોકડ વ્યવહાર:**

રોકાણ અને નાણકીય વ્યવહારો કે જેમાં રોકડ અથવા રોકડ સમકક્ષનો ઉપયોગ કરવાની જરૂર નથી તેને રોકડ પ્રવાહ પત્રકમાંથી બાકાત રાખવામાં આવશે. અવ વ્યવહારો નાણકીય પત્રકોમાં એવી રીતે જાહેર કરવામાં આવશે કે જેથી આવા રોકાણ અને નાણકીય પ્રવૃત્તિઓ વિશેની તમા માહિતી આપી શકાય.
ઘણા રોકાણ અને નાણકીય પ્રવૃતિઓ વર્તમાન રોકડ પ્રવાહને સીધી અસર કરતી નથી. તે કોઈ કંપનીની મૂડી અને સંપત્તિ માળખાને અસર કરે છે.

- ➢ સંપત્તિની ખરીદી સીધી સંબધિત જવાબદારીઓ અથવા નાણાપટ્ટાના માધ્યમથી થઇ શકે.
- ➢ ઈક્વિટી શેરના ઇશ્યૂ (ભરણા) દ્વારા એકમનું સંપાદન.
- ➢ દેવાનું ઇક્વિટીમાં રૂપાંતર

❖ નાણકીય પ્રવૃતિઓથી જવાબદારીઓમાં પરિવર્તન:

કંપની દ્વારા એવી માહિતી પ્રદાન કરશે કે જે નાણાકીય પત્રકોના ઉપયોગકારોને રોકડ પ્રવાહ અને બિન-રોકડ પ્રવાહના બન્ને ફેરફારો સહિતના થતા ફેરફારોથી,

નાણાકીય પ્રવૃતિઓમાંથી થતા જવાબદારીઓના ફેરફારનું મૂલ્યાંકન કરવા માટે સમર્થ બનાવશે.

ઉપરોક્ત બાબતની જરૂરીયાતને સંતોષવા માટે જરૂરી હદ સુધી કોઈ કંપની નાણાકીય પ્રવૃતિઓમાં ઉદ્ભવતી જવાબદારીઓમાં નીચેના ફેરફાર જાહેર કરશે:

- નાણાકીય રોકડ પ્રવાહથી પરિવર્તન; પેટાકંપનીઓ અથવા અન્ય વ્યવસાયોનું નિયંત્રણ મેળવવા અથવા ગુમાવવાથી થતાં ફેરફારો (પરિવર્તન)
- વિદેશી વિનિમય દરોમાં ફેરફારની અસર;
- વાજબી મૂલ્યોમાં ફેરફાર / યોગ્ય કિમતમાં ફેરફાર; અને
- અન્ય ફેરફાર

નાણાકીય પ્રવૃતિઓથી ઉભી થતી જવાબદારીઓ પણ જવાબદારીઓ જ છે કે જેના માટે રોકડ પ્રવાહ હતો અથવા ભવિષ્યમાં રોકડ પ્રવાહ હશે, જેને રોકડ પ્રવાહ પત્રકમાં નાણકીય પ્રવૃતિઓમાંથી રોકડ પ્રવાહ તરીકે વર્ગીકૃત કરવામાં આવશે. આ ઉપરાંત કંપની દ્વારા આપેલી માહિતીની નાણાકીય સંપત્તિમાં થતાં ફેરફારો પર લાગુ પડે છે. સંપત્તિ કે જે નાણાકીય પ્રવૃતિમાંથી ઉભી થયેલી જવાબદારીઓને બચાવે (હેજ કરે) છે.

ઉપરોકત માહિતી જાહેર કરવાની આવશ્યકતાને પૂર્ણ કરવાની એક રીત છે કે નાણાકીય પ્રવૃતિઓમાંથી ઉદ્દભવતી જવાબદારીઓ માટેના પાકા સરવૈયામાં શરૂઆતની અને આખરની બાકી વચ્ચે મેળવણી કરવી. જ્યાં કોઈ પણ કંપની આવા સમાધાનનો ખુલાસો કરે છે, ત્યાં તે નાણાકીય નિવેદનોના

વપરાશકર્તાઓને સમાધાનમાં સમાવિષ્ટ માહિતીને પાકા સરવૈયા અને રોકડ પ્રવાહ નિવેદનમાં જોડવા માટે સક્ષમ કરવા માટે પૂરતી માહિતી પ્રદાન કરશે.

જો કોઈ કંપની અન્ય સંપત્તિઓ અને જવાબદારીઓમાં ફેરફારોની માહિતી ઉપર મુજબ જરૂરી માહિતી પ્રદાન કરે છે, તો તે અન્ય સંપત્તિઓ અને જવાબદારીઓના ફેરફારોથી અલગ નાણકીય પ્રવૃતિઓથી ઉભી થતી જુદી જવાબદારીઓમાં ફેરેફાર જાહેર કરશે.

### ❖ રોકડ અને રોકડ સમકક્ષના ઘટકો:

કંપની રોકડ અને રોકડ સમકક્ષના ઘટકોને જાહેર કરશે અને રોકડ પ્રવાહના નીવેદનમાં એ જ રકમનુ સમાધાન કરશે જે માહિતીનો ઉલ્લેખ પાકા સરવૈયામાં સરખી માહિતીથી નોંધાયેલા હશે.

વિશ્વભરમાં રોકડ વ્યવસ્થાપન અને બેંકિંગ ગોઠવણીની માટેની વિવિધ પ્રણાલીઓને ધ્યાનમાં રાખીને અને IndAS - 1 નિવેદનોની રજૂઆત, નાણાકીય પત્રકોની રજૂઆત કરવા માટે, કંપની પોલિસી જાહેર કરે છે જેમાં તે રોકડ અને રોકડ સમકક્ષની રચના નક્કી કરવામાં અપનાવે છે.

રોકડ અને રોકડ સમકક્ષના ઘટકો નક્કી કરવા માટે નીતિમાં કોઈપણ ફેરફારની અસર, ઉદાહરણ, અગાઉ કોઈ કંપનીના રોકાણના પોર્ટફોલિયોના ભાગ તરીકે માનવામાં આવતા નાણાકીય સાધનોના વર્ગીકરણમાં ફેરફાર, IndAS - 8 હિસાબી નીતિઓ અનુસારનો અહેવાલ છે.

### ❖ અન્ય વિગતો દર્શાવવી:

જે રોકડ કે રોકડ સમકક્ષની રકમ મહતવની હોય તે કંપની પાસે હોય, પરંતુ જેનો ઉપયોગ તે કરી શકતી ના હોય તો તે અલગ દર્શાવવી અને સાથે

સંચાલકોની ટીપ્પણીઓ પણ મુકવી. એવા ઘણા સંજોગો બને છે કે કંપની દ્વારા ધારણ કરેલી રોકડ કે રોકડ સમકક્ષ બાકીનો ઉપયોગ કોઈ જૂથ માટે ઉપલબ્ધ નથી.

ઉદાહરણતરીકે, પેટા કંપની દ્વારા રાખવામાં આવતી રોકડ અંદ રોકડ સમકક્ષ બાકી હોય અને જે દેશમાં કાર્ય કરતી હોય ત્યાના વિનિમય નિયંત્રણ અથવા અન્ય કાનૂની નિયંત્રણ લાગુ મળે છે જયારે બાકી રકમ પિતૃ અથવા અન્ય કંપનીઓ દ્વારા સામાન્ય ઉપયોગ માટે ઉપલબ્ધ ના હોય.

આમ વધારાની માહિતી કોય કંપનીની આર્થિક સ્થિતિ અને પ્રવાહિતાને સમજવામાં વપરાશકર્તાઓને સંબંધિત હોય શકે છે. આ માહિતીને જાહેર કરતા સાથે, સંચાલકો દ્વારા ટીપ્પણી સાથે પ્રોત્સાહિત કરવામાં આવે છે અને તેમાં શામેલ હોય શકે છે:

- ભવિષ્યની કામગીરીની પ્રવૃતિઓ માટે અને મૂડી પતાવટ પ્રતિબદ્ધતા માટે ઉપલબ્ધ હોય શકે તેવી ઉધાર રકમની સુવિધાઓ કે વાપરેલ ના હોય તેવી સુવિધાઓના ઉપયોગ પરના કોઈપણ નિયંત્રણો સૂચવે છે.
- રોકડ પ્રવાહનો કુલ પ્રવાહ કે જે કામગીરીની પ્રવૃતિઓની ક્ષમતામાં અલગથી વધારો કરે જે રોકડ પ્રવાહની કામગીરીની ક્ષમતા જાળવી રાખવી જરૂરી છે; અને
- દરેક ભાગનો એહવાલમાં કામગીરની, રોકાણની નાણાકીય પ્રવૃતિઓથી ઉદ્દભવતો રોકડ પ્રવાહની રકમ.

કામગીરીની ક્ષમતામાં વધારો દર્શાવતા અને કામગીરીની ક્ષમતાને જાળવી રાખવા માટે જરૂરી રોકડ પ્રવાહ અલગથી જાહેર કરીને વપરાશકર્તાઓને તે નિર્ધારિત કરવા માટે કે કંપની દ્વારા કામગીરીની પ્રવૃત્તિ માટે પુરતું રોકાણ કરે

છે કે કેમ. જો કોઈ કંપની દ્વારા તેની કામગીરીની ક્ષમતાના જાળવણીમાં પૂરતા પ્રમાણમાં રોકાણ ના કરે તો કદાચ ભવિષ્યની નફાકારકતા તરફ પૂર્વગ્રહ કરે છે.

વિભાગો ના રોકડ પ્રવાહને જાહેર કરતા વપરાશકર્તાઓને આખા વ્યવસાયના રોકડ પ્રવાહ અને તેના અંશના ભાગો અને વિભાગોની રોકડ પ્રવાહની ઉપલબ્ધતા અને પરિવર્તનશીલતા વચ્ચેના સંબધની સારી સમજ મેળવવા માટે સક્ષમ કરે છે.

## સ્વાધ્યાય

**મુદ્દાસર જવાબ આપો.**

૧. રોકડ પ્રવાહનો અર્થ આપી તેના ફાયદા જણાવો.

૨. રોકડ અને રોકડ સમકક્ષ વિસ્તારથી સમજાવો.

૩. નીચેની પ્રવૃત્તિઓ સવિસ્તાર સમજાવો.

1. કામગીરી પ્રવૃત્તિ
2. રોકાણ પ્રવૃત્તિ
3. ધિરાણ પ્રવૃત્તિ

૪. વિદેશી ચલણથી રોકડ પ્રવાહ પર નોંધ લખો.

૫. પેટા કંપનીઓમાં અને અન્ય વ્યવસાયોની માલિકીહિતમાં પરિવર્તન પર નોંધ લખો.

૬. નાણાકીય પ્રવૃતિઓની જવાબદારીમાં પરિવર્તન સમજાવો.

૭. રોકડ અને રોકડ સમકક્ષના ઘટકો પર નોંધ લખો.

**B. યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

૧. રોકડ પ્રવાહ પત્રકનું ભારતીય હિસાબી ધોરણ _________ છે.

A. 1 B. 3 C. 4 D. 7

૨. ___________ માં હાથ પર રોકડ તેમજ મંગાવવામાં આવેલા થાપણોનો સમાવેશ થાય છે.

A. રોકડ B. રોકડ સમકક્ષ C. રોકડ પ્રવાહ D. કામગીરી પ્રવૃત્તિઓ

૩. _________ ને રોકડમાં સરળતાથી ફેરબદલ કરી શકાય છે.

A. રોકડ B. રોકડ સમકક્ષ C. રોકડ પ્રવાહ D. કામગીરી પ્રવૃત્તિઓ

૪. __________ એ રોકડ કે રોકડ સમકક્ષની અંદર કે બહારની તરફનો પ્રવાહ છે.

A. બેંક B. બેંક ઓવરડ્રાફ્ટ C. રોકડ પ્રવાહ D. એક પણ નહિ.

૫. ____________ એ ધંધાની રોકાણ તથા નાણાકીય પ્રવૃત્તિ નથી.

A. કામગીરી પ્રવૃત્તિઓ B. અન્ય પ્રવૃત્તિ C. રોજબરોજની પ્રવૃત્તિ D. એક પણ નહિ.

૬. રોકડ પ્રવાહમાં _______________ પ્રવૃત્તિનો સમાવેશ થાય છે.

A. 1 B. 2 C. 3 D. 4

૭. બેંક દ્વારા કરવામાં આવતા ધિરાણનો __________ પ્રવૃત્તિમાં સમાવેશ થાય છે.

A. કામગીરી B. રોકાણ C. નાણાકીય D. એક પણ નહિ.

૮. કોઈ પણ રોકાણને ત્યારે જ રોકાણ સમકક્ષ ગણી શકાય જયારે તે સંપાદનની તારીખથી _____________ મહિના અંદર રોકડમાં પરિવર્તન થતું હોય.

A. 3 B. 4 C. 5 D. 6

૯. રોયલ્ટીને _______________ પ્રવૃત્તિ હેઠળ લેવામાં આવે છે.

A. કામગીરી B. નાણાકીય C. રોકાણ D. એક પણ નહિ.

૧૦. કરાર કે વેપારી વ્યવહાર માટેની ચુકવણીને ______________ પ્રવૃત્તિ હેઠળ લેવામાં આવે છે.

A. કામગીરી B. નાણાકીય C. રોકાણ D. એક પણ નહિ.

૧૧. પ્લાન્ટ તથા મિલકતોના વેચાણમાં ઉદ્ભવતો રોકડ પ્રવાહ _____________ પ્રવૃત્તિ હેઠળ દર્શાવાય છે.

A. કામગીરી B. નાણાકીય C. રોકાણ D. એક પણ નહિ.

૧૨. કંપનીના શેર ખરીદવા માટે કરેલ રોકડની ચુકવણી ______________ પ્રવૃત્તિ હેઠળ આવે છે.

A. કામગીરી B. નાણાકીય C. રોકાણ D. એક પણ નહિ.

૧૩. કંપની તેના શેર બાયબેક કરે તો તે ______________ પ્રવૃત્તિ હેઠળ દર્શાવાય છે.

A. કામગીરી B. નાણાકીય C. રોકાણ D. એક પણ નહિ.

૧૪. રોકડપ્રવાહની મુખ્યત્વે ______________ પદ્ધતિઓ છે.

A. 1 B. 2 C. 3 D. 4

૧૫. ______________ ને રોકડ પ્રવાહ પત્રકમાં અલગથી દર્શાવવામાં આવશે.

A. આવક પર કર B. જાવક પર કર C. પ્રેફરન્સ શેર D. એક પણ નહિ

૧૬. નિયંત્રણ ગુમાવવાના રોકડ પ્રવાહની અસરોને નિયંત્રણ મેળવવા નીકળવામાં ______________

A. આવે છે. B. આવતી નથી. C. આવે પણ ખરીને ન પણ આવે D. 4 એક પણ નહિ.

જવાબ :

1. D

2. A

3. B

4. C

5. A

6. C

7. C

8. A

9. A

10. A

11. B

12. B

13. C

14. B

15. A

16. B

| યુનિટ 14 | ભારતીય હિસાબી ધોરણો-૪ (Ind AS - 4) |
|---|---|

**હિસાબી નીતિઓ અને હિસાબી અનુમાનો**

**14.1 હેતુઓ**

**14.2 કાર્યક્ષેત્ર**

**14.3 વ્યાખ્યાઓ**

**14.4 હિસાબી નીતિઓ નક્કી કરવી અને તેનો અમલ કરવો.**

**14.5 હિસાબી નીતિમાં ફેરફારનો અમલ**

**14.6 હિસાબી નીતિમાં ફેરફાર અંગે પ્રગટીકરણ**

**14.7 હિસાબી અનુમાનોમાં ફેરફાર**

**14.8 હિસાબી ભૂલો**

**14.9 ભૂલો અંગે હિસાબી અસર**

**14.10 હિસાબી અનુમાનોમાં ફેરફારની હિસાબી અસર**

**14.11 હિસાબી અનુમાનોમાં ફેરફારનું પ્રગટીકરણ**

## 14.1 હેતુઓ :

ભારતીય હિસાબી ધોરણ-૪ના હેતુઓ નીચે મુજબ છે :

1. હિસાબી નીતિઓ નક્કી કરવા અને તેમાં ફેરફાર કરવા માટેના માપદંડ નક્કી કરવા.
2. હિસાબી નીતિઓને લગતી હિસાબી અસરના માપદંડ નક્કી કરવા.
3. હિસાબી નીતિઓ અને હિસાબી અનુમાનોમાં ફેરફાર અંગે પ્રગટીકરણ નક્કી કરવા.
4. હિસાબોમાં થયેલી ભૂલોની સુધારણા અંગે માપદંડ અને પ્રગટીકરણ નક્કી કરવા.
5. એકમના નાણાકીય પત્રકોની સુસંગતતા અને વિશ્વનીયતા વધારવી.
6. એકમના નાણાકીય પત્રકોની અંતર એકમ અને આંતર એકમ તુલના અંગે વિશ્વનીયતા વધારવી.

## 14.2 કાર્યક્ષેત્ર :

આ હિસાબી ધોરણનું કાર્યક્ષેત્ર નીચે મુજબ છે :

1. હિસાબી નીતિઓ નક્કી કરવી.
2. હિસાબી નીતિઓમાં ફેરફારની હિસાબી અસર આપવી.
3. હિસાબી અનુમાનોમાં ફેરફારની હિસાબી અસર આપવી.
4. અગાઉના સમયગાળામાં થયેલ હિસાબી ભૂલોની સુધારણા.

## 14.3 વ્યાખ્યાઓ :

આ હિસાબી ધોરણમાં પ્રયોજવામાં આવેલ પરિભાષાની વ્યાખ્યા નીચે મુજબ કરવામાં આવી છે.

1. હિસાબી નીતિઓ : એકમ દ્વારા નાણાકીય પત્રકો તૈયાર કરવા માટે અમલ કરેલ ચોક્કસ સિદ્ધાંતો, આધારો, પરંપરાઓ, નિયમો અને પ્રથાઓ (Practices) નો સમાવેશ હિસાબી નીતિઓમાં થાય છે.

2. હિસાબી અનુમાનોમાં ફેરફાર : ચોપડે દર્શાવેલ (મિલકતો અથવા જવાબદારીઓ અથવા મિલકતના ચોક્કસ સમય દરમ્યાન ઉપયોગમાં હવાલાઓ દ્વારા ફેરફાર કરવાને કારણે એકમના ભવિષ્યના અપેક્ષિત લાભ કે જવાબદારીમાં જરૂરી હવાલાઓની અસર આપવી જરૂરી બને તેવા ફેરફારને હિસાબી અનુમાનોમાં ફેરફાર કહે છે. (હિસાબી અનુમાનોમાં ફેરફાર એ નવી માહિતી કે નવા ફેરફારોને કારણે હિસાબોમાં હવાલાની જરૂર પડે છે તે ભૂલ સુધારણા નથી.

3. નોંધપાત્ર વિસરચુક અથવા ગેરરજૂઆત : જો નાણાકીય પત્રકોના ઉપયોગકર્તા દ્વારા તેના નિર્ણયમાં નોંધપાત્ર રીતે અસર કરે તેવી બાબત નાણાકીય પત્રકમાં પ્રગટ કરવામાં આવેલ ન હોય કે કોઈ બાબત અંગે ગેર રજૂઆત થયેલ હોય તો તેને નોંધપાત્ર વિસરચુક કે ગેર રજૂઆત કહે છે. આ અંગે મહત્ત્વતાનો આધાર વિસરચુક કે ગેરરજૂઆત પ્રમાણ પર આધાર રાખે છે.

4. અગાઉના સમયગાળાની ભૂલ : એકમના ભૂતકાળના એક કે વધારે વર્ષો દરમ્યાન નાણાકીય પત્રકોમાં વિસરચુક, ગેર રજૂઆતો કે જેને કારણે નાણાકીય પત્રકોનો ગેર ઉપયોગ કે તેના ઉપયોગમાં નિષ્ફળતા મળે તેને અગાઉના સમયગાળાની ભૂલ કહે છે.

   આવી ભૂલોમાં ગાણીતિક ભૂલો, હિસાબી નીતિઓના અમલમાં ભૂલ, હકીકતો અંગે શરતચુક, અને દગાનો પણ સમાવેશ થાય છે.

5. પાશ્ચાતવર્તી અસર : વ્યવહારોને અને બનાવોને નવી હિસાબી નીતિનો અમલ ભૂતકાળમાં પણ થયેલ હોય તો ભૂતકાળના હિસાબો પર શું ફેરફાર થાય તેને આધારે હિસાબોમાં જરૂરી ફેરફારને પાશ્ચાતવર્તી અસર કહે છે.

6. અવ્યવહારતા : જો કોઈ હિસાબી નીતિઓ કે સિદ્ધાંતો કે નિયમોનો વ્યવહારમાં ઉપયોગ શક્ય વ્યાજબી પ્રયત્નો કર્યા પછી પણ શક્ય ન બને તેને અવ્યવહારતા કહે છે.

7. સંભવિત અમલ : હિસાબી નીતિમાં ફેરફારને કારણે નવી નીતિનો અમલ હિસાબી વ્યવહારો અને બનાવોમાં કરવામાં આવે તે તારીખથી આજ સુધી હિસાબોમાં થતા ફેરફારની અસરને સંભવિત અમલ કહે છે.

## 14.4 હિસાબી નીતિઓ નક્કી કરવી અને તેનો અમલ કરવો :

હિસાબી ધોરણ-૧ ફક્ત હિસાબી નીતિઓનું મહત્ત્વ સમજાવે છે. જ્યારે ભારતીય હિસાબી ધોરણ-૪ એકમને એવી માહિતી આપે છે કે હિસાબી નીતિઓ કેવી રીતે નક્કી કરવી.

દા.ત.,

1. હિસાબો રોકડના ધોરણે રાખવા કે સંપાદનના ધોરણે રાખવા કે બંને રીતોનો સમન્વય કરીને

2. ઘસારાની જોગવાઈ સીધી લીટીની રીતે કરવી કે ઘટતી જતી બાકીની રીતે
3. માલસામગ્રીનું મૂલ્યાંકન ફીફો પધ્ધતિથી કરવું કે ભારીત સરેરાશની રીતે
4. રોકડ અને રોકડ સમકક્ષમાં શાનો સમાવેશ કરવો ?
5. આવકનું સંપાદન ક્યારે થશે?

આમ જ્યારે કોઈપણ ધંધાકીય એકમ તેના નાણાકીય પત્રકો તૈયાર કરે છે ત્યારે અનેક ધારણાઓ કરવી જરૂરી બને છે. જો દરેક એકમ તેની માન્યતા મુજબ જુદી જુદી પ્રણાલિકાઓ, ધોરણો, નીતિઓનો અમલ કરે તો બધા જ સમાન એકમોએ તૈયાર કરેલ નાણાકીય પત્રકોની તુલના કરી શકાય નહિ. તેથી હિસાબી નીતિઓ નક્કી કરવા અને તેનો અમલ કરવા અંગે ભારતીય હિસાબી ધોરણ-4ની ભૂમિકા ખૂબ જ અગત્યની છે.

હિસાબી નીતિઓનો અમલ કરવો જરૂરી છે. સિવાય કે કોઈ હિસાબી નીતિ મહત્ત્વની ન હોય. હિસાબી નીતિ નક્કી કરવા અંગે ભારતીય હિસાબી ધોરણ-૪ નીચે મુજબ માર્ગદર્શન આપે છે.

1. શું હિસાબી નીતિ સુસંગત છે?

   કોઈ વ્યવહાર કે પરિસ્થિતિ કે બનાવ અંગે જરૂરી માહિતી નાણાકીય સાધનોના ઉપયોગકર્તા માટે મહત્ત્વની હોય તો તે અંગે હિસાબી નીતિ સુસંગત ગણાય.

2. શું હિસાબી નીતિ વિશ્વનીયતા ધરાવે છે?

   જો હિસાબી નીતિનો અમલ કોઈ પણ જાતના પૂર્વગ્રહ વગર, દૂરદર્શિતાને ધ્યાનમાં લઈને, મહત્ત્વના બાબતોને સમાવેશ કરતી હોય, અને વ્યવહારનું મહત્ત્વ સ્પષ્ટ કરતી હોય તો તે વિશ્વનીય છે તેવું કહેવાય.

3. હિસાબી નીતિનો અમલ સાતત્યતા સિદ્ધાંતને ધ્યાનમાં લઈને કરી શકાય તેવી હોવી જોઈએ.

4. કોઈ પણ એકમ હિસાબી નીતિમાં ફેરફાર ત્યારે જ કરી શકશે. જ્યારે,

   (અ) ભારતીય હિસાબી ધોરણ મુજબ ફેરફાર જરૂરી હોય,

   (બ) નાણાકીય પત્રકો વધારે સારી રીતે વિશ્વનીયતા ધરાવતી અને સુસંગત માહિતી રજૂ કરી શકે તેમ હોય.

## 14.5 હિસાબી નીતિમાં ફેરફારનો અમલ :

ભારતીય હિસાબી ધોરણ-૪ હિસાબી નીતિ ફેરફારનો અમલ નીચે મુજબ કરવાનું જણાવે છે.

(અ) ભારતીય હિસાબી ધોરણના અમલને કારણે હિસાબી નીતિમાં ફેરફાર જરૂરી બને ત્યારે નવા હિસાબી ધોરણમાં જ તેના અમલમાં ફેરફાર અંગે માર્ગદર્શન આપેલ હોય છે તે મુજબ ફેરફારનો અમલ કરવો.

(બ) જો ભારતીય હિસાબી ધોરણના અમલને કારણે હિસાબી નીતિમાં ફેરફાર અંગે જરૂરી માર્ગદર્શન નવા હિસાબી ધોરણમાં આપેલ ન હોય તો, સ્વેચ્છાએ ભારતીય હિસાબી ધોરણ મુજબ હિસાબી નીતિનો અમલ કરતી વખતે તેની પાશ્ચાતવર્તી હિસાબી અસર આપીને હિસાબોમાં જરૂરી ફેરફારો કરવા.

હિસાબી નીતિમાં ફેરફાર એકમ દ્વારા એવી રીતે ન કરવો જોઈએ કે જેથી નાણાકીય

પત્રકોમાં પક્ષપાત પૂર્ણ ફેરફાર કરીને ખરેખર આર્થિક સ્થિતિ કરતાં સારી સ્થિતિ દર્શાવવામાં આવે.

હિસાબી નીતિમાં ફેરફાર એવી રીતે કરવો જોઈએ કે જેથી તેમજ ઉદ્યોગના અન્ય એકમોના નાણાકીય પત્રકો સાથે તુલના કરી શકાય.

## 14.6 હિસાબી નીતિમાં ફેરફાર અંગે પ્રગટીકરણ :

ભારતીય હિસાબી ધોરણના અમલને કારણે થતા ફેરફારની અસર ચાલુ વર્ષે અથવા અગાઉના વર્ષોના નાણાકીય પત્રકો પર પડે છે સિવાય કે ફેરફારની રકમ નક્કી કરી શકાય તેમ ન હોય. દરેક એકમે હિસાબી નીતિમાં ફેરફાર અંગે નીચે મુજબનું પ્રગટીકરણ કરવું જરૂરી છે.

1. ભારતીય હિસાબી ધોરણ જેનો અમલ કરેલ હોય તેનું નામ
2. હિસાબી નીતિમાં ફેરફારનો અમલ ક્યારથી કરેલ છે.
3. હિસાબી નીતિમાં કરેલ ફેરફારનું સ્વરૂપ
4. હિસાબી નીતિમાં ફેરફારના કારણે થતા ફેરફાર અંગે નવા હિસાબી ધોરણમાં જોગવાઈ
5. હિસાબી નીતિમાં કરેલ ફેરફારની ભવિષ્યના સમય પર અસર
6. ચાલુ વર્ષે હિસાબી નીતિમાં કરેલ ફેરફારને પરીણામે નાણાકીય પત્રકની જે વિગતને અસર થયેલ હોય તે અને તેમાં જરૂરી હવાલો
7. ચાલુ વર્ષે હિસાબી નીતિમાં કરેલ ફેરફારને કારણે મૂળભૂત અને મંદ શેરદીઠ કમાણી પર અસર
8. જો પાશ્ચાતવર્તી અસર આપવી જરૂરી હોય તો તેની વિગત
9. જો હિસાબી નીતિમાં સ્વૈચ્છિક રીતે ફેરફાર કરેલ હોય તો તેની વિગત
10. જો નવા ભારતીય હિસાબી ધોરણનો અમલ ન કરેલ હોય તો તેની સ્પષ્ટતા અને જો નવા ભારતીય હિસાબી ધોરણનો અમલ કરવામાં આવે તો તેની નાણાકીય પત્રકો પર અસર.

## 14.7 હિસાબી અનુમાનોમાં ફેરફાર :

ધંધાકીય પ્રવૃત્તિઓને કારણે નાણાંકીય પત્રકોની કેટલીક બાબતો અંગે ચોકસાઈથી રકમ નક્કી કરી શકાય તેમ ન હોય ત્યારે તેની રકમ અંગે અનુમાન કરવામાં આવે છે.

જેમકે: ઘાલખાધ

માલસામગ્રીનું અપ્રચલિત થવું

નાણાકીય મિલ્કતો અને નાણાકીય જવાબદારીઓનું વ્યાજબી મૂલ્ય

ઘસારાપત્ર મિલ્કતોનું અસરકારક આયુષ્ય

ગેરંટી અને વોરંટીની જવાબદારી

ભારતીય હિસાબી ધોરણ-૪ અનુસાર આવી બાબતો અંગેનું અનુમાન છેલ્લામાં છેલ્લી ઉપલબ્ધ માહિતીને આધારે કરવું જોઈએ.

હિસાબી અનુમાનોમાં ફેરફારને કારણે અગાઉના સમયમાં કરેલ અનુમાનોમાં જો ફેરફાર

થાય તો તે નવી માહિતી કે વધારે અનુભવ કે તાર્કિક રીતે થયેલ ફેરફાર ગણાશે, ભૂલ સુધારણા ગણાશે નહી.

અહીં અગત્યની બાબત એ છે કે જ્યારે એ નક્કી કરી શકાય તેમ ન હોય કે હિસાબી નીતિમાં ફેરફાર છે કે હિસાબી અનુમાનોમાં ત્યારે એવું માનવામાં આવશે કે હિસાબી અનુમાનોમાં ફેરફાર છે.

## 14.8 હિસાબી અનુમાનોમાં ફેરફારની હિસાબી અસર

હિસાબી અનુમાનોમાં ફેરફારની હિસાબી અસર નીચે મુજબ આપવામાં આવશે.

1. હિસાબી અનુમાનોમાં ફેરફારની અસર મિલકતો અને જવાબદારી પરના ફેરફાર સિવાયની હોય તો તેની અસર નફા નુકસાનના પત્રકમાં આપવામાં આવશે.
2. ઈક્વીટી, મિલકતો અને જવાબદારીમાં થયેલ ફેરફારની અસર તેની ચોપડે કિંમતની બાકીમાં ફેરફાર કરીને આપવામાં આવશે.

## 14.9 હિસાબી અનુમાનોમાં ફેરફારનું પ્રગટીકરણ :

1. હિસાબી અનુમાનોમાં કરેલ ફેરફારની અસર ચાલુ વર્ષ તેમજ ભવિષ્યમાં શું થશે તેનું સ્વરૂપ અને કામનું પ્રગટીકરણ કરવું જરૂરી છે.
2. જો ફેરફારની રકમ નક્કી ન કરી શકાય તો તેની સ્પષ્ટતા અને કારણ રજૂ કરવું જોઈએ.

## 14.10 હિસાબી ભૂલો :

ભારતીય હિસાબી ધોરણ એવી ભૂલો અંગે હિસાબી અસરની સ્પષ્ટતા કરે છે કે ભૂલ ભૂતકાળમાં થયેલ હોય અને તે જણાયેલ ન હોય. જ્યારે તે ભૂલ જણાય ત્યારે તે જ વર્ષના નાણાકીય પત્રકમાં તેની અસર આપવી જોઈએ. આ ભૂલો નાણાકીય પત્રકોની કોઈ વિગત અંગે તેનું માપન, રજૂઆત કે પ્રગટીકરણ કે તેની નોંધ અંગે ભૂલ હોઈ શકે.

જો નાણાકીય પત્રકોમાં મહત્ત્વની ભૂલો થયેલ હોય કે એકમની ચોક્કસ નાણાકીય સ્થિતિ કે પરીણામ રોકડ પ્રવાહ દર્શાવવા માટે હેતુપૂર્વક ભૂલ કરેલ હોય તો નાણાકીય પત્રકોમાં ભારતીય હિસાબી ધોરણનો અમલ થયેલ નથી તેવું માનવામાં આવશે.

નાણાકીય પત્રકોમાં સામાન્ય રીતે નીચે મુજબની ભૂલો જોવા મળે છે.

1. ગાણિતીક ભૂલો : આવી ભૂલોમાં કોઈ રકમની ગણતરીમાં ભૂલ, સરવાળાની ભૂલ, બાકી શોધવામાં ભૂલ, બાકી આગળ લઈ જવામાં ભૂલ વગેરે હોઈ શકે.
2. નીતિઓના અમલમાં ભૂલ : દરેક ચોક્કસ હિસાબી ધોરણ ચોક્કસ સ્વરૂપના વ્યવહારો માટે હોય છે. દા.ત., ભારતીય હિસાબી ધોરણમાં જણાવેલ ન હોય કે હિસાબી ધોરણ અનુસાર મંજૂરી મળેલ ન હોય તો મિલકતો અને જવાબદારીઓ કે ખર્ચા અને આવક એકબીજા સામે માંડી વાળવી જોઈએ નહિ. દા.ત., કોઈ પક્ષકાર પાસેથી વસૂલ કરવાની બાકી રકમ અને તે પક્ષકારને ચુકવવા પાત્ર રકમ જો હિસાબી ધોરણના અમલ સિવાય માંડી વાળવામાં આવે તો તે નીતિના અમલમાં ભૂલ ગણાય.
3. સત્યની ગેર રજૂઆત : દા.ત., ભારતીય હિસાબી ધોરણ-10 પાકા સરવૈયાની તારીખથી હિસાબો મંજૂર થાય તે સમય દરમ્યાન થયેલ બનાવોની અસર આપવી કે ન આપવી તેની સ્પષ્ટતા કરે છે. આ હિસાબી ધોરણ અનુસાર જો પાકા સરવૈયાની તારીખે ત્યારબાદ થયેલ બનાવો અંગે કોઈ સાબિતિ કે આધાર ઉપલબ્ધ હોય તો

પાકા સરવૈયાની તારીખ પછી બનેલ બનાવની પણ અસર આપવી જોઈએ. આ બાબતનાં સંચાલકોના નિર્ણય પર આધારીત છે. જે સત્યની ગેરરજૂઆતમાં પરીણમી શકે.

4. વિસરચુક : કોઈ વ્યવહાર ધ્યાન બહાર શરત ચુકથી નોંધવાનો બાકી રહી જાય કે તેની ખતવણી બાકી રહી જાય તો તે વિસરચુકની ભૂલ ગણાય. ભારતીય હિસાબી ધોરણ-૪ મુજબ આ ભૂલ જણાય કે તરત જ તેની યોગ્ય નોંધ કરીને સુધારણા કરવી જોઈએ.

5. દગો : રોકડ કે માલની ચોરી કે ઉચાપત ભૂતકાળમાં થયેલ હોય પરંતુ તેની જાણ થયેલ ન હોય.

## 14.11 ભૂલો અંગે હિસાબી અસર :

નાણાકીય પત્રકોમાં મહત્ત્વની ભૂલો થયેલ હોય કે હેતુપૂર્વકની મહત્ત્વ ન ધરાવતી ભૂલો થયેલ હોય તો પણ નાણાકીય પત્રકો કે નાણાકીય પરીણામ કે રોકડ પ્રવાહ, હિસાબી ધોરણને અમલ કરતા નથી તેવું ગણાય.

ભારતીય હિસાબી ધોરણ-૪ અનુસાર આ ભૂલોની સુધારણા નીચે મુજબ કરવી જરૂરી છે.

(અ) જો હિસાબી ભૂલ ચાલુ વર્ષને લગતી જ હોય તો નાણાકીય પત્રકો મંજૂર થાય તે પહેલાં ભૂલો સુધારી લેવી જોઈએ.

(બ) જો અગાઉના વર્ષો દરમ્યાન ભૂલો થયેલ હોય અને તેની જાણ ચાલુ વર્ષમાં થાય તો તે ભૂલો ચાલુ વર્ષમાં સુધારી નાણાકીય પત્રકમાં ભૂતકાળના સમયમાં થયેલ ભૂલ અને સુધારેલ ભૂલની તુલનાત્મક માહિતી પ્રગટ કરવી જોઈએ.

ભૂતકાળની ભૂલો અંગે પાશ્યાતવર્તી અસર આપીને તેની ચોખ્ખી અસર ચાલુ વર્ષના નાણાકીય પત્રકમાં આપવી જોઈએ. જો પાશ્યાતવર્તી અસરની રકમ નક્કી ન કરી શકાય તેવી હોય કે રકમ મહત્ત્વની ન હોય તો તે અંગે સ્પષ્ટતા કરવી જોઈએ અને તેનું પ્રગટીકરણ નીચેના સ્વરૂપમાં કરવું જોઈએ.

(અ) ભૂતકાળના સમયની ભૂલનું સ્વરૂપ

(બ) તેની ભૂલ સુધારણાની રકમ

(ક) ભૂલ સુધારણાને કારણે નાણાકીય પત્રકોની જુદી જુદી વિગતો પર અસર

(ડ) ભૂતકાળના જે વર્ષમાં ભૂલ થયેલ હોય ત્યારથી ચાલુ વર્ષ સુધીની ભૂલ સુધારણાની રકમ

(ઈ) જો ભૂલસુધારણાની રકમ નક્કી ન કરી શકાય તો તે અંગે સ્પષ્ટતા અને કારણ.

### સ્વાધ્યાય

**બહુવિકલ્પ પ્રશ્ન :**

**યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

1. ભારતીય હિસાબી ધોરણ-4 (Ind As-4) .......................... ને લગતું છે.

(અ) હિસાબી નીતિઓ

(બ) હિસાબી અનુમાનો

(ક) (અ) અને (બ) બન્ને

(ડ) હિસાબો તૈયાર કરવા

2. ભારતીય હિસાબી ધોરણ-4 (Ind As-4) ના કાર્યક્ષેત્રમાં .....................નો સમાવેશ થતો નથી.

(અ) હિસાબી નીતિઓ નક્કી કરવી.

(બ) હિસાબી નીતિઓમાં ફેરફારની હિસાબી અસર આપવી

(ક) હિસાબી અનુમાનોમાં ફેરફારની હિસાબી અસર આપવી

(ડ) હિસાબોનું પ્રગટીકરણ કરવું.

3. એકમ દ્વારા નાણાકીય પત્રકો તૈયાર કરવા માટે અમલ કરેલ ચોક્કસ સિદ્ધાંતો, સુધારાઓ, પરંપરાઓ, નિયમો અને પ્રથાઓનો સમાવેશ ................ માં થાય છે.

(અ) હિસાબી અનુમાનો

(બ) હિસાબી નીતિઓ

(ક) હિસાબી સિદ્ધાંતો

(ડ) હિસાબી પત્રકો

4. મિલકતો અને જવાબદારીઓના ચોક્કસ સમય દરમ્યાન લીધેલ ઉપયોગમાં હવાલાઓ દ્વારા ફેરફાર કરવાને કારણે એકમના ભવિષ્યના અપેક્ષિત લાભ કે જવાબદારીમાં જરૂરી હવાલાઓની અસર આપવી પડે તેવા ફેરફારને ......................... કહે છે.

(અ) હિસાબી અનુમાનોમાં ફેરફાર

(બ) હિસાબી નીતિઓમાં ફેરફાર

(ક) હિસાબી સિદ્ધાંતોમાં ફેરફાર

(ડ) હિસાબી પત્રકોમાં ફેરફાર

5. નાણાકીય પત્રકોના ઉપયોગકર્તા દ્વારા તેના નિર્ણયમાં નોંધપાત્ર રીતે અસર કરે તેવી બાબત નાણાકીય પત્રકમાં પ્રગટ કરવામાં આવેલ ન હોય કે કોઈ બાબત અંગે ગેરરજૂઆત થયેલ હોય તો તેને ....................... કહે છે.

(અ) નોંધપાત્ર ભૂલ

(બ) નોંધપાત્ર વિસર ચૂક

(ક) હિસાબી ભૂલ

(ડ) (અ), (બ), (ક) ત્રણેય

6. જો કોઈ હિસાબી નીતિઓ કે સિદ્ધાંતો કે નિયમોનો વ્યવહારમાં ઉપયોગ શક્ય વ્યાજબી પ્રયત્નો કર્યા પછી પણ શક્ય ન બને તેને .................. કહે છે.

(અ) વિસરચુક

(બ) અવ્યવહારતા

(ક) અવિશ્વનીયતા

(ડ) ગેરરજૂઆત

7. ..................એ હિસાબી નીતિ નથી.

   (અ) હિસાબો રોકડના ધોરણે રાખવા કે સંપાદનના ધોરણે

   (બ) ઘસારાની જોગવાઈ સીધી લીટીની રીતે કરવી કે ઘટતી જતી બાકીની રીતે

   (ક) માલસામગ્રીનું મૂલ્યાંકનની પદ્ધતિ નક્કી કરવી

   (ડ) મૂડી ખર્ચની રકમ નક્કી કરવી

8. ......................એ હિસાબી અનુમાન નથી.

   (અ) ઘાલખાધની જોગવાઈ કરવી

   (બ) માલસામગ્રીનું અપ્રચલિત થવું

   (ક) ઘસારાપાત્ર મિલકતોનું અસરકારક આયુષ્ય નક્કી કરવું

   (ડ) ચુકવવાપાત્ર પગાર નક્કી કરવો

9. ખાતાવહીમાં તૈયાર કરેલ ખાતાના સરવાળાની ભૂલ એ .................. ભૂલ છે.

   (અ) ગાણિતીક

   (બ) નીતિઓના અમલ

   (ક) ગેરરજૂઆત

   (ડ) વિસરચુક

10. દેવાદાર પાસેથી વસૂલ કરવાપાત્ર રકમ, વસૂલાત માટેના યોગ્ય પગલાં લીધા સિવાય માંડી વાળવામાં આવે તો તે..................... ભૂલ છે.

   (અ) ગાણિતીક

   (બ) નીતિના અમલ

   (ક) વિસરચુક

   (ડ) દગો.

**ટૂંકા પ્રશ્નો :**

1. ભારતીય હિસાબી ધોરણ-4 કઈ બાબતને સંબંધિત છે?
2. ભારતીય હિસાબી ધોરણ-4ના હેતુઓ જણાવો.
3. ભારતીય હિસાબી ધોરણ-4નું કાર્યક્ષેત્ર જણાવો.
4. હિસાબી નીતિ એટલે શું?
5. હિસાબી અનુમાનો એટલે શું?
6. હિસાબી નીતિઓ અને હિસાબી અનુમાનોના ત્રણ-ત્રણ ઉદાહરણો આપો.

**વિગતવાર પ્રશ્નો**

1. હિસાબી નીતિઓ નક્કી કરવી અને તેના અમલ કરવા વિશે ભારતીય હિસાબી ધોરણ-4 શું જણાવે છે તે વિગતવાર સમજાવો.
2. હિસાબી ધોરણ-4 અનુસાર હિસાબી નીતિમાં ફેરફારનો અમલ કેવી રીતે કરવામાં આવે છે?

3. હિસાબી નીતિમાં ફેરપાર અંગે ભારતીય હિસાબી ધોરણ-4 અનુસાર જરૂરી પ્રગટીકરણ જણાવો.

4. ભારતીય હિસાબી ધોરણ-4 અનુસાર હિસાબી અનુમાનોમાં ફેરફાર પર નોંધ લખો.

5. ભારતીય હિસાબી ધોરણ-4 અનુસાર હિસાબી ભૂલો પર નોંધ લખો.

**બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ :**

| | | | |
|---|---|---|---|
| 1. | (ક) | 6. | (બ) |
| 2. | (ડ) | 7. | (ડ) |
| 3. | (બ) | 8. | (ડ) |
| 4. | (અ) | 9. | (અ) |
| 5. | (બ) | 10. | (બ) |

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

"978-81-941578-7-8"

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**